# ધર્મવંશી આચાર્યપદ

ધર્મવંશી આચાર્યપદ

કવરપેજઃ- શ્રી હરિએ લખાવડાવેલ દેશવિભાગના લેખનો મૂળ દસ્તાવેજ
પ.પૂ.ધ.ધુ.આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંગ્રહસ્થાનમાં સચવાયેલો છે.
તેઓશ્રીએ તેની ફોટો કોપી અત્રે રજૂ કરવા માટે આપી છે.


પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧



અમદાવાદ - કાલુપુરમાં શ્રી નરનારાયણદેવનું મંદિર સંપ્રદાયનું ગાદી પીઠસ્થાન



વડતાલ - શ્રી લક્ષ્મીનારાયણદેવનું મંદિર સંપ્રદાયનું ગાદી સ્થાન



સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન



સર્વોપરિ શ્રી નરનારાયણ દેવ



પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

# ॥ આજ્ઞા - આશીર્વાદ પત્રમ્ ॥

His Holiness Acharya Maharaj
Shri Koshalendraprasadji Pande

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે સ્થાપેલ આ ધર્મવંશી આચાર્ય પદ ને યથાર્થ રીતે સમજાવતા આ પુસ્તકના લેખક શ્રી હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ ધન્યવાદને પાત્ર છે. સંપ્રદાયના મૂળભૂત સિધ્ધાંતોની છણાવટ કરતું આ પુસ્તક સંપ્રદાયમાં બૃહદ આવકાર પામ્યું છે તે મુમુક્ષુજનોની શ્રી હરિ પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે.

આ પુસ્તકના પ્રકાશન અર્થે સહયોગી થનાર સર્વને અમારા રૂડા આશીર્વાદ છે.

શુભાશિર્વાદ સહ

જય શ્રી સ્વામિનારાયણ

Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070



અમદાવાદ દેશના આદિ આચાર્ય પ.પૂ.ધ.ધુ.શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી



અમદાવાદ દેશના બીજા આચાર્ય પ.પૂ.ધ.ધુ.શ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રી



અમદાવાદ દેશના ત્રીજા આચાર્ય પ.પૂ.ધ.ધુ.શ્રી પુરૂષોત્તમપ્રસાદજી મહારાજશ્રી



અમદાવાદ દેશના ચોથા આચાર્ય પ.પૂ.ધ.ધુ.શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી



અમદાવાદ દેશના પાંચમા આચાર્ય પ.પૂ.ધ.ધુ.શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



અમદાવાદ દેશના છઠ્ઠા આચાર્ય પ.પૂ.ધ.ધુ.શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



અમદાવાદ દેશના વિદ્યમાન આચાર્ય પ.પૂ.ધ.ધુ.શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



અમદાવાદ દેશના ભાવિ આચાર્ય પ.પૂ.શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી




ભગવાન શ્રી સ્વામિનારાયણની તથા અમદાવાદ દેશના તમામ આચાર્યશ્રીઓની મહોરછાપો શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ-નારણપુરા, અમદાવાદમાં સચવાયેલ છે. તેને અત્રે રજૂ કરવાની અનુમતિ પ.પૂ.શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આપી છે.




અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના તમામ પીઠાધિપતિશ્રીઓના હસ્તાક્ષર
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ - નારણપુરા, અમદાવાદમાં સચવાયેલા છે.
પ.પૂ.શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સર્વના દર્શન માટે અત્રે આપવાની અનુમતિ આપી છે.

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# ધર્મવંશી આચાર્ય પદ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

**લેખક**

પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ - અમદાવાદ.

**પ્રકાશન**

શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૧.

Visit us at : www : swaminarayanworld.org

**પ્રકાશન તિથિ**

પ.પૂ. લાલજી મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો
લગ્નોત્સવ દિન (ઈ.સ. ૧૯૯૫ પ્રથમ આવૃત્તિ)
ગુરુપૂર્ણિમા (ઈ.સ. ૧૯૯૬ બીજી આવૃત્તિ)
જન્મોત્સવ -દશેરા (ઈ.સ. ૨૦૦૨ ત્રીજી આવૃત્તિ)
ગુરુપૂર્ણિમા (ઈ.સ. ૨૦૧૪ ચતુર્થ આવૃત્તિ)



**પ્રકાશક**

સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી
મહંત સ્વામીશ્રી, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.

© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.

**આવૃત્તિ**

પ્રથમ : ઈ.સ. ૧૯૯૫ પ્રત ૧૦,૦૦૦
દ્વિતીય : ઈ.સ. ૧૯૯૬ પ્રત ૧૦,૦૦૦
તૃતીય : ઈ.સ. ૨૦૦૨ પ્રત ૫,૦૦૦
ચતુર્થ : ઈ.સ. ૨૦૧૪ પ્રત ૫,૦૦૦

**કિંમત**

રૂ. ૫૦/- (રૂપિયા પચાસ)

**ટાઈપ સેટીંગ અને મુદ્રક**

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

# નિવેદન

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને વડતાલના ૧૮મા વચનામૃતમાં કહ્યું કે, આપણો ઊદ્ધવ સંપ્રદાય છે તેની રીત તથા ગુરુ પરંપરા અવશ્ય જાણવી જોઈએ. જે મુમુક્ષુને ગુરુ પરંપરાનું યથાર્થ જ્ઞાન નથી, તેની સાધના સફળ થતી નથી. નંદ સંતોએ ગદ્ય તથા પદ્યમાં સંપ્રદાયની પરંપરા તથા ધર્મવંશના મહાત્મ્ય વિષે ઘણો ઉલ્લેખ કર્યો છે.

સત્સંગમાં ત્યાગી-ગૃહી સમસ્તના ગુરુપદે ધર્મવંશી બે આચાર્યપદની સ્થાપના કરી, શ્રીહરિએ અદ્‌ભુત પ્રણાલિકા પાડી છે. સર્વે હરિભક્તોને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આચાર્યપદનું શું મહત્ત્વ છે, આત્યંતિક કલ્યાણને અર્થે મંત્રદીક્ષા અનિવાર્ય છે, વગેરે બાબતોની સમજ માટે આ પુસ્તક અત્યંત ઉપયોગી નીવડશે.

આ 'ધર્મવંશી આચાર્યપદ'ના પુસ્તકનું લખાણ, લેખક તથા 'શ્રી સ્વામિનારાયણ' માસિકના સંપાદક અને નિર્માનીપણાના અંગવાળા પ્રોફેસર હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલે કર્યું છે. તેઓએ આ સેવા કરી સત્સંગી માત્રની વર્ષોની માગણીને સંતોષ આપી, સર્વેનો રાજીપો મેળવ્યો છે.

સધ્ધર્મના સંરક્ષણને અર્થે ભગવાન શ્રીહરિએ પ્રસ્થાપેલ બે ધર્મવંશની ગાદી વિશે વિશદ્ છણાવટ કરતા 'ધર્મવંશી આચાર્યપદ' નામના આ પુસ્તકની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન થયું ત્યારથી જ તેણે સત્સંગીઓની અદ્‌ભુત ચાહના મેળવેલી છે. આ પુસ્તકની પચીસ હજાર પ્રતો ટૂંકા ગાળામાં ખલાસ થઈ ગઈ છે, તે જ વાંચકવર્ગની શુદ્ધ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યેની નિષ્ઠા અને જાગૃતિ દર્શાવે છે.

સત્સંગ સમસ્તની માગણીથી વિદ્યમાન પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા અને આશીર્વાદથી આ પુસ્તકની ચોથી આવૃત્તિનું પ્રકાશન કરવાનો સર્વાનુમતે ઠરાવ, અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરના ટ્રસ્ટ બોર્ડ દ્વારા કરવામાં આવ્યો છે.

આ આવૃત્તિમાં જ્યાં જરૂર જણાઈ ત્યાં વાંચકવર્ગને વધુ સુગમતા થાય તે સારુ વધારાની જરૂરી માહિતી આપવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે. સુધારાવધારા સાથેની આ આવૃત્તિ સત્સંગીઓને શુદ્ધ સંપ્રદાય પ્રતિ નિયમ-નિશ્ચય-પક્ષની વૃદ્ધિ માટે સહાયરૂપ થશે તેવી અમને આશા છે.

ટૂંકાગાળામાં આ પુસ્તકની ચોથી આવૃત્તિના પ્રકાશન પ્રસંગે અમો હર્ષ અને ગૌરવ અનુભવીએ છીએ.

અમને આશા છે કે મુમુક્ષુને આત્મકલ્યાણની સાધના માટે આ પુસ્તક સાચો રાહબર અને આધારસ્તંભ બનશે.

લિ.

મહંત સ્વામી

સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી

ના જયશ્રી સ્વામિનારાયણ

ધર્મવંશી આચાર્યપદ

## સંદર્ભ ગ્રંથો


૧. સત્સંગિજીવન

૨. ભક્તચિંતામણિ

૩. વચનામૃત

૪. દેશવિભાગનો લેખ

૫. પુરુષોત્તમપ્રકાશ શ્રી નિષ્કુળાનંદસ્વામીકૃત (પ્રકાર ૩૭ થી ૪૦)

૬. સત્સંગિભૂષણ-શ્રી વાસુદેવાનંદ વર્ણીકૃત (અંશ૫,અ.૧૮, ૧૯)

૭. હરિદિગ્વિજય-શ્રી નિત્યાનંદસ્વામીકૃત (ઊલ્લાસ ૪૧,૪૪,૪૫)

૮. હરિસંભવ - શ્રી અચિંત્યાનંદ વર્ણીકૃત (સર્ગ ૧૭)

૯. હરિચરિત્ર -શ્રી અખંડાનંદ વર્ણીકૃત (પરિચ્છેદ ૪, અધ્યાય૧૦)

૧૦. ધર્માખ્યાન - શ્રી મુક્તાનંદ સ્વામીકૃત (કડવાં ૧૨૫ થી ૧૩૦)

૧૧. હરિલીલા કલ્પતરૂ-આચાર્યશ્રી રઘુવીરજી મહારાજકૃત (સ્કંધ ૧૦, અધ્યાય ૨ થી ૮)

૧૨. હરિલીલા પ્રદીપ - આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજકૃત (કિરણ ૩, અધ્યાય ૯)

૧૩. હરિલીલામૃત-આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજકૃત (કળશ ૮, વિશ્રામ ૪૫ થી ૪૭)

૧૪. નિમિત્તમાત્ર ભા.૧ અને ભા.૨- લે. શ્રી ઈશ્વરલાલ લા. પંડ્યા.

૧૫. દેશવિભાગનો લેખ સટીક નકશા સાથે. લે. શ્રી રમેશચંદ્ર લા. પંડ્યા.

૧૬. આત્યંતિક કલ્યાણ - લે. સ્વામી નંદકિશોરદાસ




## અનુક્રમણિકા


| | | | પાના નં. |
|---|---|---|---|
| ૧. | પ્રસ્તાવના | ... | ૧ |
| ૨. | ગુરપરંપરા - અર્થ | ... | ૪ |
| ૩. | ગુરુપરંપરા-પ્રવર્તક તરીકે શ્રીહરિ | ... | ૧૦ |
| ૪. | ધર્મદેવનું કુળ શા માટે ? | ... | ૧૩ |
| ૫. | બે દેશ-વિભાગ શા માટે ? | ... | ૨૦ |
| ૬. | આચાર્ય શા માટે ? | ... | ૨૩ |
| ૭. | આચાર્ય પદે અન્ય વ્યક્તિઓ | .... | ૨૮ |
| ૮. | આચાર્ય કોણ થઈ શકે ? | ... | ૩૦ |
| ૯. | ગૃહસ્થાશ્રમી ધર્મવંશી આચાર્ય | ... | ૩૭ |
| ૧૦. | દીક્ષા વિધિ | ... | ૪૧ |
| ૧૧. | દીક્ષામંત્રોનો અર્થ | ... | ૪૮ |
| ૧૨. | આચાર્ય અને ગુરુ | ... | ૫૭ |
| ૧૩. | સંપ્રદાયમાં આચાર્યપદની વિશિષ્ટતા | ... | ૬૦ |
| ૧૪. | પરમ પૂજ્ય-ધર્મધુરંધર | ... | ૬૬ |
| ૧૫. | આચાર્યપદ અને ત્યાગીઓ | ... | ૬૯ |
| ૧૬. | આચાર્યોની સાથે વિવેક-વર્તાવ | ... | ૭૩ |
| ૧૭. | આચાર્ય અને ગૃહસ્થો | ... | ૭૯ |
| ૧૮. | આચાર્યની સત્તા-ફરજો | ... | ૮૩ |
| ૧૯. | આચાર્ય અને શ્રીહરિ | ... | ૯૧ |
| ૨૦. | ઉપસંહાર | ... | ૯૪ |
| ૨૧. | પરિશિષ્ટો | ... | ૯૮-૧૮૭ |

## ૧ પ્રસ્તાવના

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ભરતખંડમાં મનુષ્ય અવતાર ધારણ કરીને શુદ્ધ સનાતન વૈદિક ધર્મનું સ્થાપન કર્યું. આચાર શુદ્ધિ ઉપર ભાર મૂકીને સદાચારનો માર્ગ ચિંધ્યો. પોતાના આશ્રિતોના આત્યંતિક કલ્યાણને સારું પોતે ત્રણ ગૂઢ સંકલ્પો કર્યા -સત્શાસ્ત્ર, દેવ-મંદિર અને આચાર્યોનું સ્થાપન કર્યું. આ કળિકાળમાં પોતાના આશ્રિતોને માટે ગુરુ પણ પોતે જ શોધીને આપ્યા અને સર્વે આશ્રિત માત્રના 'ગુરુપણા' ને વિશે પોતે ધર્મવંશી આચાર્યોનું સ્થાપન કર્યું. સંપ્રદાયના સરળ વહીવટને માટે અમદાવાદ- શ્રી નરનારાયણદેવ દેશ, અને વડતાલ- શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ, એમ બે ગાદીની સ્વહસ્તે સ્થાપના કરી, પોતે જાતે દેશ વિભાગનો લેખ લખાવડાવ્યો અને સર્વેને આ ધર્મવંશી આચાર્યોની આજ્ઞામાં જ રહેવાની ભારપૂર્વક ભલામણ કરી. કોઈ અવતારે આ પ્રમાણે પોતાના જ કુળમાં ધર્મપદની સ્થાપના સ્વહસ્તે કરી હોય તેવું સાંભળ્યું નથી.

ધર્મની રક્ષાને અર્થે આ આચાર્યપદ 'ગૃહસ્થ' આશ્રમમાં વેષ્ટિત કર્યું. બાઈઓના ગુરુ તરીકે આચાર્ય પત્ની (ગાદીવાળાં) નું સ્થાપન કર્યું. આ આચાર્યપદનું આ સત્સંગમાં શું વિશિષ્ટ સ્થાન છે, આચાર્ય કોણ હોઈ શકે? આચાર્યનું સ્થાપન શા માટે શ્રી હરિએ કર્યું છે? ઈત્યાદિકનું વિશ્લેષણ આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. આ પુસ્તકના પ્રકાશનનો હેતુ પણ એ જ છે કે શુદ્ધ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય શું છે તેનો મુમુક્ષુઓને ખ્યાલ આવે. અક્ષરધામની પ્રાપ્તિને અર્થે શ્રીજી આજ્ઞા અનુસાર ધર્મવંશી આચાર્યોનું શરણ કેટલું બધું મહત્ત્વનું છે તે આ જીવને સમજાય. સ.ગુ.અચિંત્યાનંદવર્ણી શ્રીહરિસંભવના સર્ગ ૧૭ શ્લો. ૪૩ માં, સ.ગુ. શતાનંદ મુનિ સ.જી.પ્ર.૪ અ. ૬૦ શ્લો. ૩૯ માં, શ્રીહરિ





સ્વયં ગ.પ્ર.૧ મા વચનામૃતમાં કહે છે કે, આ ધર્મકુળને આશ્રિત એવો ભગવાનનો ભક્ત આ દેહના અંત સમયે જરૂરથી ભગવાન શ્રીહરિના ધામને પામશે.

**શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એ સંકુચિત ધર્મનો વાડો નથી, પણ શુદ્ધ ધર્મના રક્ષક પરાત્પર પરમાત્માએ સ્થાપન કરેલ વૈદિક સનાતન ધર્મ છે. તેમાં અંધશ્રદ્ધાને જરા પણ સ્થાન નથી. આજના આધુનિક યુગમાં પણ મહિલાઓ પુરુષ સમોવડી બનવા પ્રયત્ન કરી રહી છે, ત્યારે બસો વર્ષ પૂર્વે પણ મહિલાઓના ગુરુ તરીકે આચાર્યપત્ની ગાદીવાળાંનું સ્થાપન પણ શ્રીજીએ કરેલું ! ગમે તેવો બ્રહ્મનિષ્ઠ હોય તેણે પણ આચાર્યની આજ્ઞામાં જ રહેવું, એવી શ્રીજી આજ્ઞા આચાર્યપદનું મહાત્મ્ય અને વિશેષતા દર્શાવે છે. આચાર્યે પણ કેવી રીતે વર્તવું તે અંગેની આજ્ઞાઓ આ સંપ્રદાયની ધર્મવૃત્તિ છતી કરે છે. આદર્શ ગુરુ અને આદર્શ શિષ્ય કેવા હોવા જોઈએ તે અંગેની શ્રીજી આજ્ઞાઓ માત્ર આ સંપ્રદાય માટે જ નહિ પરંતુ અન્ય સંપ્રદાયો માટે પણ અતિ ઉપયોગી છે.**

ભગવાન શ્રી સ્વામિનારાયણે ખૂબ સરળ ભાષામાં આજ્ઞાઓ-ઉપદેશો કરેલા છે. તે આજ્ઞાઓનું વિશ્લેષણ-પૃથક્કરણ કરવાની મારામાં ન તો કોઈ વિશિષ્ટ આવડત છે કે ન તો તેવી શક્તિ. પરંતુ શ્રી હરિ ગ.મ. ૫૭ ના વચનામૃતમાં કહે છે તેમ, ભગવાનનો ભક્ત હોય તે એમ જાણે જે મને ભગવાન મળ્યા છે, તે જે જીવ મારો સંગ કરે તેની આગળ હું કલ્યાણની વાત ન કરું ત્યારે મારું જ્ઞાન તે શા કામમાં આવ્યું? આમ વિચારીને સર્વે મુમુક્ષુઓને શ્રી હરિની આચાર્યપદ અંગેની આજ્ઞાઓ સ્મરણ કરાવવાના હેતુથી આ લખાણ લખ્યું છે.

સર્વે મુમુક્ષુમાત્ર શ્રીજીના આ અપર સ્વરૂપ એવા ધર્મવંશી આચાર્યને ઓળખે, આધ્યાત્મિક માર્ગમાં ધર્મવંશી આચાર્યશ્રીનું

શું મહત્ત્વ છે તેને જાણે-સમજે-વાંચે-વિચારે અને શ્રીજી આજ્ઞાને યથાર્થ રીતે પાળીને આત્યંતિક કલ્યાણના અધિકારી બને તે આ લખાણનો મુખ્ય આશય છે.

આ પુસ્તકમાં જે કંઈ સારું છે તે શ્રી નરનારાયણ દેવની કૃપા અને શ્રી નરનારાયણ દેવ દેશની ગાદીના પૂર્વ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા વર્તમાન પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના મારી ઉપર અહૈતુકી રાજીપાનું પરિણામ છે. તેથી તેનું શ્રેય તેમને ફાળે જાય છે અને જે કંઈ ત્રુટીઓ રહી જવા પામી હોય તે સર્વે મારી પોતાની બિનઆવડતનું પરિણામ છે. સર્વે વાંચકવર્ગ નીરક્ષીર ન્યાયે તે સ્વીકારશો અને રાજી રહેશો.

**પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ.**
**(અમદાવાદ)**

**વડતાલમાં શ્રીજી મહારાજે બન્ને આચાર્યો સ્થાપન કર્યા એ શુભ માંગલિક પ્રસંગની સભામાં સ. ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીએ નીચેનો છપય છંદ રચી શ્રીજીને સંભળાવેલ હતો. (શ્રીબ્રહ્મસંહિતા પ્ર.૪ અધ્યાય ૧૦)**

**છપય છંદ**

જયેષ્ઠહી રામપ્રતાપ, અનુજ ઈચ્છારામ જાણો ।
હરિપ્રસાદહી તાત, રામાનંદ ગુરુ વખાણો ।
અવધપ્રસાદ રઘુવીર, દોઉ આચારજ કીને ।
શરણાગત સુખખાણ, અભયપદ આપહી દીને ।
શ્રીધર્મસુત પૂર્ણેન્દ્ર પુનિ, વાર વાર વંદન કરૂં ।
કહે બ્રહ્મમુનિ પરિબ્રહ્મસે, તિહિ ચરનમે ચિત્ત ધરૂં ।





# ૨ ગુરુ પરંપરા - અર્થ

ભગવાન શ્રી હરિએ વડતાલના ૧૮મા વચનામૃતમાં જણાવ્યું કે ''ઉદ્ધવ તે રામાનંદ સ્વામી રૂપે હતા, ને તે રામાનંદ સ્વામી શ્રી રંગક્ષેત્રને વિષે સ્વપ્નમાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા. માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે અને તે રામાનંદ સ્વામીના શિષ્ય તે અમે છીએ... અને અમે અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે. તેની રીત અવશ્યપણે જાણવી જોઈએ.'' સં ૧૮૮૨ના કાર્તિક સુદ ૧૧ના રોજ વડતાલમાં શ્રીહરિએ આચાર્યપદની સ્થાપના કર્યા બાદ, લગભગ અઢી માસ પછીનું આ વચનામૃત સં. ૧૮૮૨ના મહાસુદ પડવાનું છે.

સૌ પ્રથમ સંપ્રદાયની ગુરુપરંપરા એટલે શું ? તે સમજી લેવાની જરૂર છે. સંપ્રદાય માટે ધ્યેયની સમાનતા, તે સિદ્ધ કરવા અંગેના નિશ્ચિત સાધનો, ચોક્કસ અને સનાતન સ્વરૂપનું બંધારણ જરૂરી છે. પરંતુ જેમ સુજ્ઞ કારીગર વિના ઈંટો, ચૂનો, રેતી વગેરેના સમૂહને જેમ માર્ગ અવરોધક ઢગલો કહેવામાં આવે છે, તેમ સમર્થ પ્રવર્તક અને તેની પાછળ પુષ્ટિકર્તા આચાર્ય વિના એ બધું અનિયંત્રિત ટોળાં જેવું છે. અર્થાત્ સંપ્રદાયની રચના માટે એક સમાન ધ્યેય, નિશ્ચિત અને એકસરખાં સાધનો, ચોક્કસ નિયમો, સુયોગ્ય બંધારણ, સમર્થ પ્રવર્તક તથા તેમને પુષ્ટિકર્તા આચાર્યશ્રેણી અને આ બધું જેને માટે પ્રયોજાયેલું છે, તે આશ્રિતો -આ છ અંગોનું સહઅસ્તિત્વ આવશ્યક છે. સંપ્રદાયની ગુરુપરંપરા એટલે આ છ અંગોવાળા ધર્મજીવનના વિકાસના ઈતિહાસની પરંપરા.

ભગવાન શ્રીકૃષ્ણે અંતર્ધાન થતાં પહેલાં ઉધ્વજીને ખાસ બોલાવીને જ્ઞાનોપદેશ આપ્યો હતો અને તે જ્ઞાનનો પ્રચાર કરવાની

અને તે માટે યોગ્ય સમય ન આવે ત્યાં સુધી બદરીકાશ્રમમાં જઈને તપ કરવાની તેમને આજ્ઞા કરી હતી. આ વાત શ્રીમદ્ભાગવતમાં એકાદશ સ્કંધમાં ખૂબ વિસ્તારથી જણાવવામાં આવેલી છે. શ્રીજી મહારાજનો પ્રાદુર્ભાવ થયો તે પહેલાં દિવ્યધામ બદરીકાશ્રમમાં તેમણે નરનારાયણ સ્વરૂપે સભા ભરી હતી.[1] તે સભામાં ઉદ્ધવજી હાજર હતા. ત્યારે ભારતભૂમિ ઉપર અવતરણ માટે દુર્વાસાના શ્રાપ રૂપી પ્રસંગ શ્રી હરિની ઈચ્છાથી બન્યો. અને એ શ્રાપમાં ઉદ્ધવજીનો પણ સમાવેશ થતો હતો. આ એ જ ઉદ્ધવજી રામાનંદ સ્વામી રૂપે અવતર્યા હતા. સંપ્રદાયના બધાંજ પ્રમાણિત શાસ્ત્રો વચનામૃત પરથારો, સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, શ્રીહરિ દિગ્વિજય વગેરેમાં ઈતિહાસની આ વાત સ્પષ્ટ શબ્દોમાં જણાવેલી છે. રામાનંદ સ્વામીએ રામાનુજાચાર્ય પાસેથી વૈષ્ણવી દીક્ષા લીધેલી છે. આ દીક્ષા સ્વપ્નમાં અપાયેલી છે તેમ વચનામૃતમાં જણાવેલ

(૧) અત્રે આશંકા થાય કે, નરનારાયણ ઋષિને શ્રાપ થયો તો પછી અક્ષરધામમાંથી શ્રી હરિ કેમ આવ્યા ? સ.જી.પ્ર.૧ અ. ૫ થી ૮ અને ભ.ચિં.પ્ર. ૫ થી ૮ એક સાથે શાંત ચિત્તે વિચારવામાં આવે તો કંઈક આવું ચિત્ર ખડું થાય. સભા બદરીકાશ્રમમાં શ્રીનારાયણ સન્મુખ ભરાયેલી છે. તેમાં ધર્મદેવ, ભક્તિમાતા શ્રીનર, ઉદ્ધવજી તથા મુનિઓ હાજર છે. બધા નારાયણની સ્તુતિ કરે છે. સ્તુતિ કરતાં ધ્યાનમગ્ન થાય છે. પણ ધ્યાનસ્થ થયા પછી ચિત્ર સમગ્રપણે બદલાઈ જાય છે. બદલાઈ ગયેલું ચિત્ર, નેત્રો ઊઘાડીને ધ્યાનમાંથી બહાર આવીને જુએ છે ત્યારે પણ પ્રથમના જેવું જ કાયમ રહે છે. આ હકીકત સ.જી. અને ભ.ચિં. બંને શાસ્ત્રોમાં અસંદિગ્ધ શબ્દોમાં વર્ણવેલી છે. શતાનંદ મુનિ સ.જી.પ્ર.૧ અ. ૬ શ્લો. ૧૯માં કહે છે કે **तं तादृशं स्वहृदयेष्वतिभासुराङ्गं धाम्यक्षरेऽपि ददृशुः कृपयैव तस्य । आनन्दपूर्णसकलावयवाः पुनस्ते दृष्टा बहिश्च मुदिता अथ तुष्टुवुस्तम्।।** અર્થાત્ ધ્યાનસ્થ થયેલ સર્વેને ત્યારે ભગવાનની નિષ્કારણ કૃપાને પરિણામે બદરીકાશ્રમ અને તેમાં બિરાજેલા શ્રીનારાયણને બદલે અક્ષરધામ અને તેમાં બિરાજેલ અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણનું સાક્ષાત્ દર્શન થયું. આ પ્રકારે દર્શન અનુભવ થવાથી સર્વના અંતરમાં નખશીખ આનંદના ઓઘ ઊછળવા લાગ્યા. અને પછી આંખ ઊઘાડીને જોતાં પણ એ જ પ્રકારનું દર્શન ચાલુ રહેતાં સૌ કોઈ આનંદ વિભોર બની ફરી પ્રેમભાવથી નિવેદન કરવા લાગ્યા. સ.ગુ. શ્રીનિષ્કુળાનંદ સ્વામી ભ.ચિં. પ્ર.૬માં લખે છે કે :





છે. ઈતિહાસકાળ પ્રમાણે શ્રીમદ્ રામાનુજાચાર્ય અગિયારમી સદીમાં થયા (સં. ૧૦૭૩-સં. ૧૧૯૩) જ્યારે રામાનંદ સ્વામી ૧૭મી

પછી હાથ જોડી બેઠા પાસ થઈ અંતરદષ્ટિ ઊજાસ
શ્રી નારાયણ કૃપાએ કરી વૃત્તિ અંતરમાંહી ઉતરી ॥ ૧૯ ॥
દીઠું અક્ષરધામ અલૌકી, પામ્યા સુખ તેહને વિલોકી
દીઠો તેજ તણો ત્યાં અંબાર, તેહ મધ્યે સિંહાસન સાર ॥ ૨૦ ॥
તિયાં બેઠા દીઠા બહુનામી, જેહ અક્ષરધામના ધામી
અતિસુંદર મુરતિ સારી, શોભાધામ શ્યામ સુખકારી ॥ ૨૧ ॥
તેને નિરખીને પામ્યા આનંદ, ફુલ્યાં જેમ કુમોદની ચંદ
પછી બારે જોયું આવી જ્યારે, દીઠી તેની તે મૂરતી ત્યારે ॥ ૨૨ ॥
જેવા અક્ષરધામમાં દીઠા, તેવા દીઠા સન્મુખ બેઠા
તે તો નારાયણનું છે કૃત્ય, એમાં નહી કાંઈ અચરત્ય ॥ ૨૩ ॥

પછીથી ભારતનો પ્રવાસ કરીને આવેલા મુનિઓ સભામાં જ્યારે ભારતમાં ધર્મની ગ્લાનિ અને અધર્મનો અભ્યુદય થયાની વાત કરે છે ત્યારે અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ, બદરીકાશ્રમાધિપતિ શ્રી નરનારાયણના મુખેથી કહે છે કે મારા ભક્તોના રક્ષણને અર્થે અને અધર્મના નિવારણમાટે હું અવતાર ધારણ કરીશ **“इत्युषीणां वचः श्रुत्वा स जातकरुणः प्रभुः । पातुमैच्छदधर्मात्स्वाः प्रादुर्भूय भुवि प्रजाः ।।** સ.જી. ૧-૮-૧૬

‘‘એવું શ્રવણે સાંભળી, નરવીરે કર્યો વિચાર
એહ પાપને ટાળવા મારે નિશ્ચે લેવો અવતાર ॥ ૧ ॥
ઋષિ તમે નચિંત રહો, અધર્મ કરીશ ઉત્થાપ
સુખી કરીશ સૌ સંતને, તમે પરહરો પરિતાપ ॥ ૨ ॥(ભ.ચિં.૭)

દુર્વાસાનું આગમન અને શ્રાપનો પ્રસંગ આ પછી બનેલો છે. ઈતિહાસ પ્રસિદ્ધ ઉપર્યુક્ત હકીકતોનો વિચાર કરવામાં આવે તો ઉપર જણાવેલ આશંકા માટે પ્રશ્ન સહજ ઉપસ્થિત થાય છે તે એ છે કે, જો દુર્વાસાએ શ્રાપ આપ્યો તે વખતે સભામાં સૌ કોઈની દષ્ટિએ બદરીકાશ્રમ ધામ ન હતું. અને શ્રી નારાયણ ન હતા પણ અક્ષરધામ હતું અને અક્ષરાધિપતિ બેઠેલા હતા, તો બંને ગ્રંથકર્તાઓએ એ હકીકત સ્પષ્ટ શબ્દોમાં શા માટે લખી નહિ ? તે અંગે વિચાર કરતાં જણાશે કે લોક વ્યવહારમાં અને રાજકારણમાં જેમ સમ્રાટ હોય - રાષ્ટ્રપતિ હોય ને તે દેશની રાજધાનીના પોતાના સ્થળેથી દેશના રાજ્યો પૈકી કોઈ રાજ્યમાં જાય ત્યારે ત્યાંના ગવર્નર દ્વારા જ કામ કરવાનું મોટે ભાગે પસંદ કરે છે. ભરતખંડના ઉપાસ્ય અધિપતિ દેવ શ્રીનરનારાયણને નામે ઓળખાય છે અને એમનું સ્થાન બદરીકાશ્રમ નામે ઓળખાય છે. અક્ષરાધિપતિ પરમેશ્વરે જ્યારે સ્વભક્તોના લાલપાલન અર્થે, જીવોના કલ્યાણને અર્થે અને અધર્મનો [illegible] ણ કરવાનો [illegible] સુધી

સદીમાં (સં. ૧૭૯૫-સં. ૧૮૫૮) થયા એટલે કે બંનેના જીવનકાળ દરમ્યાન લગભગ ૭૦૦ વર્ષનું અંતર રહેલું છે. અને માત્ર તે કારણસર આ દીક્ષાની યથાર્થતા કે યોગ્યતા વિષે શંકા સેવવી યોગ્ય ન ગણાય. આધ્યાત્મ માર્ગમાં સમય અને સ્થળનાં અંતર કદી નડતાં નથી. પરમ ભાગવત ભક્તો બાહ્ય દૃષ્ટિએ શરીરની ગમે તે અવસ્થામાં વર્તતા હોય તો પણ એ સદા જાગૃત અવસ્થામાં જ વર્તે છે એમ માનવું જોઈએ. શ્રીમદ્ ભગવત્ ગીતાના **या निशा सर्वभूतानां** વાળા શ્લોકમાં (અ.૨ શ્લો.૬૯) પણ આ જ સિદ્ધાંતનું પ્રતિપાદન કરવામાં આવેલ છે. સમાધિ અવસ્થામાં મંત્રદીક્ષા આપી શકાય. રામાનંદ સ્વામીએ યોગ સાધના કરી હોવાથી એમણે સમાધિ અવસ્થા સહજ રીતે સિદ્ધ કરેલી હતી. રામાનંદ સ્વામીને સમાધિ અવસ્થામાં શ્રીમદ્ રામાનુજાચાર્યે મંત્ર દીક્ષા આપેલી હોવાના કારણે તેમનું નામ તેમના ગુરુ તરીકે વચનામૃતમાં જણાવેલું હોય તે બરાબર છે. પણ આ હકીકતનો સંપ્રદાયનાં સત્સંગિજીવન જેવાં શાસ્ત્રોમાં દર્શાવેલી હકીકત સાથે મેળ રાખીને વિચાર કરવો યોગ્ય ગણાય. સત્સંગિજીવનમાં રામાનંદ સ્વામીની જે જીવનકથા કહેલી છે, તે ઉપરથી નિષ્પન્ન થાય છે કે રામાનંદ સ્વામીએ સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવેલા ગોપનાથ મહાદેવના આશ્રમમાં રહેતા આત્માનંદ નામના એક નિરાકારવાદી કેવળાદ્વૈત યોગી પાસેથી પ્રથમ દીક્ષા લીધી હતી. પણ એ નિરાકારવાદી જણાતાં તેમનો સમૂળ ત્યાગ કરીને તેઓ શ્રીરંગક્ષેત્ર ગયા હતા. જ્યાં શ્રીમદ્ રામાનુજાચાર્યે એમને સમાધિ-સ્વપ્ન અવસ્થામાં બે મંત્રોના[2] ઉપદેશ આપી વૈષ્ણવી દીક્ષા આપી હતી. એ મંત્રોના જપના પરિણામે રામાનંદ સ્વામીને શ્રીકૃષ્ણનું

બધી પ્રાથમિક ક્રિયાઓ પોતાના પ્રતિનિધિ સ્વરૂપ બદરીકાશ્રમાધિપતિ શ્રીનરનારાયણ દ્વારા જ કરે એ શિષ્ટાચાર, ધર્મ અને નીતિની દૃષ્ટિએ યોગ્ય જ કહેવાય.

(૨) તે બે મંત્રો આ પ્રમાણે હતા. (૧) **श्रीमन्नारायणचरणौ शरणं प्रपद्ये।**
(૨) **श्रीमते नारायणाय नमः ।**





સાક્ષાત્ દર્શન થયું હતું. પણ પાછળથી શ્રીરંગક્ષેત્રના રામાનુજી ઉત્તરાધિકારીએ અસહ્ય ઉપાધિ કરતાં તેમણે શ્રીરંગક્ષેત્ર અને રામાનુજવર્ત્મનો ત્યાગ કર્યો હતો અને વૃંદાવન ગયા હતા. જ્યાં એમને ફરીથી ભગવાને સાક્ષાત્ દર્શન દીધું અને બે નવા મંત્રોનો[3] ઉપદેશ આપ્યો અને એ પોતે પૂર્વાવતારે ઉદ્ધવજી હતા તેનું સ્મરણ કરાવ્યું અને પોતે જે જ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો તેનો પ્રચાર કરવાની તેમજ નવીન અને નિર્ભય સંપ્રદાય પ્રવર્તાવવાની આજ્ઞા કરી. એ આજ્ઞા અનુસાર એમણે ઉદ્ધવ સંપ્રદાય જે આજે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે સુપ્રસિદ્ધ છે તેનું પ્રવર્તન કર્યું. પોતે રામાનુજસંપ્રદાયનો ત્યાગ કર્યો હતો છતાં શ્રીમદ્ રામાનુજાચાર્યે ઉપદેશેલા મંત્રોના જપને પરિણામે ભગવાનનું દર્શન થયું હતું એ વિચાર કરીને, રામાનંદ સ્વામીએ પોતે જે નવીન સંપ્રદાય પ્રવર્તાવ્યો તેના જ્ઞાનમતના નિરૂપણમાં શ્રીમદ્રામાનુજાચાર્યે જીવ, માયા અને ઈશ્વરના સ્વરૂપનો નિર્ણય સમજાવવા માટે જે શૈલી-મત અપનાવ્યો હતો, તેનું અંશતઃ અનુસરણ કર્યું. આ બધી હકીકત સ.જી.પ્ર.૧ અ. ૧૫ શ્લો. ૧ થી ૨૩માં છે.

સત્સંગિજીવન અને વચનામૃત બંને શાસ્ત્રો શ્રીજીના પ્રત્યક્ષ પ્રસાદીભૂત શાસ્ત્રો છે. તેથી તે બંનેનો સમન્વય સાધતાં એવું નિષ્પન્ન થાય છે કે :-

(૧) રામાનંદ સ્વામીએ આત્માનંદ સ્વામી પાસેથી લીધેલી દીક્ષા અને જ્ઞાનોપદેશનો સમૂળ ત્યાગ કર્યો હતો. તેથી આત્માનંદ સ્વામીને રામાનંદ સ્વામીના દીક્ષાગુરુ ગણી શકાય નહિ.

(૩) તે બે મંત્રો આ પ્રમાણે હતા. (૧) **श्री कृष्ण ! त्वं गतिर्मम ।**
(૨) **ब्रह्माहं कृष्णदासोऽस्मि ।**

(૨) શ્રીમદ્ રામાનુજાચાર્યે આપેલી મંત્ર દીક્ષા અને એના સર્વે લક્ષણોનો રામાનંદ સ્વામીએ ત્યાગ કરેલ હોવાથી એમને રામાનંદ સ્વામીના દીક્ષા ગુરુ તરીકે ખરેખર ગણી શકાય નહિ. પણ રામાનંદ સ્વામીએ પોતાના જ્ઞાનમતમાં જીવ, માયા અને ઈશ્વરના સ્વરૂપના નિરૂપણમાં રામાનુજી જ્ઞાનમતનો અંશતઃ સ્વીકાર કરેલ હોવાથી એટલા પુરતું એમને ગુરુ ગણી શકાય. વચનામૃતમાં એટલે જ રામાનંદ સ્વામીને દીક્ષા આપનાર તરીકે રામાનુજાચાર્ય એકલાનું જ નામ ગુરુપરંપરામાં જણાવેલું છે.

સ્થિતિ આ પ્રમાણે હોવાથી શ્રીજી મહારાજે રામાનુજાચાર્યનો પોતાના ગુરુના ગુરુ તરીકે સ્વીકાર કરેલો છે. પણ તેમણે દાખવેલી આ ઉદારતાનો અવળો અર્થ કરીને જો કોઈ આ સંપ્રદાયને રામાનુજ સંપ્રદાયની ગુજરાતની શાખા ગણતું હોય તો તે ભીંત ભૂલવા જેવું છે. જીવ અને ઈશ્વર વચ્ચે શરીર-શરીરી ભાવનું પ્રતિપાદન કરવું, એ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતનું એક મુખ્ય લક્ષણ છે. પણ એ શરીર-શરીરી ભાવ જે રીતે રામાનુજાચાર્યે સમજાવ્યો છે, તે કરતાં કંઈક જુદી, પણ બુદ્ધિમાં બેસે એવી અપૂર્વ રીતે શ્રીજી મહારાજે ગ.પ્ર.૬૪મા વચનામૃતમાં સમજાવેલો છે. આ સિવાય સંપ્રદાયના બીજા સિદ્ધાંતો અને પ્રણાલિકાઓની દૃષ્ટિએ પણ બંને વચ્ચે ધ્યાન ખેંચે એવો તફાવત રહેલો છે. એટલે આ સંપ્રદાયને રામાનુજ સંપ્રદાય તરીકે ગણાવી શકાય તેવી સ્થિતિ કોઈ પણ દૃષ્ટિએ પ્રાપ્ત થતી નથી. પરિણામે શ્રીરામાનુજાચાર્યની ગુરુ પરંપરા, એ જ આ સંપ્રદાયની ગુરુ પરંપરા એવું માનવા-મનાવવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.





## 3 પ્રવર્તક તરીકે શ્રીહરિ

રામાનંદ સ્વામી ઉદ્ધવરૂપે હતા ત્યારે તેમને ભગવાન શ્રીકૃષ્ણે જાતે જ જ્ઞાનોપદેશ આપ્યો હતો. તે જ જ્ઞાનનો તેમણે રામાનંદ સ્વામી રૂપે પ્રચાર કરેલો છે. અર્થાત્ એમના જ્ઞાનગુરુ નારાયણ પોતે જ હતા. અન્ય પ્રમુખ સંપ્રદાયોમાં જેમ ગુરુ પરંપરામાં આદ્યસ્થાને નારાયણ રહેલા છે તેમ આ સંપ્રદાયની ગુરુપરંપરામાં પણ નારાયણ જ આદ્યસ્થાને રહેલા છે. અન્ય પ્રમુખ સંપ્રદાયોની ગુરુ પરંપરા માટે જુઓ પાન નં. ૧૧.

ભારત વર્ષના આ પાંચેય પ્રમુખ સંપ્રદાયોની ગુરુપરંપરા ઉપરથી બે મહત્ત્વની બાબતો ફલિત થાય છે. પ્રથમ વાત એ છે કે, ઈતિહાસ, શાસ્ત્ર અને વ્યવહારમાં, કેવળાદ્વૈત મતના પ્રવર્તક તરીકે જેમ ગુરુ ગોવિંદપાદાચાર્યને ગણવામાં આવતા નથી, પણ તેમના શિષ્ય શ્રી શંકરાચાર્યને જ ગણવામાં આવે છે. વિશિષ્ટાદ્વૈત મતના પ્રવર્તક તરીકે જેમ યમુનાચાર્યને ગણવામાં આવતા નથી, પણ તેમના શિષ્ય રામાનુજાચાર્યને જ ગણવામાં આવે છે, તેમ આ સંપ્રદાયના પ્રવર્તક તરીકે ગુરુ રામાનંદ સ્વામીને નહિ પણ તેમના શિષ્ય મહાપ્રભુ ભગવાન શ્રી સ્વામિનારાયણને જ ગણવામાં આવે છે. એ સંપ્રદાયો પણ ગુરુના નામથી નહિ પણ શ્રી શંકરાચાર્ય વગેરે પ્રવર્તકોના નામથી જ ઓળખાય છે. બીજી વાત એ ફલિત થાય છે કે ગુરુ પરંપરામાં પ્રવર્તકની પહેલાંના એક બે ગુરુના પ્રત્યક્ષ નામો દાખવી જેમની સાથે સ્થૂળ દૃષ્ટિએ અને ઐતિહાસિક દૃષ્ટિએ સીધો સંબંધ બતાવી શકાય નહિ, પણ સિદ્ધાંત અને પ્રણાલિકાના પ્રવર્તનમાં સામ્ય દાખવી શકાય તેવાં પરોક્ષ નામો દાખવવાની રીત પ્રચલિત હતી. આમાં પ્રવર્તાવેલા સિદ્ધાંતો અને પ્રણાલિકાઓનો મૂળ આધાર નારાયણથી શરૂ કરીને વ્યાસાદિક આચાર્ય છે તેવું બતાવવાનો આશય દેખીતી રીતે જ સ્પષ્ટ થાય

## પ્રમુખ સંપ્રદાયો

| કેવળાદ્વૈત | વિશિષ્ટાદ્વૈત | | | દ્વૈતાદ્વૈત | દ્વૈત | શુદ્ધાદ્વૈત |
|---|---|---|---|---|---|---|
| (શ્રી શંકરાચાર્ય) | (શ્રી રામાનુજાચાર્ય) | (શ્રી સહજાનંદીય) | બીજી | (શ્રી નિંબકાચાર્ય) | (શ્રીમધ્વાચાર્ય) | (શ્રી વલ્લભાચાર્ય) |
| ઈ.સ. ૮૨૦ | ઈ.સ. ૧૦૧૧ થી ૧૧૩૧ | ઈ.સ. ૧૭૮૧ થી ૧૮૩૦ | માન્યતા પ્રમાણે | ઈ.સ. ૧૦૮૨ થી ૧૧૬૨ | ઈ.સ. ૧૩૦૦ | ઈ.સ. ૧૪૭૯ થી ૧૫૩૦ |
| નારાયણ | નારાયણ | શ્રીકૃષ્ણ | નારાયણ | નારાયણ | નારાયણ | નારાયણ |
| બ્રહ્મા | શ્રી | રામાનુજાચાર્ય | મહાલક્ષ્મી | શંકર | બ્રહ્મા | શંકર |
| શક્તિ | નારદ | રામાનંદ સ્વામી | વિષ્વકસેન | સ્કંદ | નારદ | નારદ |
| વશિષ્ટ | પરાશર | સહજાનંદ સ્વામી | શઠકોપસ્વામી | નારદ | વ્યાસ | વ્યાસ |
| પરાશર | વ્યાસ | | નાથમુનિ | વ્યાસ | અચ્યુતપ્રેક્ષાચાર્ય | શુક |
| વ્યાસ | અલ્વારો (૧૨ જ્ઞાની પુરુષો) | | પુંડરીકાક્ષ | વિષ્ણુ સ્વામી | | વિષ્ણુસ્વામી |
| ગૌડાપાદાચાર્ય | નાથમુનિ | | યમુનાચાર્ય | | | બિલ્વમંગળ |
| ગોવિંદપાદાચાર્ય | યમુનાચાર્ય | | શ્રીરામમિશ્રસ્વામી | | | |
| | રામાનુજાચાર્ય | | | | | |

રામાનુજાચાર્ય:
- શ્રીરંગ ક્ષેત્ર
- શ્રીકાંચી ક્ષેત્ર

સહજાનંદ સ્વામી:

અમદાવાદ દેશ
- અયોધ્યાપ્રસાદજી
- કેશવપ્રસાદજી
- પુરુષોત્તમપ્રસાદજી
- વાસુદેવપ્રસાદજી
- દેવેન્દ્રપ્રસાદજી
- તેજેન્દ્રપ્રસાદજી
- કોશલેન્દ્રપ્રસાદજી

વડતાલ દેશ
- રઘુવીરજી
- ભગવત્પ્રસાદજી
- વિહારીલાલજી
- લક્ષ્મીપ્રસાદજી
- શ્રીપતિ પ્રસાદજી
- આનંદપ્રસાદજી
- નરેન્દ્રપ્રસાદજી
- અજેન્દ્રપ્રસાદજી
- રાકેશ પ્રસાદજી





છે. આનો અર્થ એ થાય છે કે, ગુરુપરંપરામાં પ્રવર્તકના નામ પહેલાં જે નામકો ગણાવવામાં આવે છે, તે સંપ્રદાયના પ્રવર્તક તરીકે નહિ પણ માત્ર દીક્ષાગુરુ કે જ્ઞાનગુરુ તરીકે જ ગણાવેલ હોય છે. આ ઉપરથી નિષ્પન્ન થાય છે કે સંપ્રદાયનું ગુરુપદ-આચાર્યપદ હંમેશાં તેના પ્રવર્તકથી જ શરૂ થાય છે. શતાનંદ મુનિએ જનમંગલ સ્તોત્રની રચનામાં શ્રીહરિનાં ૧૦૮ નામ ગણાવ્યાં, તેમાં ૪૩મા ક્રમે, શ્રીહરિનું એક નામ ''ઉધ્ધવાધ્વપ્રવર્તકાય'' એમ જણાવેલું છે. અર્થાત્ ઉદ્ધવસંપ્રદાયને પ્રવર્તાવનારા-આમ પ્રવર્તક તરીકે રામાનંદસ્વામી નહિ પણ શ્રીહરિ જ છે. આમ ભગવાન શ્રી સ્વામિનારાયણે એ જ્ઞાનસંપ્રદાયનું નવસંસ્કરણ કરીને નવરચના કરીને, એને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય નામ આપ્યું. છતાં સત્શાસ્ત્ર અને ભાગવત્ ધર્મના ઈતિહાસની શાસ્ત્રમાન્ય કથા સાથે સંપ્રદાયની કડી સંકળાયેલી રહે એ શુભ હેતુથી પોતે પ્રવર્તાવેલા નામ ઉપરાંત ઉદ્ધવ સંપ્રદાય નામ પણ પ્રવર્તાવેલું છે.

સંપ્રદાય શબ્દમાં એના વિશિષ્ટ પ્રકારના સિદ્ધાંતોનું જ્ઞાન, ઉપાસનારીતિ, અને આશ્રિતોના ધર્મજીવનની પ્રણાલિકાઓનો સમાવેશ થાય છે. સંપ્રદાયની જીવનદોરી જેવી આ ત્રણ મહત્ત્વની બાબતોનું પ્રવર્તન રામાનંદ સ્વામીએ કરેલું નથી, પણ શ્રીજી મહારાજે પોતે જ કરેલું છે. સંપ્રદાયના મંત્ર, દીક્ષા, ધ્યાન, ભજન, સ્મરણ, નામસંકીર્તન, મંદિર, શાસ્ત્ર, વ્રત ઉત્સવના નિયમો વગેરે રામાનંદ સ્વામીએ નહિ પણ શ્રીજી મહારાજે જ પ્રવર્તાવેલા છે. આજે અમલમાં છે તે આ સંપ્રદાયનું બંધારણ રામાનંદસ્વામીએ નહિ પણ, શ્રીજીમહારાજે જ પ્રવર્તાવેલું છે. માટે આ સંપ્રદાય રામાનંદ સ્વામીના નામ ઉપરથી નહિ પણ મહાપ્રભુ શ્રીસ્વામિનારાયણના નામ ઉપરથી જ ઓળખાયો.

## ૪ ધર્મદેવનું કુળ શા માટે ?

જ્ઞાનનો ઉપદેશ અને દીક્ષા આપવાનો અધિકાર એક માત્ર ત્યાગાશ્રમીઓને જ પહોંચે છે, એવું લોકવ્યવહારમાં ભલે મનાતું હોય, પણ એ માન્યતાને શાસ્ત્ર, પુરાણ કે ઈતિહાસ કોઈનું ય સમર્થન આ પહેલાં મળ્યું નથી અને આજે મળતું પણ નથી. જે સંપ્રદાયોમાં આજે આચાર્યપદે ત્યાગાશ્રમીઓ વિરાજે છે તે સંપ્રદાયોના આદ્યગુરુસ્થાને નારાયણ, જે ગૃહસ્થાશ્રમી છે તે બિરાજેલા છે. સર્વે સંપ્રદાયો વ્યાસજીને ''સર્વે આચાર્યોના આચાર્ય અને સર્વે ગુરુઓના ગુરુ'' તરીકે માને છે, એ વ્યાસજી ગૃહસ્થાશ્રમી છે. જ્ઞાની મહાત્માઓ અને ઋષિમુનિઓમાં શ્રેષ્ઠ ગણાતા વશિષ્ઠ અને યાજ્ઞવલ્કય ગૃહસ્થાશ્રમી હતા. તપના પ્રભાવે રાજર્ષિમાંથી બ્રહ્મર્ષિ બનેલા વિશ્વામિત્ર ગૃહસ્થાશ્રમી હતા. ગર્ભયોગેશ્વર શુકદેવજીના ગુરુ જનકવિદેહી ગૃહસ્થાશ્રમી હતા. વૈદિક મંત્રોના ઘણા મંત્રદષ્ટાઓ ગૃહસ્થાશ્રમી હતા. વીસ[૪] સ્મૃતિઓ માનવ ધર્મશાસ્ત્ર તરીકે પ્રચલિત છે. તેના યોજકો ગૃહસ્થાશ્રમી જ હતા. ભારતીય સમાજમાં ચાર આશ્રમની વ્યવસ્થા 'એક શ્રેષ્ઠ અને બીજો હીન' એવું દાખવવા માટે કરેલી નથી. શાસ્ત્રોમાં **શ્રેષ્ઠા સંન્યસ્તાશ્રમઃ** કહેવાયું છે તે સાથે જ **ધન્યો ગૃહસ્થાશ્રમઃ** પણ કહેવામાં આવ્યું છે. વૈદિક મંત્રદષ્ટાઓમાં કેટલાંક નામો બ્રાહ્મણેતરનાં છે, કેટલાંક નામો સ્ત્રી જાતિનાં છે, તો ઘણાં નામો ગૃહસ્થાશ્રમીનાં પણ છે. અમુક વર્ણ અને અમુક આશ્રમ શ્રેષ્ઠ અને અમુક વર્ણ અને અમુક આશ્રમ હીન, એ કલ્પના તો પોતાને વધારે સમજુ માનતા-મનાવતા માણસે પોતાનો કોઈ

(૪) વીસ મુખ્ય સ્મૃતિઓ : મનુ, અત્રિ, વિષ્ણુ, હારિત, યાજ્ઞવલ્કય, અંગિરા, યમ, આપસ્તંબ, વ્યાસ, સંવર્ત, કાત્યાયન, બૃહસ્પતિ, પરાશર, ઉશનશ, શંખ, લિખિત, દક્ષ, ગૌતમ, શાતાતપ અને વશિષ્ટ (સ.જી.પ્ર.પ.અ.૧ શ્લો. ૧૨/૧૩)





સ્વાર્થ સાધવા આરોપેલી જણાય છે. પણ આ હકીકતનો અર્થ જો કોઈ એમ કરે કે, વર્ણ અને આશ્રમની વ્યવસ્થા ભૂલભરેલી અને ભ્રામક છે તો તે એક ગંભીર ભૂલ છે. વર્ણ અને આશ્રમની પ્રથાને નાબૂદ કરવાના લાખો પ્રયત્ન થયા છે-થાય છે, છતાંય એક યા બીજા રૂપે જીવનમાં તે રહેવાની તે નિર્વિવાદ છે. **વર્ણાનાં બ્રાહ્મણો ગુરુઃ** એવું કહેવાય, પણ તેથી બ્રાહ્મણેતર વ્યક્તિ હીન છે, તેવું ન કહેવાય. જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, યોગ, અને ભક્તિની પરાદશા સાધવાનો અધિકાર જેટલો બ્રાહ્મણને છે, જેટલો ત્યાગાશ્રમીને છે તેટલો જ અધિકાર બ્રાહ્મણેતર અને ગૃહસ્થાશ્રમીને પણ પહોંચે છે, એ હકીકતનો સ્વીકાર કરવો જ રહ્યો. સંપ્રદાયના આચાર્યપદે ત્યાગાશ્રમીઓ હોય છે તે પ્રમાણે ગૃહસ્થાશ્રમીઓ પણ હોય છે. એ પદ કોઈ એક આશ્રમની વ્યક્તિ માટે અનામત રાખ્યાનું કોઈ શાસ્ત્રમાં કહ્યું નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સંપ્રદાયના આચાર્યપદે ધર્મવંશના ગૃહસ્થાશ્રમી પુરુષની પસંદગી અને નિયુક્તિ જે કારણે કરેલી છે, તેનીવિગતો સર્વેએ જાણવા જેવી છે. ભગવાન શ્રીસ્વામિનારાયણ ગૃહસ્થાશ્રમી ન હતા. પણ તે સાથે જ એ સંન્યાસી પણ ન હતા. એ પ્રથમાશ્રમી બ્રહ્મચારી હતા. સંપ્રદાયમાં ધર્મપદ માટેના જુદા જુદા દિવાની દાવાઓમાં પણ તેમને Celibate બ્રહ્મચર્યાશ્રમી તરીકે જ ઓળખવામાં આવેલા છે. રામાનંદ સ્વામીએ એમને જ્યારે વિ.સં. ૧૮૫૭ના કાર્તિક સુદ ૧૧ના રોજ પીપલાણા ગામે દીક્ષા આપીને શ્રી સહજાનંદ સ્વામી અને શ્રી નારાયણમુનિ એવાં બે નામો ધારણ કરાવ્યાં, ત્યારે એમને સંન્યસ્તાશ્રમની

દીક્ષા આપેલી ન હતી. પણ [૫]મહાભાગવતી દીક્ષા જ આપેલી હતી. વિ.સં. ૧૮૮૬ના જેઠ સુદ ૧૦ના રોજ જયારે સહજાનંદ સ્વામી અંતર્ધાન થયા ત્યારે તેમની અંત્યેષ્ટિ વિધિ સંન્યાસી તરીકે નહિ, પણ બ્રહ્મચર્યાશ્રમી તરીકે જ કરવામાં આવી હતી. એટલે સ્વાભાવિક રીતે જ પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, અનુગામી આચાર્ય તરીકે એમણે પોતાના જ વર્ગ અને આશ્રમની વ્યક્તિની પસંદગી કરવાને બદલે ગૃહસ્થાશ્રમી પુરુષની અને તે પણ ધર્મવંશી ગૃહસ્થાશ્રમી પુરુષની અને તે પણ પરંપરાના ધોરણે પસંદગી શા કારણે કરેલી છે ?

સંપ્રદાયના ઈતિહાસ પ્રમાણે ઈ.સ. ૧૯૦૧-૦૨માં ધર્મપદ માટેનો સૌ પ્રથમ દીવાની દાવો અમદાવાદની દીવાની ન્યાયાધિશીમાં દાખલ થયેલો. એ વખતના આચાર્યશ્રી ધ.ધુ. વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીની સગીરાવસ્થાને કારણે વહીવટ કરવા, પૂર્વાચાર્યે નીમેલી તેર અગ્રગણ્ય ત્યાગી અને ગૃહસ્થ આશ્રિતોની એક સમિતિ હતી. તેણે અદાલતને જણાવ્યું હતું કે, ''ભગવાન શ્રી સ્વામિનારાયણને પૂર્વાશ્રમના સંબંધે બે ભાઈઓ હતા. તેથી સંપ્રદાયના એમણે બે વિભાગ કર્યા અને એ દરેક વિભાગ ઉપર પોતાના ભાઈઓના એક એક પુત્રને દત્તપુત્ર તરીકે ગ્રહણ કરીને આચાર્યપદે નિયુક્ત કર્યા છે.'' આવી વિચિત્ર બિનપાયાદાર અને તથ્યહીન દલીલનો જવાબ આપતાં વિદ્વાન ન્યાયાધિશ શ્રી આર. નાઈટે લખ્યું કે, ''પ્રતિવાદીઓની ઉપર જણાવેલી દલીલો એમની અધમ મનોવૃત્તિમાંથી ઉદ્ભવેલી છે.

(૫) ભાગવતી વૈષ્ણવી દીક્ષા અને સંન્યસ્ત દીક્ષા વચ્ચે કેટલાક મૂળભૂત તફાવત છે. વૈષ્ણવી દીક્ષાવાળો ત્યાગી પણ કહેવાય છે અને ગૃહસ્થ પણ કહેવાય છે. એટલે સંજોગો ઊભા થતાં તે ગૃહસ્થાશ્રમી બની શકે છે. જયારે સંન્યસ્ત દીક્ષાવાળો કેવળ ત્યાગી કહેવાય છે. તે ઈચ્છા હોય તો પણ ગૃહસ્થાશ્રમી થઈ શકતો નથી.





ધર્મદેવના વંશના બે ગૃહસ્થાશ્રમી પુરુષમાં પરંપરાના ધોરણે સંપ્રદાયનું આચાર્યપદ સ્થાપિત કરવા માટે, ભગવાન શ્રીસ્વામિનારાયણનો એક જ શુભાશય હતો. સંપ્રદાયની અને સંપ્રદાયના આશ્રિતોના ધર્મની રક્ષા કરવી. સંપ્રદાયની ઉન્નતિ ઉત્તરોત્તર વધતી જાય એવી કાયમની વ્યવસ્થા કરવી અને જગતમાં આચાર્યપદ માટે એક આદર્શ પ્રણાલિકા પ્રસ્થાપિત કરવી, એ જ એક મુખ્ય આશય હતો.'' શ્રી નાઈટનો આ નિર્ણય, વિવાદમાં મુંબઈની વડી અદાલતે તથા તે વખતની પ્રીવી કાઉન્સીલે (તે વખતની સર્વોચ્ચ અદાલત) અક્ષરશઃ માન્ય રાખેલો છે. એટલું જ નહિ ત્યાર પછી થયેલા તમામ દીવાની દાવાઓમાં પણ શ્રી નાઈટનો અભિપ્રાય જ અનુસરવામાં આવેલો છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે એક વખત વડતાલમાં સંપ્રદાયના ત્યાગી, ગૃહસ્થ, સર્વે આશ્રિતોની એક વિરાટ સભા ભરી અને તેમાં ભાવિ આચાર્યની પસંદગી અને નિયુક્તિનો પ્રશ્ન રજુ કર્યો, ત્યારે સંપ્રદાયમાં 'મા'નું બિરુદ પામેલા મુક્તાનંદ સ્વામીએ સભામાં હાથ જોડીને સર્વે આશ્રિતો વતી જવાબ આપતાં કહ્યું, ''આ પ્રશ્નનો નિર્ણય વર્ષો પહેલાં રામાનંદ સ્વામીએ પોતે જ કરેલો છે. પ્રયાગક્ષેત્રમાં રામાનંદ સ્વામીએ શ્રીધર્મદેવને કે જે ગૃહસ્થાશ્રમી હતા, તેમને પોતાના સર્વે શિષ્યોમાં મુખ્યપદે સ્થાપિત કર્યા હતા અને મુમુક્ષુઓને દીક્ષા આપીને શિષ્ય બનાવવાનો અને ઉપદેશ આપવાનો પોતાનો અધિકાર આપ્યો હતો. એ પછી આપ સંપ્રદાયમાં આવ્યા ત્યાં સુધી બીજા કોઈને મુખ્ય શિષ્યના પદે સ્થાપેલ નથી, કે દીક્ષા આપવાનો અધિકાર આપેલ નથી. આપ સંપ્રદાયમાં આવ્યા ત્યારે, રામાનંદ સ્વામીએ આપને સર્વે શિષ્યોમાં મુખ્યપદે સ્થાપેલા છે અને એ અધિકાર આપેલો છે. આ પ્રમાણે રામાનંદ સ્વામીએ પોતે જ સંપ્રદાયની ધર્મધુરા ધર્મવંશના પુરુષવંશના પુરુષવંશજમાં પરંપરાના ધોરણે પ્રસ્થાપિત કરેલી

હોવાના કારણે હવે એ અંગે બીજો વિચાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત થતો નથી.'' મુક્તાનંદ સ્વામીએ ત્યાગી શિષ્યો વતી વધુ સ્પષ્ટતા કરતાં કહ્યું કે, ''જગતમાં કેટલાક સંપ્રદાયોમાં ત્યાગાશ્રમીઓ આચાર્યપદે અને ગુરુપદે બિરાજે છે, એ પણ ખરું છે કે, મુમુક્ષુઓને જ્ઞાનોપદેશ કરવાનો અધિકાર એક માત્ર ત્યાગાશ્રમીઓને જ પહોંચે છે, તેવું જગતમાં કેટલાક લોકો માને છે. પણ આ સંપ્રદાયના ત્યાગાશ્રમીઓ તો બાહ્ય દૃષ્ટિએ અને અંતર દૃષ્ટિએ સ્ત્રી, દ્રવ્ય, રસાસ્વાદ અને માનના સંપૂર્ણ ત્યાગી છે. આપની કૃપાથી અમને એ ત્યાગના પરિણામે અપૂર્વ આનંદનો અનુભવ અહોનિશ થાય છે. એથી અમે નિશ્ચિત માનીએ છીએ કે, જીવનમાં જે પ્રસંગોમાં સ્ત્રી, દ્રવ્ય, રસાસ્વાદ અને માનનો યોગ એક યા બીજી રીતે થતો હોય, યા થાય તેમ હોય, તો તેવા પ્રસંગોથી ત્યાગાશ્રમીએ સમજીનો સો ગાઉ દૂર રહેવું જોઈએ. લોકસંગ્રહ, લોકકલ્યાણ કે જ્ઞાનયોગ અને ભક્તિની પરાકાષ્ટા સિદ્ધ કર્યાની મોહકમાન્યતાને કારણે પણ ત્યાગાશ્રમીએ એ ચાર બાબતોનો યોગ થાય એવું કંઈ જ ન કરવું જોઈએ. એ વિરુદ્ધ જીવનમાં જે વર્ત્યા છે - વર્તે છે, તેમનું અંતે પતન થયું છે - થાય છે, એના અનેક દાખલાઓ ઈતિહાસ અને પુરાણને પાને નોંધાયેલા છે. સંપ્રદાયોના આચાર્યપદે બિરાજેલી વ્યક્તિને આ ચાર બાબતોનો યોગ, એક યા બીજી રીતે થાય છે જ. એટલે જ સંપ્રદાયના આચાર્યપદ માટે કોઈ ત્યાગાશ્રમીને પસંદ કરવાનો અને નિયુક્ત કરવાનો પ્રશ્ન જ મૂળભૂત રીતે અસ્થાને છે.''

મુક્તાનંદ સ્વામીએ વળી સ્પષ્ટતા કરતાં કહ્યું કે, ''સામાન્યતઃ ત્યાગાશ્રમી પોતાને ગૃહસ્થાશ્રમી કરતાં શ્રેષ્ઠ માને છે. વળી એ માને છે કે ગૃહસ્થાશ્રમી સંસાર સાગરમાં ડૂબેલો છે. એ જાતે એમાંથી બહાર નીકળી શકે તેમ નથી. તેથી એને એમાંથી બહાર કાઢીને



ધર્મવંશી આચાર્યપદ

ભગવાનના ચરણમાં મૂકવાનું કામ ત્યાગાશ્રમીએ જ કરવાનું હોય છે. આ પ્રકારની માન્યતાઓને કારણે ત્યાગાશ્રમી ગૃહસ્થાશ્રમીની તરફ આદર અને પૂજ્ય ભાવની દૃષ્ટિએ જોતો હોતો નથી. જગતમાં સર્વસામાન્ય ગણાતી આ પ્રકારની માન્યતાઓ આપની કૃપાથી આ સંપ્રદાયના ત્યાગાશ્રમીઓ સામાન્યપણે ધરાવતા નથી. પણ માણસ સ્વભાવે કંઈક અવળચંડો હોય છે. એટલે આ પ્રકારની માન્યતાઓ કોઈ ત્યાગાશ્રમી ધરાવતો હોય એ શક્ય છે. પણ જે પદાર્થ, તત્ત્વ યા વિષય સાથે આપનો પ્રત્યક્ષ યોગ થયો હોય એવી બાબત, પછી તે જડ હોય કે ચેતન, પણ એ સર્વ બાબતોને આપના યોગના કારણે સંપ્રદાયનો ત્યાગાશ્રમી નિર્ગુણ અને પૂજ્ય ગણીને શિરસાવંદ્ય માને છે. એટલે શ્રી ધર્મદેવનું કુળ જે આપના પ્રત્યક્ષ યોગથી નિર્ગુણ બનેલું છે, તેનો દરેક ગૃહસ્થાશ્રમી પુરુષ, ત્યાગાશ્રમી માટે સદા પૂજનીય અને આદરણીય રહે છે. તેમાં પણ આપ જેને આચાર્ય પદ માટે પસંદ કરો અને નિયુક્ત કરો, એ તો અમારા માટે વિશેષ આદરણીય અને પૂજાર્હ બને છે. એ ખરું છે કે, આ ગૃહસ્થાશ્રમી છે પણ આપના યોગના ફળ સ્વરૂપે એ ગૃહસ્થાશ્રમી હોવા છતાં સર્વ ત્યાગાશ્રમી માટે સદા આદર અને પૂજાના અધિકારી બને છે. માટે સંપ્રદાયના સર્વ ત્યાગી અને ગૃહસ્થો વતી આપને મારી નમ્ર વિનંતી છે કે, સંપ્રદાયના આચાર્યપદે ધર્મવંશના કોઈ સુપાત્ર ગૃહસ્થાશ્રમી પુરુષની પરંપરાના ધોરણે આપ પસંદગી કરો અને નિયુક્તિ કરો એ અમો સર્વેના હિતની વાત છે.'' આની વિગતથી વાત શ્રી રઘુવીરજી મહારાજશ્રી કૃત ગ્રંથ હરિલીલા કલ્પતરૂ સ્કંધ ૧૦માં કરેલી છે.

બાળપણમાં જ્યારે શ્રી ઘનશ્યામ, રામાનંદ સ્વામીને મળ્યા ન હતા ત્યારે પણ, પોતાના પિતા ધર્મદેવ કે જેમને રામાનંદ સ્વામીએ પોતાના મુખ્ય શિષ્ય તરીકે સ્થાપ્યા હતા અને તેમને મુમુક્ષુઓને ગુરુમંત્ર આપવાની આજ્ઞા કરી હતી. તે જ ધર્મદેવને

પોતાના ગુરુ બનાવી અષ્ટાક્ષર મંત્ર પોતાના પિતા-ગુરુ પાસેથી જ લીધો હતો. તે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી ભ.ચિં.પ્ર.૨૩માં લખે છે કે :

**"સુણો મંત્ર હું થી મહામતિરે, અષ્ટાક્ષરનો શુભ અતિ રે,**
**વળી ત્રણ પ્રકારનો જેહ રે, કહ્યો પિતાએ કરી સનેહ રે,**
**કહ્યું એ મંત્ર વહાલો છે મને રે, અતિહેત કરી કહ્યો તેને રે,**
**કરો જપ પૂજા તેનો નિત્ય રે, પાળજ્યો સ્વધર્મ રૂડી રીત્ય રે,**
**એવી તાતે શિખામણ દીધી રે, માંડ્યું વર્તવા હરિએ વિધિ રે."**

વળી ધર્મદેવે વિ.સં. ૧૮૪૮ના જેઠ માસમાં જ્યારે ધામમાં જવાની તૈયારી કરી હતી, ત્યારે પોતાના પુત્રોને અંતિમ શિખામણો આપતાં ખાસ ભલામણ કરી હતી કે, આ ઘનશ્યામ છે તે જ અક્ષરધામાધિપતિ શ્રીપુરુષોત્તમનારાયણ છે એમાં કાંઈ સંશય રાખશો નહિ. અને વળી પોતે જણાવ્યું છે :[૬]

**"નિજ આચારજ પદ જેહ, સ્થાપશે તમારે કુળે તેહ ।**
**એમ કરી મોટાં મોટાં કામ, પછી પધારશે નિજધામ" ॥**

આમ આ સંપ્રદાયનું ગુરુપદ રામાનંદ સ્વામીએ ધર્મદેવને જ આપેલું અને ધર્મદેવે આ પદ પોતાના કુળમાં રહેશે તેવી ભવિષ્યવાણી તે વખતે ઉચ્ચારેલી અને પોતે જ શ્રી હરિને ગૃહસ્થાશ્રમમાં પણ મંત્રોપદેશ રામાનંદ સ્વામીની આજ્ઞાથી કરેલો.

આ ઉપરાંત બીજા સર્વેનો-ત્યાગી, ગૃહીની શક્યતાઓનો સંપૂર્ણ વિચાર કર્યા બાદ શ્રી હરિ સ્વમુખે કહે છે કે :[૭]

**જેવું અમારું કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે.**

આમ, શ્રીહરિએ યથાયોગ્ય પુખ્ત વિચાર પછી જ, હરિભક્તોના શ્રેયને અર્થે, ધર્મના રક્ષણને અર્થે, રામાનંદ સ્વામીની આજ્ઞાનુસાર જ, આચાર્યપદની સ્થાપના ધર્મકુળમાં કરી છે.

(૬) ભ.ચિં. પ્ર.૨૬ અને સ.જી.પ્ર. ૧ અ. ૩૯ શ્લો. ૧૦
(૭) ભ.ચિં.પ્ર.૯૧ અને પુરુષોત્તમ પ્રકાશ. પ્રકાર ૩૯





## ૫ બે દેશ-વિભાગ શા માટે?

ઘણા અજ્ઞાનીઓ એવું માને-મનાવે છે કે શ્રીજી મહારાજને બે ભાઈઓ હતા, માટે તેમણે બે ગાદીની યોજના કરેલી છે. આ કથન પણ કપોળકલ્પિત અને તથ્યહીન છે. જ્યારે બે ગાદીની રચના કરવામાં આવેલી ત્યારે સંપ્રદાયનો વિસ્તાર ગુજરાતમાં ખૂબ જ વધેલો. દેશના અન્ય ભાગોમાં પણ એનો પ્રસાર થયેલો. અઢારમી સદીની છેલ્લી પચીશીમાં એટલે કે શ્રીહરિ અંતર્ધાન થયા પછી, લગભગ ૪૫ વર્ષ બાદ ઈંગ્લેન્ડથી બે અંગ્રેજો, સર મોનીયર વિલિયમ્સ કે જેઓ સંસ્કૃત ભાષાના પ્રખર પંડિત હતા અને પ્રસિદ્ધ ઈતિહાસકાર શ્રી હેનરી જ્યોર્જ બ્રીગ્સ ભારતની મુલાકાતે આવેલા.તેઓ તેમના ગ્રંથમાં લખે છે કે, ''સંપ્રદાયમાં ઈ.સ. ૧૮૩૦માં ૧૮૦૦ (૧૦૦૦ સાધુઓ, ૩૦૦ બ્રહ્મચારીઓ, ૩૦૦ પાર્ષદો, ૨૦૦ હજુરી સેવકો) ત્યાગી આશ્રિતો, તથા પાંચ લાખ ગૃહસ્થ કુટુંબો એટલે કે પચીસ લાખ ગૃહસ્થ આશ્રિતો છે....'' આટલો મોટો વિસ્તાર તથા જનસંખ્યા ધરાવતા સંપ્રદાયમાં, ભારતદેશમાં રાજવહીવટની સરળતા માટે જેમ અનેક રાજ્યોની રચના કરવામાં આવેલી છે, તેમ ધર્મપ્રચાર અને વહીવટની સુગમતા માટે યોગ્ય વિભાગોની રચના કરવામાં આવે તેમાં કંઈ જ અયોગ્ય ન કહેવાય. ઊલટું તેમ કરવું તે અનિવાર્ય રીતે આવશ્યક કહેવાય. ધર્મદેવના વંશના પુરુષો કે પુરુષમાં અથવા બીજા કોઈ પુરુષો કે પુરુષમાં, આચાર્યપદની પ્રતિષ્ઠા કરવામાં આવી હોત તો પણ સંપ્રદાયમાં વિભાગોની રચના તો કરવી જ પડત. એ હકીકતનો કોઈ રીતે ય ઈન્કાર થઈ શકે તેમ નથી. પ્રશ્ન માત્ર કેટલા વિભાગોની રચના કરવી એટલો જ હતો. બીજા સંપ્રદાયોમાં ત્યારે એકથી વધુ વિભાગો અસ્તિત્વમાં હતા જ. શ્રીમદ્ શંકરાચાર્યે ભારતના ચાર વિભાગ

કર્યા હતા અને તે દરેકમાં એકેક મઠની સ્થાપના કરી હતી. અને દરેક મઠમાં પોતાના એક શિષ્યની શંકરાચાર્ય તરીકે સ્થાપના કરી હતી. શ્રીમદ્ રામાનુજાચાર્યના શિષ્ય વેદાંતદેશિકે, દક્ષિણ ભારતના બે વિભાગ કર્યા હતા. શ્રીરંગ ક્ષેત્રમાં દક્ષિણ અથવા તેંગલાઈ શાખા, અને કાંચી ક્ષેત્રમાં ઉત્તર અથવા વડગલાઈ શાખા અને ત્યાં એક એક પીઠની સ્થાપના કરી હતી. તદ્દુપરાંત કહે છે કે ૭૪ જેટલા સિંહાસનાધિકારીઓની પણ તેમણે નિયુક્તિ કરી હતી. શ્રીમદ્‌વલ્લભાચાર્યના પુત્ર શ્રી વિઠ્ઠલેશે ભારતના સાત વિભાગો કર્યા હતા અને ત્યાં દરેક જગ્યાએ ત્યાં પોતાના એક પુત્રની વલ્લભબાળ વૈષ્ણવાચાર્ય તરીકે પ્રતિષ્ઠા કરી હતી.

શ્રી રામપ્રતાપને ત્રણ અને શ્રી ઈચ્છારામભાઈને પાંચ પુત્રો હતા. એટલે જો ધર્મકુળના સભ્યોને આર્થિક લાભ કરી આપવાનો જ હેતુ હોત તો, ઉપર જણાવેલ અન્ય સંપ્રદાયોની પ્રણાલિકા મુજબ શ્રીજી મહારાજે સંપ્રદાયમાં આઠ વિભાગો કર્યા હોત અને ત્યાં આ આઠ પુત્રોની આચાર્ય તરીકે પ્રતિષ્ઠા કરી હોત. પણ એમણે એવું કંઈ જ કર્યું નથી. એમણે તો ઓછામાં ઓછી જરૂરીયાતોનો વિચાર કરીને માત્ર બે જ ગાદીની સ્થાપના કરેલી છે. આનો અર્થ જ સ્પષ્ટ છે કે ધર્મદેવના કુળના સભ્યોને આર્થિક લાભ કરવાનો કોઈ જ આશય ન હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે સંપ્રદાયના બે ભાગ ગણવામાં આવે છે - અમદાવાદ અને વડતાલ, પણ તે સંપ્રદાયના ભાગ કે દેશ નથી. પણ સંપ્રદાયના અર્થવહીવટના વિભાગ છે. અર્થની પ્રાપ્તિ અને તેનો વહીવટ કરવો તે સંપ્રદાયનું ધ્યેય નથી. એટલે એ વિભાગ અર્થપૂરતા બાહ્ય અને સ્થૂળ જ ગણાય. અર્થાત્ સંપ્રદાય એક જ દેશ છે. સંપ્રદાય એક વિશાળ કુટુંબ છે. આશ્રિત સત્સંગી પછી તે, ગમે તે દેશના ગામનો હોય, ગમે તે વર્ણ જાતિ કે આશ્રમનો હોય, પણ





સત્સંગ કુટુંબનો માનનીય સભ્ય છે. એ બધાની આ પ્રકારની ભાવાત્મક એકતાનું નામ જ પક્ષ કહેવાય છે. બધા સત્સંગીઓના ઈષ્ટદેવ એક જ છે, શાસ્ત્રો એક જ છે, કથા-વાર્તા સંકીર્તન એક જ છે, વ્રત-ઉત્સવના નિર્ણયો એક છે, અંતિમ ધ્યેયરૂપી મુક્તિ એક જ છે. આમ વિવિધ સત્સંગીઓમાં પણ એકતા જ છે. સત્સંગ અને સત્સંગીઓ વચ્ચે કજીઓ કલેશ કરાવનારને દેશવિભાગના લેખમાં ચાંડાળતુલ્ય કહેલો છે. એટલું જ નહિ, આશ્રિત સત્સંગી કહેવાતો હોય છતાં સંપ્રદાયમાંથી સ્વયંમેવ બહિર્મુખ થયેલો જાણવો તેવું શ્રીહરિએ તે લેખમાં જ જણાવેલું છે. સત્સંગમાં જુદા જુદા દેખાતા મંદિરો વસ્તુતઃ એક જ છે.

સંપ્રદાયની વિશાળતાને લીધે તેનો વહીવટ સરળતાથી થઈ શકે તેવા મુખ્ય ઉદ્દેશથી બે દેશ વિભાગ કરવામાં આવ્યા છે. શ્રીહરિએ સ્થાપેલ દેવમંદિરોમાં સેવા-પૂજા કરવા-કરાવવાની આજ્ઞા શ્રીહરિએ આચાર્યોને શિ.શ્લો.૧૩૦માં કરી, સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરવાની આજ્ઞા કરી, મુમુક્ષુઓને દીક્ષા આપવાની આજ્ઞા કરી, આશ્રિતોને ધર્મમાં રાખવાની આજ્ઞા કરી. આ બધી આજ્ઞાઓ પાળવામાં સરળતા રહે તે સારુ, ઓછામાં ઓછી જરૂરિયાત મુજબ બે દેશની રચના કરી.

વળી આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી હરિલીલામૃત કળશ ૮ વિશ્રામ ૪૬માં કહે છે :

**કદી એક જ ગાદી સ્થપાય, અને આચાર્ય ઊન્મત થાય ।**
**તેહ ધર્મ વિષે નવ રહે, શિષ્યો ક્યાં જઈને દુઃખ કહે ॥**
**માટે આચાર્ય સ્થાપવા બેય, અન્યોઅન્યને દાબે રહેય ।**

આમ આશ્રિત જનોના હિતને સારું જ શ્રીહરિએ બે ગાદી-દેશનું સ્થાપન કર્યું છે.

## ૬ આચાર્ય શા માટે ?

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ બ્રહ્માંડમાં સૌ પ્રથમ વખત જ પધાર્યા અને આ જીવોનો આત્યંતિક મોક્ષ થાય તે હેતુથી ધર્મનું આચરણ કરી ધર્મોપદેશ કર્યો. પોતાનું પ્રગટપણું ચાલુ જ રહે, તે હેતુથી શ્રી હરિએ ત્રણ ગૂઢ સંકલ્પો[૮] કર્યા હતા. શાસ્ત્રોની (શિક્ષાપત્રી વચનામૃત, દેશવિભાગનો લેખ, સત્સંગિજીવન, હરિદિગ્વિજય, ભક્તચિંતામણિ ઈત્યાદિ) રચના, મંદિરોની રચના અને સ્વહસ્તે મૂર્તિ પ્રતિષ્ઠાપન, ધર્મવંશમાં જ આચાર્યપદનું સ્થાપન. શ્રીહરિના આ ત્રણેય સંકલ્પોને એક બીજાનો આધાર છે. આચાર્યે સ્થાપેલ/પ્રતિષ્ઠા કરેલ મૂર્તિમાં જ શ્રી હરિનો વાસ છે (શિક્ષાપત્રી શ્લો. ૬૨), આચાર્યે જે પુસ્તકને પ્રમાણિત કર્યું હોય તે જ સત્શાસ્ત્ર ગણાય છે, આચાર્યે દીક્ષા આપી હોય તે જ સાચો સંત ગણાય છે. તેવી જ રીતે દેશ વિભાગના લેખ પ્રમાણે જ આચાર્યની નિયુક્તિ થઈ શકે છે.

અત્રે બે મુખ્ય વાત ઉલ્લેખનીય છે. સૌ પ્રથમ તો આ ગૂઢ સંકલ્પો શ્રી હરિએ આ જીવના કલ્યાણને અર્થે કરેલા છે તેવું સ્વયં શ્રી હરિ કહે છે અને સાથે સાથે તેઓ પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરે છે કે, આ ત્રણ ગૂઢ સંકલ્પો દ્વારા હું પ્રત્યક્ષપણે સત્સંગમાં વિચરીશ. આ ત્રણેય સંકલ્પોમાં આચાર્યપદના સ્થાપનનો સંકલ્પ વિશિષ્ટ છે, કેમકે મૂર્તિમાં શ્રીહરિ છે જ પણ આપણામાં દૈવત હોય તો જ તે આપણી સાથે વાતચીત કરીને આપણને સમાસ કરે. શાસ્ત્રમાં પણ શ્રીહરિ છે જ, પણ તેનો સાચો અર્થ સમજાવનાર અથવા સમજનાર હોય તો જ આપણને સમાસ થાય. પરંતુ આચાર્યપદ ધારણ કરી રહેલા આચાર્ય

(૮) સ.જી.પ્ર.૪ અ.૨૪ શ્લો. ૯ થી ૧૪





સ્વયંથી જ આ જીવને સમાસ થાય છે. આમ આ કળિકાળમાં ત્રણેય સંકલ્પોમાં પણ આ અનન્ય છે. આમ શ્રી હરિએ આ જીવના કલ્યાણ અર્થે-તેના અવલંબનને સારુ - પોતાનું પ્રત્યક્ષપણું આ જીવને અનુભવાય તે સારુ, આચાર્યપદનું સ્થાપન કરેલું છે.

ભગવાન શ્રી હરિએ આચાર્યપદનું સ્થાપન શા સારું કર્યું છે, તે શિક્ષાપત્રી શ્લોક. ૧૨૮ માં જ પોતે જણાવ્યું છે કે, ''અમારે આશ્રિત સર્વે સત્સંગી તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા...'' અહીં દરેક મુમુક્ષુએ સમજવું જરૂરી છે કે આચાર્યપદ એ આજના જમાના પ્રમાણે કોઈ મહંતાઈ કે એશઆરામી કરવા માટેનું સત્તાસ્થાન નથી. એ તો અતિશય મોટી જવાબદારીવાળું-આશ્રિત માત્રની ધર્મની રક્ષા કરવાનું કામ છે. આ જીવ અતિશય અજ્ઞાની અને અવળચંડો છે. તે પોતાના ધર્મની રક્ષા કોઈની છત્રછાયા વિના સહેલાઈથી કરી શકતો નથી. જેમ મા-બાપ પોતાના પાલ્યને સારી રીતે પાળે-પોષે છે, તેમાં કાંઈ મા-બાપનું સ્થાન એ સત્તાસ્થાન નથી. એ તો જવાબદારીવાળું કામ છે કે બાળકને સારી રીતે ઊછેરીને તેના જીવનમાં સ્થિરતા લાવવી. તે જ રીતે આચાર્યપદ પણ મુમુક્ષુઓ પોતાના ધર્મમાં અડગ રહીને તેઓ આત્યંતિક કલ્યાણને પામે, તેનું ધ્યાન રાખવાની જવાબદારીવાળું કામ છે. આવા ભગીરથ કાર્ય માટે નિમાયેલ વ્યક્તિ પણ મહાન હોવી જોઈએ અને તેથી જ શ્રીહરિ જણાવે છે કે:[૯]

**કાંજે એ છે ધર્મનું કુળ રે, માટે એ વાતનું ઊંડું મૂળ રે,**
**જેવું અમારું કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે.**

શિક્ષાપત્રી શ્લો. ૬૬ માં શ્રીહરિ કહે છે કે જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો.

(૯) પુરુષોત્તમ પ્રકાશ. પ્રકાર ૩૯

આ આજ્ઞાનું પોતે પણ પહેલાં અક્ષરશઃ પાલન કરીને પોતાના આશ્રિતોના ધર્મની રક્ષાના કાર્યને માટે 'ઉત્તમ કુળ'-યોગ્ય વ્યક્તિને જ આ ભગીરથ કાર્ય કરવા પ્રેરે છે. આચાર્યપદ પર બેઠેલી કોઈપણ વ્યક્તિ આવું મોટું કાર્ય પોતાની શક્તિબળે કરીને નહિ, પરંતુ શ્રીહરિના વચનના બળથી તે કરી જ શકશે એમાં કાંઈ સંદેહ નથી. તેથી જ શ્રીહરિ કહે છે કે :[૯]

**માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે,**
**ધર્મવંશી તે ધર્મમાં રે'શે રે, અધર્મ વાતમાં પગ ન દેશે રે.**

**આ બધી બાબતો ઉપરથી સ્પષ્ટ થાય છે કે, શ્રીહરિએ ઘણું વિચારીને, આ સંપ્રદાયમાં આચાર્યપદનું સ્થાપન કર્યું છે અને તે પણ સંપ્રદાયની પુષ્ટિને અર્થે-આશ્રિતજનોના લાભાર્થે. તેની ટૂંકી વિગતો નીચે પ્રમાણે ઉલ્લેખી શકાય.**

૧. આ પદ ઊપર રહેલી વ્યક્તિને વ્યવહાર અર્થે સહેજે જ ધન આદિકનો યોગ થાય. સંપ્રદાયનો ત્યાગી વર્ગ ધન-સ્ત્રીનો સંપૂર્ણ ત્યાગ રાખે છે. ધન-સ્ત્રીનો યોગ, ગમે તેવા ત્યાગીને પણ તેના ધર્મ થકી પાડી નાખે તે સર્વ વિદિત છે અને તેમાં પણ દેવદ્રવ્યનો યોગ સંપૂર્ણ વિનાશકારી છે. તેથી ત્યાગીઓને આ યોગ ન થાય તે માટે આ કાર્ય આચાર્યશ્રીને સોંપેલું છે. અન્ય કોઈપણ ગૃહસ્થને આ કાર્યની જવાબદારી સોંપવાનું યોગ્ય તો શ્રીરામાનંદ સ્વામીને પણ ન લાગેલું-તેમણે પણ ધર્મદેવને જ મુખ્ય શિષ્ય કરેલા અને મંત્રોપદેશનો અધિકાર પણ તેમને જ આપેલો. આ ઉપરાંત શ્રીહરિ પણ કહે છે કે 'ઘણું સમજીને ગાદી દીધી રે,' 'કાં જે એ છે ધર્મનું કુળ રે, માટે એ વાતનું ઊંડું મૂળ રે' આમ પુખ્ત વિચારણાને અંતે આ પસંદગીનો કળશ ધર્મદેવવંશીઓ ઉપર ઢોળવામાં આવ્યો છે. જો આપણે શ્રી હરિને સર્વાવતારી, ભગવાન માનતા જ હોઈએ તો તેમણે





કરેલી વિચારણા સાથે આપણે સંમત હોઈએ જ.

૨. સંપ્રદાયના સર્વે આશ્રિતોના ધર્મની રક્ષા કરવાને સારુ આ પદનું સ્થાપન કરેલું છે. દા.ત. સ્ત્રી વર્ગને મંત્રદીક્ષા આપવાનું કાર્ય, સંપ્રદાયનો ત્યાગી વર્ગ કરે જ નહિ, કરી શકે જ નહિ. અને જો તે કરે તો ઊભય ભ્રષ્ટ થાય જ. માટે આવા સંજોગોમાં સ્ત્રીવર્ગને દીક્ષા આપવાનું કાર્ય, આચાર્યશ્રીની આજ્ઞાથી આચાર્યપત્ની જ કરે છે અને આ જ સુંદરતમ ઊપાય છે.

૩. શ્રીહરિ કહે છે[૧૦] કે 'ધર્મકુળને આશ્રિત' એવો ભગવાનનો ભક્ત હોય તે ભગવાનના ધામને પામે છે. ભક્તજન ધર્મકુળ ને આશ્રિત બને તે જરૂરી છે અને તો જ તે શ્રીહરિના ધામને પામે. માટે ભક્તજનોના હિતાર્થે આચાર્યપદનું સ્થાપન કરવામાં આવ્યું. આશ્રય વગર પ્રાપ્તિ નથી. ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર પણ પોતે ગીતામાં[૧૧] અર્જુનને જણાવે છે કે **सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ભગવાન તો પોતે શરણાગતપ્રતિપાલક છે. તે શ્રીહરિએ કહ્યું છે કે આચાર્ય એ અમારું જ સ્વરૂપ છે. તેથી તેમનું શરણ લેવાથી - તેમનો આશ્રય લેવાથી જ આપણે શ્રીહરિના આશ્રિત થઈ શકીએ અને આશ્રિત હોઈએ તો જ શ્રીહરિ આપણું રક્ષણ કરે.**

૪. મુમુક્ષુ જનને મંત્રદીક્ષા આપવા માટે આચાર્યપદ અનિવાર્ય છે. જ્યાં સુધી ગુરુમંત્ર લીધો ન હોય ત્યાં સુધી સંપ્રદાયનો તે આશ્રિત ગણાતો નથી. બાહ્ય રીતે તિલક-ચાંલ્લો, કંઠી વગેરે સાંપ્રદાયિક ચિહ્નો ધારણ કરવા માત્રથી જ શ્રીહરિના આશ્રિત થઈ શકાતું નથી. હિન્દુ ધર્મના સિદ્ધાંતો અનુસાર આ મંત્ર ગુરુગમ્ય હોવાથી અત્રે આપેલ નથી. પરંતુ સંપ્રદાયના

(૧૦) વચનામૃત ગ.પ્ર.૧ (૧૧) ગીતા અધ્યાય ૧૮ શ્લો. ૬૬

મહાશાસ્ત્ર સત્સંગીજીવનમાં આનો વિસ્તારથી ઉલ્લેખ છે. આ મંત્રનું ઉદ્ભવસ્થાન સ્વયં નારાયણના શ્રીમુખથી છે. આ મંત્ર આચાર્યશ્રી સિવાય કોઈની પાસેથી લેવાય નહિ અને જો કોઈ લે તો તેને ફળે નહિ અને દોષમાં પડે તે નિર્વિવાદ છે.

૫. જો તેઓ મંત્રદીક્ષા ન આપે તો આપણને ફળ શેનું મળત? એકલા નિયમ ધર્મ પાળ્યાથી કલ્યાણ થઈ જતું નથી. મંત્ર જપના યોગે કરીને જ ધર્મ, એ ભાગવત ધર્મ ગણાય છે. મંત્ર જપ વગર સિદ્ધિની પ્રાપ્તિ થતી નથી.

૬. શ્રીહરિએ મૂર્તિ પ્રતિષ્ઠાનો અધિકાર માત્ર આ ધર્મવંશી આચાર્યોને જ આપેલો છે. તે શિક્ષાપત્રી શ્લો. ૬૨માં શ્રીહરિએ સ્વયં કહ્યું છે. જો આચાર્ય પદ સંપ્રદાયમાં ન હોત તો મૂર્તિ પ્રતિષ્ઠા કોણ કરત ? ગમે તેણે સ્થાપન કરેલ એ મૂર્તિ શું ફળ આપત ? આપણે ધ્યાન-ભજન કોનું કરત? મંદિરો વિના આશ્રિતોને સમાસ કેમ થાત ? આમ આપણા ધર્મ-નિયમોને સંપૂર્ણતા બક્ષવા માટે જ આચાર્યપદનું સ્થાપન કરવામાં આવ્યું છે.

૭. સારંગપુરના ૧૬મા વચનામૃતમાં શ્રીહરિ કહે છે તેમ શ્રી નર-નારાયણ દેવ, ભક્તોને અર્થે તપ કરે છે, તેમ ધર્મવાળા જે મુમુક્ષુઓ છે તેમના ધર્મની રક્ષાને અર્થે આચાર્યપદનું સ્થાપન કર્યું છે. અધર્મીઓ તો ધર્મથી વેગળા હોવાને લીધે તેમના ધર્મનું રક્ષણ કરવાનો પ્રશ્ન જ ઊપસ્થિત થતો નથી.

૮. શ્રીહરિ કહે છે કે, આચાર્ય એ અમારું જ સ્વરૂપ છે. તેથી શ્રીહરિના દર્શન-પૂજનથી જે ધર્મલાભ મળે છે, તે જ ધર્મલાભ આચાર્યશ્રીના દર્શન-પૂજનથી મળે છે, અને તેણે કરીને આ જીવને શ્રીહરિનું સાનિધ્ય અનુભવાય છે.





## ૭ આચાર્યપદે અન્ય વ્યક્તિઓ

કેટલાક કહે છે કે ધર્મદેવના કુળમાં એટલે કે, શ્રીજી મહારાજના જન્મકુળમાં સંપ્રદાયનું ગુરુપદ સ્થાપન કર્યું તે પહેલાં તે, થોડા થોડા સમય માટે, જુદા જુદા વર્ગના બે પુરુષોમાં સ્થાપિત કરવામાં આવ્યું હતું, પણ આ માન્યતા માટે સંપ્રદાયના કોઈ પ્રમાણ ગ્રંથોનો આધાર નથી. કોઈની વાતોમાં એ પ્રકારનો ઊલ્લેખ કરેલો હોય તો, તેને બીજા પ્રમાણ ગ્રંથોનું સીધું યા આડકતરું સમર્થન મળતું ન હોવાથી તે આધારહીન જ લેખાવો જોઈએ. આચાર્ય પ્રતિષ્ઠા એ સંપ્રદાયમાં જેવો તેવો પ્રસંગ ન કહેવાય. તે અંગે શાસ્ત્રોક્ત વિધિ કરવી પડે અને તેમાં કંઈક ખર્ચ પણ થાય. સં. ૧૮૮૨માં કરવામાં આવેલી આચાર્ય પ્રતિષ્ઠાની વિગતો જો સંપ્રદાયના શાસ્ત્રોમાં તથા હિસાબોમાં લખેલી મળે, તો ઊપર જણાવેલી માન્યતાવાળા પ્રસંગોની વિગતો પણ મળવી જ જોઈએ. મંદિરમાં વ્યવસ્થિત હિસાબો રાખવાનું શરૂ થયું તે પહેલાં, શ્રીજી મહારાજ કોઈને જનોઈ આપે કે એવા જ કોઈ પ્રસંગે કંઈ ખર્ચ થાય તો તે ખર્ચ દાદા ખાચરના ચોપડે લખાતો હતો. આ હિસાબના ચોપડાઓમાં ઊપર જણાવેલી માન્યતાને આડકતરી રીતે પણ ટેકો આપે એવી કોઈ નોંધ જણાતી નથી.

સત્સંગિભૂષણ-શ્રીવાસુદેવાનંદ વર્ણીકૃત-સંસ્કૃતમાં રચાયેલા મહાગ્રંથના પાંચમા અંશમાં, અધ્યાય ૩ શ્લો. ૩૨, ૩૩ માં એવો ઊલ્લેખ છે કે, વાસુદેવાનંદ વર્ણીને શ્રીહરિએ પોતાના સ્થાને બેસાડયા હતા. પરંતુ શાંત ચિત્તે વિચારતાં-વાંચતાં એવું જરૂર નિષ્પન્ન થાય છે કે, વાસુદેવાનંદ વર્ણીનું શ્રીહરિએ જાતે ખૂબ ખૂબ સન્માન કરેલું, પણ તેમને સંપ્રદાયના આચાર્યપદે, ગુરુપદે સ્થાપ્યા ન હતા. તેમને ગુરુમંત્ર આપવાનો અધિકાર

શ્રીહરિએ આપ્યો ન હતો. જો કે ઘણા આનો અવળો અર્થ કરીને એવી દલીલ[૧૨] કરતા હોય છે કે તેમને આચાર્યપદ આપેલું, ગુરુમંત્રનો અધિકાર આપેલો વગેરે. પણ આ બધું સત્સંગિભૂષણના શ્લોકમાં નથી. ગુરુ અને આચાર્યપદમાં ઘણો ફેર છે. મુખ્ય પાયાનો તફાવત એ છે કે, મંત્રદીક્ષા એ માત્ર આચાર્ય જ આપી શકે છે, ગુરુ ક્યારેય નહિ. માટે જ કોઈપણ આશ્રિત વ્યક્તિના જ્ઞાનગુરુ તરીકે તો માત્ર શ્રીજી સ્થાપિત આચાર્ય જ હોઈ શકે. તે વખતનો ઈતિહાસ જોતાં પણ સ્પષ્ટ જણાઈ આવે છે કે વાસુદેવાનંદ વર્ણીએ કોઈને ગુરુમંત્ર આપ્યો હોય અથવા દીક્ષા આપી હોય તેવું સીધી યા આડકતરી રીતે પણ જણાતું નથી. આજ મહાશાસ્ત્રમાં આગળ વાંચતાં જણાય છે કે (અંશ ૫, અધ્યાય ૪, શ્લો. ૧) શ્રીહરિ, વાસુદેવાનંદ વર્ણીને કહે છે કે, 'તમારા દૃઢ બ્રહ્મચર્યથી હું તમારી ઉપર પ્રસન્ન થયો છું.' પૂર્વાપર સંબંધે સહિત વાંચતાં સ્પષ્ટ થાય છે કે વાસુદેવાનંદજીનું આ પ્રકારે બહુમાન કરવાનું કારણ બીજું કશું નહિ પણ તેઓશ્રીનું દૃઢ બ્રહ્મચર્ય વ્રત હતું. આચાર્યપદનું સ્થાન જોતાં ધન-સ્ત્રીનો યોગ થાય એ સ્વાભાવિક છે, તેથી આવા દૃઢબ્રહ્મચારીને શ્રીહરિ આવા સ્થાન ઊપર ન જ નીમે તે સ્પષ્ટ છે.

કોઈપણ જાતના આધાર વિના ઘણા[૧૩] એવું પણ જણાવે છે કે, આચાર્યપદે પહેલાં એક વખત ઈચ્છારામજીના પુત્ર સીતારામજીને આચાર્ય બનાવ્યા હતા. આ કપોળકલ્પિત માન્યતાને કોઈપણ શાસ્ત્રનો આધાર નથી.

(૧૨) 'સત્સંગિભૂષણ કથાસાર' લે.પૂ. હરિકેવશદાસ શાસ્ત્રી પ્રથમ આવૃત્તિમાં વાસુદેવાનંદજીનું જીવન વૃત્તાંત

(૧૩) શ્રીહરિચરિત્રામૃત સાગર-શ્રીસિદ્ધાનંદ મુનિકૃત. પ્રકાશક : હરિપ્રકાશ શાસ્ત્રી - વારાણસી પ્રથમ આવૃત્તિ પાનું ૫૭૭ પૂર ૨૮, તરંગ ૪૯.





## ૮ આચાર્ય કોણ થઈ શકે?

શિક્ષાપત્રી પ્રમાણે ગાદીસ્થ આચાર્યશ્રીને જ મુમુક્ષુને સંપ્રદાયની દીક્ષા આપવાનો તથા મૂર્તિપ્રતિષ્ઠા કરવાનો અધિકાર આપેલ છે. તેથી સંપ્રદાયમાં આચાર્ય કોણ કહેવાય તે હકીકત સૌ પ્રથમ સમજી લેવી જોઈએ. જગતમાં ઘણા પોતાને ધર્માચાર્ય, જ્ઞાનાચાર્ય, યોગાચાર્ય એમ કહેવડાવે છે. આજે મહાવિદ્યાલયો વિદ્યાર્થીઓને, સાહિત્યાચાર્ય, ન્યાયાચાર્ય, વ્યાકરણાચાર્ય એમ આચાર્યની પદવી પણ આપે છે. કેટલીક જગ્યાએ સંન્યાસી, તો કેટલીક જગ્યાએ ગૃહસ્થાશ્રમી, તો કેટલીક જગ્યાએ સ્ત્રીઓ પણ આચાર્ય તરીકેની ફરજો બજાવે છે. પણ સ્વામિનારાયણ સંપ્રદાયનું આચાર્યપદ એની અનેક વિશિષ્ટતાઓને કારણે એ બધાથી નિરાળુ અને શ્રેષ્ઠ છે.

સં. ૧૮૭૬ના માગશર સુદ ૪ના રોજ ગઢડામાં બિરાજીને ભગવાન શ્રી સ્વામિનારાયણે જે વચનામૃત કહેલું છે જે આજે ગઢડા પ્રથમના પહેલા વચનામૃત તરીકે પ્રસિદ્ધ છે તેમાં ''ધર્મકુળ ને આશ્રિત'' એવા શબ્દો વાપરેલા છે. આ વચનામૃતમાં વપરાયેલા આ શબ્દોનો અર્થ, પોતાને શિક્ષિત અને સુધરેલા તરીકે ઓળખાવતી કેટલીક વ્યક્તિઓ 'ધર્મગુણ વિશેષનું કુળ' એવો અર્થ કરે છે, જે બરાબર નથી. શિક્ષાપત્રીના શ્લોક ત્રણમાં તેનો અર્થ સમજાવેલો છે. એ શ્લોકમાં સંપ્રદાય માટે પોતે જે પુરુષોની આચાર્ય પદે પસંદગી કરીને નિયુક્તિ કરેલી છે, તેનો શ્રીહરિએ પોતે પરિચય આપેલો છે. પરિચય આપતાં શ્રીમુખે કહ્યું છે કે ''અમારા પિતા ધર્મદેવના બીજા બે પુત્રો અને અમારા ભાઈઓ મોટા રામપ્રતાપભાઈ અને નાના ઈચ્છારામભાઈ,

એમના પુત્રો અનુક્રમે અયોધ્યાપ્રસાદ અને રઘુવીરને, અમે અમારા દત્તપુત્ર કરીને સંપ્રદાયના સર્વે સત્સંગીના આચાર્યપદે સ્થાપન કર્યા છે.''

આ શ્લોકમાં આચાર્યોનું નામ જોગ સંબોધન કરેલું છે. જો એમાં માત્ર આચાર્યોના નામનો નિર્દેશ અને સંબોધન જ કરવાનું હોત તો, શ્લો. ૪ અને ૫માં જેમ બ્રહ્મચારી, ત્યાગી, ગૃહસ્થાશ્રમી અને સાધુ-ત્યાગી વર્ગના પ્રતિનિધિઓના માત્ર નામ-નિર્દેશ કરેલા છે, તે પ્રમાણે આ શ્લોકમાં પણ માત્ર આચાર્યોના નામ જ લખ્યાં હોત. પણ એ નામો સાથે ચાર વિશેષણો भ्रात्रौ, धर्मजन्मनोः, यावअयोध्याप्रसादारव्यरद्बुवीराभिधौ અને सुतौ ખાસ વાપરેલાં છે. ભગવાન સ્વામિનારાયણે આચાર્યપદ પોતાના ભત્રીજાઓના વંશમાં નહિ, પણ પોતાના પિતા ધર્મદેવના વંશજોમાં સ્થાપિત કરેલું છે. આ હકીકત તરફ ધ્યાન દોરવા ખાતર જ 'ધર્મદેવ થકી જેમનો જન્મ થયો છે.' અને 'અમારા ભાઈ રામપ્રતાપજી અને ઈચ્છારામજી એમના પુત્રો' એવો ત્રણ પેઢીનો પરિચય દાખવતાં બે વિશેષણો વાપરેલાં છે. સંપ્રદાયનું આચાર્યપદ જો બન્ને પ્રથમ આચાર્યોના પુરુષવંશમાં જ પ્રસ્થાપિત થયેલું હોત તો, વડતાલદેશના ત્રીજા આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ. શ્રી વિહારીલાલજી મહારાજને કોઈ પુત્ર વારસ ન હોવાથી તે દેશના આચાર્યપદનો ત્યાં જ અંત આવ્યો હોત. પણ સંપ્રદાયનું આચાર્યપદ ધર્મદેવના વંશજોમાં જ પ્રતિષ્ઠિત કરેલું હોવાથી, વડતાલદેશમાં પ.પૂ. શ્રી વિહારીલાલજી મહારાજશ્રી પછીથી ધર્મદેવના કુળના એક વંશજ શ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજની આચાર્યપદે નિયુક્તિ થઈ શકી હતી. દેશ વિભાગના લેખમાં આ સિદ્ધાંત સ્પષ્ટપણે કહ્યો છે.





તેમજ દેશની બધી ન્યાય અદાલતોએ, ઠેઠ પ્રિવિ કાઉન્સિલે પણ આ જ સિદ્ધાંત કાયદેસર રીતે ગ્રાહ્ય રાખેલો છે. અમદાવાદ દેશ વિભાગમાં ત્રીજા આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ અને વડતાલ દેશ વિભાગમાં પ્રથમ આચાર્યશ્રીથી શરૂ કરીને પાંચમા આચાર્યશ્રી પતિપ્રસાદજી મહારાજશ્રી સુધીના આચાર્યોને પુત્ર વારસ ન હતો. ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રવર્તાવેલા આ સિદ્ધાંતના રૂડા પ્રતાપે જ બંને દેશ વિભાગમાં આચાર્યપદે ધર્મદેવનો વંશવેલો ચાલુ રહેલો છે અને ભવિષ્યમાં પણ એ જ ધોરણે ચાલુ રહેશે.

આમ 'ધર્મકુળના આશ્રિત' એ શબ્દોનો અર્થ ''ધર્મદેવના કુળના જે પુરુષ શ્રીજી સ્થાપિત બે દેશની ગાદી ઉપર આચાર્યપદે બિરાજેલા હોય તેમને આશ્રિત'' એવો જ થાય છે. શિક્ષાપત્રીમાં જેમનું આચાર્ય તરીકે નામજોગ સંબોધન કરવામાં આવેલું છે અને જેમના વિશેષ ધર્મોનું પણ નિરૂપણ કરવામાં આવેલું છે, તે આ આચાર્ય અને એમની પરંપરામાં આવતા અને આચાર્ય તરીકે નિયુક્ત થયેલા પુરુષો માટે જ કરવામાં આવેલું છે એ હકીકત છે. સંપ્રદાયના આચાર્યપદ માટે પસંદગી અને નિયુક્તિ કરવાની રીત વિશિષ્ટ પ્રકારની છે. ધર્મદેવના પરિવારની પરંપરામાં આવતા જે ગૃહસ્થ પુરુષ સંપ્રદાયના આચાર્યપદે બિરાજમાન થયેલા હોય, તે જ પોતાના અનુગામી આચાર્યની પસંદગી અને નિયુક્તિ કરી શકે છે. એમને પુત્ર હોય અને તે ધર્મકુશળ અને ધર્મસમર્થ હોય તો તેની, સંપ્રદાયનિષ્ઠ અને પ્રમાણિક આગેવાન ત્યાગી અને ગૃહસ્થ આશ્રિતોની લેખી સંમતિ મેળવીને પોતાના અનુગામી તરીકે પસંદગી અને નિયુક્તિ કરી શકે છે. ગાદીસ્થ આચાર્યને એક કરતાં વધારે પુત્ર હોય તો

તેમાંથી જ્યેષ્ઠ પુત્રની જ પસંદગી કરવાનો કોઈ નિયમ નથી. એટલે પુત્રોમાંથી જે વધારે સુપાત્ર હોય તેમને આચાર્યપદે પસંદગી મેળવવા માટે પ્રથમ હક્કદાર ગણેલા છે. જો તેમને પુત્ર હોય પણ જો તે ધર્મકુશળ અને ધર્મસમર્થ ન હોય, યા પુત્ર જ ન હોય તો, ધર્મદેવના પરિવારમાંથી કોઈ ધર્મકુશળ અને ધર્મસમર્થ ગૃહસ્થ પુરુષની સંપ્રદાયના પ્રમાણિક ત્યાગી અને ગૃહસ્થ આગેવાનોની સંમતિ મેળવીને, પોતાના અનુગામી આચાર્ય તરીકે પસંદગી અને નિયુક્તિ કરી શકે છે. આ નિયુક્તિ હંમેશાં લેખી હોવી જોઈએ. આવી રીતે જે સંપ્રદાયના આચાર્યપદે બિરાજમાન હોય તે જ આ સંપ્રદાયના આચાર્ય ગણાય છે. આ સિવાય બીજા કોઈ જો પોતાને આચાર્ય કહેવડાવતા હોય યા આચાર્ય તરીકે ફરજો બજાવતા હોય તો તે ગમે તેવા મહાન જ્ઞાની ભક્ત, ત્યાગી કે ગૃહસ્થ હોય તો પણ તે આ સંપ્રદાયના આચાર્ય ન ગણાય. આ સાથે એ પણ ઊલ્લેખનીય છે કે આચાર્યપદ ધર્મદેવના પુરુષ વંશજમાં પ્રસ્થાપિત કરેલું હોવાને કારણે, પુત્રીઓના વંશમાંથી પસંદગીનો કોઈ અવકાશ રહેતો જ નથી. કેમકે કન્યાના લગ્ન બાદ તેનું કુળ, અટક, નાત-જાત વગેરે બદલાઈ જાય છે. તેથી તેમને ધર્મદેવના વંશજ તરીકે ગણી શકાતા નથી. આમ શિક્ષાપત્રી તેમજ દેશ વિભાગના લેખને સાથે વાંચતાં એવું ફલિત થાય છે કે:

૧. આચાર્યપદ માટે ધર્મદેવના કુળની જ વ્યક્તિ હોવી જોઈએ.
૨. આચાર્યપદે ફક્ત પુરુષ વર્ગમાંથી જ પસંદગી થઈ શકે.
૩. વ્યક્તિ સગીર અથવા પુખ્ત ઊંમરની હોઈ શકે. અર્થાત્ સગીરાવસ્થા અવરોધરૂપ બની શકે નહિ.
૪. આવી પસંદગી અને નિયુક્તિ માત્ર ગાદીસ્થ આચાર્ય જ કરી શકે.





૫. પોતાને એક કરતાં વધુ પુત્રો હોય તો જ્યેષ્ઠ પુત્રની જ પસંદગી કરવી જોઈએ તેવો નિયમ નથી.
૬. ગાદીસ્થ આચાર્યે આવી પસંદગી અને નિયુક્તિ વખતે સંપ્રદાયના નિષ્ઠાવાન ત્યાગી તથા ગૃહસ્થીઓની મરજી જાણવી જોઈએ. પરંતુ એ ઊલ્લેખનીય છે કે તે અંગેનો અંતિમ નિર્ણય માત્ર તેઓ જ લઈ શકે છે. બીજાઓ તો માત્ર સલાહ કે અભિપ્રાય જ આપી શકે. નિર્ણય લેવાની સત્તા ગાદીસ્થ આચાર્યની જ છે.
૭. બાઈઓને દીક્ષા, આચાર્યશ્રીની આજ્ઞાથી, આચાર્ય પત્ની જ આપી શકે.
૮. જો પોતાને પુત્ર ન હોય અથવા સુપાત્ર પુત્ર ન હોય અને, ધર્મદેવના વંશમાંથી અન્ય કોઈની પસંદગી કરી હોય અથવા પોતાના પુત્રની આ પદ માટે પસંદગી અને નિયુક્તિ કરી હોય તે લેખિત હોવી જરૂરી છે.

અત્યારના કહેવાતા સુધરેલા જમાનામાં ધર્મકુળના શ્રીજી સ્થાપિત બે ગાદી સિવાયના ઘણા દંભી મનુષ્યો પણ પોતાની જાતને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય તરીકે ઓળખાવે છે. આ વિષે સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીએ કરેલું સુંદર નિરૂપણ સુજ્ઞ જને અવશ્ય વાંચવું-વિચારવું ઘટે. [૧૪] વડોદરાની ધર્મસભામાં વાદ-વિવાદ વખતે ઘણા પ્રશ્નો અન્ય પંથના પંડિતોએ શ્રીહરિને પૂછ્યા હતા. જેમાં આચાર્ય કોણ થઈ શકે ? તે પ્રશ્ન ઉપર મતવાદી પંડિતોના મતે જે વ્યાસસૂત્રોની અપૂર્વ વ્યાખ્યા-ભાષ્ય કરે - નવા ગ્રંથો બનાવે તે જ આચાર્ય થઈ શકે. આ મતનું ખંડન કરતાં શ્રીહરિએ બોધાયનમુનિ, મધ્વસંપ્રદાયના ગોપાળ ભટ્ટ, પંડિતરાજ માહેશ્વર ભટ્ટ વગેરેના ઊદાહરણો આપીને પ્રતિપાદિત કર્યું હતું કે ગ્રંથ કરવા એ જ આચાર્યનું લક્ષણ નથી. આચાર્યનું લક્ષણ તો પોતે

(૧૪) શ્રીહરિદિગ્વિજય ઊલ્લાસ ૪૫

ધર્મમાં દઢપણે રહેવું અને પોતાના આશ્રિતોને ધર્મમર્યાદામાં વર્તાવવા એ જ મુખ્યત્વે કરીને છે. સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ પ્રસ્થાનત્રયી (દશ ઊપનિષદ્, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભગવદ્ગીતા) ઊપર સંપ્રદાયના સિદ્ધાંતોને અનુસરીને સરળ ભાષામાં સુંદર ભાષ્યોની રચના કરી છે, છતાં તેમણે ધર્માચાર્ય તરીકે ગણાવવાની ઇચ્છા સેવી નથી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની ગાદીના આચાર્ય થવા માટે 'શ્રીહરિના કુળની' અર્થાત્ 'ધર્મકુળ'ની જ વ્યક્તિ હોવી જોઈએ અને તે પણ સુપાત્ર-સદ્ગુણી હોવી જોઈએ. જન્મે અને ગુણે કરીને પ્રાપ્ત થઈ શકે તેવું આ પદ છે. પણ માત્ર ગુણે કરીને કે માત્ર જન્મે કરીને પ્રાપ્ત થઈ શકે તેવું આ પદ નથી, તે આ સંપ્રદાયના આચાર્યપદની વિશિષ્ટતા છે.

શ્રી હરિએ લખાવડાવેલા દેશ વિભાગના લેખની સૌથી અગત્યની વિશેષતા એ છે કે તેમાં આચાર્ય તરીકે કોણ હોઈ શકે, કેવી રીતે ધર્મવંશની વ્યક્તિ તે પદ ઉપર આવી શકે તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે, પરંતુ એક વખત જે તે વ્યક્તિ ધર્મની આ ગાદી ઉપર આચાર્યશ્રી તરીકે આરૂઢ થાય પછી ક્યારેય, કોઈપણ સંજોગોમાં તે પદ ઉપરથી તેને દૂર કરવા અંગેની કોઈપણ જોગવાઈ નથી. અર્થાત્ ત્યાગી કે ગૃહી ગમે તેવો મોટો હરિભક્ત હોય અથવા સત્સંગીઓ સહુ ભેગા મળીને પણ આચાર્યશ્રીને તે પદ ઉપરથી દૂર કરી શકે નહિ. ઘણા[૧૫] એવું માને મનાવે છે કે તેઓને આ પદ ઉપરથી દૂર કરી શકાય છે તે સમજણ મિથ્યા છે. જેમ આપણને શ્રીહરિએ આ જન્મમાં માણસ બનાવ્યા છે તે ગમે તેવાં ભૂંડા કર્મ કરીએ તો પણ માણસ મટીને આ જન્મમાં જ પશુ બની જતા નથી. જો એક સામાન્ય માનવી પણ માનવી મટી ન જતો હોય તો સંપ્રદાયના આચાર્યશ્રી આચાર્ય કેવી રીતે મટી જાય? જેણે જેની

(૧૫) સર્વોપરી શ્રીહરિ - સર્વોપરી આચાર્યપદ લે. ડૉ. ચન્દ્રકાન્ત ત્રિવેદી પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૯૮૪ પાનું ૩૯ પ્રકાશક : ડૉ. ગુણવંતી ત્રિવેદી અજમેર, રાજસ્થાન





નિમણૂક કરી હોય તે જ તેની નિમણૂક રદ કરી શકે. આચાર્યશ્રીની નિમણૂક શ્રી હરિએ કરી છે તેથી શ્રીહરિ જ તે નિમણૂક રદ કરી શકે, આપણે તો નહિ જ. શ્રી હરિ આ બ્રહ્માંડમાં સૌથી પ્રથમ વખત જ પધાર્યા અને આત્યંતિક કલ્યાણનો આ ઉપાય સૌ પ્રથમ વખત જ કર્યો છે. તેથી આખા બ્રહ્માંડમાં આ બે જ ધર્મવંશી આચાર્યોની ગાદી છે. તેમની પસંદગી આ બ્રહ્માંડના બધા જ જીવોના આત્યંતિક કલ્યાણને અર્થે શ્રીહરિએ કરી છે. તેથી માત્ર થોડાક મનુષ્ય જીવો આચાર્યપદેથી આચાર્યશ્રીને દૂર કરી શકે નહિ. ધર્મની આ ગાદી જીવોના આત્યંતિક કલ્યાણ અર્થે સ્વયં શ્રી હરિએ સ્થાપી છે. તેથી ગમે તેવા વિપરિત સંજોગોમાં પણ મનુષ્ય બુદ્ધિ ન રાખતાં, દિવ્યબુદ્ધિ રાખીને સર્વેશ્વર શ્રી હરિને પ્રાર્થના કરવી એ જ શ્રેષ્ઠતમ ઉપાય છે. જેમ કાયદો પોતાના હાથમાં લઈને અન્ય પાસે કાયદાનું પાલન કરાવવું તે પણ ગુનો છે. તેમ સત્સંગ સુધારણાની ઘેલછામાં આવી જઇને શ્રી હરિએ બાંધેલી ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરવું તે કલ્યાણના માર્ગમાં ગુનો છે.

ટૂંકાણમાં આચાર્ય બનવા માટેની લાયકાતો (Qualifications) શ્રી હરિએ જણાવી પણ આચાર્યને આચાર્યપદેથી ઉતારી દે તેવી કોઈ ગેરલાયકાતોનો (Disqualifications) તેમણે ઊલ્લેખ ન કર્યો તેનાં બે કારણો છે :

(૧) આચાર્યપદ ઘણું મહાન છે કેમ કે તે શ્રીજીનું અપર સ્વરૂપ છે. શ્રીહરિના પ્રગટપણાના ત્રણ ગૂઢ સંકલ્પોમાંનું તે એક છે. તે દ્વારાએ શ્રીહરિ સત્સંગમાં પ્રગટપણે વિચરે છે.

(૨) આ પદ ઉપર બેઠેલ વ્યક્તિને શ્રી હરિના સદૈવ આશીર્વાદ છે કે :[૧૬]

**ધર્મવંશી આચારજ માંય રે, સદા રહ્યો છું મારી ઈચ્છાય રે**
**અતિધર્મવાળા જોઈ જન રે, રે'વા માની ગયું મારું મન રે**

(૧૬) પુરુષોત્તમ પ્રકાશ પ્રકાર ૪૦ કડી ૧૭

## ૯ ગૃહસ્થાશ્રમી ધર્મવંશી આચાર્યપદ

શ્રી હરિએ આ જીવના આત્યંતિક કલ્યાણને અર્થે સ્વહસ્તે મંદિરો રચાવડાવીને ભગવત્ પ્રતિમાઓ સ્થાપી તેમ જ સત્શાસ્ત્રોની રચના કરી અને કરાવડાવી. અને સૌથી છેલ્લે ઊત્તમોત્તમ ઉપાય તરીકે ધર્મવંશી આચાર્યપદનું સ્થાપન કર્યું. અને જણાવ્યું કે :[૧૭]

મારા ધામમાં આવવા સહુ રે, એવા કર્યા ઊપાય મેં બહુ રે ॥
સર્વે ઊપાય કીધા છે સારા રે, તેમાં તરશે જીવ અપારા રે ॥
**પણ છેલો છે આ જે ઊપાય રે, બહુ જીવ તરશે આ માંય રે ॥**
ધર્મવંશી આચારજ ધાર્યા રે, ગુરુ કરી ગાદીએ બેસાર્યા રે ॥

આ ધર્મવંશી આચાર્યોને સંપ્રદાયના મંદિરો આદિકનું માલિકીપણું આપ્યું. મંદિરોના વહીવટ કાર્યોમાં ધનનો યોગ થાય જ અને સંપ્રદાયનો ત્યાગી વર્ગ તેથી સંપૂર્ણ અલિપ્ત રહી શકે તે તેનો હેતુ છે. આ શુભાશયની સાથે સાથે મહિલાઓના ગુરુ તરીકે મહિલા જ હોઈ શકે, પુરુષ નહિ એ મુખ્ય હેતુ છે. અને તેથી જ આ આચાર્યપદ ગૃહસ્થાશ્રમમાં વેષ્ટિત કરેલું છે.

ધર્મ રાખવો હોય તો બાઈ-ભાઈનો પ્રસંગ સંપૂર્ણપણે વર્જ્ય છે અને તેથી જ તો આચાર્ય પોતે શ્રીજી આજ્ઞાનુસારે બાઈઓને મંત્રોપદેશ કરતા નથી. બાઈઓના ગુરુ તરીકે તો આચાર્યપત્ની જ, કે જે સંપ્રદાયમાં અ.સૌ. શ્રી ગાદીવાળાં તરીકે ઓળખાય છે તે જ હોઈ શકે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયે પ્રવર્તાવેલી આ અદ્ભૂત પ્રણાલિકાનો જોટો નથી. આ ધર્મવંશી આચાર્યપદ ગૃહસ્થાશ્રમમાં વેષ્ટિત ન કર્યું હોત તો મહિલાઓના ગુરુ કોણ

(૧૭) પુરુષોત્તમ પ્રકાશ પ્રકાર ૩૯ કડી ૫ અને ૬





થાત ? પુરુષ વર્ગ (ત્યાગી અથવા ગૃહસ્થાશ્રમી) થાત ! અને ઘૃત તથા અગ્નિનો યોગ થાય ત્યારે ઘૃત પિગળ્યા વગર રહે જ નહિ, તેમ બાઈ-ભાઈના યોગે કરીને ધર્મ રહે જ નહિ. શ્રીજી મહારાજ કહે છે તેમ 'મન ચંગા તો કથરોટમાં ગંગા' એ વાર્તા ખોટી છે. ગ.પ્ર.૧૮માં વચનામૃતમાં.... ''અનંત મુક્ત થઈ ગયા અને અનંત થશે તેમાં ઉપાધિમાં રહીને નિર્લેપ રહે એવો કોઈ થયો નથી ને થશે પણ નહિ અને હમણાં પણ કોઈ નથી અને કોટી કલ્પ સુધી સાધને કરીને પણ એવો થવાને કોઈ સમર્થ નથી. માટે અમે કહ્યું છે તે પ્રમાણે રહેશો તો રુડું થશે.'' આ કૃપાવચનો ખૂબ અગત્યનાં છે.

ધર્મદેવને પણ જ્યારે રામાનંદ સ્વામીએ મુમુક્ષુ જનને ગુરુમંત્ર આપવાની આજ્ઞા કરી ત્યારે તેઓએ પણ માત્ર પુરુષ વર્ગને જ મંત્ર ઊપદેશ કરેલો હતો અનેમહિલાઓને ભક્તિદેવીએ મંત્રોપદેશ કર્યો હતો.[૧૮]

**એવું જોઈને યુવતી જન રે, ઈચ્છે ગુરૂ કરવાને મન રે ॥**
**પછી વિચારીને ધર્મ તેને રે, નથી કરતા શિષ્ય પોતે એને રે ॥**
**કહે આજ કાઢું રીત એહ રે, ચાલે આગે પરંપરા તેહ રે ॥**
**તેનો આજ તો નથી વિચાર રે, પણ પછી બગાડ અપાર રે ॥**
**માટે કહ્યું સર્વે યુવતીને રે, તમે સૌ કરો ગુરુ ભક્તિને રે ॥**
**ઉદ્ધવ સંપ્રદાયની એ રીત રે, તેને પાળવી બહુ કરી પ્રીત રે ॥**

આચાર્યપત્ની અર્થાત્ અ.સૌ. શ્રી ગાદીવાળાં આચાર્યશ્રીની આજ્ઞાથી મહિલાઓને મંત્રોપદેશ કરે છે, મહિલાઓને ધર્મોપદેશ

(૧૮) ભ.ચિં. પ્ર. ૨૧ કડી ૩૫ થી ૩૭

કરે છે અને સાંખ્યયોગી તેમ જ કર્મયોગી મહિલા માત્રના ગુરુપદે તેઓને શ્રીહરિએ સ્થાપેલ છે. આ વ્યવસ્થાથી મહિલા અને પુરુષ ઉભયના ધર્મનું રક્ષણ થાય છે. અને તે હેતુથી આચાર્યપદ ગૃહસ્થાશ્રમમાં વેષ્ટિત કર્યું છે. શ્રી હરિએ પોતાનું દૈવત્વ આચાર્યપદમાં પ્રત્યક્ષ મુક્યું છે. પોતાના આશ્રિતોના માયાના બંધન કાપવા આચાર્યપદનું સ્થાપન કર્યું છે. એ ઊલ્લેખનીય છે કે શાસ્ત્રોક્ત વિધિથી કરેલું દારાગ્રહણ, ગૃહસ્થાશ્રમીને બંધનકર્તા થતું નથી. શ્રીહરિની આજ્ઞાનુસારે આચાર્યે સ્વીકારેલ ગૃહસ્થાશ્રમ સર્વ જીવો માટે મંગલકારી અને કલ્યાણકારી છે. ધર્મવંશી આચાર્યનો ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ એ વિષયના ઊપભોગને અર્થે નથી પરંતું અનેક જીવોને કલ્યાણને માર્ગે ચલાવવાને અર્થે શ્રીજી આજ્ઞાને અનુસારે કલ્યાણની કેડી ઉપરનું એક કદમ છે. ગૃહસ્થાશ્રમની જવાબદારી તેઓ પોતાના માટે જ નહિ પરંતુ સર્વે અનુયાયી માત્રના ધર્મ રક્ષણને અર્થે વહન કરે છે.

શ્રી હરિ પણ ગ.પ્ર.૧૪મા વચનામૃતમાં કહે છે કે ગૃહસ્થના ધર્મો તો ઘણા કઠણ છે. કા.૭મા વચનામૃતમાં આ ગૃહસ્થાશ્રમીઓની અખંડવૃત્તિ ભગવાનમાં કેમ રહે તેનો ઉપાય પણ પોતે જ બતાવ્યો છે. આવો ગૃહસ્થાશ્રમી એ સવાસનિક ત્યાગી કરતાં શ્રેષ્ઠ છે તેમ શ્રી હરિ જણાવે છે. કલ્યાણના માર્ગમાં ત્યાગી-ગૃહીનો મેળ નથી. અર્થાત્ બંનેનું કલ્યાણ તો શ્રીહરિના વચનને અનુસારે તેમની આજ્ઞા પાલનને જ આધારીત છે.

શ્રીજીએ તેમનું દૈવત્વ આચાર્યશ્રીમાં મૂક્યું અને તેમની આજ્ઞાનુસારે આચાર્યશ્રીનું દૈવત્વ આચાર્યપત્ની-ગાદીવાળાંમાં આવ્યું અને તેથી તેઓ મહિલામાત્રના ગુરુ થયા. એક સામાન્ય વ્યક્તિ તરીકે આપણે ગમે ત્યાં હરીફરી શકીએ, ગમે તેની સાથે





બોલી શકીએ પરંતુ ગૃહસ્થાશ્રમી એવા આચાર્ય સમીપ સંબંધ વિનાની સ્ત્રી સાથે બોલી પણ શકતા નથી ! તેથી વિશેષ આચાર્યપત્ની તો સમીપ સબંધ વિનાના પુરુષને પોતાનું મુખ પણ ન દેખાડી શકે - વાતચીતનો તો પ્રસંગ જ ક્યાંથી હોય ! શિક્ષાપત્રી શ્લોક ૧૩૪ની આ આજ્ઞા જ તપની પરાકાષ્ઠા છે. આજના આ વિજ્ઞાનયુગમાં આ સંકુચિતતા નહિ પણ સંયમ-મર્યાદાની ચરમસીમા છે. આ સંપ્રદાયની મર્યાદા શું છે તેનો ખ્યાલ આ શ્રીજી વચનો ઉપરથી જ આવશે. અને આ વચનોનું પાલન કરનાર ગૃહસ્થાશ્રમી આચાર્ય તેથી જ સર્વે ત્યાગી-ગૃહીના ગુરુપદે છે, જે સંપ્રદાયનું ગૌરવ અને શોભા છે.

જેમ નીલકંઠવર્ણીએ અતિ તીવ્ર વૈરાગ્ય હોવા છતાં પણ ગુરુ શ્રી રામાનંદ સ્વામીના વચનથી સંપ્રદાયના ગુરુપદે બિરાજીને વ્યવહાર ઊપાડ્યો તે માત્ર ગુરુને રાજી કરવા સારું તેમ શ્રીહરિના વચનને અનુસારે ધર્મવંશી આચાર્યે ગૃહસ્થાશ્રમ સ્વીકારવો જ રહ્યો. શ્રીહરિએ જેમ આશ્રિતોનાં અન્નવસ્ત્ર પોતાને માથે માગીને લઈ લીધાં તેમ ધર્મવંશી આચાર્યે અનુયાયીઓના માયાના બંધ કાપવા માટે, આ ગૃહસ્થાશ્રમરૂપી માયાને સ્વીકારવી જ રહી. આમ ધર્મવંશી આચાર્યનો ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ એ અનુયાયી માત્રના ધર્મ-સંરક્ષણને અર્થે જ છે.

હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ તેમણે પોત પોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો. પણ પુરુષને ન કરવો.

શિક્ષાપત્રી શ્લો. ૧૩૩

## ૧૦ દીક્ષાવિધિ

શિક્ષાપત્રી શ્લો. ૧૨૮માં સંપ્રદાયના આચાર્યશ્રીને, મુમુક્ષુજનને દીક્ષા આપવાનું કહેવામાં આવેલું છે. આ દીક્ષા વિધિ સ.જી.પ્ર.૪અ.૮૧માં સવિસ્તર જણાવવામાં આવેલ છે. દેશ વિભાગના લેખમાં જણાવ્યા અનુસાર પોતપોતાના દેશના મનુષ્યોને જ આચાર્યશ્રી આવી દીક્ષા આપી શકે છે (અપવાદ : સરવાર દેશમાં રહેતાં બંને ગાદીના આચાર્યોના સગાંસંબંધી તથા તેમના આશ્રિત મનુષ્યો બેય ગાદીના આચાર્યોમાંથી જેને જે સાનુકૂળ આવે તેમની પાસેથી મંત્રોપદેશ લઈ શકે છે.)

મુમુક્ષુ જનને જ્યારે દીક્ષા આપવામાં આવે છે ત્યારે તેને આધ્યાત્મિક રીતે બીજો જન્મ પ્રાપ્ત થાય છે અને તેથી તેને દ્વિજ કહેવાય છે. આ લોકમાં પણ મનુષ્યને જન્મ ગૃહસ્થાશ્રમી હોય તે જ આપે છે. આધ્યાત્મિક માર્ગમાં પણ શ્રીહરિએ આ જીવને બીજો જન્મ દેવા માટે ગૃહસ્થાશ્રમી ધર્મવંશી આચાર્યશ્રી પાસેથી જ દીક્ષા લેવા માટેની જોગવાઈ કરી.

સંપ્રદાયનું આચાર્યપદ ધર્મદેવના કુળના ગૃહસ્થાશ્રમી પુરુષવંશમાં જ પ્રતિષ્ઠિત કરેલું હોવાથી સંપ્રદાયમાં દીક્ષા આપવાનો અધિકાર એક માત્ર તેમને જ પહોંચે છે. તે પુરુષ મુમુક્ષુને જ દીક્ષા આપી શકે છે. સ્ત્રી મુમુક્ષુને તેમની આજ્ઞા અને અનુમતિથી તેમનાં ધર્મપત્ની દીક્ષા આપે છે. સંપ્રદાયની દીક્ષા વિધિની સૌથી વધારે ધ્યાન ખેંચે તેવી આ પહેલી વિશિષ્ટતા છે. ઉપર્યુક્ત પ્રસંગ સિવાય આચાર્યશ્રી દીક્ષા આપવાનો પોતાનો અધિકાર કોઈપણ સંજોગોમાં કોઈનેય પણ આપી શકતા નથી. આ પ્રણાલિકાને કારણે પુરુષ





આચાર્ય, સ્ત્રી-આશ્રિતને દીક્ષા આપે તેના પરિણામે જે કેટલાંક દૂષણો પેદા થવાની સંભાવના રહે છે, તેને અત્રે બિલકુલ અવકાશ મળતો નથી.

દીક્ષા બે પ્રકારની ગણાય છે. સામાન્ય અને મહા. પણ આ દીક્ષાઓ માટે મુમુક્ષુએ સંપ્રદાયની પરિભાષામાં જેને વ્રતમાન (વર્તમાન એ સાચો શબ્દ નથી) ધારણ કરવું કહે છે તે પ્રક્રિયામાંથી પ્રથમ પસાર થવું પડે છે. એણે દારૂ, માટી (માંસ ભક્ષણ), ચોરી, અવેરી (વ્યભિચાર) અને વટલવું-વટલાવવું એ પાંચ બાબતોનો ત્યાગ કરવા રૂપી વ્રતનું પાલન કરવાની પ્રતિજ્ઞા લેવી પડે છે. શ્રીહરિના આ મૂળ પંચવ્રતમાનને છોડીને કેટલાક હવે મદ્ય-માંસ-ચોરી-જૂઠ અને વ્યભિચારને પંચવ્રતમાન ગણાવવા મંડ્યા છે. સંપ્રદાયના એકાંતિક કક્ષાના કોઈ પણ ત્યાગી અથવા ગૃહસ્થ હરિભક્ત પોતાની રૂબરૂ આ પાંચ વ્રતનું પાલન કરવાની પ્રતિજ્ઞા હાથમાં જળ ધરાવીને મુમુક્ષુને લેવડાવી શકે છે. પ્રતિજ્ઞા લેવાનું આ કાર્ય ગમે ત્યારે અને ગમે ત્યાં થઈ શકે છે. જે કોઈ આ પાંચ વ્રત ધારણ કરે અને તેનું પાલન કરે તે જ સંપ્રદાયનો આશ્રિત થયો કહેવાય. આશ્રિત મુમુક્ષુ ઉપર્યુક્ત પાંચ વ્રતોનું બરાબર પાલન કરે છે અને ભવિષ્યમાં પણ કરશે એવી ખાતરી થયા બાદ, જે પુરુષ પાસે બેસીને એણે એ વ્રત માટે પ્રતિજ્ઞા લીધી હોય તેમણે એને આચાર્યશ્રી પાસે લઈ જવો જોઈએ. આશ્રિત મુમુક્ષુ સંપ્રદાયની દીક્ષા મેળવવાને પાત્ર થયો છે એવી ખાતરી યોગ્ય રીતે કરી લીધા પછી, આચાર્યશ્રી તેને ભગવત્‌શરણમાં લેવા માટે સામાન્ય દીક્ષા આપે છે. આ દીક્ષા આપવા માટે મુહૂર્ત જોવાનું હોતું નથી. તે ગમે તે સ્થળે, ગમે ત્યારે આપી શકાય છે.

પણ દીક્ષા લેનારે સ્નાનાદિકથી પવિત્ર થઈને જ આચાર્યશ્રી પાસે જવું જોઈએ. આચાર્યશ્રી તેના હાથમાં જળ ધરાવીને **कालमायापापकर्मयमदूतभयादहम्। श्री कृष्णदेवं शरणं प्रपन्नोऽस्मि स पातु माम् ॥** આ શરણમંત્ર તેની પાસે બોલાવે છે. આ મંત્ર દ્વારા આશ્રિત મુમુક્ષુ ભગવાનનું શરણ યાચે છે. તે પછી, એને ભગવત્ શરણ લીધાના બાહ્ય પ્રતિકરૂપે આચાર્યશ્રી તેના કંઠમાં તુલસીકાષ્ટમાંથી બનાવેલી બેવડી કંઠી તથા લલાટ, હૃદય અને બન્ને બાહુ એ ચાર અંગો ઉપર ઊર્ધ્વપુંડ્રતિલક અને ચાંદલો કરાવે છે, અને પછી એના જમણા કાનમાં અષ્ટાક્ષર[૧૯] અને તે સાથે ષડાક્ષર મંત્ર ('સ્વામિનારાયણ' એ ષડાક્ષર મંત્ર ગણાય છે) નો ઉપદેશ આપે છે આ કારણે સામાન્ય દીક્ષાને મંત્રોપદેશ પણ કહેવામાં આવે છે. એ પછી આચાર્યશ્રી આશ્રિત મુમુક્ષુને ભગવાન શ્રી સ્વામિનારાયણે જાતે[૨૦] તૈયાર કરાવેલી નવ પ્રકારની મૂર્તિઓમાંથી એક મૂર્તિ અને શિક્ષાપત્રી નિયમ-પૂજા અને પાઠ માટે આપે છે. મુમુક્ષુ આશ્રિત, એ પછી આચાર્યશ્રીના ચરણમાં યથાશક્તિ ભેટ દક્ષિણા મૂકે છે. આ વિધિ થાય એટલે એ શ્રીહરિનો આશ્રિત સત્સંગી થયો કહેવાય. સામાન્ય દીક્ષા યાને મંત્રોપદેશ લીધા પછી યોગ્ય સમય બાદ, મહાદીક્ષા આપી

(૧૯) श्री कृष्ण ! त्वं गतिर्मम ।

(૨૦) ભગવાન શ્રી સ્વામિનારાયણે નારાયણજીભાઈ મિસ્ત્રી પાસે નીચે જણાવેલ નવ મૂર્તિઓ તૈયાર કરાવેલી છે. હરિલીલામૃત કળશ ૮ વિશ્રામ ૩૬માં તેની વિગતો જણાવેલી છે. (૧) જેમાં શિક્ષાના વચનો લખેલાં હોય તેવી રાધાકૃષ્ણ અને હરિકૃષ્ણની મૂર્તિ (૨) ધર્મ ભક્તિ અને શ્રી હરિ પોતે (૩) નારદ ઉદ્ધવયુક્ત નરનારાયણ (૪) નરનારાયણ (૫) ધર્મદેવ ભક્તિમાતા અને વાસુદેવ (૬) તપસ્વી નીલકંઠ રૂપે (૭) ધર્મદેવ ભક્તિમાતા અને શ્રી સહજાનંદ સ્વામી (૮) શિક્ષાપત્રી લેખક સ્વરૂપે (૯) સોળ ચિહ્નોયુક્ત ચરણારવિંદ





શકાય. એમાં આશ્રમની સ્થિતિના કારણે ચાર પ્રકાર ગણાવેલા છે. (૧) ગૃહસ્થાશ્રમી માટે (૨) અનાશ્રમી માટે (૩) બ્રહ્મચારી માટે (૪) સાધુ માટે. ગણતરીની દૃષ્ટિએ ચાર ભેદ છે છતાં ચારેયમાં મંત્રોપદેશ[૨૧] એક સરખો જ હોય છે. સામાન્ય દીક્ષા પછી જેણે ત્યાગાશ્રમમાં દાખલ થવું ન હોય, પણ ઉત્કૃષ્ટ વૈરાગ્યના કારણે પોતાના ઘેર જ ત્યાગીવત્ રહેવું હોય, તેને પહેલા પ્રકારની દીક્ષા આપી શકાય છે. પ્રાચીનકાળમાં વાનપ્રસ્થાશ્રમ પ્રચલિત હતો, કંઈક તેના જેવી આ સ્થિતિ ગણી શકાય છે. સંપ્રદાયની પરિભાષામાં એ સ્થિતિ સાંખ્યયોગી પુરુષની સ્થિતિ ગણાય છે. આ દીક્ષાવિધિ સ.જી.પ્ર.૪અ.૮૩માં વિસ્તારથી સમજાવવામાં આવેલી છે. પણ આજે આ પ્રકારની દીક્ષા અપાતી હોય એમ જણાતું નથી. બીજા પ્રકારની દીક્ષા અનાશ્રમીઓ માટેની છે. સંપ્રદાયમાં પાર્ષદોને આ વર્ગમાં ગણેલા છે. એમની દીક્ષાવિધિ સ.જી.પ્ર.૪અ.૮૪માં જણાવવામાં આવેલી છે. સંપ્રદાયમાં બ્રહ્મચારી તથા સાધુ બંને વર્ગમાં આ વર્ગના દીક્ષિત સભ્ય હોઈ શકે છે. આ વર્ગના સભ્યોને એમના નામ અને વેશભૂષા પરથી તરત જ ઓળખી શકાય છે. તેમના સર્વવસ્ત્રો શ્વેતરંગના હોય છે. એ માથે પાઘ બીજા ત્યાગી જેવી જ પહેરે છે. પણ તેનો રંગ સફેદ જ હોય છે. સંપ્રદાયમાં તે 'ભગત' સંજ્ઞાથી ઓળખાય છે. સંપ્રદાયના બ્રહ્મચારી અને સાધુ વર્ગના ત્યાગી માટે સ્ત્રી અને ધનનો સંપર્ક સંપૂર્ણ સર્વથા ત્યાજ્ય ગણેલો છે, જ્યારે પાર્ષદ વર્ગના સભ્ય માટે પોતાના અંગત નહિ, પણ સંપ્રદાયના વહીવટ વ્યવહાર પૂરતી બીજાની હાજરીમાં

(૨૧) ब्रह्माहं कृष्णदासोऽस्मि ।

દ્રવ્યનો સ્પર્શ કરવાની મર્યાદિત છૂટ આપવામાં આવેલી છે. સંપ્રદાયના રક્ષણ માટે આ વર્ગના સભ્યોને કામ પૂરતા, શસ્ત્ર ધારણ કરવાની છૂટ આપેલી છે. આ મર્યાદિત છૂટ સિવાય બીજી બધી રીતે, એમની જીવન રીતિ ત્યાગાશ્રમી જેવી જ હોય છે. ત્રીજા અને ચોથા પ્રકારની દીક્ષા બ્રહ્મચારી અને સાધુ વર્ગ માટેની છે. સામાન્ય દીક્ષા લીધેલી હોય તેવો આશ્રિત સત્સંગી, ઉગ્ર વૈરાગ્યના કારણે ઘરમાં રહેવા ઈચ્છતો ન હોય અને ઘરકુટુંબ અને વ્યવહારનો સમૂળ ત્યાગ કરીને મંદિરમાં રહેવા ઇચ્છતો હોય તો તેને સંપ્રદાયના ત્યાગી વર્ગની મહાદીક્ષા આપી શકાય છે. ત્યાગાશ્રમની દીક્ષા લેતાં પહેલાં, જે જાતિએ બ્રાહ્મણ હોય તેને, બ્રહ્મચારી વર્ગની અને બ્રાહ્મણેતર-ક્ષત્રિય, વૈશ્ય-હોય તેને સાધુ વર્ગની મહાદીક્ષા આપવામાં આવે છે. વ્યક્તિ ત્યાગાશ્રમમાં દાખલ થાય તે પછી પણ બ્રહ્મચારી અને સાધુ એવા ભેદ ચાલુ રાખવા એ આ સંપ્રદાયની દીક્ષાવિધિની આગવી વિશિષ્ટતા છે. મંદિરમાં દેવની પૂજા અને નૈવેદ્યની વ્યવસ્થા બ્રાહ્મણવર્ગના પૂજારી હસ્તક રખાય છે. ત્યાગાશ્રમના બ્રહ્મચારી અને સાધુ વર્ગના સભ્યો વચ્ચે પણ વર્ણાશ્રમના ધર્મોનું નિયમન સાચવવાનું ફરજિયાત ગણેલું છે. આ દીક્ષાવિધિ સ.જી.પ્ર.૪અ.૮૫ અને ૮૬માં વિસ્તારથી જણાવવામાં આવેલી છે. બંને વર્ગના સભ્યો તેમના નામ અને વેશભૂષા ઊપરથી તરત જ ઓળખી શકાય છે. બ્રહ્મચારી સફેદ ધોતિયું પહેરે છે, પણ ઊપવસ્ત્ર તથા પાઘ ભગવા રંગનાં રાખે છે. પણ તેમની પાઘમાં લાલ બનાતની ટોપી હોય છે. જ્યારે સાધુ, ધોતિયું ઊપવસ્ત્ર અને પાઘ એ ત્રણેય ભગવા રંગનાં પહેરે છે. અને તેમાં ટોપી જેવું કંઈ જ હોતું નથી. બ્રહ્મચારીના નામ પાછળ 'નંદ' સંજ્ઞા અને સાધુના નામ પાછળ 'દાસ' સંજ્ઞા વપરાય છે. ત્યાગાશ્રમની દીક્ષા લેતા પહેલાં





આશ્રિત સત્સંગીએ કેટલાક સમય સુધી સંપ્રદાયના ત્યાગીની દીક્ષા લીધેલ ત્યાગી પાસે રહેવું પડે છે અને નિષ્કામાદિ ધર્મવ્રતોનું ચુસ્ત પાલન કરવું પડે છે. એણે ત્યાગીના એ ધર્મવ્રતોનું બરાબર પાલન કર્યું છે અને ભવિષ્યમાં પણ કરશે એવી ખાતરી થાય તે પછી જ, જે બ્રહ્મચારી યા સાધુત્યાગી પાસે એ રહ્યો હોય તે એને આચાર્યશ્રીની પાસે લઈ જાય છે. અમુક પ્રકારની શારીરિક-માનસિક ખોડખાંપણો અને નિર્બળતાઓ ધરાવનાર વ્યક્તિને મહાદીક્ષા લેવા માટે પાત્ર માનેલા નથી. એની વિગતો સ.જી.પ્ર.૪અ.૮૨ શ્લો. ૧૧ થી ૨૪ સુધીમાં સમજાવેલી છે. પાત્રતાની યોગ્ય ખાતરી થયા બાદ જ શુભ મુહૂર્તના દિવસે અને સમયે ઈષ્ટદેવ, સૂર્ય, અગ્નિ અને વેદવિત્ બ્રાહ્મણની હાજરીમાં આચાર્યશ્રી, ઉપવાસાદિકથી પવિત્ર થયેલા એ આશ્રિત સત્સંગીને ત્યાગાશ્રમની મહાદીક્ષા આપે છે. આચાર્યશ્રી ગૃહસ્થાશ્રમી હોવા છતાં, તે ત્યાગાશ્રમની દીક્ષા આપી શકે છે તે આ દીક્ષા વિધિનું આગવું લક્ષણ છે.

સંપ્રદાયના બધા જ ત્યાગી ચાર છેડે પાટલીવાળીને ધોતિયું પહેરે છે અને શિખા રાખે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે, ત્રણ પ્રવરવાળા સામવેદી સરયુપારી બ્રાહ્મણકુળમાં જન્મ ધારણ કરેલો હોવાથી એ ત્રણ પ્રકારના પ્રતીકરૂપે, સંપ્રદાયના ત્યાગી, ત્રણ ગ્રંથીવાળું જનોઈ પહેરે છે. એને વિષ્ણુગાયત્રી મંત્રનો પણ ઉપદેશ કરવામાં આવે છે. જે બ્રહ્મચારી ત્યાગી હોય તેણે નિત્ય વૈશ્વદેવ પણ કરવાનો હોય છે. જે ત્યાગી થાય તેનું નામ, કુળ, વેશ, વગેરે બધું જ જીવન બદલાઈ જાય છે. નવા ત્યાગીને નવી વેશભૂષામાં ભગવું વસ્ત્ર અને બ્રહ્મચારી થાય તેને લાલ બનાતની ટોપી મંત્રદીક્ષા આપનાર આચાર્યશ્રી આપતા નથી, પણ જેની

પાસે ત્યાગી થતાં પહેલાં એ રહ્યો હોય અને જેની મારફતે દીક્ષા માટે આચાર્યશ્રીની પાસે રજુ થયો હોય તે ત્યાગી આપે છે. ત્યાગીના નવા નામની પાછળ ગુરુ તરીકે મંત્રદીક્ષા આપનાર આચાર્યશ્રીનું નામ લખાતું નથી, પણ જેની પાસે એ રહ્યો હોય અને જેની મારફતે આચાર્યશ્રીની પાસે દીક્ષા માટે રજુ થયો હોય તે ત્યાગીનું નામ લખાય છે. સંપ્રદાયમાં સ્ત્રી વર્ગના આશ્રિતોને પણ મહાદીક્ષા આપી શકાય છે. એવી દીક્ષા લેનાર સ્ત્રી, સાંખ્યયોગી બાઈ તરીકે ઓળખાય છે.

સંપ્રદાયમાં 'આશ્રિત' અને 'દીક્ષિત' એ બંને વચ્ચેની ભેદરેખા બહુ સૂક્ષ્મ છે છતાં અગત્યની છે. મુમુક્ષુ જ્યારે પંચવ્રતમાનનું પાલન કરવાની પ્રતિજ્ઞા કોઈપણ એકાંતિક ભક્ત સમક્ષ લે ત્યારે તે સંપ્રદાયનો આશ્રિત થયો ગણાય. પરંતુ જ્યાં સુધી તે મુમુક્ષુએ સંપ્રદાયના આચાર્યશ્રી પાસેથી સામાન્ય દીક્ષા ન લીધી હોય ત્યાં સુધી તે આશ્રિત હોવા છતાં દીક્ષિત થયો ન ગણાય. ભગવાનના ધામની પ્રાપ્તિને અર્થે આશ્રિત માત્રે દીક્ષિત થવું અનિવાર્ય છે. 'આશ્રિત-દીક્ષિત'ના કલ્યાણની જવાબદારી શ્રીહરિએ પોતે સ્વીકારેલી છે. તેથી આચાર્યશ્રી પાસેથી મંત્રદીક્ષા અચૂકપણે લેવી જ જોઈએ.

> અમારે આશ્રિત જે સર્વ સત્સંગી તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે મુમુક્ષ જનને દીક્ષા આપવી.
>
> શિક્ષાપત્રી શ્લો. ૧૨૮





## ૧૧ મંત્રોનો અર્થ

નીલકંઠ વર્ણીએ શ્રી રામાનંદ સ્વામી પાસેથી દીક્ષા લીધેલી. સ્વામીએ વર્ણીને દીક્ષા આપતી વખતે આપેલ મંત્રનો રહસ્યાર્થ સમજાવેલ છે. જેનો વિગતવાર ઊલ્લેખ સ.જી.પ્ર.૧ અ. ૫૮માં છે. સંપ્રદાયમાં ત્યાગી વર્ગને મહાદીક્ષા અપાય છે ત્યારે આચાર્ય મહારાજશ્રી એમને પાંચ શબ્દો અને આઠ અક્ષરોના બનેલા મહામંત્રનો ઉપદેશ આપે છે. જે આ મુજબ છે : (૧) બ્રહ્મ (૨) અહમ્ (૩) કૃષ્ણ (૪) દાસ (૫) અસ્મિ. પહેલા બે શબ્દો દીક્ષા લેનારનું શુદ્ધ સ્વરૂપ સમજાવે છે.ત્રીજો અને ચોથો શબ્દ એનું ધ્યેય સમજાવે છે અને પાંચમો શબ્દ વર્તમાનકાળનું ક્રિયાપદ છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ તેમજ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એમ ત્રણ પ્રકારની અવસ્થાવાળો દેહ જીવનું ક્ષેત્ર કહેવાય છે. એ ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી સદા યુક્ત હોવા છતાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને શક્તિએ સર્વ દૃષ્ટિએ જુદો અને વિલક્ષણ એવો જે જીવ તે એમાં રહેલો છે, તે ક્ષેત્રજ્ઞ કહેવાય છે. તે જ પ્રમાણે વિરાટ સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ પ્રકારનાં શરીર અને ઊત્પત્તિ સ્થિતિ અને પ્રલય એ ત્રણ પ્રકારની અવસ્થાયુક્ત જે દેહ કહેવામાં આવે છે, તે ઈશ્વરનું દેહ કહેવામાં આવે છે અને એ ત્રણ દેહ અને ત્રણ અવસ્થા યુક્ત સદા રહેવા છતાં તેથી, સ્વરૂપ, સ્વભાવ ગુણ અને શક્તિ સર્વ દૃષ્ટિએ જુદા અને વિલક્ષણ એવા ઈશ્વરને એ ક્ષેત્રના ક્ષેત્રજ્ઞ કહેવાય છે. જીવ અને ઈશ્વર જ્યારે પોતાનું શુદ્ધ સ્વરૂપ યથાર્થપણે સમજે છે અને શુદ્ધ ભક્તિ ઉપાસના કરે છે ત્યારે, એની જીવ અને ઈશ્વર સંજ્ઞા ટળી જાય છે અને એ બ્રહ્મ કહેવાય છે. ત્યાગીની મહાદીક્ષા લેનાર મુમુક્ષુ પોતે ગુરુ પાસેથી પોતાનું શુદ્ધ સ્વરૂપ સમજીને, જાણીને

પોતે બ્રહ્મ છે એવું પ્રતિજ્ઞા વચન પહેલું ઉચ્ચારે છે. જીવ યા ઈશ્વર આ પ્રમાણે સ્વસ્વરૂપે બ્રહ્મરૂપ થાય છે. ત્યારે અને પરમાત્માની ભક્તિ ઉપાસના કરવાનો અને એનું સાધર્મ્ય પામવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. એ અધિકાર જ્યારે જીવ બ્રહ્મસ્વરૂપ પ્રાપ્ત કરે છે ત્યારે જ એને પ્રાપ્ત થાય છે. ભક્તે ઊત્તમ કોટીની બ્રાહ્મી સ્થિતિ યા નિર્ગુણાવસ્થા પ્રાપ્ત કરી હોય તો પણ એની અને પરમાત્મા વચ્ચે એના અંતરમાં સ્વામિ-સેવકભાવ અખંડ વર્તતો હોય છે. એ સ્વામિ-સેવક ભાવના કારણે એ ભક્ત બીજું પ્રતિજ્ઞા વચન ઊચ્ચારે છે કે હું ભગવાનનો દાસ છું. અર્થાત્ મહાદીક્ષા લેનારે આ જીવનમાં અને આ જીવનના અંત પછી દિવ્ય જીવનમાં બે વાતો તાણાવાણા માફક વણેલી રાખવી જોઈએ. (૧) પોતે જીવ કે આત્મા નથી પણ બ્રહ્મ છે. (૨) પોતે પરમાત્માનો બ્રહ્મરૂપ દાસ છે.

આશ્રિતોને સામાન્ય દીક્ષા આપવામાં આવે છે ત્યારે જે મંત્ર આપવામાં આવે છે તે પણ પાંચ શબ્દો અને આઠ અક્ષરોનો બનેલો છે. આ મહામંત્રના શબ્દો નીચે મુજબ છે. (૧) શ્રી (૨) કૃષ્ણ (૩) ત્વં (૪) ગતિઃ (૫) મમ. અર્થાત્ હે અનાદિ શ્રીકૃષ્ણ ભગવાન તમે જ સર્વ પ્રકારે મારી ગતિ છો. મારી સર્વે ક્રિયાઓ આપની ઈચ્છા વડે જ થાય છે. આપની જ્ઞાન શક્તિ, ઈચ્છા શક્તિ અને ક્રિયા શક્તિ વડે જ હું અને આ સમગ્ર જગત ગતિમાન છીએ. શ્રી હરિ વચનામૃતમાં પણ કહે છે કે હરિના ભક્તને તો ભગવાનની ઈચ્છા એ જ તેનું પ્રારબ્ધ છે. તે સિવાય તો કાળ, કર્મ, માયા, વગેરે પણ ભક્તને કાંઈ કરી શકતા નથી. આ મંત્રના શબ્દો પણ ખૂબ જ ગહન અર્થ દર્શાવે છે. 'શ્રી' શબ્દ સામાન્યતઃ લક્ષ્મીજીના સ્વરૂપને અર્થે વપરાય છે. (શિક્ષાપત્રી





શ્લો.૧) લક્ષ્મીજી ભગવાનના ઉત્તમ ભક્ત ગણાય છે. જે ભગવાનના વક્ષઃ સ્થળને વિષે હંમેશાં રહ્યાં છે. એક ક્ષણ પણ ભગવાનથી દૂર નથી તેથી એકલું 'કૃષ્ણ' નામ નથી બોલાતું પણ 'શ્રીકૃષ્ણ' નામ બોલાય છે. ભગવાન હંમેશાં ભક્ત/સેવકે સહિત જ હોય છે. ભગવાન તો રાજાધિરાજ છે. તે ભક્ત/સેવક વગર હોય નહિ અને સાચો ભક્ત/સેવક એ જ કહેવાય કે તે તેના સ્વામી વગર હોય નહિ. આમ અહીં ભગવાનનું તેમના એકાંતિક ભક્તોની સાથે સ્મરણ છે. બીજો શબ્દ કૃષ્ણ છે. આ શબ્દ દેવકીનંદન શ્રીકૃષ્ણના અર્થમાં વપરાયેલ નથી, પણ પરબ્રહ્મ પરમાત્માના અર્થમાં જ વપરાયેલ છે. શિક્ષાપત્રી શ્લો.૧ ની ટીકામાં નિત્યાનંદ સ્વામીએ પણ પ્રથમ શ્લોકમાં વપરાયેલ આ નામની આગળ ''પોતાના ઈષ્ટદેવ'' એવું વિશેષણ વાપર્યું છે. શિક્ષાપત્રીમાં શ્રીકૃષ્ણ નામ શબ્દ એકંદરે આડત્રીસ વખત વપરાયેલો છે. તે પૈકી માત્ર શ્લો. ૭૯માં **कृष्ण जन्मदिनानाम्** આ શબ્દ દેવકીનંદનના અર્થમાં વપરાયેલ છે. તે સિવાય બધા જ શ્લોકમાં તે શબ્દ ભગવાન, પરબ્રહ્મ, પરમાત્મા, પુરુષોત્તમના અર્થમાં જ વપરાયેલો છે. ઘણા શ્લોકોમાં શ્રીકૃષ્ણ નામ સાથે પ્રસાદ, મંત્ર, સ્મરણ, સ્તોત્ર, મંદિર, દીક્ષા, સેવન, સેવા, ભક્ત,ભક્તિ વગેરે શબ્દો વપરાયેલા છે. આ બધા જોડકા શબ્દોમાં શ્રીકૃષ્ણ નામ શબ્દ દેવકીનંદન શ્રીકૃષ્ણના અર્થમાં વપરાયેલ નથી એ દેખીતું છે. શ્લો. ૨૯માં કૃષ્ણ નામ શબ્દ એકસાથે બે વખત વપરાયેલો છે. **कृष्ण कृष्णावताराणाम्** એટલે કે ભગવાન અને ભગવાનના કૃષ્ણ વગેરે અવતારો એવો શબ્દ પ્રયોગ કરેલો છે. આ ઉપરથી ભગવાનના અનેક અવતારો થયા છે, થાય છે, એમાં એક અવતારનું નામ વસુદેવસુત દેવકીનંદન

કૃષ્ણ છે એવો બોધ થાય છે. શ્લો. ૧૦૫, ૧૦૬ અને ૧૦૭માં અનુક્રમે જીવ, માયા અને પરબ્રહ્મના સ્વરૂપો અને લક્ષણો સમજાવ્યા પછી શ્લો. ૧૦૮માં એમનું નામ અને બીજાં વિશિષ્ટ લક્ષણો કહેવામાં આવે છે. શ્લો. ૧૦૮ની શરૂઆતથી એટલા માટે સઃ ત્રીજા પુરુષ એક વચનથી કરેલી છે. એમાં પહેલું નામ શ્રીકૃષ્ણ ગણાવેલું છે. આ નામ દેખીતી રીતે જ દેવકીનંદન શ્રીકૃષ્ણના અર્થમાં વપરાયેલું નથી. શ્લો. ૧૦૮માં પછી બીજાં નામો ભગવાન, પરબ્રહ્મ, પરમાત્મા, પુરુષોત્તમ વગેરે ગણાવેલ છે અને સાથે જ કહેવામાં આવ્યું કે, પરમાત્મા સર્વે અવતારોના અવતારી છે અને સર્વ આવિર્ભાવનું કારણ પણ એ જ પરમાત્મા છે. આ શ્લોકમાં પરબ્રહ્મ પરમાત્માનો પરિચય કરવા માટે **उपास्य ईष्टदेवो नः** આપણા સર્વના ઈષ્ટ ઉપાસ્ય દેવ એ પ્રમાણે શબ્દ વાપરવામાં આવેલો છે. ''આપણા'' શબ્દ અહીંયાં ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ પોતાના આશ્રિતો સાથે પોતાની આત્મીયતા દાખવવા માટે વાપરેલો છે. પણ એ સાથે જ એ શબ્દ દ્વારા સંપ્રદાયના ઈષ્ટ અને ઉપાસ્ય દેવ પરબ્રહ્મ પરમાત્મા સિવાય બીજું કોઈ નથી એવું સ્પષ્ટ કરવામાં આવ્યું છે. નિત્યાનંદ સ્વામીએ પ્રથમ શ્લોકની ભાષા ટીકામાં પણ શ્રીકૃષ્ણ નામ શબ્દ આગળ પોતાના ''ઈષ્ટદેવ'' એવા જે શબ્દો વાપરેલા છે, તેનો અર્થ પણ ''પરબ્રહ્મ પરમાત્મા જે આપણા ઈષ્ટદેવ છે'' એવો સ્વીકાર કરવો પડે તેમ છે. આમ અત્રે આ મંત્રમાં પણ કૃષ્ણ શબ્દ પરાત્પર પરમાત્મા પરબ્રહ્મ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણને જ લાગુ પડે છે, પણ અન્ય કોઈને નહિ એ સ્પષ્ટ છે.

આ મંત્રનો ત્રીજો શબ્દ त्वं અર્થાત્ 'તમે જ' છે. આ શબ્દ એ સૂચવે છે કે આ અનાદિ શ્રીકૃષ્ણ-શ્રી સ્વામિનારાયણ





ભગવાન સિવાય હું બીજા કોઈનું શરણ નથી યાચતો. સાચો આશ્રિત શ્રીહરિને જ ઈષ્ટદેવ તરીકે માને છે અને અન્ય કોઈનો આશ્રય કોઈ પણ નિમિત્તની ઓથ લઈને ક્યારેય પણ કરતો જ નથી. આ શબ્દ ભગવાન અને ભક્ત વચ્ચે સ્વામિ-સેવકનો ભાવ દર્શાવે છે. સેવક ક્યારેય સ્વામી થતો જ નથી. જેમ અર્જુને શ્રીકૃષ્ણ ભગવાનની શરણાગતિ સ્વીકારતાં કહ્યું હતું કે करिष्ये वचनं तव ! શરણાગતની રક્ષા ભગવાન હંમેશાં કરતા જ હોય છે. શરણાગતનું રક્ષણ સર્વકાળે, સર્વસ્થળે, અને સર્વ રીતે કરવું એ તેમનું બિરુદ છે. તેથી જ તો તેમને 'શરણાગતપ્રતિપાલક' કહેવામાં આવે છે. આ ભરતખંડના અધિપતિ શ્રીનરનારાયણદેવ પોતે પણ પોતાના ભક્તોના સુખને સારું તો અખંડ તપ કરી રહ્યા છે.[૨૨] જેમ સિંહના પગલાંનો આશ્રય લઈને બકરું બેઠું હોય તો તેનો કોઈ પણ પ્રાણી વાળ પણ વાંકો કરી શકતું નથી. તેમ જેણે શ્રીજી મહારાજનો આશ્રય લીધો હોય, શરણું ગ્રહણ કર્યું હોય, તેને બ્રહ્માસ્ત્ર જેવું શસ્ત્ર પણ કાંઈ કરી શકતું નથી. શ્રીજી મહારાજના આશ્રિતને માટે શ્રીજી મહારાજની ઈચ્છા એ જ તેનું પ્રારબ્ધ છે. પણ કાળ, કર્મ અને માયા ઈત્યાદિક ભગવાનની શક્તિઓ પણ તેમને કાંઈ કરી શકતી નથી. ભગવાન વિના બીજા સર્વેને ભક્ષણ કરી જાય તેવી કાળની શક્તિ છે[૨૩] તેમ છતાં પણ શ્રીહરિએ તેને આજ્ઞા કરી છે કે હરિભક્ત હોય તેના ભોગનું તારે ખંડન કરવું નહિ. [૨૪]આમ જેણે ભગવાનની શરણાગતિ સ્વીકારી છે, તેને દેહ છતાં જ સુખ શાંતિ અને શ્રેય સાંપડે છે. અને દેહ મૂક્યા પછી પણ, એને અલૌકિક આનંદનો અખંડ

(૨૨) વચનામૃત સારંગપુર ૧૬. (૨૩) વચનામૃત ગ.અં. ૩૭
(૨૪) વચનામૃત ગ.મ. ૧૬

અનુભવ થાય છે. શરણાગત દેહ છતાં જ જીવનમુક્ત બને છે. શ્રી હરિ પોતાના શરણાગતને વચન આપે છે કે : [૨૫]

**મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું ।**
**બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું ॥**

આ વચનની સાથે સાથે પોતાના ભક્તને ગંભીર ચેતવણી પણ આપે છે કે[૨૬] જો તું મારું શરણ છોડીશ, મારાં વ્રત, આજ્ઞા, નિયમોનું ઉલ્લંઘન કરીશ તો તારી જવાબદારી મારા શિરે નહિ, પણ તારા શિરે જ રહેશે. અર્થાત્ જે મારા શરણમાં નથી તેનું રક્ષણ કરવાની જવાબદારી મારી નથી.

**સુખદુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।**
**જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥**
**એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિઘણું ।**
**પણ વ્રતટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુતણું ॥**

અત્રે અન્યાશ્રય કર્યો ક્યારે કહેવાય તેની સમજણ પણ ઘણી અગત્યની છે. જો આપણે શ્રીહરિ સિવાય અન્ય કોઈ પણ દેવ, દેવી, મનુષ્ય, કાળ, કર્મ, માયા કે અન્ય કોઈ પણ શક્તિને તે સ્વતંત્ર રીતે કર્મફળપ્રદાતા છે, તેમ મન-કર્મ-વચને કરીને માનીએ તો અન્યાશ્રય થયો કહેવાય, પણ જો આપણે એમ માનીએ કે આ સર્વેમાં રહીને, આ સર્વેને નિમિત્ત બનાવીને, શ્રીહરિ જ મને સર્વે પ્રકારે ફળ આપે છે તો તેને અન્યાશ્રય ગણી શકાય નહિ. શ્રી હરિ શિક્ષાપત્રી શ્લો. ૮૫માં હનુમાનજી અથવા નારાયણ-કવચના મંત્રનો જપ, અમુક પરિસ્થિતિમાં કરવાનું કહે છે, ત્યારે તે કરવાથી સાચો સત્સંગી શ્રીહરિનો આશ્રય છોડીને હનુમાનજીનો ભક્ત થઈ જતો નથી. કેમ કે તે એમ સમજે છે કે, મને કર્મનું ફળ તો શ્રી હરિ જ આપવાના છે, પણ તે માટે નિમિત્ત હનુમાનજીને બનાવ્યા છે.

(૨૫) ભ.ચિં.પ્ર.૬૮ કડી ૯ (૨૬) ભ.ચિં.પ્ર.૭૬ કડી ૩૯, ૪૦





હું હનુમાનજીનો જે મંત્ર કરું છું તેનાથી શિક્ષાપત્રીની આજ્ઞા પળાશે, શ્રીહરિ રાજી થશે અને શ્રી હરિ મારું દુઃખ દૂર કરશે. આવો અનન્ય ભાવ હોવાથી તેવા સંજોગોમાં તેને અન્યાશ્રય તરીકે ઓળખી શકાય નહીં. આવી જ રીતે શ્લો. ૧૪૯ની આજ્ઞા મુજબ શ્રી મહાદેવનું બિલ્વપત્રાદિકે કરીને પૂજન કરવાથી, શ્લો. ૪૯ મુજબ જગન્નાથજીનો પ્રસાદ લેવાથી, શ્લો. ૨૩ મુજબ શિવાલયાદિક દેવમંદિરોને આદરપૂર્વક નમસ્કાર કરવાથી, શ્લો. ૪૬ મુજબ ત્રિપુંડ્ર અને રૂદ્રાક્ષની માળા ધારણ કરવાથી, શ્લો. ૮૧ મુજબ શ્રી વિઠ્ઠલનાથજીના વ્રત ઉપવાસના નિર્ણયને ગ્રહણ કરવાથી, શ્લો. ૮૨ મુજબ શ્રી વિઠ્ઠલનાથજીની સેવારીતિનું ગ્રહણ કરવાથી, શ્લો. ૮૪ મુજબ વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્યદેવને પૂજ્યપણે કરીને માનવાથી, શ્લો. ૯૪ અને શ્લો. ૯૫માં કહ્યાં એવાં આઠ સત્શાસ્ત્રોની કથા વાંચવા કે સાંભળવાથી, શ્લો. ૭૯ મુજબ શિવરાત્રી કે જન્માષ્ટમી આદિક વ્રતો કરવાથી અન્યાશ્રય થઈ જતો નથી. આ સર્વે ક્રિયાઓ આપણે તો શ્રીહરિના રાજીપાને અર્થે કરવી જ રહી, કેમ કે તે સર્વેના નિયંતા તો શ્રીહરિ જ છે. માટે આ આજ્ઞાઓનું ઉલ્લંઘન ન થાય તો જ આપણે શ્રી હરિનું શરણું સ્વીકાર્યું છે તેમ કહેવાય.

આ મંત્રનો ચોથો શબ્દ છે 'ગતિ' અર્થાત્ મારી સર્વે શક્તિઓ, ઈચ્છાશક્તિ, ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિના પ્રદાતા પણ શ્રી હરિ જ છે એવી અનન્ય નિષ્ઠા. જો આ શક્તિઓ શ્રીહરિએ મને પ્રદાન ન કરી હોત તો હું કોઈ પણ કાર્ય કરવા શક્તિમાન બનત નહિ. સર્વેશ્વર શ્રી હરિના સ્વરૂપના મહિમાની મને જે પણ કાંઈ થોડી ઘણી પિછાન પડી છે તે માત્ર શ્રીહરિની અહૈતુકી કૃપાનું જ પરિણામ છે. શ્રી હરિ કૃપાસાધ્ય છે. પણ મારા જીવની એવી કોઈ શક્તિ નથી કે અવિનાશી એવા પરમાત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, મને પોતાની મેળે થાય. આમ નિખાલસ રીતે આ જીવ શ્રી હરિ પાસે

એકરાર કરે છે. શ્રી હરિએ પ્રદાન કરેલી આ શક્તિઓ દ્વારા દરેક ક્રિયા ભગવાનને અર્થે જ થાય, શ્રી હરિની પ્રાપ્તિના અંતિમ લક્ષ્ય તરફ દોરી જાય તેવું શરણાગત ઈચ્છે છે. શિક્ષાપત્રીમાં દર્શાવેલી આજ્ઞાઓ પ્રમાણે જીવન જીવવાથી આ જીવની સર્વ ક્રિયાઓ નિર્ગુણ થાય છે. પોતે આ માયિક કે નાશવંત પદાર્થોની પ્રાપ્તિને અર્થે નહિ પણ અવિનાશી એવા પરમાત્માની પ્રાપ્તિને અર્થે જ સર્વે ક્રિયાઓ ધર્મની મર્યાદામાં રહીને જ, શ્રીહરિની પ્રીતિ અર્થે જ કરી શકે, તે માટે શ્રીહરિની સહાય આ જીવ માગે છે.

છેલ્લો શબ્દ 'મમ' છે જે આ શરણાગતનું સ્વરૂપ સમજાવે છે. તે પોતાને દેહરૂપ માનતો નથી, પણ અખંડ આત્મારૂપે જ માને છે. પોતે અનંતકાળથી જુદા જુદા પ્રકારના દેહ ધરતો આવ્યો છે. પણ તે સર્વે દેહ નાશવંત છે, પોતાનો આત્મા જ સત્ય છે. પોતે શિક્ષાપત્રી શ્લો. ૧૧૬ના સિદ્ધાંત પ્રમાણે બ્રહ્મ થઈને પરબ્રહ્મની ઉપાસના કરવા તૈયાર થાય છે. મંત્રમાં વપરાયેલા त्वं અને મમ શબ્દ ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે આ જીવ અર્થાત્ આત્મા અને પરમાત્મામાં સ્વામિ-સેવકપણાનો ભાવ રહેલો છે. આત્મા, પરમાત્માને પામવા ઈચ્છે છે. તે પરમાત્માના સાધર્મ્યપણાને પામે છે, પણ પોતે પરમાત્મા ક્યારેય થઈ શકતો નથી. ભગવાન જેવા તો એક ભગવાન જ છે, બીજો કોઈ તે જેવો થઈ શકતો નથી. આ જીવ-આત્મા તો બદ્ધ છે, માયિક છે, માયાના અંધકારમાં અટવાયેલો છે. તેથી જ તે પરમાત્માને પ્રાર્થના કરે છે કે, હે પરમાત્મા ! તું મને આ માયાના બંધન થકી મુકાવ, મારું અજ્ઞાન દૂર કર અને મને શાશ્વત સુખ આપ. આ હેતુ માટે હું તારે શરણે આવ્યો છું.

તે જ પ્રમાણે આ જીવને જ્યારે પરમહંસની દીક્ષા આપવામાં આવે છે ત્યારે આચાર્ય મહારાજશ્રી તેને જે મંત્રનો ઉપદેશ આપે છે, તેનો પ્રથમ શબ્દ પણ બ્રહ્માહં છે. તે શબ્દનો અર્થ બતાવતાં શ્રી હરિ





વચનામૃતમાં[૨૭] કહે છે કે જેને બ્રહ્મસ્વરૂપને વિષે નિર્વિકલ્પ સ્થિતિ થઈ હોય તે એમ બોલે જે એક બ્રહ્મ જ છે અને તે વિના બીજું જે જીવ, ઈશ્વર અને માયા એ આદિક સર્વ તે મિથ્યા છે અને તેના વચન શાસ્ત્રમાં લખાણાં હોય, તેને સાંભળીને તો, એવી સ્થિતિ ન થઈ હોય તો પણ, વિધિનિષેધને જે ખોટા કહે છે તેને તો મહાઅધમ અને નાસ્તિક જાણવા. આ બ્રહ્મ તે તો પુરુષોતમનારાયણની કિરણ છે તેમ શ્રી હરિ કહે છે[૨૮] આવું બ્રહ્મપણું ક્યારે આવે ? તો કહે છે પરાત્પર પૂર્ણ પુરુષોત્તમનારાયણનું દાસપણું સ્વીકારવાથી જ આવે. કેમકે એકલા બ્રહ્મપણાથી ભગવાનને પામી શકાતા નથી. અશ્વત્થામા બ્રહ્મરૂપ થયો હતો, પણ તેને કુસંગનો પાશ લાગ્યો હતો. તેથી જ શ્રી હરિ કહે છે[૨૯] કે જે કેવળ આત્મજ્ઞાની છે તે બ્રહ્મસ્વરૂપ થાય છે, તો પણ તેને કુસંગનો પાશ જતો નથી. માટે દેવ જેવા થઈને દેવની સેવા કરીએ તો તે સેવા દેવ સ્વીકારે. બ્રહ્મરૂપે થઈને જ પરબ્રહ્મની સેવા થાય. પણ આવું બ્રહ્મરૂપ શ્રીકૃષ્ણ ભગવાનના દાસત્વ વિના આવી શકે જ નહિ. સમુદ્રમાં જેટલું પાણી છે તેટલું ધાવણ આ જીવ, ધાવ્યો છે. અર્થાત્ અસંખ્ય વખત જન્મ-મૃત્યુના ફેરા ફર્યો છે. પણ તેમાંનુંકોઈ તેનું સાચું સગું થયું નથી. આ જીવ તેથી જ પરમાત્માનું શરણ શોધે છે. ત્યાગાશ્રમીઓએ તેમના જીવનની એક પળ પણ ભગવદ્ભક્તિ વિના વ્યર્થ જવા દેવી નહિ તેવી શ્રીહરિની આજ્ઞા છે. અને તેથી જ, જો ત્યાગાશ્રમી તેની દરેક ક્રિયા બ્રહ્મરૂપ થઈને કરે, તો તેની સર્વે ક્રિયા નિર્ગુણ બની જાય છે. દીક્ષાર્થી પોતે પોતાના સાચા સ્વરૂપને ઓળખે છે. અને તેથી ब्रह्माहं હું બ્રહ્મ છું એવી ઘોષણા કરે છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, આ સાચી ઓળખ, ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતિનિધિ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેને ભગવાન વતીથી આપે છે. આ બદ્ધ જીવને માયાના આવરણોથી મુક્ત કરીને, આ જીવને તેની સાચી ઓળખ થાય છે.

(૨૭) ગ.પ્ર. ૪૨ (૨૮) ગ.મ. ૧૦ (૨૯) ગ.અં.૩

## ૧૨ આચાર્ય અને ગુરુ

સંપ્રદાયના આશ્રિતમાત્રના ગુરુ તરીકે ત્યાગી અથવા ગૃહસ્થ હોઈ શકે છે. આ જીવને સત્ય જ્ઞાન આપી પરમાત્માના માર્ગે વાળનાર વ્યક્તિ ગુરુ તરીકે ઓળખાય છે. સાચા ગુરુનું અગત્યનું લક્ષણ એ છે કે, મુમુક્ષુને પોતાના તરફ નહિ, પણ પરમાત્માની તરફ વાળવો. જ્યારે કોઈ વ્યક્તિ, મુમુક્ષુને પરમાત્મા તરફ નહિ, પણ પોતાની તરફ વાળે છે ત્યારે આવો ગુરુ અને શિષ્ય અધોગતિની ખીણમાં ધકેલાઈ જાય છે. સાચા ગુરુનું કામ માત્ર ગોવિંદનો ભેટો કરાવી આપવાનું છે. પણ પોતાનામાં જ વળગાડી રાખવાનું નથી. ગુરુ પોતે જેની ઊપાસના કરીને, ગુરુપણાનું બળ પામ્યા હોય તેનો ભેટો મુમુક્ષુને કરાવી આપે છે. સંપ્રદાયના આશ્રિતમાત્રે પંચવ્રતમાનનું અવશ્યપણે પાલન કરવું જોઈએ. મુમુક્ષુજન, આ પંચવ્રતમાન પોતે પાળશે તેવી પ્રતિજ્ઞા, આજ્ઞાપાલનમાં ખબડદાર વર્તતો હોય, તેવા કોઈપણ ગૃહસ્થ હરિભક્ત અથવા ત્યાગીજનની સમક્ષ લઈ શકે છે. થોડો સમય વીત્યા બાદ, જો આવી પ્રતિજ્ઞા લેવડાવનાર વ્યક્તિને એમ ખાતરી થાય કે, હવે આ મુમુક્ષુજન આ પંચવ્રતમાનનું શિરસાટે પાલન કરશે, તો આ મુમુક્ષુને તે સંપ્રદાયના આચાર્યશ્રી પાસે લાવે છે અને તેઓશ્રીની પાસે તે મુમુક્ષુને દીક્ષામંત્ર પ્રદાન કરાવડાવે છે. અત્રે ઊલ્લેખનીય છે કે આ દીક્ષામંત્ર માત્ર સંપ્રદાયના આચાર્યશ્રી જ પ્રદાન કરી શકે છે. તે સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ, ગમે તેવી મોટી કહેવડાવતી હોય તો પણ તે દીક્ષામંત્ર પ્રદાન કરી શકતી નથી અને જો કદાચિત કરે તો તે બિલકુલ ફળદાયી બને નહિ, પરંતુ અધોગતિને પામે. આવો દીક્ષામંત્ર લીધા સિવાય આપણે શ્રીહરિના આશ્રિત-દીક્ષિત કહેવાઈએ નહિ અને જ્યાં સુધી શ્રીહરિના આશ્રિત-દીક્ષિત ન ગણાઈએ ત્યાં સુધી આપણા કલ્યાણની જવાબદારી શ્રીહરિ સ્વીકરતા





નથી. દરેક મુમુક્ષુનો ગુરુ, જુદી જુદી વ્યક્તિ હોઈ શકે, પણ સંપ્રદાયના આચાર્ય તરીકે તો બે દેશની ગાદી ઉપર વિરાજમાન, ધર્મકુળના સભ્યો જ હોઈ શકે. આ મુમુક્ષુને ગુરુની જરૂર માત્ર એટલી જ છે કે તેમના વડે ભગવાનને તે ઓળખી શકે. પરંતુ હકીકતમાં આપણે ભગવાનને પડતા મૂકીને ગુરુ પાછળ ઘેલા થઈએ છીએ. નરસિંહ મહેતા ચુસ્ત શિવભક્ત હતા. શિવજીએ પ્રસન્ન થઈને જ્યારે ઈચ્છિત વર માગવા કહ્યું, ત્યારે નરસિંહ મહેતાએ કલ્યાણ માગ્યું. શિવજીએ નરસિંહ મહેતાને વૃંદાવનમાં શ્રીકૃષ્ણની રાસ-લીલાનાં દર્શન કરાવ્યાં. ત્યાર પછી નરસિંહ મહેતાએ પણ શિવજીને છોડીને શ્રીકૃષ્ણની જ ભક્તિ કરી છે, શ્રીકૃષ્ણનાં જ લીલાચરિત્રોનું ગાન કર્યું છે. આમ શિવજી ભગવાન જેવા હોવા છતાં પણ, ભગવાનને બતાવનાર આ ગુરુનો ત્યાગ કરીને, પરમાત્માનું ભજન કરવું એ મહત્ત્વનું લક્ષણ છે.

શ્રીહરિના હજારો નંદ સંતો હતા. આચરણ અને શ્રીહરિના બળને લઈને તે દરેક જણ, એક એક અવતાર જેવું કાર્ય કરવાને શક્તિમાન હતા. તેમ છતાં, તેઓ સર્વે મુમુક્ષુઓને વ્રતમાન ધરાવતા પણ, દીક્ષામંત્ર અપાવવા માટે શ્રીહરિની અથવા આચાર્યશ્રીની પાસે જ તે મુમુક્ષુને લઈ આવતા. ગુરુ શબ્દ શિક્ષાપત્રીમાં શ્લો. ૩૫, ૩૭, ૬૯, ૭૦ વગેરેમાં વાપરેલ છે. શતાનંદ મુનિ શિક્ષાપત્રી ભાષ્યમાં આ શ્લોકોનું વિવેચન કરતાં જણાવે છે કે, શ્લોક ૩૫માં ગુરુણાં એટલે કે आचार्यादीनाम् નો સમાવેશ થાય, શ્લોક ૩૭માં ગુરુ એટલે કે स्वस्य श्रीकृष्णमंत्रोपदेष्टा स च નો સમાવેશ થાય. શ્લો. ૬૯ અને ૭૦માં ગુરુ એટલે કે मंत्रोपदेष्टा च નો સમાવેશ થાય, શ્લો. ૪૧માં ગુરોઃ એટલે કે गुरुपदस्थधर्मवंश्य-ब्राह्मणात्सकाशात् નો સમાવેશ થાય છે.

આમ, શિક્ષાપત્રીમાં જ્યાં જ્યાં, ગુરુશબ્દ વાપર્યો છે ત્યાં ત્યાં,

તેના અર્થમાં ધર્મવંશી આચાર્યનો પણ સમાવેશ થઈ જાય છે, તેમ શતાનંદ મુનિ શિક્ષાપત્રી ભાષ્યમાં જણાવે છે. શિક્ષાપત્રી શ્લો. ૩૫, ૩૭, ૬૯, ૭૦ વગેરેમાં ગુરુની સાથે કેમ વર્તવું, તેમનું સન્માન કેવી રીતે કરવું ઈત્યાદિક જણાવેલ છે. શિક્ષાપત્રી શ્લો. ૪૧માં શ્રીહરિ કહે છે કે ધર્મવંશી ગુરુથકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા... અર્થાત્ ધર્મવંશી આચાર્ય જ સાચા ગુરુ ગણાય. શિક્ષાપત્રી શ્લો. ૭૧ અને શ્લો. ૭૨ સંપ્રદાયના આચાર્યશ્રી માટે જ વાપરેલા છે. એ નોંધવું ઘટે કે સંપ્રદાયના આચાર્યશ્રી આશ્રિત-દીક્ષિત માત્રના ગુરુ પણ છે. અર્થાત્ આચાર્યશ્રી એ ગુરુ છે, પણ દરેક ગુરુ આચાર્યશ્રી નથી. સંપ્રદાયની પરિભાષા પ્રમાણે શ્લો. ૩૫, ૩૭, ૬૯ અને ૭૦ આચાર્યશ્રીને માટે પણ છે. પણ શ્લો. ૭૧, ૭૨ માત્ર આચાર્યશ્રી માટે જ છે, ગુરુ અર્થે નથી. ગુરુ અને આચાર્ય શબ્દ એક બીજાના પર્યાયવાચક શબ્દો નથી.

શ્રીહરિના સ્વધામગમન બાદ, શિક્ષાપત્રીની આજ્ઞા-વાણીને જ શ્રીહરિનું સ્વરૂપ સમજીને તે પ્રમાણે વર્તવું તેવી શ્રીહરિની આજ્ઞા છે. સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી, શ્રીહરિના શબ્દોને વર્ણવતાં લખે છે કે :[30]

**વળી ધર્મવંશી દ્વિજ ધીર રે, અવધપ્રસાદ ને રઘુવીર રે.**
**એહ દત્તપુત્ર છે અમારા રે, તેને કર્યા છે ગુરુ તમારા રે.**
**તેને માનજ્યો તમે સુજાણ રે, રહેજ્યો શિક્ષાપત્રીને પ્રમાણ રે.**

શ્રીહરિ શિક્ષાપત્રી શ્લો. ૧૨૮માં પણ જણાવે છે કે ''....સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર....'' અર્થાત્ હવે આ કળિકાળમાં આપણે મુમુક્ષુઓને, ગુરુ શોધવા જવાની જરૂર નથી. આપણને તો શ્રી સ્વામિનારાયણ ભગવાને સાક્ષાત્ ગુરુ શોધીને આપ્યા છે, તેમનું શરણ ગ્રહણ કરવું એ જ આપણું કર્તવ્ય છે.

(૩૦) ભ.ચિં.પ્ર. ૧૬૦





## ૧૩ સંપ્રદાયમાં આચાર્યપદની વિશિષ્ટતા

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અયોધ્યાવાસી ઉપર અપૂર્વ પ્રસન્નતા હોય એ સ્વાભાવિક છે. જેમણે પોતાનું જીવન સંપ્રદાયને અર્થે ન્યોછાવર કર્યું, જેમણે પોતાનાં દેહ, ધન, ધામ, કુટુંબપરિવાર સર્વે પ્રત્યક્ષ પરમાત્માની સેવામાં જોડી દઈને સમગ્ર જીવિતવ્ય સત્સંગ પરાયણ કરી દીધું, તેમના ઉપર પ્રગટ પ્રભુની પ્રસન્નતા ન ઊતરે તો બીજા કોના ઉપર ઊતરે ? એક તો ધર્મદેવના પવિત્ર કુળમાં જન્મ, શ્રોતસ્માર્તકર્મ સંપન્ન બ્રાહ્મણ કુટુંબમાં બાલ્યાવસ્થાથી પ્રાપ્ત થયેલા શુભ સંસ્કાર, ને તેમાં વળી પરબ્રહ્મ પરમાત્માએ સ્વયં કૃપા કરી પોતાના દિવ્ય તેજનું તેમાં આરોપણ કર્યું, પછી તેમાં શું ખામી રહે? પરોક્ષમાં આચાર્યો તથા ગુરુઓ ઘણા હશે, પરંતુ એ બધા માત્ર પરંપરાથી ગાદી પર આવ્યા હશે. પરંતુ અયોધ્યાવાસીમાંથી જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીરજીને શ્રીહરિએ ગાદી આપી, એ બંને જે પદ ઉપર આરૂઢ થયા, એ ગાદી, એ પદ ને એ પીઠ સર્વાવતારી પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં છે, તેથી એમાં પુછવાનું જ શું હોય ? પરમાત્મા પોતાના સ્થાન ઉપર પોતાના જેવા જે હોય તેમને જ મૂકે. શ્રી સ્વામિનારાયણ ભગવાને આચાર્યોમાં દૈવત પણ એવું જ અપૂર્વ મૂકેલું છે. આત્યંતિક કલ્યાણનો પ્રથમ આધારસ્તંભ મંદિરો અને મૂર્તિઓ છે. તેમાં પણ ધર્મવંશી આચાર્ય દૈવત મૂકે - એ જ્યારે પ્રતિષ્ઠા કરે કે પૂજવા માટે મુમુક્ષુઓને મૂર્તિઓ આપે ત્યારે એ મૂર્તિઓ સેવ્યરૂપ ગણાય. મુમુક્ષુ પણ સત્સંગી તે કહેવાય, જેણે ધર્મવંશી આચાર્ય પાસે દીક્ષા લીધી હોય, સાધુ-બ્રહ્મચારી-પાર્ષદ પણ તે સંજ્ઞાને ક્યારે પામે ? જ્યારે ધર્મવંશી આચાર્ય દીક્ષા આપે ત્યારે. મુમુક્ષુઓને તિલક, ચાંલ્લો ને તુલસીની કંઠી ધારણ કરવાનો અધિકાર પણ ધર્મવંશી આચાર્ય

દીક્ષા આપે ત્યારે જ પ્રાપ્ત થાય છે. વળી સ્વામિનારાયણ ભગવાને મહામંદિરો કરાવી તેમાં પોતાનાં અર્ચા સ્વરૂપો પધરાવ્યાં, તેમની સેવા પણ ધર્મવંશી આચાર્યોને જ સોંપી. સેવા કાર્યા યથાવિધિા તે તે સ્વરૂપોની યથાવિધિ સેવા ધર્મવંશી આચાર્યોએ સ્વયં કરવી એવી આજ્ઞા કરી. વાસુદેવી મહાદીક્ષા પામેલા સંતો, નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતની દીક્ષા પામેલા વર્ણીઓ, સેવાની દીક્ષા પામેલા પાર્ષદો અને સામાન્ય દીક્ષા પામેલા સત્સંગીઓ એ સર્વેને ધર્મમાં વર્તાવવાનું કે એ સર્વેના ધર્મનું રક્ષણ કરવાનું કાર્ય પણ ભગવાને ધર્મવંશી આચાર્યોને સોંપ્યું. ટૂંકમાં શ્રીહરિએ જીવોના આત્યંતિક કલ્યાણનું કાર્ય ધર્મવંશી આચાર્યોને પોતાના જેવા જ જાણીને સુપરત કર્યું છે.

આ જગતમાં મોટાભાગના લોકો જાતે આચાર્ય બની બેઠેલા છે અથવા તો, અજ્ઞાનતાને વશ ધર્મનું સાચું સ્વરૂપ સમજ્યા વિના, પરમાત્માના સાચા સ્વરૂપની ઓળખ વિનાના મનુષ્યોએ, પોતાના સ્વાર્થ સારુ ઘણાને આચાર્ય બનાવી દીધેલ છે. આ સંપ્રદાય એ ગુરુમુખી સંપ્રદાય નથી. અહીં વ્યક્તિ પૂજાનો સંપૂર્ણ નિષેધ છે. આ સંપ્રદાયના આચાર્ય પદનું અન્ય આચાર્ય કરતાં વિશિષ્ટ પદ છે. તેનો ટૂંકાણમાં અત્રે ઉલ્લેખ કર્યો છે.

૧. આ આચાર્યપદનું સ્થાપન સર્વાવતારી શ્રીહરિએ પોતે સં. ૧૮૮૨ના કારતક સુદ ૧૧ના રોજ વડતાલમાં કરેલું છે અને તે અંગેનો જરૂરી લેખ, સાક્ષીઓની સહી-સંમતિ સહિત સં. ૧૮૮૩ના માગશર સુદ ૧૫ના રોજ ગઢડામાં દાદા એભલના દરબારમાં કરેલ છે.

૨. આ પદ શ્રીહરિના કુળમાં જ, ધર્મદેવના વંશમાં જ રહે તેવું વારસાઈ પદ છે. શ્રી હરિના કહેવા પ્રમાણે આ કુળની તોલે અન્ય કોઈ પણ કુળ આવી શકે તેમ નથી.





તેથી જ આ પવિત્રોત્તમ (કેમ કે શ્રીહરિએ તેને પવિત્ર અને ઉત્તમ કુળ ગણ્યું છે.) કુળમાં જ આ પદ રહે તેવી ગોઠવણ શ્રી હરિએ કરી છે.

૩. ધર્મદેવના પુરુષ વંશમાં જ પ્રસ્થાપિત થઈ શકે તેવું આ પદ છે.

૪. આ આચાર્યપદ જન્મથી જ પ્રાપ્ત થઈ શકે, ફક્ત કર્મે કરીને પ્રાપ્ત ન થાય તેવું છે. અર્થાત્ ધર્મદેવના વંશમાં જન્મ ધારણ કરવાથી આ પદ મળી શકે તેમ છે. ધર્મદેવના વંશમાં જન્મ એ essential condition છે.

૫. બાઈઓના ગુરુ તરીકે વિદ્યમાન આચાર્યશ્રીનાં પત્ની કે જે, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ, શ્રીગાદીવાળાં તરીકે ઓળખાય છે, તે જ હોઈ શકે અને બાઈ માત્રે તેમના થકી જ દીક્ષા મંત્ર લેવો પડે.

૬. આચાર્ય ગૃહસ્થ હોવા છતાં પણ [૩૧]સમીપ સંબંધ વિનાની સ્ત્રીઓને મંત્રઉપદેશ કરી શકતા નથી, સ્પર્શ કરી શકતા નથી, બોલી શકતા નથી.

૭. અનુગામી આચાર્યશ્રીની નિયુક્તિ, વિદ્યમાન આચાર્યશ્રી સત્સંગમાં મોટેરા ત્યાગી-ગૃહીની મરજી લઈને કરી શકે છે. અર્થાત્ ત્યાગી-ગૃહીની મરજી લેવી સારી છે, પણ તેમાં વિદ્યમાન આચાર્યશ્રીની મંજૂરી અનિવાર્ય છે.

૮. આચાર્યે જે સ્વરૂપ, પોતાને સેવવા આપ્યું હોય અથવા જે સ્વરૂપની તેઓશ્રીએ પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવા-પૂજવા તથા ધ્યાન કરવાથી આત્યંતિક કલ્યાણ થાય, તે સિવાય તો માત્ર બીજબળ થાય.

(૩૧) જેના મરણથી સૂતક લાગતું હોય તે સમીપ સંબંધ કહેવાય. શિક્ષાપત્રી ભાષ્ય-શ્રી શતાનંદમુનિ, વિગત માટે જુઓ સ.જી.પ્ર. ૩ અ.૨૫ શ્લોક ૩૩ થી ૩૬

૯. મૂર્તિ પ્રતિષ્ઠાનો અધિકાર આચાર્યશ્રી અન્ય કોઈને પણ આપી શકતા નથી. તેથી બાઈઓના મંદિરમાં પણ મૂર્તિ પ્રતિષ્ઠા તો આચાર્યશ્રી જાતે-પોતે જ કરે છે, આચાર્યપત્ની પણ નહિ.

૧૦. આચાર્યશ્રીની આજ્ઞા અને અનુમતિથી જ આચાર્યપત્ની, બાઈઓને મંત્રદીક્ષા આપી શકે છે.

૧૧. આચાર્યશ્રીના દર્શને આવતા હરિભક્ત, તેઓશ્રીના ચરણોમાં જે ભેટ મૂકે તેને આચાર્યભેટ કહેવાય, અને દેશ વિભાગના લેખ મુજબ તે, આચાર્યશ્રીની અંગત આવક જ ગણાય. આ ઉપરાંત દરેક સત્સંગીએ પ્રતિવર્ષ વ્યક્તિદીઠ આઠ આના[૩૨] (તા. ૧-૪-૨૦૧૧ થી રૂપિયા દશ) નામવેરા તરીકે આચાર્યશ્રીને આપવા તેવું બંધારણ શ્રીહરિએ ઘડેલું છે. આ બંને આવકો તેઓશ્રીની અંગત આવકો ગણાય અને તેમાંથી તેઓશ્રીએ દેહનો વ્યવહાર ચલાવવો તેવી અર્થવ્યવસ્થા શ્રી હરિએ દેશ વિભાગના લેખમાં કરી છે.

૧૨. શિક્ષાપત્રી શ્લો. ૧૨૮ મુજબ ગુરુમંત્ર આચાર્ય થકી જ લેવાય. તે સિવાય અન્ય કોઈ ગમે તેવો મોટો સમાધિનિષ્ઠ હોય તો પણ તેના થકી ગુરુમંત્ર લેવાય નહિ અને લે, તો તે ફળે પણ નહિ.

૧૩. આ આચાર્યોનું સ્થાપન પોતાના ભક્તોના ધર્મની રક્ષાને સારુ કરવામાં આવ્યું છે, શિ. શ્લો. ૧૨૮. આ જીવો ઉપર અહૈતુકી કૃપા સિવાય અન્ય કંઈ જ પ્રયોજન નથી.

૧૪. શ્રી હરિ કહે છે કે આ આચાર્યો એ અમારું સ્વરૂપ છે, તેમ

(૩૨) હરિલીલામૃત કળશ ૮, વિશ્રામ ૪૭





માનજ્યો; આજથી તે અમારે ઠેકાણે છે તેમ માનજ્યો, અમે એમાં રહીને સદાય સર્વેને દર્શન દઈશું. અમારા પ્રગટપણાના ત્રણ ગૂઢ સંકલ્પોમાંનો એક તે આચાર્યપદનું સ્થાપન છે. આમ આચાર્ય એ શ્રીહરિનું જ અપર સ્વરૂપ છે. પણ એ નોંધવું ઘટે કે તેમનું ધ્યાન-ઉપાસના થાય નહિ.

૧૫. આ સંપ્રદાય ગુરુમુખી સંપ્રદાય નથી. આ આચાર્ય હરિભક્તોને પોતામાં જોડતા નથી. મુમુક્ષુઓને તેઓ શ્રીહરિમાં જ જોડે છે. તેઓ ક્યારેય પોતાનું ધ્યાન-ભજન-માળા સ્તુતિ-અષ્ટકો કરાવતા નથી.

૧૬. અગાઉ અનેક અવતારો થઈ ગયા છે, પણ તેમના કુળ ગોત્ર વિશે કશી માહિતી ઉપલબ્ધ નથી. શ્રી હરિએ આ પદ પોતાના જ કુળમાં પ્રસ્થાપિત કર્યું છે.

૧૭. આ આચાર્યને સારા હરિભક્ત-સંત-ગુરુ જરૂરથી કહી શકાય, પણ કોઈ હરિભક્ત ગમે તેવો મોટો હોય પણ તેને આચાર્ય કહી શકાય નહિ.

૧૮. જેમ આચાર્યશ્રી પોતાની સમીપ સંબંધ વિનાની સ્ત્રીઓ સાથે બોલે નહિ, સ્પર્શ ન કરે, તેવી જ રીતે આચાર્ય પત્ની પણ વર્તે. એટલું જ નહિ, પણ તેઓ પોતાનું મુખ પણ પરપુરુષને ન દર્શાવે.

૧૯. સંપ્રદાયના આચાર્યશ્રી એ શ્રી હરિનું જ અપર સ્વરૂપ છે. શ્રી હરિ તેમાં રહીને આપણને દર્શન દે છે, સત્સંગમાં પ્રગટ પ્રમાણ વિચરે છે. આમ શ્રી હરિએ વારે વારે સંપ્રદાયના તમામ પ્રમાણિત શાસ્ત્રોમાં કહ્યું છે.

૨૦. શ્રી હરિએ આ આચાર્યપદનું સ્થાપન, જીવોના કલ્યાણને અર્થે જ કર્યું છે.

ઈંગ્લેન્ડમાં આજે પણ ઉક્તિ છે કે A king can do no wrong - રાજા ક્યારેય ખોટું કરતો નથી. આનો અર્થ એ નથી કે પ્રજાને રાજામાં અંધવિશ્વાસ છે પરંતુ પ્રજાને રાજા ઉપર સંપૂર્ણ નિષ્ઠા અને વિશ્વાસ છે કે તે જે કાંઈ કરશે તે આપણા હિત માટે જ હશે. આચાર્યશ્રી આ સંપ્રદાયના ગુરુ છે - ધણી છે - શ્રીહરિને સ્થાને છે - શ્રીજીના અપર સ્વરૂપ છે - ગુરુમંત્રના પ્રદાતા છે. તેથી આપણે એક સાચા આશ્રિત તરીકે એમ માનવું જ રહ્યું કે, તેઓ જે પણ કાંઈ કરે છે તે આપણા કલ્યાણને અર્થે જ કરે છે. તેથી શ્રીહરિએ દેશ વિભાગના લેખમાં પણ લખાવડાવ્યું કે, ''.....તમારા જીવના કલ્યાણને અર્થે શ્રી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજ્યો.'' અર્થાત્ જો આપણે આચાર્યોની આજ્ઞામાં નહી રહીએ તો આપણે શ્રીજીના વચનના દ્રોહી અને ગુરુદ્રોહી ગણાઈશું. માટે આપણે આચાર્યોએ શું કરવું જોઈએ તેને લક્ષમાં લીધા વગર, જો તેઓની આજ્ઞા પાળીશું તો શ્રીજીના વચને કરીને આપણું કલ્યાણ જરૂર થશે. પતિવ્રતા સ્ત્રી જેમ પોતાના પતિની આજ્ઞામાં વર્તે તો, પતિ ગમે તેવો હોય તો પણ, તે સ્ત્રી પતિવ્રતાનું બળ અચૂક પામે છે. કેમ કે તે સ્ત્રી પોતાના પતિને ઈશ્વરતુલ્ય સમજીને તેની આજ્ઞા પાળે છે, તેથી શ્રીજીના વચને કરીને તે આવી પતિવ્રતાની સામર્થીને પામે છે. તેમ આપણે પણ આચાર્યને શ્રીજીસ્વરૂપ માનીને તેમની આજ્ઞામાં રહેવું તો શ્રીજીને વચને કરીને આપણું જરૂર કલ્યાણ થાય.





## ૧૪ પરમ પૂજ્ય ધર્મ ધુરંધર

સંપ્રદાયના આચાર્યશ્રીની આગળ પરમપૂજ્ય ધર્મધુરંધર (ટૂંકમાં પ.પૂ.ધ.ધુ.) વિશેષણ અચૂક લગાડાય છે તેનો અર્થ પણ સુજ્ઞ જને સમજવો ઘટે.

વૈષ્ણવ સંપ્રદાયના પાયાના કેટલાક સિદ્ધાંતો સ્વીકારીને સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીએ ઊદ્ધવ સંપ્રદાયનું પ્રવર્તન કર્યું. રામાનંદ સ્વામીએ, સૌ પ્રથમ પહેલ વહેલા, ધર્મદેવને પ્રયાગરાજમાં મળ્યા ત્યારે ધર્મદેવને અન્ય મુમુક્ષુઓને શરણમંત્ર આપવાનો અધિકાર-આજ્ઞા આપેલ[૩૪] જ્યારે રામાનંદ સ્વામીએ પોતે આ પૃથ્વી ઉપરથી અંતર્ધાન થવાનો સંકલ્પ કરેલ ત્યારે આ ધર્મની ધુરા પોતે શ્રી નિલકંઠ વર્ણીને આપી અને જણાવેલ કે[૩૫]

**''તમ વિના ધર્મધુર જેહ રે, બીજા થકી ન ઉપડે તેહ રે''**

**આ જ પ્રમાણે ભગવાને પોતે અંતર્ધાન થવાનો સંકલ્પ કર્યો ત્યારે આ ધર્મની ધુરા પોતે આચાર્યોને સોંપી.**

**''આપી ગાદી આચારજ કીધા, તેને મંદિર દેશ વહેંચી દીધા''**[૩૬]

તે શ્રી વિહારીલાલજી મહારાજશ્રી લખે છે કે :[૩૭]

**પૂછી સર્વને સંમતિ એવી, કેને ધર્મતણી ધુર દેવી,**
**ઊભા પશ્ચિમાભિમુખે નાથ, પાટ દક્ષિણમાં ડાબે હાથ,**
**તહાં બેસાર્યા શ્રી રઘુવીર, જાણી ધર્મ ધુરંધર ધીર,**
**પાસે ઉત્તરમાં બીજી પાટ, માંડેલી બીજા પુત્રને માટ,**
**ત્યાં અયોધ્યાપ્રસાદ બેસાર્યા, મહા ધર્મધુરંધર ધાર્યા.**

આમ આ પદનું સ્થાપન એ કોઈ રાજગાદીનું હસ્તાંતર નથી પરંતુ ધર્મની ગાદીનું હસ્તાંતર છે. આ ધર્મની ગાદીનો ભાર વહન

(૩૪) ભ.ચિં.પ્ર. ૧૩ કડી ૨૫
(૩૫) ભ.ચિં.પ્ર. ૪૭
(૩૬) ભ.ચિં. પ્ર. ૯૧
(૩૭) હરિલીલામૃત કળશ ૮, વિશ્રામ ૪૬

કરવો તે આ જીવનું કામ નથી. આ જીવ ગમે તેવો બળીઓ હોય તો પણ, પ્રત્યક્ષની આ ગાદીનો ભાર ઉપાડવો મુશ્કેલ છે અને ધર્મકુળ આ ભાર વહન કરવા સક્ષમ છે કેમ કે, તેમને તો શ્રી હરિના વચનનું પીઠબળ છે. શ્રી હરિના વચનને બળે કરીને તેઓ આ ભગીરથ કાર્ય કરી રહ્યા છે. ગ.મ. ૧૬મા વચનામૃતમાં કહ્યું છે કે ભગવાન તો ધર્મધુરંધર છે. આચાર્યશ્રી પણ ભગવાનનું જ સ્વરૂપ છે. તેથી તેમને ધર્મ ધુરંધર તરીકે ઓળખવામાં આવે છે. શ્રી હરિએ તેમનું સ્થાપન ધર્મની રક્ષા કરવાને અર્થે કર્યું છે. તે આજ્ઞાની નિરંતર સ્મૃતિ માટે તેઓ ધર્મ ધુરંધર કહેવાય છે.

વડતાલના ૧૧માં વચનામૃતમાં શ્રી હરિ કહે છે કે ''અમે ભગવાન, ભગવાનનો ભક્ત, બ્રાહ્મણ અને ગરીબનો દ્રોહ ન થઈ જાય તે માટે સતત ડરતા રહીએ છીએ. કેમ કે તેનાથી તો જીવનો નાશ થઈ જાય છે.'' આચાર્યશ્રી તો ઉપર જણાવ્યા પ્રમાણે શ્રીજીનું સ્વરૂપ છે એમ સ્વયં શ્રીજીએ કહ્યું છે. વળી કુળે કરીને બ્રાહ્મણ છે અને તેમાંય તે કુળની તોલે અન્ય કોઈ ન આવે તેટલું શ્રેષ્ઠ કુળ ! વળી હરિભક્ત અર્થાત્ શ્રી હરિને વિષે અચળ નિષ્ઠાવાળા તો ખરા જ અને સ્વભાવથી તો હંમેશાં ગરીબ છે જ. તે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમ પ્રકાશમાં કહે છે કે :

**ધર્મવંશી તે ધર્મમાં રહેશે રે, અધર્મ વાતમાં પગ ન દેશે રે,**
**માટે ધર્મવાળા જીવ જોઈ રે, કર્યા છે મેં આચારજ દોઈ રે,**
**એહ અધર્મ નહિ આચરશે રે, ઘણું અધર્મ સર્ગથી ડરશે રે,**

શ્રીહરિ પણ અમદાવાદના ત્રીજા વચનામૃતમાં કહે છે કે અયોધ્યાવાસી તો બહુ વિશ્વાસી છે માટે કોઈ કપટી હશે તો તેમને છેતરી જાશે.

આમ ચારેય ગુણોનો સમાવેશ એક જ વ્યક્તિમાં થતો હોઈ તે વ્યક્તિ પૂજ્ય તો છે, એટલું જ નહિ, પણ પરમ પૂજ્ય છે.





અર્થાત્ પૂજ્યતાની ભાવનાની ચરમસીમા છે. જો ઉપરનામાંથી કોઈ એકાદનો પણ અપરાધ ન થઈ જાય તેની કાળજી સ્વયં ભગવાન રાખતા હોય તો, ચારેય ગુણ જેમાં છે તેવી એક વ્યક્તિની સંભાવના ભગવાન પણ કેટલી બધી કરે ! અને તેથી જ તેઓશ્રી માત્ર પૂજ્ય જ નહિ પણ પરમપૂજ્ય છે.

સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી તેમના કીર્તનમાં લખે છે કે ''તેમ તેહના વાહન ન લેવાં, જાણવા પૂજ્યા જેવા.'' જેમના વાહન-વસ્ત્ર-અલંકાર પણ પૂજવા યોગ્ય છે, તો તે વ્યક્તિ પોતે કેટલી બધી પૂજનીય હશે, તે સહેજે જ કલ્પી શકાય તેમ છે, અને તેથી જ તેઓ પરમપૂજ્ય છે.

શિક્ષાપત્રી શ્લો. ૮૪માં શ્રીહરિ કહે છે કે પંચદેવને પણ પૂજ્યપણે કરીને માનવા. આચાર્યશ્રી તો શ્રીહરિનું અપર સ્વરૂપ છે, દેવાધિદેવ છે તેથી તેમને અન્ય કરતાં વિશેષપણે, પરમપૂજ્યપણે કરીને જ માનવા જોઈએ.

તેઓશ્રીના શુભ નામની આગળ ૧૦૮ અથવા ૧૦૦૮નો અંક લખવાની જે પ્રણાલિકા છે તે પણ 'શ્રી'નો સૂચક છે. ૧૦૦૮ વખત 'શ્રી'થી યુક્ત એવું આચાર્યનું નામ શુભ નામ તેવો ભાવાર્થ છે. શ્રી અર્થાત્ લક્ષ્મીજી અર્થાત્ ભગવાનના ભક્ત, તેના સંબંધવાળું આ આચાર્યપદ છે. હિન્દુ શાસ્ત્રો મુજબ નવનો અંક પૂર્ણ અંક ગણાય છે. તેથી અનંત વિભૂષિત 'શ્રી'ને આ પૂર્ણ અંક સાથે મેળવીને તેઓશ્રીના શુભ નામની આગળ ''૧૦૦૮ શ્રી'' લખવામાં આવે છે.

અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદિકે કરીને પોતાના આચાર્યને પૂજવા.
- શિક્ષાપત્રી શ્લો. ૭૧

## ૧૫ આચાર્યપદ અને ત્યાગીઓ

સંપ્રદાયના અંગોમાં ત્યાગીઓ-સાધુઓ અને સાંખ્ય યોગી બાઈઓ એ તેનું એક વિશિષ્ટ અંગ છે. સાચા મુમુક્ષુને મંત્રદીક્ષાની આવશ્યકતા છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં મંત્રદીક્ષાનો અધિકાર માત્ર ગૃહસ્થાશ્રમી ધર્મવંશી આચાર્યને આપેલ છે. આચાર્યશ્રી તેને મંત્રદીક્ષા આપીને ત્યાગી બનાવે છે. બાઈઓ અ.સૌ. ગાદીવાળાં થકી દીક્ષા લઈને સાંખ્યયોગી જીવન ગાળે છે. રામાનંદ સ્વામીએ પણ, આ અધિકાર ગૃહસ્થાશ્રમી ધર્મદેવને જ આપેલો અને શ્રી હરિએ પણ તેને ધર્મકુળમાં જ વેષ્ટિત કરેલ છે. ત્યાગી માત્ર, સંપ્રદાયના બંધારણ પ્રમાણે અષ્ટપ્રકારે ધન-સ્ત્રીના ત્યાગી છે. મંદિરને અર્થે પણ તેને તેનો પાશ ન અડે તેથી આ વહીવટી પદથી શ્રી હરિએ સમજી-વિચારીને ત્યાગીઓને દૂર રાખ્યા છે. મંદિરના વહીવટને લગતું કોઈ પણ કાર્ય હોય તેમાં આચાર્યશ્રીની આજ્ઞા છેવટનો નિર્ણય ગણાય છે. કોઈ પણ સ્થાનની મહંતાઈ કોઈને આપવી, કોઈની પાસેથી લઈ લેવી, વહીવટી નિર્ણયો લેવા વગેરે, તમામ કાર્યો માટે આચાર્યશ્રીની સત્તા સર્વેને મંજુર હોવી જ ઘટે તેવી શ્રીજી આજ્ઞા છે.

આ બાબતે, આચાર્યપદનું મહત્ત્વ શું છે તે શ્રીજીની હયાતીમાં જ, શ્રીજીએ દર્શાવેલું છે. શ્રીહરિ પોતે આ ભૂમિ પરથી સં. ૧૮૮૬ના જેઠ સુદ દસમના રોજ સ્વધામ પધાર્યા હતા. તેના માત્ર છ માસ પહેલાં જ, પોતાના સ્વધામગમનની તૈયારીના ભાગરૂપે જ તેમણે જાતે સં. ૧૮૮૬ના માગશર સુદ નોમને દિવસે સર્વે સત્સંગીઓ પ્રતિ એક કાગળ લખાવેલ છે જે અક્ષરશઃ નીચે મુજબ છે.[૩૮]

(૩૮) આ પત્ર નારણશંકર દેવશંકર વિ. રાજશ્રીયા કુંવરમાતાના મુકદ્દમા નં. ૨૨, સને ૧૯૦૨માં આંક નં. ૬૬૦ થી કોર્ટમાં પણ રજૂ થયેલ છે.





લિખાવિતં સ્વામીશ્રીસહજાનંદજી મહારાજ જત શ્રી અમદાવાદ મધ્યે બ્રહ્માનંદ સ્વામી તથા વરતાલ મધ્યે આનંદ સ્વામી, નારાયણ વાંચજ્યો. બીજું હમણે અમે નવું પ્રકરણ ફેરવ્યું છે, જે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદ સ્વામી, ગોપાલાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, પરમ ચૈતન્યાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી, તથા આત્માનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી આદિક ભણવાવાળા મોટેરા સાધુ સર્વેને કોઈ જાયગાના માહંત કરવા નહિ, એવી રીતે આચાર્ય અજોધાપ્રસાદજી તથા આચાર્ય રઘુવીરજી એ બેયની મરજી છે. અને આ મોટેરા સાધુ લખ્યા તેની ચાકરીમાં એક એક સાધુને રહેવું અને તેથી વધારે સાધુ રાખવા હોય તો આચાર્યની આજ્ઞાએ કરીને રાખવા, પણ પોતાને જાણે રાખવા નહિ. ને રહે તે વિમુખ છે. બીજું જાયગાના માહંત કર્યા છે, તેની વિગત્ય જે વરતાલની જાયગાના માહંત અક્ષરાનંદ સ્વામીને કર્યા છે તથા અમદાવાદની જાયગાના માહંત સર્વજ્ઞાનંદ સ્વામી ગવૈયાને કર્યા છે તથા જૂનાગઢની જાયગાના માહંત ગુણાતીતાનંદ સ્વામીને કર્યા છે તથા ગઢડાની જાયગાના માહંત નિષ્કુળાનંદ સ્વામીને કર્યા છે તથા ધોલેરાની જાયગાના માહંત અદ્‌ભૂતાનંદ સ્વામીને કર્યા છે તથા ભુજનગરની જાયગાના માહંત વૈષ્ણવાનંદ સ્વામી બ્રાહ્મણીયાને કર્યા છે. એવી રીતે આચાર્યની મરજી લઈને સર્વે જાયગાના માહંત જડભરતને કર્યા છે. બીજું હવેથી સાધુની મંડળી બાંધીને જ્યાં જ્યાં મૂકશે તે આચાર્ય પોતે મૂકશે એમ પ્રકરણ ફેરવ્યું છે. બીજું આવી રિત્યે આચાર્યની આજ્ઞાને જે નહિ માને તે વચનદ્રોહી અને ગુરુદ્રોહી છે. બીજું આ કાગળ વાંચવો તે સત્સંગી સર્વેને સાંભલતે વાંચવો ને સર્વે સત્સંગી હરિભક્તને તથા પરમહંસને આ પ્રકરણની વાર્તા જાહેર કરવી. સંવત ૧૮૮૬ના મા. સુદી ૯.. ॥

બધાં મંદિરોના મહંતોની નિમણૂક શ્રીજી મહારાજે પોતે પોતાની હયાતી દરમ્યાન પણ આચાર્યોની મરજી લઈને જ કરી હતી. શ્રીજી મહારાજ પોતે પોતાની હયાતી દરમ્યાન પણ સંપ્રદાયનો વહીવટ આચાર્યોને પૂછીને જ આચાર્યોની મરજી પ્રમાણે કરતા. આ પત્રમાં જણાવ્યા પ્રમાણે માત્ર મહંતની નિમણૂક માટે જ આચાર્યની આજ્ઞાની જરૂર નથી, પણ સાધુઓએ તેમની મંડળી બાંધીને સત્સંગ પ્રચાર અર્થે ક્યાં ક્યાં જવું તે પણ આચાર્યશ્રી જ નક્કી કરશે એમ શ્રીજી મહારાજ સ્વયં કહે છે. આજ પ્રમાણે શ્રીહરિએ શિક્ષાપત્રી શ્લો. ૧૨૯માં આચાર્યોને આજ્ઞા કરી કે, સાધુને આદર થકી માનવા. જે ત્યાગી શ્રીજીકૃત મર્યાદામાં રહેતા હોય, ત્યાગાશ્રમના પંચવ્રતમાન અણીશુદ્ધ પાળતા હોય તેવા સાધુ માટે શ્રી હરિ કહે છે કે :[૩૯]

**સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે ।**
**સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે ॥**

આમ આચાર્યે ત્યાગીઓનો મહિમા જાણવો અને ત્યાગીઓએ આચાર્યપદનો મહિમા જાણવો. મંદિરના વહીવટને અર્થે આચાર્યની આજ્ઞા-નિર્ણય સર્વેને શિરોમાન્ય જ ગણવી પડે. તે જ પ્રમાણે અષ્ટપ્રકારે ધન-સ્ત્રીના ત્યાગીનો મહિમા પણ આચાર્યે સમજવો જોઈએ. આમ અન્યોઅન્ય દિવ્ય બુદ્ધિ રાખીને આ સંસાર-વ્યવહારના કાર્યો કરવાં જરૂરી છે. જો કોઈ પણ વ્યક્તિ પોતાની ફરજો ઉપર વધુ ભાર મૂકીને, અધિકારને અળગો રાખે તો આવી દિવ્ય બુદ્ધિ કેળવાય છે. દે.વિ.ના લેખમાં પણ શ્રીહરિ ત્યાગાશ્રમીઓમાં વિશ્વાસ મૂકી જણાવે છે કે તેઓ, ''પોતાના આચાર્યની આજ્ઞામાં નિરંતર રહેશે.''

શ્રી હરિએ જ્યારે આ પૃથ્વી ઊપરથી અંતર્ધાન થવાનો સંકલ્પ કર્યો ત્યારે બંને આચાર્યોને બોલાવીને, સ.ગુ. ગોપાળાનંદ

(૩૯) પુરુષોત્તમ પ્રકાશ. પ્રકાર ૪૧





સ્વામીના હાથમાં તેમના કાંડાં સોંપ્યાં. સંપ્રદાયોના શાસ્ત્રો આ ઈતિહાસની સાક્ષી પૂરે છે.[૪૦]

**વળી ધર્મવંશી દ્વિજ ધીર રે, અવધપ્રસાદ ને રઘુવીર રે**
**એહ દત્તપુત્ર છે અમારા રે, તેને ગુરુ કર્યા છે તમારા રે**
**તેને માનજ્યો તમે સુજાણ રે, રહેજ્યો શિક્ષાપત્રીને પ્રમાણ રે**
**સાધુ વર્ણી પાળા સુણી લેજ્યો રે, ગોપાળસ્વામીની આજ્ઞામાં રે'જો રે**

ઘણા આનો અવળો અર્થ કરીને એવું માને મનાવે છે કે આચાર્યશ્રીના ઉપરી તરીકે ગોપાળાનંદ સ્વામીની નિયુક્તિ કરી હતી. પરંતુ સાચી હકીકત સમજવા માટે પૂર્વાપરનો સબંધ જોવો જરૂરી છે. શ્રીજીના સમયમાં ૧૦૦૦ થી વધુ નંદ સાધુઓ હતા. તે દરેક એક એક અવતાર જેવું કાર્ય કરવાને સમર્થ હતા. તપ-વૈરાગ્ય-જ્ઞાન-આધ્યાત્મિક શક્તિએ કરીને ઘણા બધા સાધુઓ અતિશય સમર્થ હતા. આ સમર્થ સાધુઓએ પણ આચાર્યશ્રીનું શરણું સ્વીકાર્યું હતું. પણ શ્રી હરિ જ્યારે સ્વધામ પધાર્યા ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની ઉંમર લગભગ ૨૧ વર્ષ અને રઘુવીરજી મહારાજશ્રીની ઉંમર લગભગ ૧૮ વર્ષની હતી. તેથી સ્વધામગમન બાદ પણ કદાચ રખેને કોઈ સમર્થ સાધુ પણ દેશકાળાદિકને યોગે કરીને મનુષ્યભાવને વશ થઈને, આ નાની ઉંમરના આચાર્યશ્રીની આજ્ઞા લોપે તો તે સમર્થ કહેવાતા સાધુના કલ્યાણમાં પણ ઊણપ આવે. આવું કશું ન થાય તેથી સર્વે સાધુમાં મોટેરા ગણાતા અષ્ટાંગયોગી, સમાધિનિષ્ઠ, એવા સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને શ્રીજી મહારાજે ભલામણ કરેલી કે સ્વામી, આ બંને આચાર્યોની આજ્ઞામાં સર્વે સંત-હરિભક્તોને વર્તાવવાનો ખટકો તમો રખાવશો. કેમ કે જો તેમ નહિ થાય તો જે તે હરિભક્તના કલ્યાણમાં વિઘ્ન આવશે. આમ જાણીને શ્રીજીએ આચાર્યોના સારુ નહિ પણ આપણા કલ્યાણને સારુ ગોપાળાનંદ સ્વામીને આ ભલામણ કરી હતી.

(૪૦) ભ.ચિં. પ્ર. ૧૬૦ કડી ૪૭, ૪૮

## ૧૬ આચાર્યોની સાથે વિવેક-વર્તાવ

આ લખચોર્યાશીમાં મનુષ્યદેહ દુર્લભ છે, તેમાં પણ આ ભરતખંડને વિશે અતિ દુર્લભ છે, તેમાં પણ જ્યારે શ્રી હરિ કે તેમના બ્રહ્મનિષ્ઠ સંત હોય તેવા સમયમાં આ સત્સંગમાં જન્મ અતિદુર્લભ છે, અને વળી પાછું આ સત્સંગમાં પ્રતિતી આવવી તે તેટલું જ કઠણ છે અને ત્યારબાદ પણ આ ગાદી સ્થાનોને તેના સાચા સ્વરૂપમાં ઓળખવાં તે થોડા પુણ્યે કરીને થાય નહિ. તેમ થયા બાદ પોતાના આચાર્ય સાથે કેવી રીતે વર્તવું તેનો વિવેક પણ ખૂબ અગત્યનો છે. જેનો કિંચિત્ માત્ર ઉલ્લેખ અત્રે કર્યો છે.

૧. શ્રી હરિએ સ્થાપેલ આચાર્યપદ ઉપર વિરાજિત હોય તે સિવાય બીજી કોઈ પણ વ્યક્તિ ગમે તેવી બ્રહ્મનિષ્ઠ હોય તો પણ તેને આચાર્ય માનવા-મનાવવા નહિ.

૨. શિક્ષાપત્રી શ્લો. ૨૩માં જણાવ્યા મુજબ માર્ગને વિશે ચાલતે થકે શિવાલય આદિક દેવમંદિર આવે તેને જોઈને નમસ્કાર કરવો. આપણા આચાર્ય મહારાજશ્રી તો પ્રત્યક્ષ શ્રી હરિનું સ્વરૂપ છે. માટે આવતાં જતાં, જ્યારે તેઓશ્રી જ્યાં બિરાજમાન હોય ત્યાં તેમને આદરથકી નમસ્કાર કરવા.

૩. શિક્ષાપત્રી શ્લો. ૩૫માં જણાવ્યા મુજબ ગુરુ, શ્રેષ્ઠ મનુષ્ય, લોકમાં પ્રતિષ્ઠિત મનુષ્ય વગેરેનું અપમાન ન કરવું. આવું અપમાન મન-કર્મ-વચને કરીને ન કરવું અથવા તેઓના ગૌરવને હાનિ પહોંચે તેવું કાર્ય ન કરવું. શ્રી હરિ વચનામૃતમાં પણ કહે છે કે, પોતાથી કોઈ મોટો હોય અને જો તે વાદ વિવાદમાં હારી જતો હોય તો તેવે વખતે પોતે હારીને રાજી થવું, પણ મોટા પુરુષને ભોંઠપ થાય તેમ ન વર્તવું. આચાર્યશ્રી તો પોતાના ગુરુ છે. વળી અતિશય શ્રેષ્ઠ મનુષ્ય છે કેમ કે, શ્રી હરિના કુળ





જેવું અન્યનું કુળ ક્યાંથી? અને સંપ્રદાયની ગાદીના આચાર્ય પણ છે. તેથી આ લોકમાં પ્રતિષ્ઠિત મનુષ્ય પણ છે. તેથી જો તેમાંના એકનું પણ અપમાન ન થાય તો, ત્રણેય વ્યક્તિઓ જ્યારે એક જ હોય ત્યારે તો તેમનું અપમાન કરવાથી ત્રણ ઘણો દોષ લાગે છે. આજ બાબત આપણને ફરી વખત શ્લો. ૬૯માં કહે છે કે ''....ઈત્યાદિક ક્રિયાઓથી એમનું સન્માન કરવું.'' જ્યારે કોઈ એક જ બાબત આપણને હકારાત્મક અને નકારાત્મક એમ બંને રીતે જણાવી હોય, ત્યારે તેનાથી વિરુદ્ધની એક જ ક્રિયા એકી સાથે બે કલમોને ઉલ્લંઘે છે તે ધ્યાનમાં રાખવું જરૂરી છે. માન-અપમાન કોને કહેવાય તે સમજવું પણ જરૂરી છે. પહેલાંના જમાનામાં ગાયકવાડ, નિઝામ, મોગલ કે મરાઠા સમ્રાટોના દરબારમાં જવું હોય તો ત્યાં મજરો કેવી રીતે કરવો, કેવી રીતે નમન કરવું, કેવી રીતે ભેટસોગાદ મૂકવી, તેની ખાસ તાલીમ જરૂરી બનતી. આ તો આ લોકના રાજામહારાજાઓની વાત થઈ. આચાર્યશ્રી તો આપણા કલ્યાણના પ્રદાતા છે. તેમની આગળ તો અધિક વિવેક રાખવો. તેઓની આગળ ગમે તેમ બેસવું નહિ, મોટેથી બોલવું નહિ, અન્ય બિનજરૂરી વાતો કરવી નહિ, દંડવત પ્રણામ કરીને ચરણસ્પર્શ કરીને જ બેસવું, તેઓશ્રી ઊભા હોય ત્યાં સુધી બેસવું નહિ. જેમ સધવા સ્ત્રી હોય તે પોતાના પતિની સાથે હોય અને ચૂડી ચાંદલા વગરની હોય તો કેવું લાગે ? તેમ આપણે પણ જ્યારે આચાર્ય મહારાજશ્રીને દર્શને જવું ત્યારે અચૂકપણે કંઠી-તિલક-ચાંલ્લો રાખવા જ. આમ નાની નાની બાબતમાં પણ ચીવટ રાખવી જરૂરી છે.

૪. શિ.શ્લો. ૩૭માં જણાવ્યા પ્રમાણે ગુરુ, દેવના દર્શને ઠાલે હાથે ન જવું. આપણે ફળ-ફૂલ-ધન-ધાન્ય વગેરે કંઈ ન હોય

તો, તેમને દંડવત પ્રણામ કરીને બે હાથ જોડીને નમસ્કાર કરવા. આપણે એક પૈસો મૂકીએ છીએ કે એક લાખ રૂપિયા તે મહત્ત્વનું નથી. અગત્યનું તો શ્રીહરિની આજ્ઞાનું અનુસંધાન છે.

૫. શિ.શ્લો. ૩૮ પ્રમાણે પોતાના અંગ દેખાય તેવાં વસ્ત્રો પહેરીને તેમના દર્શન કરવા ન જવું.

૬. શિ. શ્લો. ૬૯ પ્રમાણે ગુરુ આદિ જનો આવે ત્યારે સન્મુખ ઊઠવું, આસન આપવું, મધુર વચને બોલાવવું ઇત્યાદિક ક્રિયાએ કરીને તેમનું સન્માન કરવું. આપણે સભામાં કે ગમે ત્યાં બેઠા હોઈએ અને ત્યાં આચાર્યશ્રી પધારે ત્યારે ઊભા થઈ તેઓની અદબ જાળવવી. અત્યારે તો કોર્ટમાં બેઠા હોઈએ અને ન્યાયાધિશ આવે ત્યારે સર્વેએ ઊભા થઈ તેઓનું સન્માન કરવું જ પડે છે, નહિ તો અદાલતના તિરસ્કાર બદલ આપણને સજા થાય. જો આ લોકમાં આટલી સજા હોય તો પરલોકમાં આનાથી વધુ જ હોય ને ! શ્લો. ૬૯નું ઉલ્લંઘન એ શ્લો. ૩૫નું પણ ઉલ્લંઘન છે. આપણી એક જ ક્રિયા આપણને બબ્બે જગ્યાએ દોષિત ઠેરવે છે.

૭. શિ.શ્લો. ૭૦ મુજબ તેઓશ્રી સમક્ષ પગ ઉપર પગ ચઢાવીને કે વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને અસભ્ય રીતે બેસવું નહિ.

૮. શિ. શ્લો. ૭૧ મુજબ તેઓશ્રીની સાથે ક્યારેય વિવાદ ન કરવો. પોતાને જો કંઈ કહેવું હોય તો બે હાથ જોડીને નમ્રતાથી એક જ વખત કહેવું અથવા તેમના નજીકના સેવકો મારફતે કહેવડાવવું. પણ પોતાની વાત વારંવાર ઉગ્રતાથી રજુ ન કરવી. પોતાનું ધાર્યું કરાવવા ક્યારેય પ્રયત્ન ન કરવો. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી શ્રી હરિના શબ્દોને કંડારતાં લખે છે કે :[૪૧]

(૪૧) પુરુષોત્તમ પ્રકાશ પ્રકાર ૪૦





**એહ કહે તેમ સહુ કરજ્યો રે, પૂછ્યા વિના પગ ન ભરજ્યો રે ।**
**હાથ જોડીને રહેજ્યો હજુર રે, કરી ડહાપણ પોતાનું દૂર રે ॥**
**વાદ વિવાદ કરી વદને રે, એ શું બોલશો મા કોઈ દિન રે ।**
**એની વાત ઉપર વાત આણી રે, કે'દી વદશો મા મુખે વાણી રે ॥**

૯. શિ.શ્લો. ૭૨ મુજબ આચાર્યશ્રીને આવતા સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું અને જાય ત્યારે વળાવવા જવું.

૧૦. ધર્માદાય કરવાની આજ્ઞા શિ. શ્લો. ૧૪૭ ઉપરાંત, શિ. શ્લો. ૭૧ મુજબ પોતે પોતાની શક્તિ પ્રમાણે આચાર્યને પૂજવા.

૧૧. આપણે જ્યારે મંદિરના કે અંગત કાર્ય અંગે તેઓશ્રીને મળવા ગયા હોઈએ, ત્યારે આ લોકના વ્યવહાર પ્રમાણે ચા-પાણી, આગતા-સ્વાગતાની જરા પણ અપેક્ષા રાખવી ઠીક નથી. તેઓશ્રી તો આપણા ગુરુ છે, ગુરુને આપણે કંઈક આપવું જોઈએ પણ તેમનું કંઈ લેવાય નહિ. પ્રસાદ નિમિત્તે જો કંઈ લેવું હોય તો એક આચમની પૂરતું અથવા એક ચપટીભાર પ્રસાદ જ લેવાય, અને તે લીધા પછી પણ, ત્યાં બેઠાં બેઠાં તેઓશ્રીની રૂબરૂમાં ખવાય નહિ, ઊભા થઈને બહાર જઈને જ ખવાય.

૧૨. આચાર્યશ્રી જ્યારે ચાલતા હોય ત્યારે ચરણસ્પર્શ કરવાનો દુરાગ્રહ ન રાખવો. તેમ કરવાથી તેઓશ્રીને ચાલવામાં મુશ્કેલી પડે. નિયત સમયે નિયત જગ્યાએ પહોંચાય નહિ અને સમગ્ર કાર્યક્રમ ખોરવાઈ જાય. તેઓશ્રી જ્યારે સભામાં વિરાજમાન હોય ત્યારે લાઈનમાં ઊભા રહીને વારાફરતી દરેકને લાભ મળે તે રીતે ઝડપથી ચરણસ્પર્શ કરીને લાભ લેવો. તે સિવાય દૂરથી પણ, જો મહિમાથી દર્શન કર્યા હશે તો પણ તેનું પૂણ્ય કંઈ ઓછું નથી.

૧૩. રસ્તામાં જતાં આવતાં તેઓશ્રીના નિવાસસ્થાન પાસેથી કે તેઓ જ્યાં બિરાજમાન હોય તેવા સ્થાન/ગામ પાસેથી પસાર થવાનું થાય ત્યારે કસમયે રૂબરૂ દર્શનનો દુરાગ્રહ ન રાખતાં બહારથી તેઓનાં દર્શન કરી શ્રીહરિની શિ. શ્લો. ૨૩ની આજ્ઞાનું અનુસંધાન રાખવું.

૧૪. શ્રી હરિએ મુમુક્ષુઓના કલ્યાણને અર્થે, તેમના ધર્મની રક્ષાને અર્થે આચાર્યશ્રીનું સ્થાપન કરેલું છે. તેઓશ્રીને આપણે ગૃહસ્થોએ આ લોકના કાર્યોમાં ભેળવવા નહિ. આચાર્યપદનું સ્થાપન કંઈ આપણી દુકાનો-ઑફીસોના ઉદ્‌ઘાટનો માટે કે ધંધો વ્યવસાય ખૂબ સારા ચાલે અને કમાણી વધે તે સારું નથી કર્યું તેનો ખ્યાલ રાખવો. પોતાને ઘેર પધરામણી કરાવતી વખતે પણ, પોતાના ઘરના દેવમંદિરની મહારાજશ્રી આરતી-દર્શન કરે તે જ હેતુ અગત્યનો છે. ત્યાર પછી તે દેવ ક્યારેય પણ અપૂજ્ય રહે, થાળ-આરતી-ચેષ્ટા-પોઢણ વગેરે નિયત સમયે ન થાય તો વિશેષ દોષ લાગે છે તેને ધ્યાનમાં લેવું જરૂરી છે. જો હરિભક્ત માંદો હોય અને તેને દર્શન દેવા આચાર્યશ્રી પધાર્યા હોય ત્યારે અન્ય કોઈ ગ્રામ્ય વાર્તા ન કરતાં શ્રી હરિની જ કથા વાર્તા કરવી અને આપણે પણ દર્દીનો જ ઈતિહાસ સંભળાવવાને બદલે તેઓશ્રીનાં કૃપા વચનો સાંભળવાનો આગ્રહ રાખવો અને મિતભાષી થવું.

૧૫. સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી ''સત્સંગી સૌ પરમ વિવેકી...'' નામના પોતાના ચાર પદના કીર્તનમાં અતિ સુંદર વિવેક જણાવતાં લખે છે કે :

(अ) આપત્‌કાળ પડે જો પોતાને, તો પણ હૃદયે વિચારી રે,
**એ બેઉના ગુરુનું કરજ ન લેવું, મારાં વચન ઉર ધારી રે,**





અર્થાત્ આપત્‌કાળમાં પણ તેઓશ્રી પાસેથી કંઈપણ કોઈ પણ જાતનું કરજ લેવું નહિ. નામવેરો વગેરે બાકી રાખીને પણ કરજ કોઈ કાળે, કોઈ રીતે ન કરવું.

(ब) **તેમ એ બેઉનાં વસ્ત્ર આભૂષણ, કોઈ દિ'માગી ના લાવવાં રે,**
**તેમ તેહનાં વાહન ન લેવાં રે, જાણવા પૂજ્યા જેવાં રે,**
**તેમ ત્રાંબાપિત્તળનાં વાસણ, આચાર્યના જે હોય રે**
**મુક્તાનંદ કહે શ્રીમુખ વાણી, માગી ન લાવવાં સોય રે**

અર્થાત્ આચાર્યશ્રીના વાહન-વાસણ વગેરે, તેમની માલિકીનું કંઈ પણ પોતે પોતાને સારું કે અન્ય કોઈના સારું ક્યારેય માગી લાવવાં નહિ.

(क) **પોતાને ઘેર વિવાહ આદિ મંગળ કારજ હોય રે,**
**અમ ઊપર કંકોતરી તેની ક્યારેય ન લખવી કોય રે,**
**આચાર્ય કે મોટેરા સાધુ મંદિરના અધિકારી રે,**
**તે ઊપર કંકોતરી ક્યારેય લખવી નહિ એ વિચારી રે**
**તેમ જ મરણની કાળાખરી પણ ગુરુ હરિ પર ન લખાય રે,**
**લેણદેણ વ્યવહાર કર્યાથી જન અપરાધી થાય રે.**

એ નોંધવું જોઈએ કે ઉપરોક્ત કિર્તનના તેમના ચારેય પદની છેલ્લી પંક્તિમાં તેઓ જ લખે છે કે આજ્ઞાવચનો ''શ્રી મુખની વાણી''નાં છે. અર્થાત્ શ્રી હરિના પોતાનાં છે અને નહિ કે માત્ર સ.ગુ. મુક્તાનંદ સ્વામીના.

> ગુરુ, દેવ અને રાજા એ ત્રણનાં દર્શનને અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું અને કોઈનો વિશ્વાસઘાત ન કરવો, અને પોતાને મુખે કરીને પોતાનાં વખાણ ન કરવાં.
>
> - શિક્ષાપત્રી શ્લો. ૩૭

## ૧૭ આચાર્ય અને ગૃહસ્થો

મંદિરોના વહીવટમાં સ્ત્રી-ધનનો યોગ સ્વાભાવિક રીતે જ થાય. તેથી શુદ્ધ ધર્મના રક્ષણને અર્થે, ત્યાગીઓ અષ્ટપ્રકારે સ્ત્રી-ધનથી દૂર રહી શકે તે સારું સંપ્રદાયનું આચાર્યપદ ગૃહસ્થમાં વેષ્ટિત કરેલું છે. પૂર્વે પણ ઘણા ત્યાગીઓ સ્ત્રી-ધનના પ્રસંગે કરીને ધર્મ થકી પડી ગયા છે અને ધર્મને બદલે અધર્મ ચલાવ્યો છે. તેથી જ આ સ્તુત્ય પગલું શ્રી હરિએ લીધેલું છે. એટલું જ નહિ પરંતુ ધર્મવંશી આચાર્ય ગૃહસ્થ હોવા છતાં પણ, ઘણાં બધાં ધાર્મિક બંધનોથી તેઓશ્રી પર નથી. દા.ત., તેઓશ્રી ગૃહસ્થ હોવા છતાં પણ બાઈઓને દીક્ષા આપી શકતા નથી, બાઈઓ સાથે વાતો પણ કરી શકતા નથી, બાઈઓને શરણમંત્ર પણ આપી શકતા નથી. બાઈઓ માટે ગુરુ પણ આચાર્ય પત્ની જ છે. સત્સંગમાં તેઓ શ્રી ગાદીવાળાં તરીકે જ ઓળખાય છે અને બાઈઓને શરણમંત્ર પણ તેઓ જ આપી શકે છે. આચાર્ય ગૃહસ્થ હોવાથી તેઓશ્રીએ શિ. શ્લો. ૧૩૫ થી શ્લો. ૧૫૬માં જણાવેલ ગૃહસ્થના વિશેષ ધર્મો ઉપરાંત તેમણે શ્લો. ૧૨૩ થી ૧૩૪માં જણાવેલ આચાર્યના વિશેષ ધર્મો પણ સવિશેષ પાળવાના રહે છે. અર્થાત્ એક સામાન્ય ગૃહસ્થ હરિભક્ત કરતાં તેઓશ્રીએ કંઈક વિશેષ પાળવાનું રહે છે અને તેથી જ તેઓ ગૃહસ્થોમાં પણ શિરોમણિ હરિભક્ત છે.

૧. પોતે ગૃહસ્થ હોવા છતાં પણ સમીપ સંબંધ વિનાની સ્ત્રીઓને ધર્મોપદેશ પણ કરી શકતા નથી તો અન્ય વાતચીત તો કરે જ ક્યાંથી ! આમ ત્યાગીની જેમ જ સ્ત્રીઓનો પણ ત્યાગ રાખે છે.

૨. મંદિરના પોતે માલિક હોવા છતાં પણ, દેવ ધર્માદાયનું અન્ન-ધન ક્યારેય પોતાના અંગત ઉપયોગમાં લેતા નથી.





એટલે ધનના પણ તેઓ ત્યાગી જ છે. પોતાની આજીવિકાને અર્થે શ્રી હરિએ બાંધેલ મર્યાદામાં રહીને જ વ્યવહાર ચલાવે છે.

૩. ત્યાગી અને ગૃહસ્થ કરતાં પણ તેઓએ વધારાના આચાર્યના ધર્મો પાળવાના છે, તે દષ્ટિએ પણ તેઓ આજ્ઞા પાલનમાં અન્ય કરતાં મોટા છે.

આવા આચાર્યશ્રીઓ પરત્વે ગૃહસ્થો અને ત્યાગીઓની ફરજો ઘણી છે. દેશ વિભાગના લેખમાં શ્રી હરિ લખાવે છે કે :

''બેય ગાદીના આચાર્યને પરસ્પર લેણદેણ આદિક વ્યવહારમાં વાંધો પડે અને તે સારું સામસામા જવાબ સવાલ કરવા પડે અથવા તે વાંધો પાર પાડવા પંચાત્ય કરવી પડે તો જે સાધુ, બ્રહ્મચારી તથા પાલા છે તેમને એ કજીયામાં નાખવા નહિ ને એમને પોતાને જાતે પણ એ કજીયામાં પડવું નહિ કેમ કે એ વ્યવહાર માર્ગને વિશે એ ત્યાગી છે તે અમંગળરૂપ છે તે સારુ એવો વાંધો પાર પાડવામાં જવાબ સવાલ કરવા તથા પંચાત્ય કરવા શ્રી નરનારાયણની હદ્યના બે ગૃહસ્થ તથા શ્રી લક્ષ્મીનારાયણની હદ્યના બે ગૃહસ્થ બાઈડી છોકરાંવાળા, પ્રમાણિક, ધર્મનિષ્ઠ, હોય તેને નાખવા ને કજીયો પાર પાડવો.

બેય આચાર્યના ઘરની બાઈયુંને પરસ્પર કોઈ જાતનો કજીયો હોય તો તેમાં બોલવા તથા કજીયો ઊકેલવા સાંખ્યજોગી વિધવા બાઈયુંને નાખવી નહિ કેમ જે વિધવા અમંગળરૂપ છે ને બેય તરફની સુવાસીની બાઈયું પ્રમાણિક ધર્મવાળીયું હોય તેને તે કજીયાની વાતમાં નાખવી તે સામસામા જવાબ સવાલ કરશે ને કજીયો ઊકેલશે એમ અમારી આજ્ઞા છે.''

અર્થાત્ બન્ને દેશની ગાદીના આચાર્યો એક સંપ થઈને જ સમગ્ર સંપ્રદાયનો વહીવટ ચલાવે તે ઊદ્દેશથી શ્રી હરિએ ઉપરોક્ત

આજ્ઞા કરી છે અને તેમાં પણ જવાબદારી ગૃહસ્થ હરિભક્તોની છે. બંને ગાદી વચ્ચે કંઈ પણ મનદુઃખ હોય તો ગૃહસ્થ બાઈ-ભાઈ હરિભક્તોની જવાબદારી છે કે તે દૂર કરવું અને બન્ને વચ્ચે સુમેળ સાધવો.

શ્રીહરિ અમદાવાદના ત્રીજા વચનામૃતમાં કહે છે કે, ''અયોધ્યાવાસી બાઈભાઈ સર્વે જેવા અમારા ગમતામાં વર્તે છે, તેવા તો પરમહંસ તથા સાંખ્યયોગીને કર્મયોગી સત્સંગી તે પણ અમારા ગમતામાં નથી વર્તતા કેમ જે, અયોધ્યાવાસીએ તો અતિશય જ સત્સંગ પરાયણ પોતાનું જીવિતવ્ય કર્યું છે. માટે અયોધ્યાવાસીની પેઠે ભગવાનને રાજી કરતાં કોઈને આવડતું નથી અને એ અયોધ્યાવાસી તો બહુ વિશ્વાસી છે, માટે કોઈક કપટી હશે તો તેમને છેતરી જશે. તે સારું તેમને કોઈ કાર્યનો આદર કરવો હોય ત્યારે મોટેરા પરમહંસ તથા મોટેરા સત્સંગી ગૃહસ્થ તેમને પૂછીને તે કામ કરવા દેવું. પણ કોઈક એક જણને કહ્યે કરવા દેવું નહિ, એવી રીતે ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીને અયોધ્યાવાસીની ખબર રાખવી એમ અમારી આજ્ઞા છે.''

અત્રે એ ઊલ્લેખનીય છે કે 'ખબર રાખવી' આ આજ્ઞા ફરજના ભાગરૂપે છે અધિકાર રૂપે નહિ. આપણે તો દાસાનુદાસ ભાવે તેઓશ્રીનું રક્ષણ થાય તેમ વર્તવાનું છે. 'ખબર રાખવી' શબ્દ આપણે કેવી રીતે વર્તણૂક રાખવી તે દર્શાવે છે, પણ આપણે આચાર્યશ્રીને કેમ વર્તાવવા તે દર્શાવતો નથી.

દેશ વિભાગના લેખના અંતમાં શ્રી હરિ લખાવડાવે છે કે, ''બેય ગાદીના આચાર્યને પરસ્પર કલેશ થાવા દેશે નહિ અને કોઈ અવળા સવળુ બતાવી પરસ્પર કલેશ કજીયો કરાવશે ને અમારી આજ્ઞાનું ઊલ્લંઘન કરશે તે અમારા વચનનો દ્રોહી છે તથા ગુરુદ્રોહી છે ને તે અમારો નથી ને તેને ચાંડાળ તુલ્ય જાણવો.''





કોઈ અસામાજિક અને અધાર્મિક તત્ત્વો એકતાનું ખંડન કરે-કરાવે નહિ તે માટે સદા જાગ્રત રહેવાનું અત્રે જણાવેલ છે. આશ્રિત સંપ્રદાયના ગમે તે વિભાગમાં રહેતો હોય, તેના વિભાગનાં મંદિરોમાં પ્રતિષ્ઠિત થયેલાં ભગવત્ સ્વરૂપો ગમે તે નામે ઓળખાતાં હોય, પણ તેના ઉપાસ્ય ઈષ્ટદેવ તો એક જ મહાપ્રભુ ભગવાન શ્રી સ્વામિનારાયણ જ છે. એના વિભાગના ધર્મદેવના વંશના આચાર્ય ગમે તે નામે ઓળખાતા હોય પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના પુત્ર સ્વરૂપે તો એક જ છે. સંપ્રદાયના બંને વિભાગોમાં વંચાતાં શાસ્ત્રો જુદાં નથી પણ એક જ છે. માટે આશ્રિત માત્રે હું આ વિભાગ-દેશનો છું એવી સંકુચિતતામાં ન અટવાતાં, આ સંપ્રદાય મારો છે, આ આચાર્યો મારા છે, આ શાસ્ત્રો મારાં છે, આ ત્યાગી મારા છે એ પ્રકારની એકતાની ભાવના દૃઢપણે રાખવી એવું આ લેખ શીખવે છે. જો તેનું ખંડન કરવામાં આવે તો તે સંપ્રદાયનો દ્રોહ કર્યો ગણાય અને પુરુષોત્તમનારાયણ જેને એમ કહે કે તું મારો નથી તે જીવને આખા બ્રહ્માંડમાં ક્યાંય સ્થાન નથી તે વિચારવું ઘટે.

**શ્રીજીમહારાજે વડતાલમાં જ્યારે બન્ને આચાર્યોની સ્થાપના કરી અને દેશવિભાગ કરી આપ્યા ત્યારે શ્રીજી મહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું કે ''સ્વામી ! આ રઘુવીરજી અને અયોધ્યા પ્રસાદજીને અમે અમારી ગાદી આપી તે ઠીક કર્યું ને ?'' ત્યારે સ્વામી કહે, ''મહારાજ આપ તો સર્વજ્ઞ છો, તે જે કરો તે અમારા કલ્યાણને માટે ઠીક જ કરો. અમને એમાં શંકા થાય જ કેમ ? આ તો આપના પુત્ર છે અને વળી સર્વ સદ્‌ગુણ સંપન્ન છે માટે અમારા સર્વની રક્ષા કરીને અમને અનેક પ્રકારનું સુખ આપશે જ. અને અમો તો આપના દાસાનુદાસ છીએ, માટે આપની આજ્ઞા એ જ અમારે સર્વથા શિરસાવન્દ્ય છે.''**

**- શ્રી હરિદિગ્વિજય ગ્રંથમાં, પ્રારંભમાં**
**સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીનું જીવન ચરિત્ર**

## ૧૮ આચાર્યની સત્તા-ફરજો

ભગવાન શ્રી હરિએ સ્વયં બંધાવેલ મંદિરો ઈત્યાદિ સર્વે બંને આચાર્યોને વહેંચતાં જણાવે છે કે ''અમો એ તમોને મંદિરો આદિક જે કંઈ આપ્યું છે તેમાં કોઈ સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા તે કોઇ કાળે દરદાવો કરશે નહિ... ને આ લિખ્યું તમો બેય ગાદીના આચાર્યને રાજી રજાવંદ કરી અમે અમારી અક્કલ ખુશીથી જથાયોગ્ય વહેંચી આપી લિખ્યું કર્યું છે તેમાં તમારા ભાઈ છે તે કોઈનો દરદાવો કશો નથી.''

અર્થાત્ આ સંપ્રદાયના મંદિરો ઈત્યાદિ શ્રી હરિએ આચાર્યશ્રીને જ આપેલાં છે તેમાં કોઈનો કશો લાગ-ભાગ, હક્ક-હિસ્સો નથી. તેનો વહીવટ કેમ કરવો તે પણ તેઓશ્રીએ જ નક્કી કરવાનું છે. જો તેમને યોગ્ય લાગે તો અન્ય ત્યાગી-ગૃહસ્થ હરિભક્તોની સલાહ માગી શકે છે, પણ તે સ્વીકારવી કે ન સ્વીકારવી તે તેઓશ્રીની મરજીની બાબત છે. મંદિરોની ધર્માદાય આવકનો મંદિરોના હિતાર્થે-દેવની સેવાપૂજામાં કેમ ઉપયોગ કરવો તે તેઓશ્રીએ જોવાનું છે.

શિ.શ્લો. ૧૨૯માં શ્રી હરિ કહે છે તેમ ''પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી તેમને અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિશે રાખવા'' અર્થાત્ જ્યાં જરૂર જણાય ત્યાં સંપ્રદાયના ધણી તરીકે, વડા તરીકે, ગુરુ તરીકે, આચાર્ય તરીકે, પોતે, અન્યને ધર્મમાં વર્તાવવા અને તે અંગે જરૂરી એવી તમામ કાર્યવાહી કરવી. આ અધિકાર તેઓને ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે આપેલો છે. તેથી શિ. શ્લો.૩, શ્લો.૧૨૮ અને શ્લો.૧૨૯ એક સાથે સંદર્ભમાં જ વાંચવા જરૂરી છે. કોઈને વિમુખ કરવો કે કોઈને આશ્રિત કરવો તે તેઓશ્રી, શિક્ષાપત્રીની આજ્ઞાના પાલનને અર્થે જ કરે છે. આચાર્યશ્રી માટે કોઈ





હરિભક્ત વહાલો કે અળખામણો નથી પરંતુ શ્રી હરિની આજ્ઞા પાળવાને સારું તેઓશ્રીએ તેમ વર્તવું જ પડે છે.

મૂર્તિ પ્રતિષ્ઠા કરવાનો અધિકાર માત્ર આચાર્યશ્રીને જ છે. સંપ્રદાયની પ્રણાલિકા મુજબ બાઈઓ માટે તેમનાં અલગ મંદિરો હોઈ શકે છે, પરંતુ આ મંદિરોમાં પણ સૌ પ્રથમ મૂર્તિ પ્રતિષ્ઠા તો આચાર્ય મહારાજશ્રી જ કરી શકે છે. તેઓશ્રી આ અધિકાર અન્ય કોઈને તબદિલ કરી શકતા નથી. અર્થાત્ અન્ય કોઈ પણ વ્યક્તિ તેઓશ્રીના બદલે મૂર્તિ-પ્રતિષ્ઠા કરી શકે નહિ. આ રીતે પ્રાણ-પ્રતિષ્ઠા કર્યા પછી જે તે દેવની નિત્ય આરતી-પૂજા-સેવા-અર્ચન-પૂજન ઈત્યાદિ તેઓશ્રીની આજ્ઞાથી બ્રહ્મચારી કરી શકે છે. શિક્ષાપત્રી શ્લોક ૬૨ મુજબ દરેક સત્સંગીની એ ફરજ છે કે, 'ધર્મવંશના આચાર્યે' પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવી શકાય અન્ય સ્વરૂપો માત્ર નમસ્કાર કરવા યોગ્ય છે તે ધ્યાનમાં રાખવું ઘટે.

શિક્ષાપત્રી શ્લો. ૧૨૮ મુજબ મુમુક્ષુજનને દીક્ષા આપવાનું કાર્ય પણ આચાર્ય જ કરી શકે છે. દીક્ષાની સવિસ્તાર વિધિ સ.જી.પ્ર.૪ અ. ૮૧માં જણાવેલી છે. આ અધિકાર અંશતઃ તબદિલ થઈ શકે તેવો અધિકાર છે. શિક્ષાપત્રી શ્લો. ૧૨૩ અને ૧૨૮ એ બંને સ.જી.પ્ર.૪અ. ૮૮ની સાથે વાંચતાં એ સ્પષ્ટ થાય છે કે તેઓશ્રી માત્ર પુરુષોને જ દીક્ષા આપી શકે. બાઈઓને દીક્ષા આપવાનું કામ, તેઓશ્રીની આજ્ઞાથી આચાર્યપત્ની જ કરી શકે છે. બાઈઓને દીક્ષા આચાર્ય-પત્ની સિવાય અન્ય કોઈ પણ આપી શકે નહિ. આ સંપ્રદાયની એ વિશેષતા છે કે ધર્મવંશી આચાર્ય સિવાય અન્ય કોઈ પણ વ્યક્તિ ગમે તેટલી મોટી હોય બ્રહ્મનિષ્ઠ હોય, વિદ્યા અને તપથી ચઢિયાતી હોય તો પણ, શ્રી હરિનું વચન છે, કે તે અન્ય કોઈને પણ દીક્ષા આપી શકે નહિ.

માટે આ 'સંપ્રદાયનો દિક્ષિત' એ અન્ય કોઈની પાસેથી દીક્ષા ગ્રહણ કરેલ વ્યક્તિ નથી પરંતુ શ્રી હરિના અપર સ્વરૂપ એવા આચાર્ય મારફતે જ દિક્ષિત થયેલ વ્યક્તિ છે અને તેવા આશ્રિતને જ સાચો આશ્રિત કહેવાય. આ જીવ જ્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાનના શરણે જાય ત્યારે આશ્રિત થયો ગણાય અને જ્યારે તે વિધિવત્ રીતે આચાર્ય થકી દીક્ષા ગ્રહણ કરે ત્યારે તે 'દિક્ષિત-આશ્રિત' થયો ગણાય.

આની બીજી વિશેષતા એ છે કે દીક્ષા ધર્મવંશી આચાર્ય થકી લેવાથી ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થવાય છે. જે-તે આચાર્યશ્રીના આશ્રિત નહિ. કેમ કે આચાર્યશ્રી તો ભગવાનના પુત્ર છે અને ભગવાનની આજ્ઞાથી તેમના વતી દીક્ષા આપે છે. આમ આ સંપ્રદાય એ ગુરુમુખી નથી. તેવી રીતે આચાર્યપત્ની શ્રી ગાદીવાળાં થકી બાઈઓ દીક્ષા ગ્રહણ કરવા માત્રથી, શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં આશ્રિત બને છે. આ વિશેષતાને લીધે તો સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે:[૪૨]

**માટે શાસ્ત્ર શાસ્ત્ર નહિ એક રે, સંત સંતમાં પણ વિવેક રે,**
**તે તો શુદ્ધ મુમુક્ષુને સૂઝે રે, સહુ સરખું એમ ન બુઝે રે,**

શ્રી હરિ પણ સ્વયં કહે છે કે[૪૩] જે એમ કહેતો હોય કે આપણે તો બધાય સાધુ સરખા છે, કેને સારો-નરસો કહીએ? તો તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને વિમુખ જાણવો. આમ આચાર્ય દ્વારા એ દીક્ષા લેનાર સાધુનું આવું મહાત્મ્ય છે, તો આ દીક્ષા આપનાર આચાર્યનું મહાત્મ્ય શું હશે તેનો વિચાર મુમુક્ષુ જને અવશ્ય કરવો ઘટે. **આચાર્યશ્રીની મોટ્યપે કરીને જ જે તે દીક્ષાર્થી આવી મોટ્યપને પામે છે અન્યથા નહિ.**

(૪૨) કલ્યાણ નિર્ણય : નિર્ણય ૪, (૪૩) વચનામૃત ગ.મ. ૬૦





શ્રીહરિએ સ્થાપેલ કે ધર્મવંશના કોઈ પણ આચાર્યે સ્થાપેલી મૂર્તિઓની સેવા યથાવિધિએ કરવી, આચાર્યશ્રીને આ આજ્ઞા શિ.શ્લો. ૧૩૦ મુજબ કરી. અત્રે ઉલ્લેખનીય છે કે મંદિરોની સંખ્યા એક કરતાં વધુ હોય ત્યારે કોઈ વ્યક્તિ જાતે, પોતે એક સ્થાનકે રહીને, અન્ય બધી જગ્યાએ આ સેવા પૂજા ન કરી શકે. તેવા સંજોગોમાં જે તે પ્રતિષ્ઠા કરેલ મૂર્તિઓની સેવા-પૂજા વિધિવત્ થાય તેવી વ્યવસ્થા કરવાની ફરજ આચાર્યશ્રીની થઈ પડે છે. જ્યાં સુધી આચાર્ય દ્વારાએ અથવા તેઓશ્રીની આજ્ઞાથી અન્ય કોઈ બ્રહ્મચારી વગેરે દ્વારાએ આમ સેવા-પૂજા થતી રહે ત્યાં સુધી તે દેવમાં દૈવત જળવાઈ રહે છે, પણ જો તે સેવા-પૂજા તેમના દ્વારાએ અથવા તેમના થકી કરવામાં ન આવે તો આવું દૈવત જળવાઈ રહે નહિ.

આચાર્ય એ આશ્રમે કરીને ગૃહસ્થ હોવાને લીધે તેઓએ શિક્ષાપત્રીમાં જણાવેલ સામાન્ય નિયમો, આચાર્યશ્રીના નિયમો ઉપરાંત ગૃહસ્થના નિયમોનું પણ પાલન કરવાનું હોય છે. શિક્ષાપત્રીમાં તેઓશ્રી માટે જણાવેલ Does અને Don'ts આ કરવું અને આ ન કરવું - એમાં મહત્ત્વની બાબત એ છે કે તેઓશ્રીએ કરવાનાં અમુક કાર્યો તેમની ફરજો અને હક્કો બન્ને સંમિશ્રિત વલણવાળાં છે. દા.ત., મુમુક્ષુ જનને દીક્ષા આપવી, ગણપતિ હનુમાનજીની પૂજા કરવી, સત્સંગીઓને ધર્મમાં રાખવા, શ્રીકૃષ્ણના સ્વરૂપોની સેવા કરવી-કરાવવી ઈત્યાદિક તેઓશ્રીના હક્કો પણ છે અને ફરજો પણ છે. તેથી આ સત્સંગ પરત્વે હક્કોનો ઉપભોગ કરવો તે પણ તેઓશ્રીની ફરજ છે! આપેલા આ હક્કોના ઉપભોગ ન કરીને તેઓ ફરજનું ઊલ્લંઘન કરે છે અને તેથી ઓછામાં ઓછું આવા હક્કોનો તેઓશ્રીએ ઉપભોગ કરવો જ રહ્યો.

ટૂંકમાં કહીએ તો આચાર્યશ્રીને મળેલા અધિકારો કોઈ વ્યક્તિ પાસેથી નહિ, કોઈ ટ્રસ્ટની સ્કીમો પાસેથી નહિ, આ લોકની

અદાલતો પાસેથી નહિ, પરંતુ સાક્ષાત્ શ્રીહરિની પાસેથી મળ્યા છે. આવા અધિકારો માત્ર મૌખિક નથી, પણ શિક્ષાપત્રીમાં શ્રીહરિએ લખ્યા છે. એટલું જ નહિ, પણ સંપ્રદાયના સત્શાસ્ત્રોમાં તે અંગેનું વિસ્તૃત વિશ્લેષણ તે વખતના સંતોએ કરેલું જ છે. આ ઉપરાંત તે વખતના સંતો, અગ્રગણ્ય હરિભક્તોની સંમતિ લઈને આ જ બાબત માટે શ્રીહરિએ પોતાની મહોરછાપ વાળો દસ્તાવેજ પણ લખાવડાવ્યો, જેની ઉપર તે બધાની સહીઓ છે અને સંપ્રદાયમાં તે દેશ વિભાગના લેખથી પ્રસિદ્ધ છે.

વધુ સ્પષ્ટતાથી કહીએ તો, શિ.શ્લો. ૧૨૯માં શ્રી હરિ ‘અધિકાર’ પ્રમાણે સત્સંગીઓને ધર્મમાં રાખવા એમ જણાવે છે અર્થાત્ આ અધિકાર છે ફરજ નહિ. તેથી આશ્રિત સત્સંગી તરીકે આપણે એવો પ્રશ્ન કરવો યોગ્ય નથી કે મને ધર્મમાં રાખવા માટે આચાર્યે આમ કેમ ન કર્યું ? માનો કે કદાચિત જો આવું ધ્યાન ન રખાય તો શું એમ કહી શકાય કે આચાર્યે શિક્ષાપત્રીની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું ? અને જો તેમ થાય તો આચાર્ય પોતે જ સત્સંગમાંથી બહાર ગણાય! એક ઉદાહરણ તરીકે એમ વિચારો કે આખું વિશ્વ સત્સંગી હોય તો આચાર્યશ્રીથી આ મનુષ્યદેહે કરીને આવી રીતે સર્વેને (each of them) ધર્મમાં વર્તાવવા કેટલે અંશે શક્ય છે? તે તપાસવા માત્રથી જ ખ્યાલ આવશે કે આવી આજ્ઞાઓ હક્કના (Rights) સ્વરૂપમાં છે ફરજના (Duties) સ્વરૂપમાં નથી. સર્વેને ધર્મમાં રખાવવા તે માટેનો પણ વિવેક છે. જેમ કે આખું વિશ્વ સત્સંગી હોય, ગમે તેટલી અગવડતા હોય તો પણ બાઈ-ભાઈની ભેગી સભા થઈ શકે જ નહિ અને કદાચિત્ થઈ હોય તો ત્યાં આચાર્યથી હાજર રહેવાય નહિ. કોઈ પણ મંદિર ગમે તેટલું નાનું હોય પણ બાઈ-ભાઈ ભેગા થઈને, સ્પર્શાસ્પર્શનો વિવેક ભૂલી જઈને દર્શન કરતા હોય ત્યાં આચાર્યથી જવાય નહિ ઇત્યાદિ.

શિક્ષાપત્રી શ્લો. ૧૨૪માં શ્રી હરિ આચાર્યને આજ્ઞા કરે છે કે કોઈની થાપણ ન રાખવી. આધુનિક યુગમાં માયાના





વંટોળમાં ફસાઈને આ જીવ, મંદિરોના નિર્માણ વગેરેમાં આચાર્યને ટ્રસ્ટી ગણે છે. ખરેખર તો તેઓશ્રીને જ શ્રીહરિએ આ મંદિરોની વહેંચણી માલિકીના ધોરણે કરેલી છે - ટ્રસ્ટીશીપના સિદ્ધાંતોને આધારે નહિ. કોઈ એક વ્યક્તિની પણ થાપણ રાખવાની શ્રી હરિ ના પાડતા હોય, તો આખા સત્સંગની થાપણ રાખવાની હા કેવી રીતે પાડે ! સત્સંગની પરિભાષામાં તેઓ અગાઉ બનાવાયેલા, અત્યારે બનતા, અને ભવિષ્યમાં બનનાર ‘શ્રી સ્વામિનારાયણ’ ના મંદિરોના સાચા માલિક છે, માત્ર ટ્રસ્ટી જ નથી અને તેથી જ આ પથ્થરના મંદિરોમાં પ્રાણ પુરનાર મૂર્તિઓમાં પણ પ્રાણ પ્રતિષ્ઠાનો અધિકાર માત્ર આચાર્યશ્રીને જ આપેલ છે.

આચાર્યશ્રીના હક્કોનું વિશ્લેષણ

- બંધારણીય હક્કો (Constitutional Rights)
  શિક્ષાપત્રી + દેશવિભાગનો લેખ
  - હસ્તાંતર ન કરી શકાય તેવા હક્કો
    દા.ત.મૂર્તિ પ્રતિષ્ઠાનો હક્ક
  - મર્યાદિત હસ્તાંતર પાત્રતાવાળા હક્કો
    દા.ત., બાઈઓને ગુરુમંત્ર આચાર્યપત્ની થકી જ અપાય, બાઈઓને દીક્ષા આચાર્યપત્ની થકી જ અપાય, આવા અધિકારો હસ્તાંતર કરવા જ પડે અને તે પણ આચાર્યપત્નીને જ.
  - હસ્તાંતર કરી શકાય તેવા હક્કો
    દા.ત., મંદિરોમાં સેવા-પૂજા સાધુ, બ્રહ્મચારી તથા સાંખ્યયોગી બાઈઓ દ્વારા થઈ શકે, સદ્વિદ્યાની પ્રવૃત્તિ અન્ય દ્વારા કરાવડાવી શકાય, અતિથિ સત્કાર અન્ય દ્વારા થઈ શકે વગેરે.
- મેળવેલા હક્કો Moral Rights
  અમ.૩ વચનામૃત, પુ. પ્રકાશ પ્રકાર ૪૦
  શિક્ષાપત્રી શ્લો. ૧૨૭, શ્લો. ૭૧ વગેરે

અત્રે એ ઊલ્લેખનીય છે કે દે.વિ.ના લેખને ન્યાયની અદાલતોએ પણ સંપ્રદાયના બંધારણ તરીકે જ સ્વીકારેલો છે. બંધારણીય હક્કોને ક્યારેય પડકારી શકાતા નથી. તેઓશ્રીના બંધારણીય હક્કો એટલે સત્સંગ સમાજની બંધારણીય ફરજો! જો તેઓ તેમના હક્કોનો ઉપભોગ ન કરે તો તેઓ દોષિત થાય. અને સત્સંગીઓ તેમની ફરજો ન નિભાવે તો તેઓ દોષિત થાય. આમ હક્કોનો ઉપભોગ કરવો તે પણ આચાર્યશ્રી માટે તો ફરજનો જ એક ભાગ છે, એ આ સંપ્રદાયની વિશિષ્ટતા છે. ઘણા હક્કો જેવા કે મૂર્તિ પ્રતિષ્ઠાનો હક્ક આચાર્યશ્રીથી પણ અન્ય કોઈને હસ્તાંતર ન કરી શકાય તેવો છે. સંપ્રદાયના આચાર્યશ્રી-સર્વેના ગુરુ-સંપ્રદાયના ધણી તરીકે ઓળખાવવાનો અધિકાર પણ અન્ય કોઈને તબદીલ ન થઈ શકે તેવો છે. ગુરુમંત્ર આપવાનો અધિકાર આંશિક રીતે તબદીલ થઈ શકે તેવો છે, કરવો જ પડે તેમ છે. બાઈઓને ગુરુમંત્ર ગાદીવાળાં થકી લેવાની શ્રીહરિએ આજ્ઞા કરી. આચાર્યશ્રી સૌ પ્રથમ ગુરુમંત્ર ગાદીવાળાંને આપી તેઓને આજ્ઞા કરે છે કે બાઈઓને આ ગુરુમંત્ર તેઓએ પ્રદાન કરવો. અર્થાત્ મૂળ મંત્ર તો આચાર્યે જ ઉપદેશેલ છે, પણ ભૌતિક રીતે ગાદીવાળાંના માધ્યમ દ્વારા જ તે બાઈઓને આપી શકાય છે. આમ આ અધિકાર આટલા પુરતો હસ્તાંતર કરવો જ પડે  તેવો છે. મંદિરોના વહીવટ બાબતે આચાર્યશ્રીનો નિર્ણય આખરી ગણાય તેવી સંપ્રદાયની પ્રણાલિકા છે. શ્રી વિહારીલાલજી મહારાજશ્રી લખે છે કે :[૪૪]

**સદા એની આજ્ઞા સુણી સુખેથી અનુસરો,**
**તેની સાથે વચનથી વિવાદે નવ કરો ।**
**મહન્તાઈ આપે કદી વળી ઉથાપે તહીં થકી,**
**તમે ચિત્તે તેથી સુખ-દુઃખ ન રાખો લવ નકી ॥**

(૪૪) શ્રી હરિલીલામૃત કળશ ૮ વિશ્રામ ૪૭





શ્રીહરિ શિક્ષાપત્રી શ્લો. ૭૧માં પણ આજ્ઞા કરે છે કે અમારે આશ્રિત જનોએ આચાર્યશ્રી સાથે વાદ-વિવાદ ન કરવો અર્થાત્ તેઓશ્રીની આજ્ઞા શિરોમાન્ય ગણી તે જ પ્રમાણે વર્તવું. મંદિરોમાં પ્રતિષ્ઠા કરેલ દેવોની સેવા-પૂજાની જવાબદારી આચાર્યશ્રીને સોંપી (શિક્ષાપત્રી શ્લો. ૧૩૦) છે, તે અધિકાર અન્ય યોગ્ય વ્યક્તિને તબદિલ થઈ શકે તેવો છે. આવી સેવા-પૂજા સાધુ બ્રહ્મચારીઓ મારફતે યથાવિધિ કરાવી શકાય છે. અન્નાર્થીની યથાયોગ્ય સંભાવના કરવાની જવાબદારી (શિક્ષાપત્રી શ્લો. ૧૩૧) જે તે મંદિરના અધિકારી મારફતે પણ નિભાવી શકાય તેવી છે. આ ઉપરાંત અનેક ઠેકાણે શ્રીહરિએ સત્સંગીઓને ધર્મકુળ-ધર્મવંશી આચાર્યોની ખબર રાખવાની આજ્ઞા કરી છે.[૪૫] સંપ્રદાય સમસ્ત તરફથી આવો સાથ-સહકાર મેળવવાનો પણ અધિકાર આચાર્યશ્રીને છે. હરિભક્ત તરીકે આપણે ધર્મકુળની 'ખબર રાખવાની' છે પણ 'ખબર લઈ કાઢવાની' નથી. એ સામાન્ય વિવેક આપણે ભૂલવો ન જોઈએ. દા.ત., આપણા પાડોશીનો પણ આપણા દીકરા ઉપર અધિકાર છે પણ કેટલા અંશે ? માબાપ જેટલો તો નહિ જ. અને મા-બાપનો અધિકાર પણ ચાર વર્ષના દીકરા ઉપર હોય તેટલો ચાલીશ વર્ષના દીકરા ઉપર નહિ.

> પોતાના આશ્રિત જે સત્સંગી તેમને અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા અને સાધુને આદર થકી માનવા તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ આદર થકી કરવો.
>
> - શિક્ષાપત્રી શ્લો. ૧૨૯

(૪૫) વચનામૃત અમદાવાદ-૩

## ૧૯ આચાર્ય અને શ્રી હરિ

શ્રીહરિએ વિ.સં. ૧૮૫૭ના કાર્તિક સુદ ૧૧ના રોજ પીપલાણા ગામે ઉદ્ધવ સંપ્રદાયની ભાગવતી મહાદીક્ષા ગ્રહણ કરી અને વિ.સં. ૧૮૫૮ના કાર્તિક સુદ ૧૧ ના રોજ જેતપુર ગામે સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી પાસેથી ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા ગ્રહણ કરી. ત્યારબાદ સૌ પ્રથમ વિ.સં. ૧૮૭૫ના ફાગણ સુદ ૧૦ના દિવસે વડતાલમાં ધર્મકુળના સભ્યો શ્રીહરિને મળ્યા.[૪૬] અષાઢી સંવત ૧૮૪૯ના અષાઢ સુદ ૧૦ના રોજ અયોધ્યામાંથી શ્રીહરિએ ગૃહત્યાગ કર્યો હતો ત્યારથી માંડીને લગભગ ૨૬ વર્ષ સુધી ધર્મકુળને શ્રી હરિનો મેળાપ રહ્યો ન હતો. પરંતુ જ્યારે ધર્મકુળ સત્સંગમાં આવ્યું ત્યારે શ્રીહરિએ તેમનો સ્નેહ, ભક્તિભાવ, ધર્મનો ખપ, આજ્ઞામાં વર્ત્યાનો ખટકો ઈત્યાદિ જોઈને તેમની ઉપર અપાર રાજીપો દર્શાવ્યો. સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી ભ.ચિં.પ્ર. ૯૧માં લખે છે કે :

**અયોધ્યાવાસી આવ્યા, હરિપ્રસાદનો પરિવાર ।**
**સંબંધી શ્રીમહારાજનાં, સત્સંગનો શણગાર ॥**

(૪૬) હરિલીલા પ્રદિપ કિરણ ૨ અધ્યાય ૨૫માં જણાવ્યા મુજબ ધર્મકુળના સભ્યો શ્રીજી મહારાજને પહેલ વહેલા લોયા શાકોત્સવ પ્રસંગે મળ્યા હતા એ માન્યતા બરોબર નથી. લોયાના શાકોત્સવનું વર્ણન સ.જી. ૪/૧૭માં કરેલું છે તેમાં રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈ પહેલવહેલા સંપ્રદાયમાં આવ્યા એવો કોઈ ઉલ્લેખ કરેલો જણાતો નથી, પણ ત્યાં તેમને વસ્ત્રાલંકાર આપ્યાં એટલો જ ઉલ્લેખ કરેલો છે. જ્યારે સ.જી. ૩/૪૯માં એમના આગમનનું સભામાંથી ઊઠીને શ્રી હરિએ સામા જઈને તેમને આવકાર આપ્યાનું અને કુળના બધા સભ્યોના નામો વગેરેનું વર્ણન કરેલું છે. હરિલીલામૃતમાં ક. ૭ વિ. ૮૩માં શાકોત્સવનું વર્ણન કરેલું છે તેમાં બન્ને ભાઈઓ કંઈક કામે દેશમાં ગયા હતા, તે પાછા આવ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. ભ.ચિં. પ્ર. ૯૦માં પણ અયોધ્યાવાસી વડતાલમાં સૌ પ્રથમ મળ્યા હતા તેનો ઉલ્લેખ છે.





શ્રીહરિના શબ્દોને કાવ્યમય દેહ આપતાં તેઓ પુરુષોત્તમ પ્રકાશ પ્રકાર ૩૯માં જણાવે છે કે :

**કાંજે એ છે ધર્મનું કુળ રે, માટે એ વાતનું ઊંડુ મૂળ રે, ।**
**જેવું અમારું કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે ॥**

વિ.સં. ૧૮૮૨ના કારતક સુદ ૧૧ના દિને શ્રીહરિએ વડતાલમાં દેશ વિભાગ કર્યા અને આચાર્યોની સ્થાપના કરી. ત્યાર પછીના માત્ર ત્રણ-ચાર માસના ટૂંકા ગાળામાં અ.સં. ૧૮૮૨ના ફાગણ વદી ૨ ના દિવસે અમદાવાદમાં (વચનામૃત અમ. ૩) શ્રીહરિએ નીચે પ્રમાણે શબ્દો ઉચ્ચાર્યા છે :

''આ સમયમાં તો અયોધ્યાવાસી બાઈભાઈ સર્વે જેવા અમારા ગમતામાં વર્તે છે તેવા તો પરમહંસ તથા સાંખ્યયોગી ને કર્મયોગી સત્સંગી પણ અમારા ગમતામાં નથી વર્તતા. કેમ જે અયોધ્યાવાસીએ તો અતિશય જ સત્સંગ પરાયણ પોતાનું જીવિતવ્ય કર્યું છે. **માટે અયોધ્યાવાસીની પેઠે ભગવાનને રાજી કરતાં કોઈને આવડતું નથી.''**

દેશ વિભાગ અને આચાર્ય પદ સ્થાપન કર્યા પછીના લગભગ ત્રણેક માસ પછીના સમયમાં શ્રી હરિ સ્વયં, આ સંપ્રદાયની ગુરુ પરંપરા 'અવશ્યપણે' જાણવી જ જોઈએ તેવી આજ્ઞા કરે છે.[૪૭]

સંવત ૧૮૮૬ના ચૈત્ર વદી ૭ના રોજ, શ્રીજી મહારાજ ગઢડામાં હતા અને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પાસે વડતાલમાં શ્રી રણછોડરાયજીની મૂર્તિ પ્રતિષ્ઠા કરાવી.[૪૮] આમ શ્રીજીએ પોતાની હયાતીમાં જ, આચાર્યશ્રીનો મહિમા પોતે સમજી પાળી અને પળાવ્યો હતો.

(૪૭) વચનામૃત : વરતાલ ૧૮ અ.સં. ૧૮૮૨ મહા સુદ પડવાને દિવસે

(૪૮) શ્રી હરિલીલામૃત : કળશ ૯, વિશ્રામ ૧૩

ગઢડામાં શ્રીહરિ અયોધ્યાવાસીને ઘેર પણ રહેતા. તેનો વચનામૃતમાં પણ ઊલ્લેખ કરેલો છે[૪૯]

સંપ્રદાયના તત્ત્વજ્ઞાનના ભંડાર સમા શાસ્ત્ર વચનામૃતમાં તથા શ્રી હરિદિગ્વિજયમાં અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીના તત્ત્વજ્ઞાનને લગતા પ્રશ્નો છે.[૫૦]

અયોધ્યાવાસીઓના આગમન પછી બંને ભ્રાતાઓની વિનવણીથી શ્રીહરિ તેઓને ત્યાં વારાફરતી જમતા અને શ્રીહરિનો થાળ બનાવવાની સેવા શ્રી હરિ પોતાના કુટુંબીજનોને આપતા[૫૧] આનું સવિસ્તર વર્ણન શતાનંદ મુનિએ સ.જી.માં કર્યું છે. શ્રી હરિએ અયોધ્યાવાસીઓને દ્વારિકાની યાત્રા કરવાની આજ્ઞા કરેલી તે મુજબ તેઓએ યાત્રા કરેલી (સ.જી.પ્ર.૪ અ. ૪૮), શ્રીહરિએ અયોધ્યાવાસીઓની સાથે શ્રી રામાયણ આદિ સત્‌શાસ્ત્રોની કથા વિધિપૂર્વક સં. ૧૮૭૭ના જેઠ સુદ-૧૧ના રોજ સાંભળેલી છે. (સ.જી.પ્ર.૪ અ.૨૫)

જ્યારથી અયોધ્યાવાસી આ સત્સંગમાં આવ્યા ત્યારથી શ્રીહરિ કહે છે કે[૫૨]

**પછી બોલિયા શ્રીમહારાજ, તમે સાંભળો સહુ મુનિરાજ ।**
**જે દિ' ના આવ્યા અયોધ્યાવાસી, થયું સારું મેં જોયું તપાસી।**
**સત્સંગનું જામિયું મૂળ, જ્યારે આવ્યું એ ધર્મનું કુળ ।**

શ્રીજી મહારાજ અયોધ્યાવાસીઓને 'તમે સર્વે મારા કહેવાઓ છો' એમ ભારપૂર્વક ગણતા. અને તેમની કસર ટાળવાનો ખટકો રાખતા (ગ.મ. ૪૫ વચનામૃત.) આમ અયોધ્યાવાસીઓ ઉપર શ્રીહરિનો અતિશય રાજીપો હતો.

(૪૯) વચનામૃત ગ.મ. ૪૩ સં. ૧૮૮૦ના પોષ સુદ ૪
(૫૦) વચનામૃત ગ.મ.૬૨, ગ.અં. ૧૮, ગ.અં.૧૪, શ્રી હરિદિગ્વિજય ઉલ્લાસ ૪૭
(૫૧) સ.જી. પ્રકરણ ૩ અધ્યાય ૫૬ (૫૨) ભ.ચિં.પ્ર. ૮૭





## ૨૦ ઉપસંહાર

ભગવાન શ્રી હરિએ છેક અક્ષરધામમાંથી આ અવની ઉપર આવીને જીવોના કલ્યાણને અર્થે ઘણોક દાખડો કર્યો. પોતે પ્રગટ-પ્રત્યક્ષ પરમાત્મા હોવાથી ત્રણ ગૂઢ સંકલ્પો દ્વારા સત્સંગમાં પ્રગટપણે વિચરવાનું વચન આપ્યું. પોતે રચેલાં-રચાવડોલાં શાસ્ત્રો, ધર્મવંશી આચાર્ય અને પોતે-આચાર્યે પ્રતિષ્ઠા કરેલ મૂર્તિઓ એ પોતાનું જ સ્વરૂપ છે, એમ વારંવાર જણાવ્યું. આચાર્યોને આપણા ગુરુપદે સ્થાપ્યા. આચાર્યોને આખા સંપ્રદાયના (સંપ્રદાયના હરિભક્તો, શાસ્ત્રો, મૂર્તિઓ, મંદિરો તમામના) ધણી બનાવ્યા, મંદિરો આદિક તેમને સોંપ્યું. તે માટે શિક્ષાપત્રી, દેશ વિભાગનો લેખ ઈત્યાદિકમાં ઘણી સ્પષ્ટતા કરી. પોતે પોતાની હયાતી દરમિયાન જ ધર્મવંશી આચાર્યોનું ઘણુંક મહાત્મ્ય જણાવ્યું. સર્વે ત્યાગી ગૃહી બાઈ-ભાઈ સમસ્તને તે જ પ્રમાણે વર્તવાની આજ્ઞા કરી અને તે સર્વે પણ તેમ જ વર્ત્યા. આપણા સર્વેના પ્રતિનિધિઓ તરીકે અગ્રગણ્ય સંત હરિભક્તોએ દેશ વિભાગના લેખમાં સહીઓ કરી આપી, તે જ વિશ્વાસે કે આપણે સર્વે પણ તે જ પ્રમાણે વર્તીશું.

ભગવાને ધર્મવંશી આચાર્યોએ પણ કેમ વર્તવું, પોતાના આશ્રિતોને ધર્મમાં કેમ વર્તાવવા, આચાર્ય પત્નીઓએ પણ કેમ વર્તવું, અનુગામી આચાર્યની પસંદગી કેમ કરવી ઈત્યાદિક ઘણી ઘણી આજ્ઞાઓ - સ્પષ્ટતાઓ શિક્ષાપત્રી, દેશ વિભાગનો લેખ ઈત્યાદિકમાં કરી. સુજ્ઞ આશ્રિતમાત્રે એ ખાસ નોંધવું જોઈએ કે, આપણા જીવના કલ્યાણને અર્થે ભગવાને આચાર્યપદનું સ્થાપન કર્યું છે. તેથી આપણે એક શિસ્તબદ્ધ સૈનિકની જેમ બીજો કશો વિચાર કર્યા વગર, શ્રીહરિ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને આચાર્યોની આજ્ઞામાં જ વર્તવું જોઈએ. આમાં અંધશ્રદ્ધા નથી પણ પરાત્પર

પરમાત્માને વિષે સર્વોપરીની- ભગવાનપણાની નિષ્ઠા છે. આપણે કેમ વર્તવું તે શ્રી હરિએ આપણને જણાવ્યું છે, બીજાએ કેમ વર્તવું તેનું ધ્યાન રાખવાની જવાબદારી શ્રી હરિએ આપણને સોંપી નથી, તેનું નિત્યે અનુસંધાન રાખવું. આચાર્યોની આજ્ઞામાં વર્ત્યાથી આપણે શ્રીહરિની આજ્ઞા પાળીએ છીએ અને આચાર્યોની આજ્ઞા ઉલ્લંઘવાથી આપણે શ્રી હરિની આજ્ઞાનું ઉલ્લંઘન કરીએ છીએ તે ભુલવું ન જોઈએ. સર્વે જીવોને શ્રી હરિએ ખાસ ભલામણ કરી કેઃ

મારા ધામમાં આવવા સહુ રે, એવા કર્યા ઉપાય મેં બહુ રે,
સર્વે ઉપાય કીધા છે સારા રે, તેમાં તરશે જીવ અપારા રે,
**પણ છેલ્લો છે આ જે ઉપાય રે, બહુ જીવ તરશે આ માંય રે,**
**ધર્મવંશી આચારજ ધાર્યા રે, ગુરુ કરી ગાદીએ બેસાર્યા રે,**
કામ કર્યું છે એહ સારુ રે, મન માન્યું છે બહુ અમારું રે,

આમ કલ્યાણને અર્થે સર્વે ઉપાય કર્યા બાદ પણ, શ્રીજીએ કહ્યું કે આ ધર્મવંશી આચાર્ય સ્થાપ્યાનો ઉપાય એ છેલ્લો ઉપાય છે. જેણે કરીને આ જીવ આત્યંતિક કલ્યાણને પામે. સામાન્ય કોટીના જીવને જન્મ અને મરણ તેના કર્મના બંધનને અનુસારે પ્રાપ્ત થાય છે, પણ ધર્મની આ ગાદી ઉપર જે જીવ આવે છે, તેને તો સાક્ષાત્ શ્રી હરિ પોતે જ મોકલે છે. શ્રીજીની ઈચ્છા હોય તેને અનુસારે જ જે તે જીવ આ ગાદી ઉપર આવે છે, કેમ કે, તે શ્રીજીનું અપર સ્વરૂપ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્ઞાની ભક્તોને શ્રેષ્ઠ ગણ્યા છે, શ્રીકૃષ્ણચંદ્રે પણ ગીતાજીમાં જ્ઞાની ભક્તોને પોતાના આત્મા તરીકે ઓળખાવ્યા છે, અર્થાત્ શુદ્ધ સનાતન ધર્મમાં અંધશ્રદ્ધા કે પોપટીયા જ્ઞાનને સ્થાન નથી. શ્રી હરિએ પણ આચાર્યપદનો આ બધો ઉલ્લેખ પોતે જાતે કર્યો કરાવડાવ્યો છે, તેને દરેક મુમુક્ષુ જને વાંચવો-સમજવો જ ઘટે





અને તે પ્રમાણે વર્ત્યાથી જ શ્રી હરિમાં આપણને ભગવાનપણાનો કેટલો નિશ્ચય છે તેની ખબર પડે.

જગતમાં બીજા કહેવાતા ભગવાનો, આચાર્યોમાં અને શ્રીજી સ્થાપિત ધર્મવંશી એવા આ બે દેશની ગાદીના આચાર્યશ્રીઓમાં ઘણો ફેર છે. એક આ જીવને કલ્યાણના માર્ગ થકી પાડે છે, જ્યારે બીજાનું લક્ષ્ય માત્ર આ જીવનું આત્યંતિક કલ્યાણ કેમ થાય તે છે. એક શ્રીજીના વચનોથી વિમુખ વર્તે છે, જ્યારે બીજા શ્રીજીની આજ્ઞાએ કરીને ગાદીપતિ થયા છે. કલ્યાણ ક્યાંય વેચાતું મળતું નથી. કલ્યાણ તો પ્રગટ પ્રભુના આશરે કરીને છે. આ પ્રગટ પ્રભુનો આશરો ધર્મવંશી આચાર્ય પાસેથી મંત્રદીક્ષા લીધા વિના થતો નથી. માટે આપણે આપણા કલ્યાણને અર્થે ધર્મવંશી એવા આચાર્યનું શરણ ગ્રહણ કરવું એ જ સારમાં સાર છે.

આચાર્યપદનું સ્થાપન શ્રી હરિએ આ મંદિરો ઈત્યાદિકના વહીવટને અર્થે જ નથી કર્યું, શ્રીહરિ આપણને ઉદ્દેશીને લખેલી શિક્ષાપત્રીમાં કહે છે કે 'धर्मरक्षणहेतवे' એ જ એનો ઉદ્દેશ છે. શ્રી હરિએ આપણા કલ્યાણને અર્થે આ દાખડો કર્યો છે તે દાખડા સામું આપણે જરૂર જોવું. આપણે આપ ડહાપણ મૂકીને શ્રીજીએ ડહાપણ વાપરીને કરેલા ઉપાયમાં જ શ્રદ્ધા રાખીને વર્તવું ઈષ્ટ છે. અત્યારે જગતમાં ઘણા મનુષ્યો જ્ઞાન અને ઉપાસનાની ઓથ લઈને જુદા ચોકા-વાડા બાંધવામાં ગુલતાન છે, ત્યારે આપણે આપણો જુદો ચોકો-વાડો ન બાંધતાં, જે ચોકો-વાડો શ્રી હરિએ બાંધ્યો છે, જે ચોકા-વાડાને શ્રી હરિએ પોતાનો ગણ્યો છે, તેમાં જ પ્રતીતિ રાખવી શ્રેયસ્કર છે. પણ આ જીવની એવી અવળાઈ છે કે પોતે શ્રી હરિએ કરેલી આચાર્યપદની વ્યવસ્થાને ફગાવી દઈને, આ નાશવંત લોકની ન્યાયની અદાલતોની સ્કીમો ઉપર વિશ્વાસ રાખે ! પણ સુજ્ઞ જને એ ખાસ નોંધવું ઘટે કે આપણું

આત્યંતિક કલ્યાણ આ લોકની અદાલતોના હાથમાં નથી, પરંતુ સર્વેશ્વર શ્રી હરિના હાથમાં છે. સુજ્ઞેષુ કિં બહુના મુમુક્ષુએ નીર-ક્ષીરનો વિવેક રાખી પોતાના જીવના કલ્યાણને અર્થે શ્રીજીએ કરેલા આ ઉપાયનો ઉપયોગ કરી આત્મોન્નતિ સાધવી. આ પુસ્તકના પ્રકાશનનો હેતુ પણ તે જ છે કે મુમુક્ષુઓને શ્રીજી સ્થાપિત ધર્મવંશી આચાર્યપદનો સાચો ખ્યાલ આવે, શ્રીજી આજ્ઞાને વાંચે-વિચારે-સમજે અને તે પ્રમાણે ધર્મવંશી આચાર્યપદને વિશે નિયમ-નિશ્ચય-પક્ષ દૃઢપણે રાખે અને બીજાને પણ આ વાત સમજાવે. પોતે આત્યંતિક કલ્યાણને પામે અને બીજાને પણ આ માર્ગ બતાવે. અંતમાં,

સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞાલોપ
રાજી કરવાનું રહ્યું પરું, પણ કરાવીયે નહિ હરિને કોપ
મોટાને પણ માનવા જોગ્ય, આજ્ઞા શ્રી જગદીશની
છોટી મોટી જે આગન્યા તે, છે સરવે વસા વિશની
(વચનવિધિ-શ્રી નિષ્કુળાનંદ સ્વામી)

> ''શ્રી ધર્મવંશના બેય ગાદીવાળા આચાર્ય વિના અન્ય મતવાળા હરકોઈ મનુષ્ય શાસ્ત્રે તથા જોગે તથા તપે તથા વૈરાગ્યાદિક ગુણે વિશેષ હોય ને તેથી શ્રી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્ય ન્યૂનપણે જાણ્યામાં આવે તો પણ, સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા સમસ્ત તથા સત્સંગી સમસ્તને અમારી એમ આજ્ઞા છે જે તમારા જીવના કલ્યાણને અર્થે શ્રી ધર્મવંશના બે ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજ્યો ને મન-કર્મ-વચને તેમની આજ્ઞામાં રહેજ્યો. ને તેમાં ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં, કોઈ કાળે સુખ થાશે નહિ, ને અતિ કષ્ટને પામશે.''
>
> - શ્રીહરિ (દે.વિ.નો લેખ)





# ૨૧ પરિશિષ્ટો

## પરિશિષ્ટ-૧

### ભક્ત ચિંતામણિ ગ્રંથ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ લખેલો છે તેમાંથી

### પ્રકરણ-૯૦

**ચોપાઈ**

ગઢડામાં રહે ઘણું ઘણું, ધન્ય ભાગ્ય એ ભૂમિકાતણું ।
એક રહી ગઈ વાત અનુપ, સૂણ્યા સરખી છે સુખરૂપ ॥ ૩૩ ॥
**આગે આવ્યાંતાં અયોધ્યાવાસી, તેની વાત મેં નોતિ પ્રકાશી ।**
**તેહ હવે કહું છું વિસ્તારી, સૂણી સુખ પામે નરનારી** ॥ ૩૪ ॥
**અનુક્રમે મળી કે ન મળી, પણ કહેવી છે વાત સઘળી ।**
રામપ્રતાપ ને ઈચ્છારામ, તે તો રહ્યા હતા નિજધામ ॥ ૩૫ ॥
તિયાં સંતે વાત જઈ કરી, તમારે ઘેરે પ્રકટ્યા હરિ ।
કહી એધાણી સહિત વાત, આવી પ્રતીતિ થયા રળિયાત ॥ ૩૬ ॥
એવું સૂણી ચાલ્યા તત્કાળ, વૃદ્ધ જોબન ને નાના બાળ ।
સંગે લઈ અશ્વ ને પાલખી, આવ્યાં સહજમાં ન થયાં દુઃખી ॥ ૩૭ ॥
પશ્ચિમ ખંડમાં પાંચાળ દેશ, જિયાં હરિ વિચરે હંમેશ ।
કાજુ ગામ વરતાલ જાણી, પોતે હતા ત્યાં શારંગપાણી ॥ ૩૮ ॥
તિયાં આવ્યાં અયોધ્યાનાંવાસી, સામા જઈ મળ્યા અવિનાશી ।
કાર્તિક માસ સુદિ ચતુરથી, તેદી આવ્યા અયોધ્યાપુરથી ॥ ૩૯ ॥
આવ્યા અયોધ્યાવાસી એ દન, કર્યાં મહારાજના દર્શન ।
મળી લળી લાગ્યાં સહુ પાય, ચાલ્યાં નીર તે નયણામાંય ॥ ૪૦ ॥
કરી રુદન ચરણ ન મુકે, આંખ્યમાહિંથી આંસુ ન સુકે ।
હેતે હિબસે વિયોગ દુઃખે, ભાગ્યાં અક્ષર બોલે છે મુખે ॥ ૪૧ ॥
હે મહારાજ ! આવું કેમ કીધું, ચાલ્યા ફરીને દર્શન ન દીધું ।
જેમ દર્શન ન દીધું દયાળ, તેમ પાછી ન લીધી સંભાળ ॥ ૪૨ ॥
શિયો વાંક અમારો હો નાથ, ચાલ્યા અમને કરી અનાથ ।

વા'લા તમે અમને વિસાર્યા, અમે વિલખી વિલખી હાર્યા ॥ ૪૩ ॥
તમે ચાલ્યા ત્યાંથી જગદીશ, તેને વર્ષ થયાં અઠયાવીશ ।
તેમાં એક સંદેશો ન કહાવ્યો, એવડો શિયો અભાવ આવ્યો ॥ ૪૪ ॥
હશે વાંક વાલાજી અમારો, એમાં દોષ નથી જો તમારો ।
હશે અપરાધ અમારા નાથ, જોશો મા એમ કહી જોડ્યા હાથ ॥ ૪૫ ॥
નાથ કહે નથી દોષ તમારો, છે સ્વભાવ એવો જ અમારો ।
જીયાં રહીએ તિયાં હળીમળી, વિસાર્યા ન સંભારીએ વળી ॥ ૪૬ ॥
**હોય હરિમાંહિ હેત જેને, અમે નિત્ય સંભારું છું તેને** ।
**બીજાં સાથે છે થોડેરું હેત, એમ બોલ્યા કરુણાનિકેત** ॥ ૪૭ ॥
જેમ હતું પોતાનું વર્તન, તેમ જણાવી દીધું જીવન ।
એમ મળ્યા સંબંધીને શ્યામ, પામ્યા અયોધ્યાવાસી આરામ ॥ ૪૮ ॥

ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્ત ચિંતામણિ મધ્યે શ્રી હરિ ચરિત્રે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરીને ત્યાં અયોધ્યાવાસી આવ્યા એ નામે નેવુંમું પ્રકરણમ્

## પ્રકરણ-૯૧

### પૂર્વછાયો

અયોધ્યાવાસી આવિયા, હરિપ્રસાદનો પરિવાર ।
સંબંધી શ્રીમહારાજનાં, સત્સંગનો શણગાર ॥ ૧ ॥

### ચોપાઈ

થયા રાજી અયોધ્યાના વાસી, નયણે નિરખ્યા શ્યામ સુખરાશી ।
પછી સંગે તેડીને શ્યામ, આવ્યા પ્રભુજી ગઢડે ગામ ॥ ૨ ॥
તેને આપ્યાં ઉતરવા ઘર, ઘણું ઘટિત સારાં સુંદર ।
પછી કરી છે રૂડી રસોઈ, જમ્યા માવ ભાવ તેનો જોઈ ॥ ૩ ॥
પછી જમ્યા છે અયોધ્યાવાસી, વળતી વાલ્યમે વાત પ્રકાશી ।
પૂછ્યાં દેશ નગર ને ગામ, પૂછ્યાં સર્વે ઠેકાણાં ને ઠામ ॥ ૪ ॥





પૂછ્યાં વન વાડી વૃક્ષ વટ, પૂછ્યાં નદી તળાવ ને તટ ।
પૂછ્યાં શહેર બજારો ને ઘર, પૂછ્યાં ત્યાગી ગૃહી નારીનર ॥ ૫ ॥
પૂછ્યાં હરિમંદિર ધર્મશાળા, પૂછ્યાં તીરથ ઘાટ સઘળા ।
તેનાં આપી આપીને એંધાણ, કર્યાં સર્વે સ્થળનાં વખાણ ॥ ૬ ॥
પછી કહ્યું વાસી અયોધ્યાને, કાંઈક દીઠા સાંભળ્યા છે કાને ।
સર્વે યથારથ નવ જાણું, એમ કહીને જોડી છે પાણું ॥ ૭ ॥
પછી બોલ્યા આપે અવિનાશી, તમે સાંભળો અયોધ્યાવાસી ।
જે જે સ્થળનાં લીધાં છે નામ, તેમાં ફરતા અમે આઠું જામ ॥ ૮ ॥
રહેતા રમતા ઘટે તેનું જમતા, હતા નાના સહુને ગમતા ।
પડી ટેવ તેણે બહુ ફરતા, મોટીમોટી નદીયો ઉતરતા ॥ ૯ ॥
રહેતા થોડું અમે ઘરમાંય, આજ ઈયાં કાલ વળી ક્યાંય ।
**હતું હેત હરિ કથામાંઈ, બીજી વાત ન ગમતી કાંઈ** ॥ ૧૦ ॥
**ગમતા ભક્તિવાન ત્યાગી જ્ઞાની, ભૂંડા લાગતા દેહાભિમાની** ।
હતો સ્વભાવ ચટકીદાર, કઠણ વચન ન સહેતા લગાર ॥ ૧૧ ॥
હાંસી મશકરી ન ગમે ક્યારે, ઠઠા ઠિંગાઈશું વેર મારે ।
જે કોઈ બેઠું હોય અમપાસ, તે પણ કરી શકે નહિ હાસ ॥ ૧૨ ॥
અમે કહ્યો અમારો સ્વભાવ, એમ કહી રહ્યા મૌન માવ ।
પછી બોલ્યા અયોધ્યા રહેનાર, એમાં નથી પ્રભુ ફેરફાર ॥ ૧૩ ॥
એમ કરતાં સાંભળતાં વાત, વહી ગઈ વિનોદમાં રાત ।
પછી દિવસ બીજે દયાળે, કહ્યું જે જે પૂછ્યું કૃપાળે ॥ ૧૪ ॥
સુત મામાનો મનછારામ, અતિવૃદ્ધ જાણો બહુનામ ।
તેને પૂછે છે સુંદરશ્યામ, કહો અમારાં કુળનાં નામ ॥ ૧૫ ॥
બાલપણામાં અમે નિસર્યા, કુળ કુટુંબના નામ વિસર્યા ।
માટે કુલપરંપરા જેહ, કહો પરિવાર સહિત તેહ ॥ ૧૬ ॥
ત્યારે બોલ્યા અયોધ્યાના વાસી, તમે સાંભળજ્યો સુખરાશી ।
જેજે જાણ્યાં સાંભળ્યા મેં નામ, તેહ કહું સુણો મારા શ્યામ ॥ ૧૭ ॥

પુણ્યવાન પાંડે કન્હીરામ, રહે શર્વારિ ઈટાર ગામ ।
તેના સુત તે બાલકરામ, તેની ત્રિયા ભાગ્યમાની નામ ॥ ૧૮ ॥
તેના સુત એક શુભમતિ, દોષે રહિત દયાળ અતિ ।
**નામ હરિપ્રસાદ તે કહીએ, તેતો ધર્મનો અવતાર લહીએ** ॥ ૧૯ ॥
મોટા યશવાળા સહુ જાણે, સારા સ્વભાવ સહુ વખાણે ।
એવા હરિપ્રસાદનો કહું, જેનો પુણ્યનો પાર ન લહું ॥ ૨૦ ॥
લુણાપારના ત્રવાડી કહીએ, બાળકૃષ્ણના કાલુ તે લહીએ ।
તેને ઘેર છે ભવાની નાર, તેતો અતિ પવિત્ર ઉદાર ॥ ૨૧ ॥
તેને ત્રણ સુત સુતા ત્રણ, તેહ કહું સૂણો અશરણશરણ ।
વિશરામ સુબુદ્ધ ઘેલહી, કાલુસુત કહ્યા ત્રણ તેહી ॥ ૨૨ ॥
ચંદન વસંતા ને બાલાબાઈ, કાલુસુત એ ત્રણે કહેવાઈ ।
ચંદનપતિ પાંડે શરધાર, વસંતાપતિ બલધિધાર ॥ ૨૩ ॥
**બાલાબાઈ જે નિશ્ચે ભગતિ, તેના હરિપ્રસાદજી પતિ** ।
કહું તેનો હવે પરિવાર, તમે સાંભળો પ્રાણઆધાર ॥ ૨૪ ॥
તેના સુત સુખરુપ ત્રણ, તમે સહિત ભવ દુઃખહરણ ।
મોટેરા તે શ્રીરામપ્રતાપ, બીજા તમે શ્રીહરિજી આપ ॥ ૨૫ ॥
ત્રિજા ઈછારામજી કહેવાય, જેની મોટયપ કહી ન જાય ।
બેઉ ભાઈ અતિશે ઉદાર, જેનો યશ ઉત્તમ અપાર ॥ ૨૬ ॥
સર્વે રીત્યે સુખિયા છે એહ, એક તમ વિના દુઃખી તેહ ।
નીલકંઠ આવ્યા તમે આંઈ, બીજા કેડયે રહ્યા જે બે ભાઈ ॥ ૨૭ ॥
કહું તેનો હવે પરિવાર, તમને મળવા ઈચ્છતા અપાર ।
રામપ્રતાપ ઘેરે સુવાસી, તેતો તમ વિના હતાં ઉદાસી ॥ ૨૮ ॥
તેના ત્રણ સુત એક સુતા, તેના નામ પરમ પુનિતા ।
નંદરામ ને ઠાકોરરામ, ત્રિજા અયોધ્યાપ્રસાદ નામ ॥ ૨૯ ॥
સુતા શ્રીધનુબા નિરધાર, પાંડે જોખનનો પરિવાર ।
નંદઘેર છે લક્ષ્મી નાર, રામશરણ સુત નિરધાર ॥ ૩૦ ॥





નારાયણ પ્રસાદ હરિચંદ્ર, ચોથા સુતપણ છે સુંદર ।
ઠાકોરરામ ઘેર શિવકુંવરી, રામસુખ સુત દો દીકરી ॥ ૩૧ ॥
અયોધ્યા ઘેર સુનંદા નાર, કહ્યો જોખનનો પરિવાર ।
ઈચ્છારામ ઘેર વસુમતિ, જેને પ્રભુમાંહિ પ્રિત્ય અતિ ॥ ૩૨ ॥
તેના પુત્ર પંચ પુણ્યવાન, સુતા બેઉ તે કહું નિદાન ।
ગોપાળજી રઘુવીર નામ, વૃંદાવન વળી સીતારામ ॥ ૩૩ ॥
પાંચમો સુત નાથ બદરી, સુતા ફુલશ્રી ને ફુલઝરી ।
ઈચ્છારામનો એ પરિવાર, ગોપાળજી ઘેર મેનાં નાર ॥ ૩૪ ॥
રઘુવીરને ઘેર વીરજા, બાકી કહું હવે ત્રણ બીજા ।
વૃંદાવન ઘેર ઈંદિરાવાસી, સીતારામ ઘેર ઈંદિરાસી ॥ ૩૫ ॥
**એ હરિપ્રસાદ પરિવાર, ધર્મકુળ અતુલ ઉદાર** ।
**કહેતાં સુણતાં તેહનાં નામ, થાય પવિત્ર પામિયે ધામ** ॥ ૩૬ ॥
વળી એ દેશના જે રહેવાસી, તે પણ તમ વિના છે ઉદાસી ।
રાતદન સંભારે છે બહુ, તમ વિના આતુર છે સહુ ॥ ૩૭ ॥
એમ કહ્યું છે મનછારામે, સુણી લીધું છે સુંદર શ્યામે ।
પછી પુછી બીજી બહુ વાત, સુણી સહુ થયા રળિયાત ॥ ૩૮ ॥
એમ કરતાં કાંયેક દિન ગયા, પછી વસંતના દિન આવિયા ।
ત્યારે વાલ્યમે કર્યો વિચાર, તેડાવ્યા ત્યાં સંત મોટા ચાર ॥ ૩૯ ॥
કહે સહુ મળી જુવો વિચારી, આ ગાદીના કોણ અધિકારી ।
આવ્યું છે અમારા જાણ્યામાંઈ, તેમાં ફેર રહેશે નહિ કાંઈ ॥ ૪૦ ॥
રામપ્રતાપ ને ઈચ્છારામ, તેના સુત સારા સુખધામ ।
એને આપું આ ગાદી અમારી, અતિસારુ છે જુવો વિચારી ॥ ૪૧ ॥
**જેવું અમારું કુળ મનાશે, તેને તુલ્ય બીજું કેમ થાશે** ।
ત્યારે સંત કહે સાચી વાત, આજ અમે થયા રળિયાત ॥ ૪૨ ॥
**તમે કર્યા છે સંત જે ઘણા, તેમાં પણ નથી કાંઈ મણા** ।
**પણ આ વાતનું ઉંડું મૂળ, કાંજે કાવે છે ધર્મનું કુળ** ॥ ૪૩ ॥

પછી પૂછયું પરસ્પર બહુને, ગમી વાત હૈયામાં સહુને ।
પછી વિત્યા થોડા ઘણા દન, આવ્યાં વરતાલે જગજીવન ॥ ૪૪ ॥
સર્વે સંબંધી લેઈ સંગાથ, આવ્યા ઉત્સવ કરવા નાથ ।
કર્યો અન્નકોટ ઉત્સવ આવી, પરબોધની તે ભલી ભજાવી ॥ ૪૫ ॥
**કીધા દત્તપુત્ર પોતે દોય, અવધ્યપ્રસાદ રઘુવીર સોય ।**
**આપી ગાદી આચારજ કીધા, તેને મંદિર દેશ વહેંચી દીધા ॥ ૪૬ ॥**
**કરી દીધું ચોખું એમ આપે, કેડયે કોઈ કેને ન સંતાપે ।**
એવી રીત્યે કરી એહ કામ, પછી પધાર્યા ગઢડે ગામ ॥ ૪૭ ॥
સર્વે દાસને દર્શન કીધાં, કરી વાત કૃતારથ કીધાં ।
નિત્ય નિર્ખે મૂર્તિ મનગમી, ત્યાં તો આવી વસંતપંચમી ॥ ૪૮ ॥
લાવ્યાં ગુલાલ ને રંગ ઘણો, કર્યો સામાન રમવા તણો ।
અતિ આનંદે ભર્યા છે નાથ, નાખે છે રંગ પોતાને હાથ ॥ ૪૯ ॥
રેડે રંગ ને નાખે ગુલાલ, તેણે સખા થયા સહુ લાલ ।
સખે નાખ્યો છે નાથને રંગ, તેણે શોભે છે શ્યામનું અંગ ॥ ૫૦ ॥
સર્વે વસ્ત્ર થયાં રંગે રાતાં, જોઈ જન તૃપ્ત નથી થાતાં ।
પછી નાવાને ચાલિયા નાથ, સર્વે સખા લઈ પોતા સાથ ॥ ૫૧ ॥
નાહી આવી જમ્યા નાથ જન, કર્યો ઉત્સવ થઈ પ્રસન્ન ।
એમ આપે છે જનને આનંદ, ઘણે હેતે શ્રીસહજાનંદ ॥ ૫૨ ॥

**ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામી શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભકતચિંતામણિ મધ્યે અયોધ્યાપ્રસાદજી ને રઘુવીરજીને આચાર્ય કર્યા ને વસંતપંચમીનો ઉત્સવ કર્યો એ નામે એકાણુંમું પ્રકરણમ્.**

શ્રી ધર્મદેવથકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે અને રઘુવીર નામે (જેને અમે અમારા દત્તપુત્ર કરીને સર્વે સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે)

-શિક્ષાપત્રી શ્લો. ૩





## પરિશિષ્ટ-૨

**હરિલીલામૃત ગ્રંથ પ.પૂ.ધ.ધુ.આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ લખેલો છે. તેમાંથી કળશ ૮**

### पूर्वछायो

कहे अचिंत्यानंदजी, महीनाथ सुणो धीर मन।
**आचारज बे स्थापिया कहुं एह कथा पावन ॥ १ ॥**

### चोपाई

ज्यारे रात्रि दशमतणि थई, प्रभु बेठा पलंग पर जई ।
पोते धारेलुं करवाने काम, करि इच्छा ते श्रीद्रनश्याम ॥ २ ॥
पछि सदगुरुओने बोलाव्या, मोटा सत्संगियोने तेडाव्या ।
पुछी सर्वने संमति एवी, केने धर्मतणी धुर देवी ॥ ३ ॥
त्यारे सौ जन उच्चर्या एम, करो आप दिले रुचे जेम ।
एवुं सांभळिने कह्युं हरिए, सदगुरुओने आचार्य करिए ॥ ४ ॥
बोल्या सदगुरुओ जोडी हाथ, एम धर्म रहे नहि नाथ ।
जुओ शंकरस्वामिनि वात, कर्या गादिपतीतो श्रिपात ॥ ५ ॥
लख्या धर्म संन्यासिना जेह, तलमात्रे रह्या नहि तेह
वस्त्र भगवां कर्यां जरियानी, कडां कंठि धरे छे सोनानी ॥ ६ ॥
संन्यासीने जे कांचन आपे, जाय नरकमां ते तेह पापे ।
जेवुं शंकरस्वामिए कह्युं, ते तो पाळवानु नव रह्युं ॥ ७ ॥
विधवाओ करे पगसेवा, थया संन्यासी आचार्य एवा ।
माटे स्थापो आचार्य गृहस्थ, धर्म पाळे पळावे ते स्वस्थ ॥ ८ ॥
कदि एम कहो महाराज, आचारज जे गृहस्थ छे आज ।
तेओमां पण सद्धर्म क्यां छे, व्यभिचारादि दोष तेमां छे ॥ ९ ॥
तेनुं कारणतो एक ए छे, स्त्रीयोने मंत्रउपदेश दे छे ।
माटे एवा आचारज जोइए, परनारिथि बोले न कोइए ॥ १० ॥
**वळि जो कहेशो आप एम, त्यागिना गुरु गृहस्थ केम ।**
**कहिए ते विषे सुविचार, श्रुति शा तणे अनुसार** ॥ ११ ॥

थाय छे प्रथमाश्रमधारी, त्रण वर्ण ज्यारे ब्रह्मचारी ।
होय आचार्य गृहस्थ जेह, उपदेश तो आपे छे एह ॥ १२ ॥
कहे छे तजजे स्त्रीनो संग, एकभुक्त थै तजजे पलंग ।
गृहस्थाचार्य एम कहे छे, बटु सांभळी बाढं वदे छे ॥ १३ ॥
**राखे शिखा जनोइ जे कोय, तेनो आचार्य गृहस्थ होय ।**
**शिखा सूत्र तजे थै उदासी, तेनो आचार्य थाय संन्यासी ॥ १४ ॥**
**वेदसूत्रनो ए छे आधार, त्यागीने गृही दीक्षा देनार ।**
वळि पत्नी आचार्यनी जेह, लैने आज्ञा पतीतणि तेह ॥ १५ ॥
स्त्रीयोने मंत्रउपदेश देशे, तेथि सर्वेनो धर्म रहेशे ।
वंशपरंपरानो विचार, करवो द्रटे छे एह ठार ॥ १६ ॥
कदि एकज गादि स्थपाय, अने आचार्य उन्मत थाय ।
तेह धर्म विषे नव रहे, शिष्यो क्यां जइने दुःख कहे ॥ १७ ॥
माटे आचार्य स्थापवा बेय, अन्योअन्यने दाबे रहेय ।
**धर्मवंशी छे विप्र पवित्र, धर्मवंत छे सर्वना मित्र ॥ १८ ॥**
तेमांथी बेने दत्तक करो, तेओने निजगादिए धरो ।
छे तो सर्वज्ञ श्रीद्रनश्याम, सौने पूछि लीधुं तोय आम ॥ १९ ॥
बेय भाइने बोलावी पास, पछी एम बोल्या अविनाश ।
आपो पुत्र तमारो अकेक, गादिनो करवा अभिषेक ॥ २० ॥
मोटा भाइए आणि आहलाद, आप्या पुत्र अयोध्याप्रसाद ।
नाना भाई श्री रद्गुवीर, आप्या पुत्र धरी मन धीर ॥ २१ ॥
श्रीहरि हरिजनने कहेय, करो देशतणा भाग बेय ।
भाग उत्तरदेशनो जेह, गणो नरनारायण तणो तेह ॥ २२ ॥
देश लक्ष्मीनारायण तणो, तेतो दक्षिणभागने गणो ।
पछि भक्तोए बे भाग पाडया, जेम श्रीजीए मनमां सुजाडया ॥ २३ ॥
कलकत्ताथी द्वारिका धाम, लख्या वचमां शीमाडानां गाम ।
भाग उत्तर दक्षिण करी, पछि चीठीयो तेमांहि धरी ॥ २४ ॥
आव्यो चीठीयोथी हे नरेश, रद्गुवीरने दक्षिणदेश ।
चिठी नांखी फरी पांचवार, देश आविया अेज प्रकार ॥ २५ ॥





अक्षरानंदने कहे हरी, कहुं ते सांभळो चित्त धरी ।
करशुं काल दत्तविधान, देशुं आचार्यपदवीनुं दान ॥ २६ ॥
थशे द्वादशीनो दिन ज्यारे, साधु विप्र जमाडशुं त्यारे ।
माटे सामान करजो तैयार, विप्र आवशे जमवा अपार ॥ २७ ॥
धर्मदेवनो जन्म छे काल, तेनो उत्सव करवो विशाल ।
मुनि बोल्या नमावीने शीश, आप आज्ञा प्रमाणे करीश ॥ २८ ॥
उमरेठमां जेनो निवास, हरिभाइने बोलाव्या पास ।
कहे कृष्ण अहो विदवान, काले करवुं छे दत्तविधान ॥ २९ ॥
माटे छे काल मुहुरत केवुं, कहो जोइ जथारथ जेवुं ।
हरिभाइए जोईने कह्युं, काले मुहुरत सारुं छे बहु ॥ ३० ॥
तमे छो प्रभु सर्वज्ञ स्वामी, आपे धार्युं एमां नोय खामी ।
त्यारे उच्चर्या विश्व आधार, सर्व सामग्रि करजो तैयार ॥ ३१ ॥
सुणि सौ पगे लागीने गया, परमेश्वरपण पोढी रह्या ।
ज्यारे जागीने उठया प्रभाते, नित्य कर्म कर्युं भली भाते ॥ ३२ ॥
वेदपुरुष हरीभाई नाम, प्रेमे बोल्या करीने प्रणाम ।
दत्तपुत्रनुं करवा विधान, पधारो प्रभु मंडप स्थान ॥ ३३ ॥
सर्व सामग्री कीधी तैयार, भाइ बेय बेठा छे ते ठार ।
अयोध्याप्रसाद रद्गुवीर, आवि बेठा छे परम सुधीर ॥ ३४ ॥
गया मंडपमां भगवान, कर्युं शास्त्रप्रमाणे विधान ।
तेनी रीती कहुं राय सुण्य, कीधां विप्रना प्रथम वरुण ॥ ३५ ॥
प्रभुए कर्युं विष्णुपूजन, आचार्ये कर्युं अग्नि स्थापन ।
करी सर्वे कुशांडीनी रीत, चडाव्यो चरु धारीने प्रीत ॥ ३६ ॥
भाई बे पुत्र आपवावाळा, तेणे पूज्या गणेश सुंढाळा ।
पछी श्रीजीनुं पूजन कीधुं, दान बंन्योये पुत्रनुं दीधुं ॥ ३७ ॥
देवस्य त्वा भणी मंत्र नाथ, झाल्या बे दत्तपुत्रना हाथ ।
वस्त्र भूषणथी शणगार्या, प्रभुए निजपास बेसार्या ॥ ३८ ॥
पछि पुत्रप्रतिग्रह अंगे, कर्या होम आचार्ये उमंगे ।
करि होमसमापन त्यांय, दिधि आचार्यने दक्षिणाय ॥ ३९ ॥

विप्र भोजनसंकल्प करी, हैयामांही राजी थया हरी ।
पछि गादीतणो अधिकार, आप्यो तेनो कहुं प्रकार ॥ ४० ॥
हरिमंडप छे जेह स्थान, तेनी आगळ मोटुं मेदान ।
पासे पासे बे पाटयो ढळावी, तकिया अने गादि बीछावी ॥ ४१ ॥
तहां आव्या पछी कृपानाथ, बेउ पुत्रतणा गृही हाथ ।
**तेने वेदविधी अनुसार, सोंप्यां गादीतणा अधिकार** ॥ ४२ ॥
उभा पश्चिमाभिमुख नाथ, पाट दक्षिणमां डाबे हाथ ।
तहां बेसार्या श्रीरद्गुवीर, जाणि धर्मधुरंधर धीर ॥ ४३ ॥
पासे उत्तरमां बिजि पाट, मांडेली बिजा पुत्रने माट ।
त्यां अयोध्याप्रसाद बेसार्या, महाधर्मधुरंधर धार्या ॥ ४४ ॥
**बेठा पूर्वमुखे तेह बेय, बेय ईश्वरमूर्तियो छेय** ।
**शो**भे वस्त्र आभूषण अंगे, कडां आदि जडेलां छे नंगे ॥ ४५ ॥
हरिआज्ञाथी चामर धारी, उभा बेउ पासे बे ब्रह्मचारी ।
रद्गुवीर पासे **रह्या** जेह, अखंडानंद नामे छे एह ॥ ४६ ॥
बीजा वासुदेवानंद जाणो, पासे अवधप्रसाद प्रमाणो ।
उभा कुबेरजी छडी लैने, तेतो अवधप्रसादना थैने ॥ ४७ ॥
वटपत्तनना प्रभुदास, छडि लै उभा रद्गुवीर पास ।
पोतपोताना आचार्यतणो, जयजयकार उच्चारे ते **द्रणो** ॥ ४८ ॥
**शिर** अवधप्रसादने छत्र, जोराजीये धर्युं भलुं तत्र ।
रद्गुवीरने गूमानजीए, कर्युं छत्र ते रुडि रीतिये ॥ ४९ ॥
**बेय पुत्रमां श्रीबळवंते, मुक्युं तेज पोतानुं अत्यंते** ।
जेवि सूर्य**शशी**तणि जोड, लाजे देखिने कंदर्प क्रोड ॥ ५० ॥
राजे अदभुत रुप अंबार, कोणमात्र अश्विनीकुमार ।
राम लक्ष्मणनी जोड जेवी, उपमा भली संभवे एवी ॥ ५१ ॥
जेवा प्रद्युम्न ने अनिरुद्ध, एवा **शो**भे वि**शे**ष विबुद्ध ।
**पूजा श्रीजिए बेयनी कीधी, पछि आरती हाथमां लीधी** ॥ ५२ ॥
**आरती बेयनी त्यां उतारी, जेजेकार वदे नरनारी** ।
तहां वाजिंत्र बाजे अपार, थाय बंदुक केरा बहार ॥ ५३ ॥



ધર્મવંશી આચાર્યપદ

छायां देवविमान आका**श**, करे पुष्पनी वृष्टि चोपास ।
नाचे अपसरा गांधर्व गाय, सौना हैयामां हरख न माय ॥ ५४ ॥
हरिमंडपमां हरि पेठा, कठेरामां सिंहासने बेठा ।
बेसे मंच उपर हरि जेम, नीचे श्रेष्ठ सभा थाय तेम ॥ ५५ ॥
कठेरामां राजे भगवंत, सभा चोकमां **शो**भे अत्यंत ।
जन निरखे हजारो हजार, बोल्या ए समे विश्वआधार ॥ ५६ ॥
**ताळि पाडी कहे भगवान, सुणो सौ जन थै सावधान** ।
**कर्यो छे अमे देशविभाग, कलकत्ता थकी बेट लाग** ॥ ५७ ॥
वचमांहि **शि**माडानां गाम, तेनां जाणि लहो सुणि नाम ।
तेने लैने दक्षिणदे**श** जेह, लक्ष्मीनारायणनो छे तेह ॥ ५८ ॥
जन जेह निवासि छे तेना, रद्गुवीर आचारज एना ।
एथि उत्तरदे**श** प्रमाणो, नरनारायणनो ते जाणो ॥ ५९ ॥
तेना आचार्य अवधप्रसाद, एम बांधि छे में मरजाद ।
पोतपोताना आचार्यतणुं, करो पूजन प्रीतथी **द्रणुं** ॥ ६० ॥
**एने प्रेमथी पूजशो तमे, पूजा मानी लेशुं तेतो अमे** ।
**संत हरिजनना समुदाय, एनी आज्ञामां रहेजो सदाय** ॥ ६१ ॥
ब्रह्मानंदमुनी जे प्रमाणो, जीभ अवधप्रसादनी जाणो ।
हस्त मा'नुभावानंद जेह, बीजा वर्णि वासुदेव तेह ॥ ६२ ॥
नित्यानंद ने अखंडानंद, भाइ जे सोमप्रका**शा**नंद ।
रद्गुवीरजीनां एतो अंग, एक जीभ भुजा बे छे संग ॥ ६३ ॥
तेओये रहेवुं तेह पासे, कहे काम ते करवुं हुलासे ।
बे बे सदगुरु जे क**ह्या** संत, वळी तेने कहे भगवंत ॥ ६४ ॥
निज आचार्यनी पासे आवो, सौने तेओनी पूजा करावो ।
सुणि आज्ञा ते **शीश** चडावी, पासे रहीने पूजाओ करावी ॥ ६५ ॥
पछी सौ संत पूजवा आव्या, चर्चि चंदन हार चडाव्या ।
**लाग्या पूजवा सौ हरिजन, अर्पे भूषण वस्त्र ने धन** ॥ ६६ ॥
**जोइ जोइ श्रीजि राजी थाय, तेम हरिजन मन हरखाय** ।
एज चोकभागे उत्तरादे, स्त्रीओनी सभा थै मरजादे ॥ ६७ ॥

पत्नि अवधप्रसादनी जेह, सति नामे सुनंदा छे तेह ।
वीरजा रद्रुवीरनी नारी, जे छे परम पतिव्रत धारी ॥ ६८ ॥
**सांगामांचियोये बेठां बेय, बेय आचार्यनी रीते तेय ।**
सभा तेओ समीप भराई, बेठि हरिजन त्यां बहु बाई ॥ ६९ ॥
हरिभक्तने बोलाव्या श्यामे, कहुं तेहतणां सुणो नामे ।
दामोदर तो श्रीपूरना जाणो, मेमदावादना भाइ भाणो ॥ ७० ॥
वनमाळि तो पीज निवासी, तेओ प्रत्ये कहे अविनाशी ।
जैने बाइयोने समझावो, पूजवातणी रीत बतावो ॥ ७१ ॥
निज आचार्यपत्निने प्रीते, पूजे बाइयो ते रुडी रीते ।
पछी तेओए जै कह्युं जेम, बाइयोए पूजा करी तेम ॥ ७२ ॥
नामे रेवा ने जमनाजि बाई, नडियाद वसोनि गणाई ।
वीरजाजी पासे उभां आवी, सर्व बाईयोने पूजा करावी ॥ ७३ ॥
उंझानी द्विज कुंवर्यबाई, रहे एकज शिंद्रोडुं खाई ।
तेह बाई तथा गंगामाय, सुनंदानी करावे पूजाय ॥ ७४ ॥
धर्मदेवना जन्मनुं टाणुं, तहां मध्यान काळे गणाणुं ।
भलो उत्सव तेहनो कर्यो, अति जनमन आनंद भर्यो ॥ ७५ ॥

**पूष्पिताग्रा**

सहजतनुज दत्तपुत्र लीधा, प्रभु निजगादितणा अधिश कीधा ।
चरित पुनित कृष्णकेरुं सारुं, स्मरण कर्याथि सुसौख्य आपनारुं ॥ ७६ ॥

**इति श्रीविहारिलालजी आचार्यविरचिते हरिलीलामृते अष्टमकलशे अचिंत्यानंदवर्णींद्र – अभयसिंहनृप संवादे श्रीहरि निजसंप्रदाय आचार्यस्थापननाम षट्चत्वारिशतमो विश्रामः**

**पूर्वछायो**

कृष्णे आचारज बे कर्या, भ्रातपुत्रने लइ भलि भात।
एज एकादशी दिवसनी, वळि विशेष वर्णवुं वात॥ १ ॥

**चोपाई**

रह्यो पाछलो दिन द्रडि चार, द्रनश्यामे सभा सजी सार ।
धाम पाछळ छत्री छे ज्यांय, बेठा सिंहासने हरि त्यांय ॥ २ ॥





बेठा आगळ हरिजन संत, बेठा धर्मवंशी गुणवंत ।
बेठा पार्षद ने ब्रह्मचारी, बेठि वेगळे हरिजन नारी ॥ ३ ॥
भाखे ए अवसर भगवंत, सुणो हरिजन वर्णि ने संत ।
अमे स्थाप्या बे आचार्य जेह, तमो सर्वेए मानवा तेह ॥ ४ ॥

**शिखरिणि**

कहे श्रीजीस्वामि, मुनिजन अकामी सहु सुणो,
सुपुत्रो बे मारा, तनमन तमारा गुरु गणो ।
**सदा एनी आज्ञा, सुणिसुणि सुखेथी अनुसरो,**
**कदी तेनी साथे, वचनथी विवाद नव करो ॥ ५॥**
महान्ताई आपे, कदि वळि उथापे तहिं थकी,
तमे चित्ते तेथी, सुखदुख न राखो लव नकी ।
रहो राजी केवा, जडभरत जेवा गुण धरी,
न बंधावुं क्यांई, वरस बहु एक, स्थळ ठरी ॥६ ॥
अमारे शुं एमां, बगडतुं दिसे छो बगडतुं,
कदी एवुं धारी, मनथकि न मेलो रखडतुं ।
तमे जो सौ आवा, मुजमन रिझावा मन चहो,
सदा आवी रीते, ममत निजचित्ते धरि रहो ॥ ७ ॥
पछी आचार्योने, वचन शिखनां श्रीहरि कहे,
अमारी गादीये, गुरुपद धरी जे जन रहे ।
असंबंधी स्त्रीथी, वचन न वदे द्रष्टि न धरे,
न एकांते क्यारे, दरशन दिये स्पर्श न करे ॥ ८ ॥
धरे एवो वेष, प्रगट दरसे पंडिततणो,
न राखे ते मेलो, रजोगुण न राखे पण द्रणो ।
नहीं मूछो मोटी, नहि वळित वांकीय धरवी,
शिरे मोटी चोटि, कदि पण वधारी न करवी ॥ ९॥
महांतो जे संतो, तव चरणमां मस्तक धरे,
न छाजे ते माटे, रजोगुण तमारा तनपरे ।
न थावुं स्वच्छंदी, सहु मळी कहे ते समझवुं,
करे लोको निंदा, तरत ज ते कृत्य तजवुं ॥ १० ॥

सवारे ने सांझे, हरिगुण कथानी तक सही,
तजीने ते टाणे, जहिंतहिं तमारे जवुं नहि ।
नही रस्ते जातां, नटविट तमासा निरखवा,
नही जोवा मेळा, अवर जन लागे परखवा ॥ ११ ॥
गजेंन्द्रे अस्वारी, करि नगरमध्ये विचरतां,
धरो द्रष्टि नीची, नजर चहु पासे न करतां ।
स्वनारीने वश्य, स्वमति बळ खोई थवुं नहि,
कहे संतो रस्तो, बळथि तजि बीजे जवुं नही ॥ १२॥

**उपजाति**

गृहस्थ आचार्य द्रणा फरे छे, **शि**ष्योतणा ते धनने हरे छे ।
दीसे भवायासम वेष केवा, तमे न था**शो** कदि छेल एवा। ॥ १३ ॥
सत्संगि श्रीमंत गरीब होय, ते जाणजो बेय समान तोय ।
जणाय जूदी सनमान रीती, तथापि ते साथ समान प्रीती ॥ १४ ॥
श्रद्धाथि आपे जन तेज लेवुं, वि**शे**ष लेवा नहि दुःख देवुं ।
जे धर्म पाळे सतसंगि मोटो, न धर्म पाळे धनवंत खोटो ॥ १५ ॥
करे तमारी पधरामणि तो, करो न आप्यातणि पंठणीतो ।
तेडाव**शे** ते जन द्रेर जावुं, श्रद्धाथि आपे लइ तुष्ट थावुं ॥ १६ ॥
विद्यातणो तो अभियास राखो, ज्यात्यां द्रणी ग्राम्यकथा न भाखो ।
सद्धर्मोना ग्रंथ रचो रचावो, सत्संगनी पुष्टि सदा करावो ॥ १७ ॥
आचार्य तो धर्मथकी ज **शो**भे, **शो**भे नही द्रव्य वि**शे**ष लोभे ।
**आचार्य जो वैभवथी मनाय, तो सर्व श्रीमंत जनो पुजाय** ॥ १८ ॥
माहात्म्य जाणो वळि संतकेरुं, हुं जाणु छुं तेह तणुं द्रणेरुं ।
संतप्रतापे सत्संग थाय, संतप्रतापे **शु**भ संप्रदाय ॥ १९ ॥
संतो करे दंडप्रणाम ज्यारे, उभा थवुं तर्त तहां तमारे ।
न कोइने तो करवो टुंकारो, न कोइने गाळ कदी उचारो ॥ २० ॥
जो कोइमां चूक कदापि आवे, तज्यानुं जो पंच मळी बतावे ।
बोली मीठां वेण करो विदाय, जेथी द्रणो ते नहि द्रोही थाय ॥ २१ ॥
सन्मान दे **शि**ष्य रुचीसमान, भागो न लेवा कदि श्रेष्ठ मान ।
जे मानवी मान द्रणुं चहाय, जरुर एनुं अपमान थाय ॥ २२ ॥
निर्मानिने मान द्रणुं मळे छे, मानीतणुं मान सदा टळे छे ।
गंभीरता सागर जेवि राखो, अज्ञानिना बोल सदैव सांखो ॥ २३ ॥





जे मान मोहादि अधर्म अंग, अमे कर्युं छे बहु मानभंग ।
ते वैर लेवा कर**शे** चडाई, जो चेत**शो** तो वध**शे** वडाई ॥ २४ ॥
कहे मळी सदगुरु पंच संत, के पंच सत्संगि सुबुद्धिमंत ।
ते वातने अंतर मानि लेवी, क्रिया सदाये करवीज एवी ॥ २५ ॥
भासे क्रिया जे निजचित्त **शु**द्ध, तथापि सत्संग थकी विरुद्ध ।
तेवी क्रियातो तजवी जरुर, करो नही आग्रह राखि ऊर ॥ २६ ॥
**जे धर्म पाळे जन ते अमारो, पापीथि हुं दूर सदा थनारो** ।
**सगो अमारे नहि कोइ काळे, सगो गणुं जे शुभ धर्म पाळे** ॥ २७ ॥
छे धर्म पोतेज पिता अमारा, तेनाज **श**त्रु जन जे थनारा ।
ते साथ हुं केम करुंज प्रीत, प्रीती करे तेह स्रपुत्र रीत ॥ २८ ॥
**हता सहूए गुरुओ करेला, ते सरवे जाण्या कपटे भरेला** ।
**तेने तजी शिष्य थया अमारा, ते शिष्य जाणो सरवे तमारा** ॥ २९ ॥
सदा तमे सदगुरु नीज रीत, तेमाट राखो चितमां खचीत ।
बिजा गुरुथी व्रत **शां** वि**शे**ष, विचारजो ते मनमां हमे**श** ॥ ३० ॥
राखो सदा वृद्धतणो प्रसंग, तजो द्रणो संग जुवान अंग ।
**शा**स्त्र सुणो वांचि वळी विचारो, तो सदा धर्म भलो तमारो ॥ ३१ ॥
तमे सहूने उपदे**श** आपो, **शि**ष्योतणा सं**श**य सर्व कापो ।
आचार्यना तो गुण नित्य ए छे, सच्छास्त्रवादी कवियो कहे छे॥ ३२ ॥
जुठीज काया वळी जूठि ज माया, पदार्थ जूठां जगमां जणायां ।
**एवो तमारो सुणि उपदेश, वैराग्य थाशे जनने विशेष** ॥ ३३ ॥
जो द्रव्य माटे लड**शो** तमेज, तो व्यर्थ था**शे** उपदे**श** एज ।
पछी क**ह्युं** केम करी मना**शे**, तेथी तमारो विश्वास जा**शे** ॥ ३४ ॥
अन्योन्यना दे**श**विषे तमारे, जवुं पडे कोइ समेज त्यारे ।
त्यांनां जनो भोजन देज जेवुं, ते लेवुं ने द्रव्य कदी न लेवुं ॥ ३५ ॥
जो धातुना लालजि होय पास, तेने धरे भेट तहांज दास ।
एवे प्रकारे करि कांइ बानुं, लेवुं नही द्रव्य कहीं तहानुं ॥ ३६ ॥
जे मंदिरे स्थापित मूर्ति होय, त्यां आविने भेट धरेज कोय ।
ते देवनो माल सदा गणाय, तेमां नही बाध क**शो** जणाय ॥ ३७ ॥

बे देशमां जे नृपराज होय, जे देशमां होय निवास तोय ।
ते जो बिजाने कदि भेट मूके, लेनार देनार स्वधर्म चूके ॥ ३८ ॥
जे गाम आचारज देशमांय, आचार्य आपे कदि जाय त्यांय ।
त्यारे तहां जो नृप कांइ देय, तो ते स्थळे तेह सुखेथी लेय ॥ ३९ ॥
बीजे स्थळे दे फळआदि मेवा, तो तमे लायक जाणि लेवा ।
तथापि तेवेपण कांइ बाने, झाझुं न लेवुं कदि एह स्थाने ॥ ४० ॥
**आज्ञा उल्लंघी कदि कोइ लेशे, के पुण्य जाणि हरिभक्त देशे ।**
**तो पुण्यसाटे बहु पाप थाय, एके अमारो नहि ते गणाय** ॥ ४१ ॥
गुरुनुं नाणुं करजे न लेवुं, तथा गुरुए करजे न देवुं ।
सुणो तमे सौ गुरु शिष्य भाई, अमारि आज्ञा अति सौख्यदाई ॥ ४२ ॥
न वस्त्र के वाहन मागी लेवुं, जो कोइ मागे गुरुए न देवुं ।
आ शास्त्रनुं वेण तमे उथापी, तेमाट एवुं न करो कदापि ॥ ४३ ॥
सत्संगि के कोई कुसंगि होय, तमे गणो शिष्य समस्त तोय ।
अन्योन्यना देशविषे रहे ते, लेवुं नहि द्रव्य कदापि दे ते ॥ ४४ ॥
विद्यानि शाळा भलि भात थापो, विद्यातणुं दान विशेष आपो ।
जे काममाटे परठी मजूरी, तेमां न देशो जरिये अधूरी ॥ ४५ ॥
न राखवी थापण कोइ केरी, जमान थावुं नहि कोइ फेरी ।
अन्नार्थि आवे जन जे भिखारी, तो अन्न देवुं करुणाज धारी ॥ ४६ ॥
कोई विषे क्रूर कदी न थावुं, गरीबना वत्सल तो गणावुं ।
भिक्षा जमो आपदकाळमांई, माथे कदी देणुं करो न कांई ॥ ४७ ॥
जे भूमिमां छे शरवार देश, ते भागतो उत्तरमां हमेश ।
तथापि जूनुं वतन ते तमारुं, विशेष कांई कहुं तेह सारुं ॥ ४८ ॥
सगा तथा आश्रित होय तेना, ते शिष्य थाशे प्रिय जेह जेना ।
ते कांई आपे सुखथीज लेवुं, तेमां नथी किंचित बाध जेवुं ॥ ४९ ॥
ते देशमां खेतर के गरास, वेचातुं राखो लइ कोइ पास ।
के कोइ राखो कदिये धराणे, तो कोइ तेमां नहि शंक आणे ॥ ५० ॥
सगा विनाना धनमाल देय, ते लक्ष्मिनारायणना न लेय ।
आज्ञा अमारी शुभ एह जाणो, विचारिने अंतरमांहि आणो ॥ ५१ ॥
आचार्य बेने कदि कांइ वांधो, पडयाथि तूटे व्यवहार सांधो ।





तो बेयने जेनि प्रतित आवे, एवा गृहस्थो वचमां ठरावे ॥ ५२ ॥
शब्दोतणा अर्थ अनेक थाय, माटे पडे संशय तेहमांय ।
तो तेहनो निर्णय पंचपासे, कराववो उत्तम एह भासे ॥ ५३ ॥
आचार्यने होय सुतो द्रणाय, आचार्य तो सदगुणि तेज थाय ।
जो गादिने योग्य न होय एवो, तो धर्मवंशीथकि दत्त लेवो ॥ ५४ ॥
जो आ अमारां वचनो विचारी, ते पाळशो तो अतिसौख्यकारी ।
एके द्रडी केम कुसंप थाशे, दुराग्रहे दुःख द्रणुं जणाशे ॥ ५५ ॥
आचार्य बे छो बहु बुद्धिमंत, वळी तमे छो शुभ धर्मवंत ।
तथापि में वंशपरंपराने माटे, कह्युं छे बहु एह स्थाने ॥ ५६ ॥
आचार्यपत्नी पण एज रीते, पाळे सदाचार विशेष प्रीते ।
संबंधियोथी नर अन्य जेह, तेने तजे अष्टप्रकार एह ॥ ५७ ॥
**सत्संगि सर्वे सुणजो अमारा, आचार्य आ एज गुरु तमारा ।**
**ते पाळशे धर्म पळावि जाणे, कल्याणदाता कहि सौ वखाणे** ॥ ५८ ॥
जे जे तमे उद्यमथी कमाओ, जो शिष्य साचा मुजना गणाओ ।
दशांश वीशांश गजा प्रमाणे, देवार्थ देजो धन तेह टाणे ॥ ५९ ॥
**कुटुंबमांही जन जेह होय, ते बाळ के वृद्ध जुवान कोय ।**
**प्रत्येक नामे गणि आठ आना, देजो गुरुने प्रतिवर्ष दाना** ॥ ६० ॥
एवीरिते वात करी विशेष, सौए धरी चित्त सुणी अशेष ।
बिजे दिने द्वादशि जाणि नेक, जमाडिया संत द्विजो अनेक ॥ ६१ ॥
जे वेदमूर्ती हरिभाइ नाम, तेने दिधां वस्त्रविचित्र दाम ।
तेमांहि दीधी डगली रुपाळी, राजी थया सौ हरिभक्त भाळी ॥ ६२ ॥
बिजा द्विजोने पण द्रव्यदान, दीधां कृपाथी करुणानिधान ।
ए रीत आचारज बेय थाप्या, विभाग पाडी जुग देश आप्या ॥ ६३ ॥

**पुष्पिताग्रा**

**गुरुपद जग भ्रातृपुत्र थाप्या, करि सुविभाग अशेष देश आप्या ।**
**पुनित चरित ते सुणे सुणावे, फरि भवमां जन ते कदी न आवे ॥ ६४ ॥**

**इति श्री विहारीलालजी आचार्यविरचिते हरिलीलामृते अष्टकलशे अचिंत्यानंदवर्णींद्र–अभयसिंहनृपसंवादे आचार्यशिक्षा–निरुपणनाम सप्तचत्वारिंशतमो विश्रामः**

## પરિશિષ્ટ ૩

**ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં જે ઉપદેશો કરેલા તેનું પાંચ સમર્થ સંતોએ સંકલન કરીને 'વચનામૃત' શાસ્ત્ર બનાવેલું છે, જે શ્રીહરિએ સ્વયં પ્રમાણિત કરેલું છે. તેમાંથી**

### ગઢડા મધ્ય ૬૨

સંવત ૧૮૮૧ના માગશર સુદી ૨ બીજને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા, અને શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી, તથા શ્વેત ચોફાળ ઓઢ્યો હતો, તથા શ્વેત ખેસ પહેર્યો હતો. અને શ્રીજી મહારાજના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

**પછી શ્રીજીમહારાજે પોતાના ભત્રીજા જે અયોધ્યાપ્રસાદજી ને રઘુવીરજી તેમને બોલાવીને કહ્યું જે, ''તમે અમને પ્રશ્ન પૂછો.'' પછી પ્રથમ અયોધ્યાપ્રસાદજીએ પ્રશ્ન પૂછ્યું જે,** ''આ સંસારને વિષે એવો પુરુષ હોય જે આઠે પહોર તો સંસારની વિટંબણામાં રહ્યો હોય, અને ગમે એવું યોગ્ય અયોગ્ય કર્મ પણ થઈ જતું હોય, અને તે એક ઘડી કે બે ઘડી ભગવાનનું ભજન કરતો હોય, ત્યારે તે ભજને કરીને તેણે દિવસ બધામાં પાપ કર્યું તે બળે કે ન બળે એ પ્રશ્ન છે.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''સારો દિવસ પ્રવૃત્તિમાર્ગમાં રહીને ગમે તેવી ક્રિયા કરી હોય ને ભગવાનનું ભજન કરવા બેસે, તે સમે એ ભજનના કરનારાનાં ઈંદ્રિયો, અંતઃકરણ અને જીવ, એ સર્વે એકાગ્ર થઈને જો ભજનમાં જોડાય, તે એવી રીતે એક ઘડી કે અર્ધી ઘડી પણ જો ભગવાનના ભજનમાં જોડાય તો સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે. અને ઈંદ્રિયો, અંતઃકરણ ને જીવ, તે એકાગ્ર થઈને જો ભગવાનના ભજનમાં ન જોડાય તો તેના ભજન થકી તો ઘડી કે અર્ધ ઘડીમાં પાપ ન બળે, અને એનું જે કલ્યાણ તે તો ભગવાનને પ્રતાપે કરીને થાય. એનો એ જ ઉત્તર છે.''





પછી રઘુવીરજીએ પ્રશ્ન પૂછ્યું જે, ''હે મહારાજ ! આ જીવનો મોક્ષ તે કેમ કરે ત્યારે થાય છે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેણે પોતાનો દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવાર એ સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવાં, અને ભગવાનની સેવામાં જે પદાર્થ કામ ન આવે તો તેનો ત્યાગ કરી દેવો. એવી રીતે જે ભગવાન પરાયણ તે ગૃહસ્થાશ્રમી હોય, તોય પણ મરે ત્યારે ભગવાનના ધામમાં નારદ સનકાદિકની પંક્તિમાં ભળે, અને પરમ મોક્ષને પામે. એનો એ જ ઉત્તર છે.''

### અમદાવાદ ૩

સંવત ૧૮૮૨ના ફાગણ વદ દ્વિતિયાના દિવસનું

...પછી શુકમુનિએ પૂછ્યું જે, ''જેને વિવેક ને સમજણ ન હોય તે ધણીને કેમ રાજી કરે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, મૂળજી બ્રહ્મચારી ને રતનજી એ અતિશે ક્યાં ડાહ્યા છે ? પણ કલ્યાણનો ખપ અતિશે છે. માટે ભગવાન જેમ રાજી થાય તેમ એમને કરતાં આવડે છે ખરું અને વળી આ સમયમાં તો અયોધ્યાવાસી બાઈભાઈ સર્વે જેવા અમારા ગમતામાં વર્તે છે, તેવા તો પરમહંસ તથા સાંખ્યયોગી ને કર્મયોગી સત્સંગી તે પણ અમારા ગમતામાં નથી વર્તતા. કેમ જે, અયોધ્યાવાસીએ તો અતિશે જ સત્સંગપરાયણ પોતાનું જીવિતવ્ય કર્યું છે. માટે અયોધ્યાવાસીની પેઠે ભગવાનને રાજી કરતાં કોઈને આવડતું નથી અને એ અયોધ્યાવાસી તો બહુ વિશ્વાસી છે, માટે કોઈક કપટી હશે તો એમને છેતરી જશે, તે સારું એમને કોઈક કાર્યનો આદર કરવો હોય ત્યારે મોટેરાં પરમહંસ તથા મોટેરાં સત્સંગી ગૃહસ્થ તેમને પૂછીને તે કામ કરવા દેવું, પણ કોઈક એક જણાને કહ્યે કરવા દેવું નહિ, એવી રીતે ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીને અયોધ્યાવાસીની ખબર રાખવી એમ અમારી આજ્ઞા છે.'' ઈતિ વચનામૃતમ ॥ ૩ ॥

### ગઢડા અંત્ય ૧૪

સંવત ૧૮૮૪ના અષાઢ વદી એકાદશીના દિવસનું .....પછી અયોધ્યાપ્રસાદજીએ પૂછ્યું જે, એકની તો બુદ્ધિ પણ ઘણી હોય ને શાસ્ત્રમાં

પણ બહુ દૃષ્ટિ પૂગતી હોય અને બીજો છે તેની તો બુદ્ધિ પણ થોડી હોય ને શાસ્ત્રમાં પણ ઝાઝુ જાણતો ન હોય અને ઘણી બુદ્ધિવાળો હોય તે સત્સંગમાંથી વિમુખ થઈ જાય છે અને થોડી બુદ્ધિવાળો હોય તે દૃઢ થકો સત્સંગમાં રહે છે તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા, ''જે આ સંસારને વિષે દૈવી અને આસુરી બે પ્રકારના જીવ છે તેમાં આસુરી જીવ હોય તેને ઝાઝી બુદ્ધિ હોય તો પણ સત્સંગમાંથી વિમુખ થાય અને દૈવી જીવ હોય ને તેને થોડી બુદ્ધિ હોય તો પણ કોઈ કાળે સત્સંગમાંથી વિમુખ ન થાય. જેમ મરચાનું બીજ હોય ને લીમડાનું બીજ હોય ને શિંગડીયા વછનાગનું બીજ હોય તેને વાવીને નિત્ય સાકરનું પાણી સિંચ્યા કરીએ તો પણ મરચાં તો તીખાં જ થાય ને લીંબડો તે કડવો જ થાય ને શિંગડીયો વછનાગ તે ઝેર જ થાય. શા માટે જે એનું બીજ ભૂંડુ છે. અને શેરડીને વાવીને લીંબડાના પાનનું ખાતર નાખીને કડવું પાણી સિંચ્યા કરીએ તો પણ શેરડીનો રસ તે મીઠો જ થાય. તેમ દૈવી જીવ છે તે ભગવાનને સન્મુખ જ રહે છે ને આસુરી જીવ હોય તે વિમુખ જ થાય છે.

### ગઢડા અંત્ય ૧૮

સંવત ૧૮૮૪ના શ્રાવણ વદી ૧૦ને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઊગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા, અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા ને કંઠને વિશે મોગરાના પુષ્પના હાર પહેર્યા હતા ને પાઘને વિશે પુષ્પના તોરા લટકી રહ્યા હતા ને, પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજી મહારાજના ભત્રીજા જે રઘુવીરજી તેમણે પ્રશ્ન પૂછ્યું જે, ''જેવી જાગ્રત અવસ્થાને વિષે જીવની સ્થિતિ છે તેવી સ્વપ્ન અવસ્થાને વિષે કેમ રહેતી નથી ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જે જીવ જેવો જાગ્રત અવસ્થામાં રહે છે તેવો જ સ્વપ્ન અવસ્થાને વિષે રહે છે. કેમ જે, જાગ્રત અવસ્થામાં જેવી વાસના હોય તેવી જ સ્વપ્ન અવસ્થામાં સ્ફૂરે છે.''





## પરિશિષ્ટ ૪

**શ્રી સત્સંગિજીવન ગ્રંથ શ્રી શતાનંદમુનિએ સંસ્કૃતમાં લખ્યો છે, તેમાં ચતુર્થ પ્રકરણનો સાઈઠમો અધ્યાય.**

**सुव्रत उवाच**

लक्ष्मीनारायणस्याथ मन्दिरप्रा णे सभा ।
अपराह्ने महत्यासीत्सुधर्मेव सुरालये ॥ १ ॥
तत्र भक्तजनाः सर्वे योषितश्च यथोचितम् ।
आगत्योपाविशन् राजन्भगवांश्च महासने ॥ २ ॥
रामप्रतापः ससुतः इच्छारामश्च सात्मजः ।
तत्रागत्याग्रतस्तस्य निषेदतुरुभावपि ॥ ३ ॥
मुकुन्दानन्दनामाद्यो जयानन्दश्च वर्णिराट् ।
वासुदेवानन्दमुख्याः सर्वोऽन्ये ब्रह्मचारिणः ॥ ४ ॥
मुक्तानन्दस्तथा ब्रह्मानन्दः साधुषु सत्तमः ।
गोपालनन्दनामा च नित्यानन्दादयोऽखिलाः ॥ ५ ॥
निषेदुः साधवस्तत्र ब्राह्मणाश्च नराधिप !
शिवरामो मयारामो दीनानाथादयो विदः ॥ ६ ॥
वास्तुसूरोत्तामा पुंजजिच्च काकुभयो नृपाः ।
सोमो हेमन्तसिंहाद्या निषेदुस्तत्र संसदि ॥ ७ ॥
भृगुजिद्रत्नजिद्वीरोऽलयाद्याः क्षत्रसत्तामाः ।
गोविन्दो रणछोडश्च नाथजित्प्रमुखा विशः ॥ ८ ॥
जया रमा च ललिता पुंजिका चामरी तथा ।
ग ा रेवा द्वितीया सा मोद्रामुख्याश्च योषितः ॥ ९ ॥
उपविष्टेषु सर्वेषु तत्र स्वभ्रातरौ हरिः ।
उवाच स्वां धर्मधुरां धातुकामो वृषान्वये ॥ १० ॥
श्रृणुतं भ्रातरौ ! वांच मम लोकहितावहाम् ।
अर्थ सुनिश्चितं चित्तो सत्यमेव वदाम्यहम् ॥ ११ ॥
योऽयं जनगुरुत्वेऽत्राधिकारो वर्तते मम ।

न्यस्तोऽस्ति स बलादेव श्रीस्वामिचरणैर्मयि ॥ १२ ॥
गुर्वाज्ञा पालनीयेति बुद्ध्योढा धर्मधूर्मया ।
एताक्तालपर्यन्तं भक्ति धर्मोपुपुक्षता ॥ १३ ॥
साम्प्रतं पंचमस्कन्धभूयोभूयः श्रुतेरहम् ।
निवृत्तौ स्थातुमुत्कोऽस्मि यथा प्राग्भरतो जडः ॥ १४ ॥
त्यक्तप्रवृत्तिकार्योऽहं दशमस्कन्धमन्वहम् ।
पठन् श्रृण्वन्करिष्यामि भक्तिं कृष्णस्य नेतरत् ॥ १५ ॥
तस्माद्धर्मान्ववाये तां निदध्यामधुनेति मे ।
इच्छास्त्यतोऽहं वां याचे पुत्रौ द्वावीप्सितौ मम ॥ १६ ॥

**सुव्रत उवाच**

इत्याकर्ण्य हरेर्वाचं जगादादौ तदग्रजः ।
त्रयः सन्ति हि पुत्रा मे तत्रेष्टो यः स गृह्यताम् ॥ १७ ॥
ततः कनीयास्तं प्राह तनयाः सन्ति पंच मे ।
तत्र यस्य जिधृक्षा ते भवेत्सोऽद्यैव गृह्यताम् ॥ १८ ॥
तयोरिति वचः श्रुत्वा प्रसन्नो हरिराह तौ ।
देह्ययोध्याप्रसादाख्यं सुतमेतं त्वमग्रज ! ॥ १९ ॥
त्वमिच्छाराम ! मे देहि रघुवीराभिधं सुतम् ।
इत्युक्ते तेन तौ दातुं सद्य एवोत्थितौ सुतौ ॥ २० ॥
ततो हरिर्वैदिकविप्रवर्यैः शास्त्रोदितं दत्तविधिं विधाय ।
वादित्रगीतध्वनिमलाढयं जग्राह तौ सर्वजनानुरागौ ॥ २१ ॥
आस्थाप्य तावात्मन एव पीठे वस्त्रैरनर्घ्यैः सुविभूषणैश्च ।
सम्मान्य सर्वैर्निजभक्तपुम्भिस्तयोर्मुदाचीकरदर्चनं सः ॥ २२ ॥
अथ तावाह भगवान् पुत्रौ ! मे श्रृणुतं वचः ।
अस्माकमिष्टदेवोऽस्ति श्रीकष्णो भगवान् स्वयम् ॥ २३ ॥
तन्मन्दिराण्यनेकानि कारितानि मया भुवि ।
तद्वृत्तयश्च सर्वत्र कारिताः सन्ति पुत्रकौ ! ॥ २४ ॥
तत्राप्याद्ये मन्दिरे द्वे एकं श्रीनगरेऽस्ति यत् ।
नरनारायणस्यात्र लक्ष्मीनारायणस्य च ॥ २५ ॥





तयोर्मध्यविभगागेन खण्डोऽयं भारतहवयः ।
कल्पितोऽस्ति मया द्वेधा तत्तनाम्ना स उच्यते ॥ २६ ॥
धर्मदत्तं जनैर्यद्यद्धनधान्यांशुकादिकम् ।
खण्डेऽत्र दक्षिणे तत्तल्लक्ष्मीनारायणस्य हि ॥ २७ ॥
एवमुतरखण्डेऽपि धर्मदत्तं जनैस्तु यत् ।
नरनारायणस्यैव तदित्थं कल्पितं मया ॥ २८ ॥
एकैकखण्डे गुरुता स्वाश्रितानां नृणां मया ।
पृथक्पृथग्युवाभ्यां तु दीयते धर्मगुप्तये ॥ २९ ॥
इत्युक्त्वासौ पत्रिके द्वे शुकानन्दाख्यसाधुना ।
अलेखयत्सभामध्ये कृतस्वोक्तार्थविस्तरे ॥ ३० ॥
ते गृहीत्वा स्वकरयोस्तावुवाच महामनाः ।
एकैकामेतयोः पत्रीं गृहीतमिति भूपते! ॥ ३१ ॥
तदैकैकां जगृहतुः पत्रिकां तौ पृथक् पृथक् ।
गृहीत्वा तत्र कृष्णस्य नामैक्षेतामनाम्नलौ ॥ ३२ ॥
प्राप्तासीद्रद्दुवीरेण लक्ष्मीनारायणस्य तु ।
पत्र्ययोध्याप्रसादेन नरनारायणस्य च ॥ ३३ ॥
तदृष्टा हरिरुचे स्वानाश्रितान् सकलान् जनान् ।
युष्माकमेतौ हि गुरु कृतावद्यदिनान्मया ॥ ३४ ॥
नरनारायणस्य स्युः खण्डे ये मदुपाश्रिताः ।
ते त्वयोध्याप्रसादस्य शिष्या इत्यवधार्यताम् ॥ ३५ ॥
लक्ष्मीनारायणस्याथ खण्डे स्युर्ये मदाश्रिताः ।
रघुवीरस्य ते शिष्याः सर्व इत्यवधार्यताम् ॥ ३६ ॥
स्त्रीणां खण्डद्वयस्थानामेतयोर्योषितौ गुरू ।
एवमेव हि युक्तत्वान्मर्यादा स्थापिता मया ॥ ३७ ॥
**उभावेतौ धर्मवंश्यौ युष्माभिधर्मदेववत् ।**
**मान्यौ सेव्यौ स्वशक्त्यान्नवस्त्रा भूषणाधनादिभिः ॥ ३८ ॥**
**एतयोश्चैतद्वंश्यानां करिष्यन्ति ये आश्रयम् ।**
**तान् कृष्णो भगवान् धामं देहान्ते नेष्यति स्वकम् ॥ ३९ ॥**

इत्युक्त्वा तान् पुनः पुत्रावुवाच स हरिर्नृप ! ।
युवाभ्यां स्वस्वखण्डस्थाः **शिष्याः** कार्या न चेतरे ॥ ४० ॥
तद्दत्तं चान्नवस्त्रादि **ग्राह्यं** नान्यस्य तु क्वचित् ।
साधवो वर्णिनः पद्ना ये स्युस्ते तूभयोः समाः ॥ ४१ ॥
**अपक्षपाताः कर्तारस्ते सेवां युवयोर्द्वयोः** ।
**ये पक्षपातिनः स्युस्ते भ्रष्टा यास्यन्त्यधोगतिम् ॥ ४२ ॥**
युवयोः शिष्यवित्तार्थविवादस्य तु निर्णये ।
द्वौ द्वौ गृहस्थौ धर्मस्थौ कार्यो नैते तु कर्हिचित् ॥ ४३ ॥
स्त्रीभ्यां वां स्वाश्रितस्त्र्यर्थविवादस्य च निर्णये ।
कार्ये सभर्तृके द्वे द्वे योषे रण्डास्तु न क्वचित् ॥ ४४ ॥
गृहीतरा यत्र नरा गृहिकार्यस्य निर्णये ।
रण्डाश्च स्युर्न तत्सिद्धयेत्कार्यध्वंसो भवेत् खलु ॥ ४५ ॥
युवाभ्यां मन्मतान् ग्रन्थानष्टावाश्रित्य नित्यदा ।
वृत्यं शिष्या वर्तनीयाः सम्प्रदायानुसारतः ॥ ४६ ॥
**यच्चैतद्वां मया दत्तं तदस्ति स्वभुजार्जितम्** ।
**स्वत्वं कस्याप्यतो नात्र पितुर्भ्रात्रोश्च वै तयोः ॥ ४७ ॥**
तपस्विनमिवर्षि मां जानीतं बदरीपतिम् ।
स्वेच्छागतं स्वधाम्नोऽत्र गन्तारं तत्र वै पुनः ॥ ४८ ॥
**यस्मै दित्सा ममैवासीत्तस्मै स्वातंत्र्यतो मया** ।
**दत्तमेतत्स्वकं सर्वं नातो भागोऽत्र कस्यचित् ॥ ४९ ॥**
युवयोः पुत्रबाहुल्ये जातेऽपि गुरुतासने ।
एकः स्थाप्यो गुणी पुत्रो न ज्येष्ठनियमोऽत्र तु ॥ ५० ॥
जनानुरागो यस्मिन् स्याच्छिष्यधर्मावनक्षमः ।
स्वसम्प्रदायधर्मस्थो यश्च स्यात्स गुरुर्भवेत् ॥ ५१ ॥
तादृक् पुत्रो न चेत्स्वस्य तदान्यं धर्मवं**श**जम् ।
गृहीत्वा दत्तविधिना स्थाप्यो मद्वन्न सोऽजः ॥ ५२ ॥
इत्याज्ञा पालनीया मे सर्वोरपि यथायथम् ।
वर्तिष्यतेऽन्यथा यस्तु स मच्छिष्यबहिष्कृतः ॥ ५३ ॥





**सुव्रत उवाच–**

इति तस्य वचो **निशम्य** सर्वे प्रणतास्तज्जगृहुर्मुदा **शिरोभिः** ।
गुरुभावमितौ च तौ प्रणम्य प्रभुमित्थं तमुदारम्चतुर्द्वौ ॥५४॥
त्वं साक्षादीश्वरोऽसि प्रकटितमहिमा स्वेच्छया मानवाभः
सेव्यो नृणां व नारायणऋषिरिति नौ निश्चयोऽस्त्येव चित्ते ।
आज्ञायां तिष्ठतोर्नौ तव भुवि भवगन्धर्महानिः कदाचिदेहेऽहन्ता
तदीयेषु च पुरुममता माऽस्तु साऽस्तु त्वदङ्घ्रौ ॥५५॥
इति तयोर्वचनं स **निशम्य** तावनवनतावभिनन्द्य सदा**शिषा** ।
अकृत जागरणं गुणकिर्तनैर्भगवतः सह भक्तजनैर्निजैः ॥५६॥
द्वादश्यां बहुविधभक्ष्यभोज्यलेह्यैः सन्तर्प्य द्विजगणसाधुमण्डलानि ।
अन्नार्थानितरजनांश्च मानपूर्वं भ्रात्राद्यैः सह विदधेऽथ पारणां सः ॥५७॥
सम्भारन् दिनयुगलेन साधयित्वा राकायामकृत महोत्सवं स भक्तेः ।
यं श्रूत्वा नृपतिवरा अपि क्षमायां साश्चर्यं स्वसदसि सादरं **शशंसुः** ॥५८॥

**इति श्री सत्संगिजीवने नारायणचरित्रे धर्मशो चतुर्थप्रकरणे आचार्यस्थापनतच्छिक्षाश्रीभक्तिदेवी जन्मोत्सव निरुपणनामा षष्ठित्तमोऽध्यायः**

## અધ્યાય ૬૦

### ભાવાર્થ

**સુવ્રતઋષિ કહે છે :** હે રાજન્ ! શ્રી ધર્મદેવની મહાપૂજા પુરી થયા પછી તે જ દિવસે અપરાહન્ સમયે શ્રી લક્ષ્મીનારાયણના આંગણમાં સ્વર્ગમાં થતી સુધર્મા નામની સભા જેટલી મોટી સભા થઈ.॥ ૧ ॥

તે સભામાં નરનારી ભક્તજનો સર્વે આવીને યથાયોગ્ય પોતપોતાને સ્થાને બેઠા અને તે સભાના મધ્યમાં દિવ્ય સિંહાસન ઉપર ભગવાન વિરાજમાન થયા. ॥ ૨ ॥

ભગવાનના ભાઈ રામપ્રતાપ અને ઈચ્છારામ પોતપોતાના પુત્રો સાથે તે સભામાં ભગવાનની આગળ બેઠા. મુકુંદાનંદ, જયાનંદ, વાસુદેવાનંદ, વગેરે મુખ્ય બ્રહ્મચારીઓ, તથા મુક્તાનંદ, બ્રહ્માનંદ,

ગોપાળાનંદ, નિત્યાનંદ વગેરે મુખ્ય સાધુઓ તથા શિવરામ, મયારામ, દિનાનાથ વગેરે વિદ્વાન વિપ્રો તથા વસ્તાખાચર, સૂરાખાચર, દાદાખાચર, પૂંજાભાઈ, કાકાભાઈ, સોમલાખાચર, ઝીણાભાઈ આદિક ક્ષત્રિય રાજાઓ, તથા ભગુજી, રતનજી, વીરોજી, અલૈયો વગેરે ક્ષત્રિયો તથા ગોવિંદભાઈ, રણછોડભાઈ નાથજીત વગેરે વૈશ્યો યથાયોગ્ય યથાસ્થાને તે સભામાં બેઠા. ॥ ૩-૮ ॥

જયા,લલિતા,પુંજીકા અમરી,ગંગા,રેવા,બીજી રેવા, મોઘા, અમલા, રતિ, અમૃતા, આદિક બાઈઓ યથામર્યાદા ત્યાં બેઠી.॥૯॥

સભામાં સર્વેજનોના બેસી ગયા પછી, ધર્મધુરા ધર્મવંશમાં સ્થાપન કરવાની ઈચ્છાથી પોતાના ભાઈ રામપ્રતાપ અને ઈચ્છારામ પ્રતિ ભગવાન બોલ્યા કે, ॥ ૧૦ ॥

હે ભાઈઓ ! સાંભળો, લોકહિતને સારું મેં બહુ વખતથી ચિત્તમાં વિચારીને જે અર્થનો નિર્ણય કર્યો છે, તે આ સત્ય જ કહું છું.॥ ૧૧ ॥

જનોના જન્મ-મરણાદિ દુઃખ ચક્રને દૂર કરવામાં ઉપયોગી જે આ ગુરુપદ છે તેમાં હું અધિકૃત થયો છું. આ અધિકાર મને પ્રિય ન હોવા છતાં પણ શ્રીરામાનંદ સ્વામીએ બળાત્કારે તે મને આપેલો છે, તે ધર્મભક્તિના સંરક્ષણરૂપ છે. તેમ છતાં મુનિવૃત્તિવાળા મારા જેવાને તો તે ભારરૂપ જ છે. છતાં ગુરૂની આજ્ઞા અવશ્ય પાળવી જોઈએ તેટલા માટે મેં અત્યાર સુધી તે ધર્મભાર વહન કર્યો છે. ॥ ૧૨-૧૩ ॥

હાલમાં શ્રીમદ્ ભાગવત્‌ના પંચમસ્કંધના વારેવારે શ્રવણથી મને નિવૃત્તિ માર્ગમાં રહેવાની તીવ્ર ઈચ્છા થાય છે. માટે હું હવે જડભરતની જેમ નિવૃત્તિ માર્ગમાં રહેવા ઈચ્છું છું. ॥૧૪॥

આ પ્રવૃત્તિમય કાર્યભારને ત્યજી દઈને, નિત્ય પ્રત્યે શ્રીમદ્‌ભાગવત્‌ના દશમ સ્કંધના પઠન શ્રવણથી કૃષ્ણમાં મન અખંડિત જોડી દઈને પરમ પ્રીતિવાળો થઈને રહેવાની મારે દૃઢ ઈચ્છા થઈ છે. ॥૧૫॥

માટે હાલમાં આ ધર્મધુર ધર્માન્વયમાં ધારણ કરું તેવી મને તીવ્ર ઈચ્છા થઈ છે. માટે તેવી ધર્મધુર વહન કરવામાં સમર્થ અભીપ્સિત બે પુત્રો તમારી પાસે માગું છું. ॥ ૧૬ ॥





સુવ્રત ઋષિ કહે છે કે હે રાજન્, ભગવાનની આવી વાણી સાંભળીને સૌ પ્રથમ તેમના મોટાભાઈ રામપ્રતાપજી બોલ્યા કે, મારે ત્રણ પુત્રો છે, તેમાંથી એક જે તમને પ્રિય હોય તે ગ્રહણ કરો. તે પછી નાનાભાઈ ઈચ્છારામ બોલ્યા કે મારે પાંચ પુત્રો છે, તેમાંથી જે યોગ્ય હોય તે એક હમણાં જ ગ્રહણ કરો. ॥૧૭-૧૮॥

આવું ભાઈઓનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિએ તેમને કહ્યું કે હે જ્યેષ્ઠ બંધુ રામપ્રતાપ ! જે આ અયોધ્યાપ્રસાદ નામનો તમારો પુત્ર છે, તેને તમે આપો. હે ઈચ્છારામ ! રઘુવીર નામનો તમારો પુત્ર મને આપો. આ પ્રમાણે ભગવાનના કહેવાથી તે બંને ભાઈઓ, પોત પોતાનો પુત્ર શ્રીહરિને સમર્પવા તત્ક્ષણ ઉભા થયા.॥ ૧૯-૨૦॥

ત્યાર પછી ભગવાને વાજીંત્રો અને ગીતોના મંગળ ધ્વનિ સાથે શાસ્ત્રોક્ત દત્તવિધિ હરિશર્મા વગેરે વેદીયા બ્રાહ્મણો પાસે કરાવીને, તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીરજીનો પોતાના પુત્રપણે સ્વીકાર કર્યો.॥૨૧॥

પછી ભગવાને તેમને પોતાના જ આસનમાં બેસાડીને, બહુમૂલ્ય વસ્ત્ર આભૂષણ આદિક વડે સન્માન કરીને, સર્વે નિજભક્તો પાસે મહા આનંદથી તેમની ચંદન પુષ્પાદિ વડે પૂજા કરાવી. ॥ ૨૨ ॥

ત્યાર પછી ભગવાન તે પુત્રો પ્રત્યે એમ બોલ્યા - હે પુત્રો! મારું આ વચન સાંભળો. ભગવાન શ્રીકૃષ્ણ આપણા ઈષ્ટદેવ છે, તે સ્વયં ભગવાન છે. ॥ ૨૩ ॥

હે પુત્રો - તેમના અનેક મંદિરો આ ભૂમિ ઉપર લોક કલ્યાણ માટે મેં કરાવ્યાં છે. તે મંદિરો માટે જરૂરી એવી સંપત્તિઓ તેના તેના પ્રાંત-પ્રદેશમાં કરાવી છે. ॥ ૨૪ ॥

તે સર્વે મંદિરોમાં બે મંદિર મુખ્ય છે. એક શ્રીનગરમાં નરનારાયણનું અને બીજું અહીં લક્ષ્મીનારાયણનું. તે મંદિરોના મધ્ય વિભાગથી આ ભારત નામનો ખંડ બે પ્રકારે વિભાગ કર્યો છે. તે આ નરનારાયણ દેશ અને આ લક્ષ્મીનારાયણદેશ એવા નામથી કહેવાશે. ॥૨૫-૨૬ ॥

આ દક્ષિણખંડમાં જનોએ જે જે ધન ધાન્ય વસ્ત્રાદિ ધર્માર્થે આપ્યું હોય, તે શ્રી લક્ષ્મીનારાયણનું જ છે. એ જ રીતે ઉત્તરાખંડમાં પણ

લોકોએ જે જે ધન ધાન્યાદિક વસ્તુ ધર્માદા આપ્યું હોય તે નરનારાયણનું જ છે. એવી રીતે ધાર્મિક દ્રવ્ય વિભાગની વ્યવસ્થા મેં બાંધી છે. ।। ૨૭-૨૮ ।।

હે પુત્રો ! એવી રીતે દેશવિભાગથી એક એક ખંડમાં મારા આશ્રિતજનોના શ્રેયમાં ઉપયોગી ગુરુપદ પૃથક્ પૃથક્ હું તમને ધર્મસંરક્ષણ માટે આપું છું. ।। ૨૯ ।।

આ પ્રકારે શ્રીહરિએ પોતાના પુત્રો પ્રત્યે કહીને, પછી સભા મધ્યે પોતે કહેલા અર્થ અને કહેવામાં આવશે એવા અર્થ વિસ્તારને જણાવનારી બે પત્રિકાઓ એક નરનારાયણ નામથી અંકિત અને બીજી લક્ષ્મીનારાયણ નામથી અંકિત શુકાનંદ મુનિ પાસે સ્પષ્ટ અક્ષરથી લખાવી.।। ૩૦ ।।

મહાઉદાર મનના શ્રીહરિએ તે બંને પત્રિકાઓને હાથમાં લઈને અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરજીને કહ્યું કે, આમાંથી એક એક પત્રિકાને તમે લો. ।। ૩૧ ।।

તે સમયે તેમણે ભગવાનની આજ્ઞા મુજબ એક એક પત્ર લઈને વ્યાકુળતાએ રહિત થકા તેની અંદર લખેલું નરનારાયણ અને લક્ષ્મીનારાયણનું નામ પૃથક્ પૃથક્ જોયું. ।। ૩૨ ।।

તેમાં લક્ષ્મીનારાયણ નામથી અંકિત લેખ રઘુવીરજીના ભાગમાં આવ્યો અને અયોધ્યાપ્રસાદજીને નરનારાયણ નામથી અંકિત લેખ ભાગમાં આવ્યો. ।। ૩૩ ।।

તે ભાગમાં આવેલી પત્રીને જોઈને ભગવાન્ પોતાના સમગ્ર આશ્રિતજનો પ્રત્યે બોલ્યા કે, હે જનો ! આ દિવસથી જ મેં આ અયોધ્યાપ્રસાદ અને રઘુવીરને તમારા ગુરુ કર્યા છે. નરનારાયણના ખંડમાં જે મારા આશ્રિતો હોય તે અયોધ્યાપ્રસાદજીના શિષ્યો જાણવા અને લક્ષ્મીનારાયણના ખંડમાં જે મારા આશ્રિતજનો હોય તે રઘુવીરજીના શિષ્યો જાણવા. ।। ૩૪-૩૬ ।।

આ અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરજીની અનુક્રમે સુનંદા અને વીરજા નામની જે ધર્મપત્નીઓ છે, તેમને બંને ખંડને વિષે રહેલી સ્ત્રીભક્તોના દેશભેદ ક્રમને અનુસારે ગુરુ કર્યા છે. વિચાર કરતાં





સ્ત્રીઓનું ગુરુપણું આચાર્યપત્નીને જ યોગ્ય જાણીને મેં આ મર્યાદા સ્થાપી છે, તે સર્વેએ પાળવી. ।।૩૭।।

તમારે આ આચાર્યપદમાં સ્થાપેલા ધર્મવંશીય બંને મારા પુત્રો ધર્મદેવની પેઠે માનવા અને યથાશક્તિ અન્નવસ્ત્ર આભૂષણ વિત્ત વગેરે વડે સારી રીતે સેવવા. ।। ૩૮ ।।

**જે જનો આ બંને આચાર્યો અને તેમના વંશમાં થનારા આચાર્યોનો આશ્રય કરશે તેમને ભગવાન શ્રીકૃષ્ણ દેહાવસાન સમયે પોતાના ધામ પ્રતિ તેડી જશે. ।। ૩૯ ।।**

**હે નૃપ ! આ પ્રકારે શ્રીહરિ પોતાના ભક્તજનો પ્રત્યે કહીને ફરીથી પુત્રો પ્રત્યે બોલ્યા કે, તમારે પોત પોતાના દેશના જનોને શિષ્યો કરવા, પણ એકબીજાના દેશનાને ન જ કરવા. ।।૪૦ ।।**

અને પોત પોતાના ખંડના ભક્તજનોએ આપેલું અન્ન વસ્ત્રાદિ તમારે ગ્રહણ કરવું, પણ એકબીજાના દેશના જનોએ આપેલું ગ્રહણ ન જ કરવું. જે સાધુઓ બ્રહ્મચારીઓ અને પાળાઓ છે તે તો તમારે બંનેને શિષ્યભાવમાં સરખા છે. ।। ૪૧ ।।

**તે આ સાધુ-ત્યાગીઓ પક્ષપાત વિના તમારી બંનેની સેવા કરવાને યોગ્ય છે. જેઓ પક્ષપાત કરશે તેઓ તો સ્વધર્મ થકી ભ્રષ્ટ થઈને સંસૃતિરૂપ અધોગતિને પામશે. ।। ૪૨।।**

જો કદાચિત દેશકાળને લીધે શિષ્ય નિમિત્તે કે તેણે આપેલા ધનાદિ નિમિત્તે, વિવાદ થાય તો ધર્મનિષ્ઠ પક્ષપાતે રહિત એવા બે બેગૃહસ્થો બંને દેશમાંથી કરવા અને વિવાદનો નિર્ણય તેમને સોંપવો. પરંતુ આ સાધુ આદિક ત્યાગીઓને તો ક્યારેય પણ વિવાદાર્થના નિર્ણયમાં જોડવા નહિ. ।।૪૩।।

તથા તમારી પત્નીઓએ શિષ્યભાવને પામેલી સ્ત્રીઓ નિમિત્તે કે તેમણે આપેલા ધનાદિ નિમિત્તે વિવાદ થાય તો તેના નિર્ણયમાં બે બે ધર્મનિષ્ઠ સધવા સ્ત્રીઓ બંને દેશમાંથી કરવી અને વિવાદનો નિર્ણય તેમને સોંપવો પણ વિધવાઓને તો ક્યારે પણ તેના નિર્ણયમાં નિયોજવી જ નહિ. ।। ૪૪ ।।

વ્યાવહારિક કાર્યમાં ગૃહસ્થોનો સબંધ જ મંગળદાયી થાય, પણ તે સિવાય ત્યાગાશ્રમ તથા વિધવાપણાને પામેલી વનિતાઓનો સંબંધ મંગળદાયી ન જ થાય. ગૃહકાર્યના નિર્ણયમાં તે બંનેના જો સંબંધ થાય તો તે કાર્ય સિદ્ધ ન થતાં નિશ્ચે નાશ જ થાય. ॥૪૫॥

વળી તમારે મેં માન્ય કરેલા વેદ વ્યાસસૂત્રાદિ આઠ ગ્રંથોને અનુસરીને જ પ્રતિદિન વર્તવું અને તેમ જ આશ્રિતજનોને સંપ્રદાયને અનુસારે વર્તાવવા. ॥ ૪૬ ॥

મેં તમને જે આ મંદિરાદિ આપ્યું છે, તે મેં પોતે જ બાહુબળથી સંપાદન કરેલું છે. માટે એમાં મારા પિતા ધર્મદેવનો કે મારા ભાઈ રામપ્રતાપ કે ઈચ્છારામ કોઈનો પણ લેશમાત્ર હક્ક નથી. ॥૪૭॥

મને બદરીપતિ નારાયણ ઋષિની પેઠે અકર્મવશ, લોકાનુગ્રહ માટે ભૂમિ પર નરનાટ્યને પ્રગટ કરી રહેલા સ્વેચ્છાથી સ્વધામ અક્ષરધામમાંથી આ લોકમાં આવેલા અને અવતરણ કાર્ય પૂરું થતાં ફરી પણ સ્વધામ પ્રતિ જ જનારા એવા મને નિશ્ચયથી તમે જાણો.॥ ૪૮ ॥

ભાઈઓના બહુ પુત્રોમાંથી મને જેને આપવાની ઈચ્છા થઈ છે, તેને જ સ્વતંત્રપણે મેં આ સર્વસ્વ આપ્યું છે. માટે તેમાં તમારા ભાઈઓનો લેશમાત્ર પણ ભાગ નથી. ॥૪૯॥

**તમારે બહુ પુત્રો થાય તો પણ એક ગુણવાન પુત્રને ગુરુપદમાં સ્થાપન કરવો. એમાં જ્યેષ્ઠ પુત્રને જ સ્થાપન કરવો એવો નિયમ નથી.॥૫૦॥**

જે પુત્રમાં ગુણોએ કરીને ધર્મનિષ્ઠ જનોને અનુરાગ થાય અને જે, શિષ્યોના ધર્મના રક્ષણમાં સમર્થ હોય અને જે પોતાના સંપ્રદાયમાં સદ્ધર્મોમાં નિષ્ઠાવાળો હોય, તે જ ગુરૂપદમાં સ્થાપન કરવાને લાયક છે. ॥ ૫૧ ॥

એવા સદ્‌ગુણે સંપન્ન પુત્ર જો પોતાને ન હોય તો ધર્મવંશના બીજાને દત્તવિધિથી મારી જેમ, પુત્રપણે લઈને આ આચાર્યપદમાં તમારે સ્થાપન કરવો. ॥ ૫૨ ॥

મારી આ આજ્ઞા મારા આશ્રિત તમારે સર્વેએ યથાવિભાગ પાળવી. અન્યથા જે વર્તશે તે મારા ચરણાશ્રિત સમાજ થકી બહિષ્કૃત જાણવો. ॥ ૫૩ ॥





સુવ્રત ઋષિ કહે છે - હે રાજન્ આવું ભગવાનનું વચન સાંભળીને પૂર્વોક્ત સર્વેએ ભક્તિથી નમ્ર મસ્તકે હર્ષથી ગ્રહણ કર્યું. હે ભગવાન, તમે સાક્ષાત્ સર્વેશ્વર સ્વેચ્છાથી નૃનાટ્યને સ્વીકારી રહેલા પોતાનો અસાધારણ મહિમા પ્રગટ કરી રહેલા, સમગ્રજનોએ સેવનીય, સર્વના સાક્ષાત્ દૃષ્ટા નારાયણ જ છો. એવો અમારા ચિત્તમાં દૃઢ નિશ્ચય થયો છે. આપની આજ્ઞા અમને મૂળભૂત પરમધર્મ છે, અમારે ભૂમિમાં ધર્મની હાનિ ક્યારેય પણ ન જ થાય, પ્રમાદિક એવો પણ ધર્મભંગ અમારે ન જ થાય, એવી પ્રાર્થના કરીએ છીએ. આપના ચરણારવિંદમાં જ સર્વદા પ્રીતિ રહે, એમ અમે વારે વારે માગીએ છીએ. ॥ ૫૪-૫૫ ॥

એવી રીતે પ્રાર્થના કરીને ચરણારવિંદમાં પ્રણામ કરતા તે પુત્રોનું વચન સાંભળીને પ્રસન્ન થયેલા ભગવાને શુભ આશિર્વચનથી તેમનું અભિનંદન કરીને, તે રાત્રિએ પોતાના ભક્તજનો સાથે જાગરણવ્રત કીર્તનાદિ વડે કર્યું. ॥૫૬॥

બીજા દિવસે બારશે વિવિધ પ્રકારના મિષ્ટાન્ન વડે, બ્રાહ્મણો અને વર્ણી સાધુ મંડળને જમાડીને, અન્ય અન્નાર્થી જનોને સંતૃપ્ત કરીને પછીથી ભગવાને પોતાના ભાઈઓની સાથે પારણાં કર્યાં. ॥ ૫૭ ॥

તે પછી ભગવાને બે દિવસમાં ઉત્સવોપયોગી સમગ્ર સામગ્રી સંપાદન કરી, પૂર્ણિમાએ માતા ભક્તિદેવીના જન્મોત્સવનો મહોત્સવ કર્યો. ભગવાને કરેલા ઉત્સવ પ્રકારને સાંભળીને પૃથ્વી ઉપર મહારાજાઓ પણ આશ્ચર્ય પામીને પોતપોતાની સભામાં તેમનો યશ આદરથી વિશેષપણે વખાણવા લાગ્યા. ॥ ૫૮ ॥

> શ્રીકૃષ્ણનું જે સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી.
>
> શિ. શ્લો. ૬૨

## પરિશિષ્ટ ૫

### પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યો છે તેમાંથી

### પ્રકાર ૩૭

**દોહા**

એમ અનેક પ્રકારનાં, બહુ બહુ ઉઘાડ્યાં બાર ।
કલ્યાણ કરવા કારણે, અલબેલે જાણો આ વાર ॥ ૧ ॥
આપ સંબંધે સંત સંબંધે, વર્ણી સન્યાસી સંબંધે સોય ।
સાંખ્યજોગી સત્સંગી સંબંધી, શ્રેય પામ્યા સહુ કોય ॥ ૨ ॥
મંદિર મૂર્તિ સંબંધે, કર્યા કલ્યાણના ઉપાય ।
એ માંહેલો પ્રસંગ પ્રાણીને, થાય તો ભવદુઃખ જાય ॥ ૩ ॥
જેમ અન્ન ધન આપી આપણું, કરે કંગાલને કોટિ ધ્વજરાજ ।
એમ સમાજ દૈ તારે જીવને, એવું આશ્ચર્ય સરખું આજ ॥ ૪ ॥

**ચોપાઈ**

એમ બહુ બહુ પરકારે રે, વાલે જીવ તાર્યા આ વાર રે
બહુ હરિ કરિ પરમાર્થ રે, તાર્યા જીવ વાવરી સામર્થ્ય રે ॥ ૫ ॥
વળતો વિચાર કર્યો છે વાલે રે, આવું આવું ઘણું કેમ ચાલે રે ।
મોટાં મોટાં કરાવ્યાં મંદિર રે, તેમાં રાખ્યા સંત સુધીર રે ॥ ૬ ॥
પણ તેતો સંત છે જો ત્યાગી રે, વસી કેમ શકશે વિતરાગી રે ।
મમત વિના મંદિર કેમ રે'શે રે, વાત બંધ એ કેમ બેસશે રે ॥ ૭ ॥
જેહ ત્યાગી છે ત્રિયાધન તણા રે, દેહ સુખથી નિરાશી ઘણા રે ।
તેણે નહિ જળવાય જાગ્ય રે, નથી વાત એ બનવા લાગ્ય રે ॥ ૮ ॥
**માટે એના કરું એક ધણી રે, તો રાખે ખબર એની ઘણી રે ।**
**પછી સરવાર દેશથી સંબંધી રે, તેને તેડાવી જાયગા દીધી રે ॥ ૯ ॥**
**સ્થાપ્યા દત્તપુત્ર પોતે સ્થિર રે, અવધપ્રસાદ ને રઘુવીર રે ।**
**તેને આપે કર્યા આચારજ રે, કરવા બહુ જીવનાં કારજ રે ॥ ૧૦ ॥**
**આપ્યાં વેં'ચી મંદિર ને દેશ રે, જેમાં કોઈને ન થાય કલેશ રે ।**
**સાધુ સત્સંગીના ગુરુ કીધા રે, દેશ ઉત્તર દક્ષિણ વેં'ચી દીધા રે ॥ ૧૧ ॥**





કહે સહુસહુને દેશે રે'જો રે, સારો સહુને ઉપદેશ દેજો રે ।
**તમને માનશે પૂજશે જેહ રે, મોટા સુખને પામશે તેહ રે ॥૧૨॥**
અન્ન ધન આપશે અંબર રે, પશુ વાહન ને વળી ઘર રે ।
ફળ ફૂલ દળ જળ દેશે રે, તેતો અખંડ ધામને લેશે રે ॥૧૩॥
એહ આદિ જે આપશે વસ્તુ રે, એવા ઘરધારી જે ગૃહસ્થ રે ।
વળી પધરાવશે પોતાને ઘેર રે, કરશે સેવા વળી સારે પેરે રે ॥૧૪॥
**વળી કરશે સન્માન એનું રે, મારે કરવું છે કલ્યાણ તેનું રે ।**
**એમ આચારજથી કલ્યાણ રે, થાશે સહુ જીવનું સુજાણ રે ॥૧૫॥**
**માનો મોક્ષનો છેલ્લો ઉપાય રે, એહ ઉપરાંત નથી કાંઈ રે ।**
મૂર્તિ આચારજ ધર્મપાળ રે, રે'શે કલ્યાણ તે બહુ કાળ રે ॥૧૬॥
જેજે એને કોઈ આશરશે રે, તેતો જરુર ભવજળ તરશે રે, ।
કરશે દર્શન ને ગુણ લેશે રે, વળી પો'ચ્ય પ્રમાણે કાંઈ દેશે રે ॥૧૭॥
શ્રદ્ધા સહિત સેવા કરે સોઈ રે, વળી રાજી થાશે એને જોઈ રે ।
એવા જન જેજે જગમાંય રે, તેની કરવી મારે સહાય રે ॥૧૮॥
મારી ઈચ્છા છે હમણાં એવી રે, પરમ પ્રાપ્તિ સહુને દેવી રે ।
**માટે મોક્ષનું મોટું દ્વાર રે, અમે ઉઘાડિયું રે આ વાર રે ॥૧૯॥**
**આચારજથી બહુ ઉદ્ધરશે રે, જાણો બ્રહ્મનગર વાસ કરશે રે ।**
**એમ શ્રીમુખે કહ્યું શ્રીજીયેરે, જન સૌ સત્ય માની લીજીયે રે ॥૨૦॥**

**ઈતિ શ્રીસહજાનંદ સ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે સપ્તત્રિંશઃ પ્રકારઃ**

### પ્રકાર ૩૮

**દોહા**

એમ મોટ્યપ આચારજની, ઘણીઘણી કહી ઘનશ્યામ ।
એહ દ્વારે અનેકને, આપવું છે આજ નિજ ધામ ॥ ૧ ॥
ધામ ધણીએ એમ ધાર્યું, જન ઉદ્ધારવા છે અપાર ।
પાર પમાડવા પ્રાણીને, એહ કર્યા આપે ઉપકાર ॥ ૨ ॥
આચારજથી અનેક જનનો, અવશ્ય સરશે અર્થ ।
એમ આપે આ સમે, વાવરી અતિ સામર્થ ॥ ૩ ॥

**ધર્મકુળને જે અનુસરે, ત્યાગી ગૃહી નર કોઈ નાર ।**
**પરિશ્રમ વિના તે પામશે, અપાર ભવનો પાર ॥ ૪ ॥**

**ચોપાઈ**

આચારજ કર્યા છે જે અમે રે, તેની રીત સુણી લિયો તમે રે ।
નથી અન્ય આચારજ જેવા રે, જાય શ્રદ્ધા કરતાં સેવા રે ॥ ૫ ॥
લાવો લાવો એમ વળી કરે રે, ધન લેવા ધરણિએ ફરે રે ।
લિયે ધન ને તાકે ત્રિયને રે, તે કેમ કરે જીવના પ્રિયને રે ॥ ૬ ॥
માટે એવા આચારજ આ નહિરે, એ પણ વાત સમજવી સહિ રે ।
આતો ત્રિયા ધનના તાકુ નથી રે, તેની વાત કહીએ છીએ કથી રે ॥ ૭ ॥
અમે બાંધી દીધી છે જે રીત રે, તેમાં રે'છે કરી અતિ પ્રીત રે ।
શિષ્ય શ્રદ્ધાએ કરશે સેવા રે, ધન ધાન્યાદિ આવશે દેવા રે ॥ ૮ ॥
તેતો સંતોષ સહિત લેશે રે, પણ કોઈને દુઃખ ન દેશે રે ।
એમ વરતશે એહ આપ રે, પણ નહિ કરે કોઈને સંતાપ રે ॥ ૯ ॥
નિજ સંબંધિ વિના બાઈઓ સંગે રે, કેદિ ન બોલે ન અડે અંગરે ।
કોઈ ઉપર રોષ ન રાખે રે, વળી કોઈને કલંક નહિ નાખે રે ॥ ૧૦ ॥
કેની જમાની પણ નહિ કરે રે, જુઠી સાખ્ય પણ નહિ ભરે રે ।
પડશે આપત તો માગી ખાશે રે, કરજ કેનું ન કાઢવા જાશે રે ॥ ૧૧ ॥
નહિ રાખે કોઈની થાપણ રે, નહિ વેચે ધર્માદાના કણ રે ।
સહુ ઉપર રાખશે દયા રે, રે'શે એ ગુણે જે ગુણ કહ્યા રે ॥ ૧૨ ॥
કળ છળ કપટ દગાઈ રે, તેતો રાખશે નહિ ઉર માંઈ રે ।
ઈર્ષા અદેખીને અમર્ષ રે, રાખી નહિ ખુવે પોતાનો જશ રે ॥ ૧૩ ॥
નહિ રાખે કોઈ પર રોષ રે, એમ વર્તશે સદા અદોષ રે ।
એવા શુભ ગુણ જે અપાર રે, આપ્યો એવાને અમે અધિકાર રે ॥ ૧૪ ॥
સહુના ગુરુ કરી સોંપી ગાદી રે, રીત રાખશે એ રાયજાદી રે ।
ધર્મવંશી ધર્મ થાપશે રે, સારો ઉપદેશ સૌને આપશે રે ॥ ૧૫ ॥
**એતો કર્યું છે કલ્યાણ સારું રે, એમાં બહુ ગમતું છે અમારું રે ।**





**કાંજે કરવું છે બહુનું કારજ રે, નથી રાખવો ફેર એક રજ રે ॥ ૧૬ ॥**
**એહ આચારજથી અપાર રે, બહુ જીવનો થાશે ઉદ્ધાર રે ।**
**એમાં નહિ પડે કાંઈ ફેર રે, શીદ કે'વરાવો વારે વારે રે ॥ ૧૭ ॥**
એમ જન પર હેત કરી રે, આપ ઈચ્છાએ આવ્યા છે હરિ રે ।
ગમે ત્યાંથી તારશે પ્રાણી રે, તેની ગતિ લેશે કોણ જાણી રે ॥ ૧૮ ॥
ધાર્યું ધર્મસુતે ધામ દેવા રે, સહુ જનને શરણે લેવા રે ।
અતિ અસમર્થ જીવ અંગે રે, પોં'ચી ન શકે સુરપુર લગે રે ॥ ૧૯ ॥
તેને તેડી જવા અક્ષરધામ રે, એવું ધાર્યું છે જો ઘનશ્યામ રે ।
તેહ સારું આવ્યા છે આપે રે, જીવ તારવા નિજ પ્રતાપે રે ॥ ૨૦ ॥

ઈતિ શ્રી સહજાનંદ સ્વામી ચરણકમલસેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમ પ્રકાશ મધ્યે અષ્ટત્રિંશઃ પ્રકારઃ

## પ્રકાર ૩૯

**દોહા**

એમ કહી રીત કલ્યાણની, આ સમાની અગણિત ।
તે સૌએ શ્રવણે સાંભળી, અતિ ઉત્તમ પરમ પુનિત ॥ ૧ ॥
એહ રીતમાં જે આવી ગયા, તે થયા પૂરણકામ ।
તેતો તન જયારે તજશે, ત્યારે પામશે પ્રભુનું ધામ ॥ ૨ ॥
જેહ ધામને પામીને, પાછો ન પડે જન કોય ।
એવું અખંડ એ ધામ છે, ત્યાં સુખે વસે જન સોય ॥ ૩ ॥
તે ધામને ધામીએ ધારિયું, દેવા સ્વધામનું જો સુખ ।
જીવ જગતના જોઈને, દયા આણી ટાળવા દુઃખ ॥ ૪ ॥

**ચોપાઈ**

**મારા ધામમાં આવવા સહુ રે, એવા કર્યા ઉપાય મેં બહુ રે ।**
**સર્વે ઉપાય કીધા છે સારા રે, તેમાં તરશે જીવ અપારા રે ॥ ૫ ॥**
**પણ છેલ્લો છે આ જે ઉપાય રે, બહુ જીવ તરશે આ માંય રે ।**
**ધર્મવંશી આચારજ ધાર્યા રે, ગુરુ કરી ગાદીએ બેસાર્યા રે ॥ ૬ ॥**
**કામ કર્યું છે એહ સારું રે, મન માન્યું છે બહુ અમારું રે ।**
**કાંજે એ છે ધર્મનું કુળ રે, માટે એ વાતનું ઊંડું મૂળ રે ॥ ૭ ॥**

**જેવું અમારું કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે ।**
**માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે ॥ ૮ ॥**
ધર્મવંશી તે ધર્મમાં રે'શે રે, અધર્મ વાતમાં પગ ન દેશે રે ।
ધર્મ પાળશે ને પળાવશે રે, અધર્મની રીત ટળાવશે રે ॥ ૯ ॥
આપ આપણે ધર્મ રાખશે રે, નરનારીનાં નિ'મ કૈ દાખશે રે ।
ત્યાગી ગૃહીના ધર્મ સૂચવી રે, કે'શે જુજવા જુજવા ચવી રે ॥ ૧૦ ॥
કાંજે બેઠા છે ધર્મની ગાદી રે, કે'શે ધર્મની રીતિ જે અનાદિ રે ।
તેણે સૌ રહેશે ધર્મ ધારી રે, ત્યાગી ગૃહી નર ને જે નારી રે ॥ ૧૧ ॥
ધર્મ અમને છે બહુ વા'લો રે, એમ કહે છે ધર્મનો લાલો રે ।
ધર્મવાળા સાથે હેત મારે રે, એમ વાલો કહે વારે વારે રે ॥ ૧૨ ॥
અધર્મી સાથે મારે અદેખાઈ રે, રે' છે રાત દિવસ મનમાંઈ રે ।
અધર્મીજનની જેહ ભગતિ રે, નથી ગમતી મને જો રતિ રે ॥ ૧૩ ॥
એના હાથનું અન્ન ન ભાવે રે, મર બહુ સારું કરી લાવે રે ।
અધર્મીના હાથનું જે પાણી રે, નથી પીતા તે અશુદ્ધ જાણી રે ॥ ૧૪ ॥
એનું ચંદન પૂજા ને હાર રે, નથી લેતા અમે કરી પ્યાર રે ।
લાવે અઘવંત સેવા સાજ રે, તેનો તર્ત કરું છું હું ત્યાગ રે ॥ ૧૫ ॥
ધર્મવાળા આપે અન્ન જળ રે, બહુ સ્વાદુ લાગે એ સકળ રે ।
ધર્મવાનનું ફળ દળ ફૂલ રે, જે દિયે તે જાણું છું અમુલ રે ॥ ૧૬ ॥
માટે ધર્મવાળાની જે ભક્તિ રે, તેતો મને ગમે છે જો અતિ રે ।
**માટે ધર્મવાળા જીવ જોઈ રે, કર્યા છે મેં આચારજ દોઈ રે ॥ ૧૭ ॥**
**એહ અધર્મ નહિ આચરશે રે, ઘણું અધર્મ સર્ગથી ડરશે રે ।**
ધર્મવંશીની ગાદીયે બેશી રે, વળી કા'વશે ધર્મ ઉપદેશી રે ॥ ૧૮ ॥
માટે એથી તરશે અપાર રે, નિશ્ચે જાણજો એ નિરધાર રે ।
બહુ કાળ લગી કલ્યાણ રે, થાશે નિશ્ચે જાણો નિરવાણ રે ॥ ૧૯ ॥
એવી ઈચ્છા છે જો અમારી રે, એવું ધામથી આવ્યા અમે ધારી રે ।
એમ બોલ્યા શ્રીહરિ હરખી રે, સુણી વાત લીધી છે જો લખી રે ॥ ૨૦ ॥

**ઈતિ શ્રી સહજાનંદ સ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમ પ્રકાશ મધ્યે એકોનચત્વારિંશ પ્રકારઃ**





## પ્રકાર ૪૦

### દોહા

માટે સહુ ધર્મકુળ માનજો, સહુ કરજો એની સેવ ।
**અન્ય જન જેવા એહ નહિ, એ છે જાણજો મોટા દેવ ॥ ૧ ॥**
એક બ્રાહ્મણ ને જાણો ભક્ત અતિ, વળી કા'વે અમારું કુળ ।
એને સેવતાં સૌ જન, તમો પામશો સુખ અતુલ ॥ ૨ ॥
**મનવાંછિત વાત મળશે, વળી સેવતાં એનાં ચરણ ।**
એ છે અમારી આગન્યા, સર્વે કાળમાં સુખકરણ ॥ ૩ ॥
મન કર્મ વચને માનજો, એમાં નથી સંશય લગાર ।
**એહ દ્વારે મારે અનેકનો, આજ કરવો છે ઉદ્ધાર ॥ ૪ ॥**

### ચોપાઈ

માટે સૌ રે'જો એને વચને રે, ત્યાગી ગૃહી સહુ એક મને રે ।
રે'જો ધર્મવંશીને ગમતે રે, વર્તશો મા કોયે મન મતે રે ॥ ૫ ॥
**એહ કહે તેમ સહુ કરજો રે, પૂછ્યા વિના તો પગ ન ભરજો રે ।**
**હાથ જોડીને રે'જો હજુર રે, કરી ડા'પણ પોતાનું દૂર રે ॥ ૬ ॥**
**વિદ્યા ગુણ બુદ્ધિને બળે રે, એને દબાવવા નહી કોઈ પળે રે ।**
**ત્યાગી રાગીને કવિ કોઈ હોયરે, તોય એને માનજો સહુ કોય રે ॥ ૭ ॥**
વાદ વિવાદ કરી વદને રે, એશું બોલશો મા કોય દને રે ।
એની વાત ઉપર વાત આણી રે, કેદિ વદશો મા મુખે વાણી રે ॥ ૮ ॥
એને હોડયે હઠાવી હરાવી રે, પોતાની સરસાઈ ન કરવી રે ।
પોતે સમઝી પોતાને પ્રવીણ રે, એને સમઝશો માં ગુણ હીણ રે ॥ ૯ ॥
જેમ એ વાળે તેમ વળજો રે, એના કામકાજમાં ભળજો રે ।
એની માનજો સહુ આજ્ઞા રે, વર્તશો મા કોયે વચન વિના રે ॥ ૧૦ ॥
**એને રાજી રાખશો જો તમે રે, તો તમ પર રાજી છીએ અમે રે ।**
**એને રાજી રાખશે જે જન રે, તેણે અમને કર્યા પરસન રે ॥ ૧૧ ॥**
**કાંજે અમારે ઠેકાણે એ છે રે, તેતો પ્રવીણ હોય તે પ્રીછે રે ।**
**બીજા જન એ મર્મ ન લહે રે, ભોળા મનુષ્યને ભોળાઈ રહે રે ॥ ૧૨ ॥**
પણ સમઝવી વાત સુધી રે, અતિ મતિ ન રાખવી ઊંધી રે ।

વચન દ્વારે વસ્યા અમે એમાં રે, તમે ફેર જાણશો મા તેમાં રે ॥૧૩॥
**અમે એમાં એ છે અમમાંઈ રે, એમ સમજો સહુ બાઈ ભાઈ રે।**
**એથી અમે અળગા ન રૈ'યે રે, એમાં રહિને દર્શન દૈયે રે ॥૧૪॥**
જેજે જનને થાય સમાસ રે, તેતો અમે કરી રહ્યા વાસ રે।
શે'ર પાટણે સન્માન જડે રે, તેતો અમારી સામર્થી વડે રે ॥૧૫॥
દેશ પરદેશે પૂજાયે આપ રે, તેતો જાણો અમારો પ્રતાપ રે।
જિયાં જાય તિયાં જયજિત રે, તેતો અમે રહ્યા રુડી રીત રે ॥૧૬॥
એમ સમજો સહુ સુજાણ રે, અમ વિના ન હોય કલ્યાણ રે।
**ધર્મવંશી આચારજ માંય રે, સદા રહ્યો છું મારી ઈચ્છાય રે ॥૧૭॥**
**અતિ ધર્મવાળા જોઈ જન રે, રે'વા માની ગયું મારું મન રે।**
**માટે એને પૂજે હું પૂજાણો રે, તેતો જરૂર જન મન જાણો રે ॥૧૮॥**
**એનું જેણે કર્યું સન્માન રે, તેણે મારું કર્યું છે નિદાન રે।**
**એમ જાણી લેજો સહુ જન રે, એમ બોલ્યા શ્રી ભગવન રે ॥૧૯॥**
સુણી જન મગન થયા રે, ધન્ય ધન્ય સ્વામી કે'વા રહ્યા રે।
પછી સહુએ આચારજ સેવ્યા રે, તેતો મોટા સુખને લેવા રે ॥૨૦॥

**ઈતિ શ્રી સહજાનંદ સ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ચત્વારિંશઃ પ્રકારઃ**

> અમારા જે આશ્રિતજન તેમણે પોતાના આચાર્યને આવતા સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું.
>
> શિ. શ્લો. ૭૨





## પરિશિષ્ટ ૬

### સર્વમંગલ નામાવલી (શ્રી શતાનંદ સ્વામી કૃત)

| અનું. નં. | નામ / ભાવાર્થ |
|---|---|
| ૭૨૬ | **भक्तभ्रातृद्वयावासपर्यायकृतभोजनाय नमः**<br>પોતા વિશે પરમ પ્રીતિવાળા રામપ્રતાપ ઈચ્છારામ નામના બંને ભ્રાતાઓના નિવાસ સ્થાનમાં વારાફરતી પ્રતિદિન ભોજન કરનારા. |
| ૮૩૪ | **दत्तविध्युपात्तसुतद्वयाय नमः**<br>સભામાં જ પોતાના મોટા નાના ભ્રાતાઓ થકી તેમના અયોધ્યાપ્રસાદ, રઘુવીર નામના બે પુત્રોને શાસ્ત્રોક્ત દત્તવિધાનથી પોતાના પુત્રપણે ગ્રહણ કરનારા. |
| ૮૩૫ | **पुत्रविन्यस्तगुरुताय नमः**<br>તે પુત્રોને પોતાનું ગુરૂપદ આપનારા. |
| ૮૩૬ | **पुत्रसात्कृतसंश्रिताय नमः**<br>સમસ્ત સ્વાશ્રિતોને દત્તપુત્રાધીન કરનારા. |
| ૮૩૭ | **सदोविभक्तदेशादये नमः**<br>મહાસભામાં જ ઉત્તર દક્ષિણ દેશ વિભાગ કરીને બંને પુત્રોને વહેંચી આપનારા. |
| ૮૩૮ | **समाय नमः**<br>દેશ વિભાગમાં પક્ષપાતને લીધે થનારા ન્યૂનાધિક ભાવે રહિત હોવાથી સમ (સરખા) કહ્યા છે. |
| ૮૩૯ | **आचार्यशिक्षकाय नमः**<br>આચાર્યપદમાં સ્થાપેલા દત્તપુત્રોને અવશ્ય પાળનીય સકળ ધર્મનો ઉપદેશ આપનારા. |
| ૮૫૪ | **रघुवीरार्पितस्वीयभूषावित्तनवांशुकाय नमः**<br>વટપત્તન થકી વૃત્તાલય પધારીને વટપત્તનમાં પોતાને પૂજામાં |

પ્રાપ્ત થયેલાં નવીન મહાવસ્ત્રો આભરણો, વિત્ત વગેરે સર્વ રઘુવીરજીને આપી દેનારા.

૮૭૮ **अयोध्याप्रसादार्पितसद्वसवे नमः**
શ્રીનગરમાં થયેલા દોલોત્સવમાં પોતાને સત્સંગ સમાજે સમર્પેલું અમૂલ્ય ધનવસ્ત્રાદિક અયોધ્યાપ્રસાદ પુત્રને અર્પનારા.

૮૮૦ **पुत्रोपदिष्टश्रीकृष्णमंत्रदिक्षाविधिक्रमाय नमः**
**દત્તપુત્રોને ઉદ્દેશીને શિષ્યોને શ્રીકૃષ્ણમંત્રોપદેશમાં યથાધિકાર આપવાની ગુરુલઘુ દીક્ષાના ક્રમનો યથાસ્થિત સમગ્રપણે ઉપદેશ કરનારા.**

૮૮૬ **स्त्रयाचार्यपत्नीशिष्यत्वस्थापकाय नमः**
**દીક્ષાધિકારીણી સ્ત્રીઓને આચાર્યપત્નીના જ શિષ્યભાવમાં સ્થાપન કરનારા.**

૮૮૭ **शिष्यशासनाय नमः**
**આચાર્યપત્નીના જ શિષ્યભૂત સ્ત્રીઓને તદુચિત દીક્ષિત ધર્મોનો ઉપદેશ કરનારા.**

૮૮૮ **पुत्रदत्तमहादीक्षाय नमः**
**આચાર્યપદમાં સ્થાપેલા દત્તપુત્રોને પોતે જ મહાદીક્ષા આપનારા.**

૮૮૯ **पुत्रदीक्षितपूरुषाय नमः**
**દીક્ષિત દત્તપુત્રો પાસે વિભક્ત સ્વ સ્વદેશીય પુરુષોને યથાધિકાર સામાન્ય વિશેષ દીક્ષા અપાવનારા.**

૮૯૦ **स्नुषादीक्षितयोषाय नमः**
**પુત્ર પાસે દીક્ષા દેવડાવેલી તેમની પત્નીઓ પાસે વિભક્ત સ્વ સ્વદેશીય સ્ત્રીઓને કૃષ્ણદીક્ષા અપાવનારા.**

૮૯૪ **पुत्रप्रोक्ताब्दिकाशेषव्रतोत्सवविधिक्रमाय नमः**
**વ્રતોત્સવ વિધિને પૂછતા દત્તપુત્રોને ઉદ્દેશીને વાર્ષિક સમગ્ર વ્રતોત્સવોનો જે વિધિ તેને અનુક્રમથી કહેનારા.**





## પરિશિષ્ટ ૭

## નંદ સંતો વિરચિત કીર્તનો

### (૧) સ. ગુ. મુક્તાનંદ સ્વામીકૃત (મુક્તાનંદ કાવ્યમાંથી)

**પદ ૧ (રાગ : ગરબી)**

સત્સંગી સૌ પરમ વિવેકી, ગ્રહી ત્યાગી નરનારી રે
અતી સુખદાયક વચન અમારા, લેજો ઉરમાં ધારી રે સત્સંગી
પાંડે અવધપ્રસાદ ભત્રીજા, દત્ત અમારા કીધા રે;
તેમ પાંડે રઘુવીર અમારા, દત્તપુત્ર કરી લીધા રે ...૨
બેઉને ગ્રહી ત્યાગી સૌના ગુરુ કીધા આજ એહ રે;
બેઉના વચનમાં સૌને વર્તવું, મારી આજ્ઞા છે એહ રે ...૩
પોતાની સમૃદ્ધિ પ્રમાણે, અન્નવસ્ત્રાદિક લાવી રે;
**ઈશ્વર જાણી સેવા કરવી, સેવક ભાવ જણાવી રે** ...૪
ગ્રહી ત્યાગી સૌના હીતકારી, ઈશ્વર અંતર્યામી રે;
મુક્તાનંદ કહે એવી રીતે, બોલ્યા શ્રીમુખે સ્વામી રે ...૫

**પદ-૨**

વળી ઉત્તમ ઉપદેશ અમારો; સુણજો સહુ હરિજન રે;
પ્રેમ મગન થઈ મનકર્મ વચને, માનજો મારું વચન રે ...વળી
**આપત્કાળ પડે જો પોતાને, તો પણ હૃદયે વિચારી રે;**
**એ બેઉના ગુરુનું કરજ ન લેવું, મારાં વચન ઉર ધારી રે** ...૨
તેમ એ બેઉના મંદિરમાંથી, પણ કરજ ન કાઢવું લેશ રે,
તો રહેશે ગુરુભક્તિ તમારી, એ મારો ઉપદેશ રે ...૩
તેમ એ બેઉના વસ્ત્ર આભૂષણ, કોઈ દિ'માગી ન લેવાં રે;
તેમ તેહનાં વાહન નવ લેવાં, જાણવા પુજ્યા જેવાં રે ...૪
તેમ ત્રાંબા પિત્તળનાં વાસણ, આચાર્યનાં જે હોય રે;
મુક્તાનંદ કહે શ્રીમુખે વાણી, માગી ન લેવાં સોય રે ...૫

પદ-૩

તેવી રીત્યે હરિ મંદિર કેરાં, પાત્ર વસ્ત્રાદિક જેહ રે;
ઘોડા વેલ્યો આદિક છે વાહન, માગી ન લેવા તેહ રે ...તેવી
**આદિક જે જે કોઈ વસ્તુ, ગુરુ કે શ્રીહરિની હોય રે;**
**પોતાના ઘરકામને સારું, માગી ન લેવી કોય રે** ...૨
તેમજ કોઈ સારું, હરિ ગુરુનું પાત્રાદિક જે કાંઈ રે;
તે પણ કોઈ દિ' માગી ન લેવું, ટેક ધરી મનમાંહી રે ...૩
**જે જે પદાર્થ ગુરુ કે હરિના, પુજા યોગ્ય કહેવાય રે;**
તે જો પોતાને અર્થે લાવે, તો અપરાધ થાય રે ...૪
**ભવજળ પાર કર્યાને સારુ, શિખામણ સુખકારી રે;**
**મુક્તાનંદ કહે શ્રી મુખવાણી, લેજોને ઉરધારી રે** ...૫

પદ-૪

વળી બીજી સુખદાઈ શિખામણ, પ્રેમે કરી ઉરધારો રે;
વચન પ્રમાણે રહી ભજો હરિને, મોહાદિક રિપુ મારો રે ...વળી
પોતાને ઘેર વિવાહ આદિક, મંગળ કારજ હોય રે;
અમ ઉપર કંકોત્રી તેની, કયારે ન લખવી કોય રે ...૨
આચાર્ય કે મોટેરા સાધુ, મંદિરના અધિકારી રે;
તે પર પણ કંકોત્રી કયારે, લખવી નહી એ વિચારી રે ...૩
તેમજ મરણની કાળાખરી પણ, હરિ ગુરુ પર ન લખાય રે;
લેણદેણ વ્યવહાર કર્યાથી, જન અપરાધી થાય રે ...૪
હરિગુરુ સંગે વ્યવહાર કરીને, શિષ્યને અવગુણ આવે રે;
મુક્તાનંદ કહે શ્રીમુખવાણી, તે ભવપાર ન પાવે રે ...૫

**(૨) અવિનાશાનંદ સ્વામીકૃત**

**શ્રી કીર્તનરત્નાવલી-ભૂજમંદિર દ્વારા પ્રકાશિત**

પદ-૧ (રાગ : ધોળ)

સત્સંગી આપો સૌ નામનું, નામનું નામનું નામનું રે. ...ટેક.
સત્સંગી આપો સૌ નામનું, ભાતું એ અક્ષરધામનું રે. ...૨
પાકા હરિજન પ્રિત કરીને રે, પાળો વચન ઘનશામનું રે. ...૩





**રાંક રાજા અરધો સઉ આપો રે, નથી ખરચ કંઈ દામનું રે.** ...૪
**બાર મહીને એક વાર દેવું રે, પુત્ર ત્રીયા નીજ વામનું રે.** ...૫
**શ્રીમુખે વચન શ્રીહરિ કીધું રે, કરવા પોતાના કામનું રે.** ...૬
સત્સંગી જે હોય શિરોમણિ રે, ઉઘરાવી દે બધા ગામનું રે. ...૭
રેટીયો કાંતી રાંડીરાંડ ડોસી આપે રે, વચન પૂરણકામનું રે. ...૮
હેતે કરી જે આપે હરિજન રે, ધામ પામે સુખધામનું રે. ...૯
નામ લખાવીને જે જન આપે રે, થાશે કલ્યાણ તમામનું રે. ...૧૦
હાથો હાથે માગી શ્રીહરિ લીધું રે, હૈયાની પુરાવા હામનું રે. ...૧૧
ભક્ત થઈ જે નામનું નાપે રે, પામે ન સુખ પરિણામનું રે. ...૧૨
લોભ રાખી જે અવગુણ લેશે રે, તેને વચન નથી કામનું રે. ...૧૩
જ્યાંત્યાં ખુવેજન જાગતમાં જાણીરે, જાવા ચોરાશીમાં જામનું રે. ...૧૪
વેરો જાણીને જે નહિ આપેરે, દ્રવ્ય તેનું હરામનું રે. ...૧૫
અવિનાશાનંદ એમ શ્રીમુખે કીધું રે, વચન ઠરવાના ઠામનું રે. ...૧૬

**(૩) પ્રેમાનંદ સ્વામીકૃત**

**(પ્રેમાનંદ કાવ્યમાંથી)**

પદ ૮૬૪ (રાગ-ધોળ)

સાંભળજોરે સત્સંગી સુજાણ, ધર્મવંશને કહી વર્ણવું;
ત્રણ પુત્ર શ્રીભક્તિધર્મના, તેના ગુણનારે કરે નિગમ વખાણ ધર્મ૦
મોટા પુત્ર શ્રીરામપ્રતાપજી, તેથી વચેટરે શ્રીનારાયણ નામ;
તેથી નાના શ્રીઈચ્છારામજી, ત્રણે ભાઈરે મુક્તિના ધામ. ...૨
રામપ્રતાપજી મહારાજના, ત્રણ પુત્રરે ગુણસાગર સાર;
નંદરામજી ઠાકોરરામજી, અજોધ્યારે પ્રસાદ ઉદાર. ...૩
ઈચ્છારામજીના પુત્ર પાંચ છે, ગોપાલજી રે રઘુવીર મહાધીર;
વૃંદાવનજી સીતારામ મહામતિ, બદ્રીનાથજીરે ગુણગાન ગંભીર. ...૪
નારાયણ નૈષ્ટિક જન્મથી, પુરુષોત્તમરે ધર્મપુત્ર વચેટ;
પ્રેમાનંદ કહે ધરમકુલભૂષણ, ભલે પ્રગટયારે ભવબંધન ભેટ. ...૫

**પદ ૮૬૫**

ચાલો ચાલો રે ધર્મવંશીને દ્વાર, સાહેલી માગીએ મોક્ષને;
**આજ એ વિના મોક્ષ બીજે નથી, એ છે કળીમાંરે મુક્તિના દેનાર** સાહેલી
ભક્તિ ધર્મનો પ્રગટ પ્રતાપ છે, આજ પ્રગટરે ધર્મસુત ઘનશ્યામ;
આપે મોક્ષ સર્વ નરનારીને, કાપી કર્મને આપે નિજ ધામ. ...૨
**સખી થઈએ ધર્મકુળ આશરે નહી તો મારશે રે જમ બાંધીને માર;**
**ધર્મવંશી વિના આ સંસારમાં, બીજો નથી રે છોડાવણ હાર.** ...૩
બીજા પંથને મત બહુ ખોળીયા, દેવ દેવી રે પૂજ્યાં કરી પ્રીત;
ધર્મવંશી વિના ત્રણલોકમાં, ક્યાંયે ન મળે રે કલ્યાણની રીત. ...૪
એમ જાણી મોટા સંત ભૂપતિ, સેવે પ્રીતે રે ધર્મવંશીના ચરણ;
પ્રેમાનંદનો સ્વામી ધર્મવંશમાં, આજ પ્રગટ રે પ્રભુ ભવદુઃખહરણ ...૫

**પદ ૮૬૬**

પધાર્યા રે મારે મંદિર આજ, આચારજ શ્રી ધર્મવંશના;
મેં તો થાલ ભરી ગજ મોતીયે, વધાવ્યા રે પાંડેજી મહારાજ.આચા૦
સન્માન કરી રુડી રીતસું, પધરાવ્યા રે કરી બહુ પ્યાર;
મેં તો પૂજ્યા ષોડસ ઉપચારસું, જાણીને રે મુક્તિના દાતાર....૨
રુડા પાક કરાવી જમાડ્યા, ધન વસ્ત્ર રે આપી અલંકાર;
રથ અશ્વ ધેનુ આપી દૂજણી, પાયે લાગી રે ભાગ્યમાની અપાર....૩
હું તો સર્વ તીર્થ નાહી પ્રેમસું, મે તો પુજ્યા રે સાધુ દ્વિજરાજ;
હું તો થઈ રહી ધર્મકુળ આશરે, મારાં સરીયાં રે બેની સર્વે કાજ...૪
**ધર્મવંશી ક્યાંથી મારે બારણે, જેને પૂજે રે શિવબ્રહ્મ શેષ;**
**પ્રેમાનંદનો સ્વામી જેના કુળમાં પ્રગટ રે શ્રીકૃષ્ણ દીનેશ.**...૫

**(૪) સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી કૃત**

**(બ્રહ્માનંદ કાવ્યમાંથી)**

**પદ ૮૬૪૪ (રાગ-ગરબી)**

બલિહારી ઘનશ્યામ સુંદરની, અક્ષરધામના સ્વામી રે;
ધર્મતણે ઘેર પ્રગટ થયા હરિ, જગપતિ અંતરજામી રે....૧





કરુણા રસ અતિ પ્રગટ કરીને, પાર કર્યા નરનારી રે;
ભાગ્ય બડાં તેને મન ભાવ્યા, અકળ કળા અવતારી રે. ...૨
ધર્મનો મહિમા છે ભારી; જગમાં રહ્યો અતિ છાઈ રે;
**હરિના સંબંધી તે હરિની જ પેરે, પુજવા યોગ્ય સદાઈ રે.** ...૩
**દેહધારી સરખા દીઠામાં, એની વાતુ અતિ આઘી રે;**
કોમળ સુંદર જેના રે કુળમાં, જન્મ્યા તે શ્યામ સુહાગી રે. ...૪
પૂરવ ભવનાં પુણ્ય વિના કાંઈ, એવો તે લાભ ન આવે રે;
બ્રહ્માનંદના નાથની ભાભિયું, ભૈયાજી કહીને બોલાવે રે. ...૫

**પદ ૬૪૫**

કોણ જાણે તે શાં તપ કીધાં, ધર્મતણે પારિવારે રે;
બહુવિધ હેતે કરીને બોલાવે, વહાલોજી વારમવારે રે. ...૧
**ધર્મદેવનાં વંશનો મહિમા મુખથી કહ્યો નવ જાય રે;**
**મનમોહનજીના કુટુંબના માણસ, થોડે પુણ્ય ન થવાય રે.** ...૨
**માયાના જીવ તે મર્મ ન સમજે, સૌ સરખા એને જાણે રે;**
હરિના સંબંધી હોય તેને હરખે, વિધિ વિધિ વેદ વખાણે રે, ...૩
પૂરણ પુણ્ય હોય તે પ્રાણી, સ્નેહ કરે એની સાથે રે;
સર્વેથી અધિક કરીને રે ટેવ્યા, નિશદિન દીનાનાથે રે. ...૪
જગજીવન પોતાનાં રે જાણી, પ્રાણથકી કીધાં પ્યારાં રે;
બ્રહ્માનંદ કહે જીવો હરિને, દાદાજીનાં કહેનારાં રે. ...૫

**પદ ૬૪૬**

ધન્ય ભાગ્ય જે ધર્મવંશમાં, અવતરિયાં નરનારી રે;
સરજણહારે સગાં જેને માન્યાં, મહિમા તે વાધ્યો ભારી રે. ...૧
દર્શન એનાં અતિશય દુર્લભ, પરસે તે પાતક જાવે રે;
પૂરણ પુણ્ય હોય જે પ્રાણી, તે ઘરમાં પધરાવે રે. ...૨
**મહામંત્ર દઈ પરમ બતાવે, મેહેર કરે જેને માથે રે;**

**દેહ છતે તે મુક્ત કહેવાયે, સંબંધ થાય હરિ સાથે રે. ...૩**
એનું શરણ લિયે જે પ્રાણી, ભવ દુઃખથી તે છૂટે રે;
અક્ષરધામનો થાય નિવાસી, અવિનાશી સુખ લૂંટે રે, ...૪
રામપ્રતાપ ને ઈચ્છારામ બેઉ સત્સંગમાં સુખદાઈ રે;
બ્રહ્માનંદ કહે શી રહી બાકી, ભૂદરજીના ભાઈ રે. ...૫

**પદ ૬૪૭**

કરુણાનિધિનાં થયાં રે કુટુંબી, તે મોટા પુણ્યવાળા રે;
સર્વે તે પૂજવા જોગ સદાઈ, બુઢાં તરુણા બાળા રે. ...૧
શ્યામળિયો જેના ઘરની રે ચિંતા, રાખે છે સાંજ સવારે રે;
ધર્મવંશના નર ત્રિય તેને, મુખિયા તે મોરારી રે. ...૨
કોઈ રીસાવે ને કોઈને મનાવે, કોઈને કહે કાંઈ માગો રે;
કોઈને કહે તમે છેટે રહીને, પ્રેમથી પાયે લાગો રે. ...૩
કોઈનાં ક્યારે કુવખાણ કરે વળી, કોઈને કહે તમે સારા રે;
એમ કરીને આનંદ ઉપજાવે, ચરિત્ર મનોહર પ્યારા રે. ...૪
**બહુનામી જેનાં બાળકડાંને, રાજી થઈને રમાડે રે;**
**બ્રહ્માનંદ કહે ભાભિયું હરિને, દહીંવડાં જમાડે રે. ...૫**

**પદ ૧૯૮૬**

**ત્યાંથી નિજકુટુંબીને તેડાવીયાં રે, બે ભાઈ ભાઈનો પરિવાર,**
**વધી શોભા અધિક ધર્મવંશની રે......વધી૦**
**મોટાભાઈ તે રામપ્રતાપજી રે, છોટા ઈચ્છારામ ઉદાર, ૨**
**મોટાબંધુ અવધપ્રસાદજી રે, બંધુ છોટાના રઘુવીર, ૩**
**બેને આચારજ કર્યા સતસંગનારે, જાણી ધર્મધુરંધર ધીર, ૪**
**ધર્મવંશી હોય તે રહે ધર્મમાં રે, પરત્રીયા સુતા માતા સમાન ૫**
**પરપુરુષ બાઈને પિતા સરખો રે, હોય છોટો તો પુત્ર નિદાન ૬**
**કરે પુરુષ પ્રબોધ રૂડો પુરુષને રે, કરે ત્રિયા ત્રિયાને ઉપદેશ ૭**
**એવી રીતિ ઉદ્ધવ સંપ્રદાયની રે, કહે બ્રહ્માનંદ પાપ નહીં લેશ ૮**





## પરિશિષ્ટ ૮

**શ્રી અચિંત્યાનંદ વર્ણીકૃત શ્રી હરિસંભવ મહાકાવ્ય તથા તેની ઉપર ભોલાનાથ ભટ્ટ કૃત विद्वज्जनाह्लादिनी ટીકાઃ- સર્ગ ૧૭**

**मत्सन्निधानं मयि मद्दिदक्षाहृतान्तरौ स्वीयमुदस्य देशम् ।**
**प्राप्ताविमौ बन्धुजनैरुपेतावतिस्थिरप्रेमनिबद्ध चित्तौ ॥ ३४ ॥**

अन्वयः– मयि अतिस्थिरप्रेमनिबद्धचित्तौ मद्दिदक्षाहृतान्तरौ इमौ स्वीयं देशम् उदस्य बन्धुजनैः उपेतौ मत्सन्निधानं प्राप्तो ॥ ३४ ॥

**विद्वज्जनाह्लादिनी**– मत्सन्निधानमिति । मयि विषये अतिस्थिर मतिनिश्चलं यत्प्रेम स्नेहः तेन निबद्धौ परवशीभूते चित्ते अंतःकरणे ययोस्तौ । अत एव मम दिदक्षा दर्शनेच्छा तेन हृते आकृष्टे अंतरे मनसी ययोस्तौ तथोक्तौ इमौ मद्भ्रातरौ स्वयं निजं निजदेशं कोसलाभिधं जनपदम् उदस्य त्यक्त्वा बंधुजनैरुपेतौ युक्तौ संतौ मत्सन्निधानं मम समीपं प्राप्तौ प्रपन्नौ ॥ ३४ ॥

**जलादिव स्थातुमयं न शक्तो मीनव्रजो मच्छु भधर्मवंशः ।**
**अस्मात् क्वचिद्भिन्नतया न वर्ते शब्दादिवार्थोऽहमपि क्षणार्द्धम् ॥ ३५ ॥**

**अन्वय** :– अयं शुभधर्मवंशः मीनव्रजः जलात् इव मत् (मत्तः) भिन्नतया स्थातुं न शक्तः अहम् अपि अस्मात् शब्दात् अर्थ इव कचित् क्षणार्ध न वर्ते ॥ ३५ ॥

**विद्वज्जनाह्लादिनी** – जलादिति । अयं पुरोवर्त्ती शुभो मंगलरुपो धर्मवंशः मीनव्रजो मत्स्यसमूहो जलात् नीरादिव मत् मत्तो भिन्नतया पृथक्तया स्थातुं शक्तः समर्थो नास्ति । अहमपि अस्मात् धर्मवंशात् शब्दात् अर्थ इव क्वचित् कर्हिचित् । क्षणस्यादर्धमत्यल्पकालमपि भिन्नतया न वर्त्ते सदासन्नतयैवास्य स्थित इत्यर्थः । नित्य संबंधयोः शब्दार्थयोरुपमानत्वेनोपादानान्नित्यः शब्दार्थसंबंध इति मीमांसकाः । अत्रोपमालंकारः 'स्वतः सिद्धेन भिन्नेन संमतेन च धर्मतः। यत्र साम्येन वर्ण्यस्य वाच्यं चेदेकदोपमे'ति । लक्षणात् । प्रायिकश्चायमलंकारः ॥ ३५॥

**असौ महैनःक्षपणावलोकः सद्भिर्मदीयैश्च गृहाश्रमस्थैः ।**
**मान्योऽर्च्चनीयो भवसिन्धुपारं जनाः पुरा यान्ति समर्हणैः ॥ ३६ ॥**

**अन्वय :**– महैनःक्षपणावलोकः असौ मदीयैः सद्‌भिः गृहाश्रमस्थैः च मान्यः अर्च्चनीयः जनाः (अस्य) समर्हणेन भवसिन्धुपारं पुरा यान्ति ॥३६॥

**विद्वज्जनाह्लादिनी** – असाविति । महैनसां महापापानां क्षपणो निरासकः असौ धर्मवंशः मदीयैः सद्‌भिः साधुभिर्गृहाश्रमस्थैश्च मान्यः अर्च्चनीयः यथोचितं पूजनीयः । किंच जना अस्येति शेषः, समर्हणेन पूजनेन भवसिंधुपारं संसारसागरांतं पुरा यांति यास्यंतीत्यर्थः । 'यावत्पुरानिपातयो– र्लडितिनिपातपुराशब्दयोगे भविष्यति लट् ॥ ३६ ॥

**अयं द्विजत्वेन जनावमुक्त्यै प्रादुर्भवं क्षोणितले प्रपन्नः ।**
**अज मस्मिन् सह भक्तिधर्मौ स्थितौ पवित्रेण निजान्वयेन ॥ ३७ ॥**

**अन्वय :**– क्षोणितले जनावमुक्त्यै अयं द्विजत्वेन न प्रादुर्भवं प्रपन्नः (किंच) अस्मिन् पवित्रेण निजान्वयेन (ज्ञान–वैराग्यादिरुपेण स्ववंशेन) सह भक्तिधर्मौ अजस्रं स्थितौ ॥ ३७ ॥

**विद्वज्ज्नाह्लादिनी** – अयमिति । क्षोणितले भूतले जनानामवमुक्तिः संसारमोक्षस्तस्यै अयं धर्मवंशः द्विजत्वेन विप्रत्वेन प्रादुर्भवमुदयं प्रपन्नः प्राप्तः। किंच अस्मिन् धर्मवंशे पवित्रेण पूतेन निजान्वयेन ज्ञानवैराग्यादिरुपेण स्ववंशेन सह भक्तिधर्मौ अजस्रं निरंतरं स्थितौ स्तः । तस्मादेतदपचितिविधानेन संसृतिमुक्तिर्भवत्येवेति भावः ॥ ३७ ॥

**यावद्भवत्यत्र गुणैरनूनः क्षमासुरः क्षीरनिधिाविवेन्दुः ।**
**यः स्थास्यतस्तत्र सदाग्रजानां पुरःसरे भक्तिवृषावुदारौ ॥ ३८ ॥**

**अन्वय :**– अत्र धर्म वंशे क्षीरनिधौ इन्दुः इव गुणैः यः क्षमासुरः यावत् भवति । अग्रजानां पुरःसरे तत्र उदारौ भक्तिवृषौ सदा स्थास्यतः ॥३८॥

**विद्वज्जनाह्लादिनी** – यावदिति । अत्र अस्मिन् धर्मवंशे क्षीरनीधौ क्षीरसमुद्रे इन्दुरिव चंद्र इव गुणैःधर्मज्ञानादिभिः अनूनो यः क्षमासुरो भूदेवो विप्र इति यावत् । यावद्भति भविष्यतीत्यर्थः । अग्रजानां विप्राणां पुरःसरे मुख्ये तत्र तस्मिन् विप्रे उदारौमहान्तौ भक्तिवृषौ भक्तिधर्मौ सदा निरन्तरं स्थास्यतः स्थितिं करिष्यतः ॥ ३८ ॥

**स्थितिं गतौ यत्र सहान्वयेन तावीश्वरास्तिष्ठति तत्र कृष्णः ।**
**ज्ञेयः समस्तेन तदीयवंशो गतस्मयानां भवतां निषेव्यः ॥ ३९ ॥**





**अन्वय :**– यत्र सहान्वयेन तौ स्थिति गतौ तत्र ईश्वरः कृष्णः तिष्ठति तदीयवंशः तेन समः ज्ञेयः गतस्मयानां भवतां निषेव्यः ॥ ३९ ॥

**विद्वज्जनाह्लादिनी** – स्थितिं गताविति । यत्र यस्मिन् धर्मस्रलोत्पन्ने विप्रे अन्वयेन वंशेन सह साद्वद्ध तौ भक्तिधर्मौ स्थितिं निवासं गतौ प्राप्तौ भवतः तत्र तस्मिन् ईश्वरः सर्वनियंता कृष्णः श्रीकृष्णः तिष्ठति अत एव तस्य धर्मस्यांयं तदीयः स चासौ वंशश्च तथोक्तः तेन धर्मेण समस्तुल्यो ज्ञेयो वेद्यः गतस्मयानां गताभिमानानां भवतां युष्माकं कत्यानां कर्त्तरि वेति कर्तरि षष्ठी निषेव्यः पूजनीयः ॥ ३९ ॥

**स धर्म वंशधर्मेतरयोविशेषो विषद्रुकल्पागमयोरिवास्ति ।**
**जानाति साम्यं यमतिस्तयोर्यः स वासुदेवाद्विमुखो मदीयैः ॥ ४० ॥**

**अन्वय :**– विषद्रुकल्पागमयोः इव सवंशधर्मेतरयोः विशेषः अस्ति यो जनः तयोः साम्यं जानाति स यमतिः मदीयैः वासुदेवात् विमुखः (ज्ञेयः) ॥४०॥

**विद्वज्जनाह्लादिनी** – सवंशेति । विषद्रुर्विषवृक्षाः कल्पागमः कल्पतरुश्च तयोरिव सवंशयोः सान्वययोः धर्मो वृषः । इतरः अधर्मश्च तयोर्विशेषो भेदोऽस्ति द्वयोः संसृतिमुक्तिनरकपातकभवभ्रमण हेतुत्वान्महदंतरमस्तीत्यर्थः योजनस्तयोः धर्माधर्मयोः साम्यं सादृश्यं जानाति स स्नमतिः कुत्सितबुद्धिः जनः मदीयैर्मदाश्रितैर्वासुदेवाद् विमुखो बहिर्मुखो ज्ञेय इति शेषः ॥ ४० ॥

**मया गुरुत्वेऽधिकतस्य पूजामत्रास्य मानस्य विधास्यते वः ।**
**स यो भवस्यैष्यति नीरराशेः स नाविकां नावमिवेत्य पारम् ॥ ४१ ॥**

**अन्वय :**– मया गुरुत्वे अधिकृतस्य वः मान्यस्य अस्य (धर्मस्रलस्य) पूजाम् अत्र यो जनः विधास्यते सः नाविकां नावम् इव एत्य नीरराशेः इव भवस्य पारम् एष्यति ॥ ४१ ॥

**विद्वज्जनाह्लादिनी** – मयेति । मया गुरुत्वे महत्वे सर्वजनमान्यत्वे अधिकृतस्य नियुक्तस्य अत एव वो युष्माकं मान्यस्य मानीयस्य अस्य धर्मस्रलस्य पूजां पुष्पचंदनावासोऽलंकारप्रभृतिभिः सपर्याम् अत्र लोके यो जनः विधास्यते करिष्यते स जनः नाविकन नौनियोजकेन सह वर्त्तमानां नावं तरीमप एत्य प्राप्य नीरराशेः समुद्रस्येव भवस्य संसारस्य पारम् अन्तम् एष्यति प्राप्स्यति ॥ ४१ ॥

**एतत्सपर्यां विदधत्पुरेति कृष्णादिपूजाफलमत्युदारम् ।**
**एतच्छ्रितो यः परिपूतवंशो विमोद्यते भास्करिदूतभीतेः ॥ ४२ ॥**

**अन्वय ः**– एतच्छ्रितः एतत्सपर्यां विदधत् यः अत्युदारं कृष्णादिपूजाफलं पुरा एति परिपूतवंशः भास्करिदूतभीतेः विमोक्ष्यते ॥ ४२ ॥

**विद्वज्जनाह्लादिनी** – एतदिति । एतद् धर्मस्त्रलं श्रितः आश्रितः एतस्य धर्मस्त्रलस्य सपर्यां विविधोपचारैर्यथाविधिपूजां विदधत् स्त्रर्वन् यः जनः सः अत्युदारम् अतिमहत् । कृष्ण आदिर्येषां तदीयभक्तभक्तिधर्माणां तेषां पुजायाः फलं पुरैति प्रात्स्यति किंच परिपूतः **शुद्धवंशो** यस्य स तथोक्तः सन् भास्करिः सूर्यपुत्रो यमराजस्तस्य दूताः किंकरास्तेभ्यो या भीतिर्भयं तस्या विमोक्ष्यते विमुक्तो भविष्यति ॥ ४२ ॥

**एतच्छ्रितेभ्यो हि कलेवरान्ते स्वदर्शनं दास्यति वासुदेवः ।**
**विमोचयित्वा सृतितो निजं तान् पदं नयिष्यत्यतुलप्रतापः ॥ ४३ ॥**

**अन्वयः**– अतुलप्रतापः वासुदेव कलेवरान्ते एतच्छ्रितेभ्यः स्वदर्**श**नं दास्यति हि तान् (धर्मस्त्रलश्रिता) सृतितः विमोचयित्वा निजं पदं नयिष्यति ॥ ४३ ॥

**विद्वज्जनाह्लादिनी** – एतिदति । अतुलोऽनुपमः प्रतापो यस्य स तथोक्तः वासुदेव कलेवरांते देहावसानसमये तत् धर्मस्त्रलं श्रिताः **श**रणं प्राप्तास्तेभ्यः स्वस्य द**र्श**नं विलोकनं दास्यति वितरिष्यति हि निश्चितम् । तान् धर्मस्त्रलाश्रितान् । सृतितः संसारात् विमोचयित्वा निजं स्वकीयं पदमप अक्षराख्यं धाम नयिष्यति प्रापयिष्यति ॥ ४३ ॥

**निपीय तद्वक्त्रविधुच्युतं ते वचोऽमृतं सन्मधुकर्णकंसैः ।**
**ववन्दिरे तत्र ततिं प्रपन्नास्तदीयमाहात्म्यविदः मुहुस्तम् ॥ ४४ ॥**

**अन्वयः**– तदीयमाहात्म्यविदः ते तस्य यद्वक्त्रविमुच्च्युतं सन्मधु वचोमृतम्कर्णकंसैः निपीय तत्र रतिं प्रपन्नाः तं मुहुः ववन्दिरे ॥ ४४ ॥

**विद्वज्जनाह्लादिनी** – निपीयेति । तस्य श्रीहरेः सम्बन्धि यन्माहत्म्यं तद्विदंतीति तथोक्तां ते भक्तजनाः तस्य श्रीहरेर्यद्वक्त्रं मुखं तदेव विधुश्चंद्रस्तस्मात् च्युतं गलितं सत् श्रेयस्करत्वाच्छ्रेष्ठम् । मधुमधुरं मिष्टभिमयर्थः । वचोमृतं





वचनपीयूषं कर्णा एव कंसाः पात्राणि तैः निपीय तत्र धर्मस्त्रले रतिं प्रीतिं प्रपन्नाः प्राप्ताः संतः तं श्रीहरिं मुहुः पुनः पुनर्ववंदिरे नेमुः ॥ ४४ ॥

संप्रति तिद्विहिताचार्यप्रतिष्ठामाह । युग्मेन ।

**रामप्रतापस्य सुतेष्वयोध्याप्रसादमात्मावरजात्मजेषु ।**
**हरिर्विदित्वा रद्धुवीरगोत्रं गुणैर्गरीयांसमुदारकीर्त्तिः ॥ ४५ ॥**
**विभज्य सन्मन्दिरभूरिदेशांस्ताभ्यां निजाचार्यपदं दिदेश ।**
**धर्मावनायात्मसमाश्रितानां दयाम्बुधिर्जीवहितावतारः ॥ ४६ ॥**

**अन्वयः**– जीवहितावतारः दयांबुधिः उदारकीर्त्तिः हरिः रामप्रतापस्य सुतेषु अयोध्याप्रसादं गुणैः गरीयांसम् विदित्वा आत्मवरजात्मजेषु रद्धुवीरगोत्रम् आत्मसमाश्रितानां धर्मावनाय ताभ्यां निजाचार्यपदं दिदे**श** सन्मन्दिरभूरिदे**श**ान् विभज्य दिदे**श** ॥ ४५–४६ ॥

**विद्वज्जनाह्लादिनी** – रामप्रतापस्येति । जीवानां हितमक्षरधामप्रापणरुपं तदर्थमवतारो यस्य स तथोक्तः दयांबुधिर्दयासागरः उदारा महती कीर्त्तिर्य**शो** यस्य स तथोक्तः हरिः रामप्रतापस्य स्वजेष्ठभ्रातुः सुतेषु पुत्रेषु मध्ये अयोध्याप्रसादं गुणैःधर्मज्ञानविद्याविनयादिभिर्गरीयांसमतिश्रेष्ठं विदित्वा ज्ञात्वा आत्मनः स्वस्यावरजम् इच्छारामाख्योऽनुजः तस्यात्मजाः पुत्राः तेषु मध्ये रद्धुवीर इति गोत्रं नाम यस्य तं तथोक्तयं स्वानुजपुत्रं गुणैः पूर्वोक्तैर्गरीयांसं विदित्वा आत्मसमाश्रितानां स्वाश्रितभक्तजनानां धर्मावनाय धर्मरक्षणाय ताभ्यां रद्धुवीरायोध्याप्रसादाभ्यां निजं स्वकीयं यदाचार्यपदं स्वकीयगुरुपद–वीमित्र्यः दिदे**श** विततार । सन्ति श्रेष्ठानि यानि मन्दिराणि लक्ष्मीनारायणादिदेवालयानि भूरयो बहवोपदे**श**ाजनपदाश्च तान् विभज्य विभागं विधाय दिदे**श** ददौ ॥ ४५–४६॥

**शिक्षापत्र्यनुरोधतः प्रतिदिनं स्वेवर्तनीयाः स वां**
**प्रोचे वृत्यमिति श्रिताधिशमनस्तावुत्सकौ स्वाज्ञया ।**
**इत्थं वर्तनतत्परौ निजजनांस्तौ वर्त्तयन्तौ हरेः**
**सेवां चक्रतुरीशितुः प्रमनसौ दुःस्वान्तदूरस्थितेः ॥ ४७ ॥**

**इति श्रीहरिसंभवे महाकाव्ये हर्य्यंके कविश्रीमदचिंत्यानंद वर्णिकृते श्रीहरिप्रणितजनशिक्षादिवर्णननामा सप्तदशः सर्गः**

**अन्वयः**– श्रिताधिशमनः सः स्वाज्ञया उत्सुकौ वां (युवाभ्याम्) शिक्षापत्र्यनुरोधतः प्रतिदिनं वृत्यं स्वे च वर्तनीयः इति प्रोचे इत्थं वर्तनतत्परौ निजजनान् वर्तयन्तौ तौ (अयोध्याप्रसादरद्घुवीरौ) प्रमनसौ ईशितुः दुःस्वान्तदूरस्थितेः सेवां चक्रतुः ॥ ४७ ॥

**विद्वज्जनाह्लादिनी** – शिक्षापत्रीति । श्रितानामाधिं मानसीं व्यथां शमतीतितथोक्तः सः श्रीहरिः स्वाज्ञयोत्सुकौ स्वनिदेशे प्रीतिमन्तौ प्रसितोत्सुकाभ्यां तृतीया चेति तृतीया । तावयोध्याप्रसादरद्घुवीरौ वां युवाभ्यां शिक्षापत्र्युनुरोधतः शिक्षापत्र्युदितधर्ममर्यादानुसारेण प्रतिदिनं प्रतिवासरं वृत्यं वर्त्तितव्यं स्वे स्वकीयाः श्रितजनाश्च वर्त्तनीया वर्त्तयितव्या इत्यमुना प्रकारेण प्रोचे, आचचक्षे इत्थं वर्तन तत्परो निजाः स्वकीया ये जनास्तान् वर्त्तयन्तौ शिक्षापत्र्युक्तमार्गे प्रवर्त्तयन्तौ तथोक्तौ तौ अयोध्याप्रसादरद्घुवीरौ प्रमनसौ प्रसान्तःकरणौ सन्तौ ईशितुः सर्वनियन्तुः इष्टानि स्वान्तानि मनांसि येषां ते दुःस्वान्तास्तेभ्यो दूरे दूरदेशे स्थितिर्यस्य स तथोक्तस्य हरेः श्री हरेः सेवां परिचर्यां च कर्तुं विदधतुः। शार्दूलविर्क्रिडितवृतं लक्षणं तूक्तं प्राक्: ॥ ४७ ॥

इति श्रीपदवाक्यप्रमाणपारावारीणधुरीण विश्वनाथभट्टात्मजदीनानाथ भट्टशिष्यप्रत्यक्षवासुदेव श्रीसहजानन्दस्वामी चरणकमलोपासक गोपालनन्दमुन्यतः प्रेरीतमतिमाधवदाससत्सहायव्यासा वटंकदायशंरात्मज श्रीहरि कृष्णैकभक्तभोलानाथ भट्टकृतौ श्रीहरिसंभवकाव्यस्य विद्धज्जनाह्लादिन्याख्य व्याख्यायां सप्तदशः सर्गः ।

**ભાવાર્થ**

- મારામાં અત્યંત દૃઢ પ્રેમને લીધે નિર્બંધ ચિત્તવાળા, જેમનું અંતઃકરણ મારા દર્શનની ઈચ્છાથી આકર્ષિત થયું છે તેવા આ બંને (રામપ્રતાપ અને ઈચ્છારામ) પોતાનો દેશ છોડીને, બંધુજનોની સાથમાં મારી પાસે આવ્યા છે ॥ ૩૪ ॥
- જેમ માછલીઓ પાણી વિના રહી શકતી નથી તેમ આ શ્રેષ્ઠ ધર્મવંશ મારાથી જુદું રહી શકતું નથી અને જેમ શબ્દ તેના અર્થથી દૂર રહી શકતો નથી તેમ હું ક્ષણમાત્ર આ ધર્મવંશથી દૂર રહી શકતો નથી. ॥ ૩૫ ॥
- મહાન પાપોનો નાશ કરવામાં સમર્થ દૃષ્ટિવાળા આ ધર્મવંશ, મારા આશ્રિત સાધુઓ તથા ગૃહસ્થો બંને દ્વારા યથોચિત માન્ય અને પૂજનીય છે. તેમના યથાશક્તિ પૂજનથી લોકો પહેલેથી જ આ સંસારસાગર પાર ઊતરી જશે. ॥ ૩૬ ॥
- આ ભૂમંડળમાં જનોની મુક્તિને માટે બ્રાહ્મણ- સ્વરૂપમાં આ ધર્મવંશ ઉત્પન્ન થયું છે. આ વંશમાં જ્ઞાન વૈરાગ્યાદિક રૂપમાં પવિત્ર વંશ સહિત, ભક્તિ અને ધર્મ નિરંતર રહે છે. ॥ ૩૭ ॥
- આ ધર્મવંશમાં, ક્ષીરસમુદ્રમાં ચંદ્રમાની જેમ, ધર્મજ્ઞાન આદિ ગુણોથી સંપૂર્ણ એવા બ્રાહ્મણ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી બ્રાહ્મણોમાં મુખ્ય, તે બ્રાહ્મણમાં ધર્મ અને ભક્તિ નિરંતર રહેશે. ॥ ૩૮ ॥
- ધર્મકુળમાં ઉત્પન્ન થયેલ જે બ્રાહ્મણમાં ભક્તિ અને ધર્મ તેમના વંશની સાથે નિરંતર નિવાસ કરીને રહે છે તેમાં સર્વનિયંતા કૃષ્ણ રહે છે. તેથી આ ધર્મવંશ, ધર્મની જેમ જ વંદનીય છે. જેમણે અહંકાર છોડી દીધો છે, તેવા તમે સર્વે દ્વારાએ તે પૂજનીય છે. ॥ ૩૯ ॥
- વિષવૃક્ષ અને કલ્પતરૂની જેમ ધર્મવંશ અને અન્ય વંશમાં ફેર છે. જે જનો તે બંનેને એક સરખા સમજે છે તે કુત્સિત બુદ્ધિવાળા છે અને મારા આશ્રિત જનોએ તેમને વાસુદેવથી વિમુખ જાણવા. ॥૪૦॥
- મારા દ્વારા એ ગુરુપદ પર નિયુક્તિ કરાયેલા અને સર્વે જનોને માન્ય એવા આ ધર્મકુળની જે જનો પુષ્પ, ચંદન, વસ્ત્ર અલંકાર વડે આ લોકમાં પૂજા કરશે તેઓ, નાવિકવાળી હોડી દ્વારાએ

જેમ સમુદ્ર પાર થઈ શકે છે તેમ આ ભવસાગરને પાર કરશે.॥૪૧॥

- આ ધર્મકુળને આશ્રિત જે મનુષ્ય ધર્મકુળની પૂજા કરશે તે કૃષ્ણની પૂજાનું ફળ પામશે અને આ અત્યંત પવિત્ર વંશ, તેને સૂર્યના પુત્ર યમરાજના ભયથી મુક્ત કરાવશે. ॥ ૪૨ ॥
- અનુપમ પ્રતાપવાળા વાસુદેવ આ શરીરના અંતસમયે ધર્મકુળના આશ્રિતોને તેમનું દર્શન નિશ્ચય આપશે જ અને તે ધર્મકુળના આશ્રિતોને સંસારથી મુક્ત કરીને તેમના પદ (અક્ષરધામ) ને પમાડશે. ॥ ૪૩ ॥
- શ્રીહરિના મહાત્મ્યને જાણવાવાળા ભક્ત સમુદાય, ચંદ્રમાના મીઠા અમૃતરૂપી વચનોનું તેમના કર્ણો દ્વારા પાન કરીને તથા શ્રીહરિમાં પ્રીતિ કરીને તેમની વારંવાર વંદના કરવા લાગ્યા. ॥ ૪૪ ॥
- જીવોના હિતને સારું અવતાર લેવાવાળા, દયાસાગર, મહાન કીર્તિશાળી, શ્રીહરિએ, રામપ્રતાપના પુત્રોમાં અયોધ્યાપ્રસાદ અને પોતાના નાનાભાઈ ઈચ્છારામના પુત્રોમાં રઘુવીર નામના પુત્રને ગુણોથી અત્યંત શ્રેષ્ઠ જાણીને પોતાના આશ્રિતોના ધર્મરક્ષણને માટે તે બંનેને મંદિર અને દેશ વિભાગ કરીને, પોતાનું આચાર્યપદ આપ્યું.॥૪૫-૪૬॥
- આશ્રિતોના દુઃખો દૂર કરવાવાળા શ્રીહરિ, આજ્ઞા જાણવાને ઉત્સુક એવા અયોધ્યાપ્રસાદ અને રઘુવીર પ્રત્યે બોલ્યા કે શિક્ષાપત્રી પ્રમાણે તમારે પ્રતિદિન વર્તવું અને આશ્રિતોને વર્તાવવા. આમ આ પ્રકારે વર્તનમાં તત્પર તથા પોતાના આશ્રિતોને વર્તન કરાવવાવાળા, અતિ ઉત્તમ મનવાળા અયોધ્યાપ્રસાદ અને રઘુવીર સર્વનિયંતા તથા દુષ્ટ અંતઃકરણવાળા જનોથી દૂર રહેવાવાળા શ્રીહરિની પરિચર્યા કરવા લાગ્યા. ॥ ૪૭ ॥





## પરિશિષ્ટ ૯

સત્સંગિભૂષણ ગ્રંથ મૂળ સંસ્કૃતમાં શ્રી વાસુદેવાનંદવર્ણીએ લખેલો છે. તેમાંથી પાંચમા અંશમાંથી અધ્યાય ૧૮

अपराह्णे सभातत्र महत्यासीत्पुरांतिके ।
वटाधस्तात्सुधर्मेवस्वर्गेसुष्ठुवासना स्मृता ॥३५॥
तत्रभक्त जनाः सर्वेयोषितश्च यथोचितम् ।
आगत्योपाविशन्राजन् श्री हरिश्च महासने ॥३६॥
रामप्रतापस्तद्भ्राता चेच्छारामः सहात्मजः ।
एत्यतत्राग्रतस्तस्यनिषेदतु रुभावपि ॥३७॥
मुकुंदानंदजयानंदौनिषसादैत्यतत्रच ।
वासुदेवानंद मुख्यावर्णिनोऽन्येपि सर्वशः ॥३८॥
मुक्तानंदस्तथागत्य ब्रह्मानंदः सदग्रणीः ।
गोपालानंदसंज्ञश्चनित्यानंदाभिधो बुधः ॥३९॥
महानुभावानंदश्च ह्यानंदानंद संज्ञकः ।
निषसादैत्यनृपते श्रीहरेरग्रतो वरः ॥४०॥
अन्येंपिसाधवस्तत्र समागत्य सहस्त्रशः ।
निषेदु र्मालिका हस्ता हरि वक्त्रैकदृष्टयः ॥४१॥
शिवरामो मयारामोदीनानाथश्च सत्तमः ।
निषेदुर्ब्राह्मणास्तत्रशतशश्चसहस्त्रशः ॥४२॥
उत्तमः सोम सूरौच वास्तुः कर्कोऽथपुंजजित् ।
हेमंतसिंह प्रमुखानिषेदुर्नृपसत्तमाः ॥४३॥
भृगुजित्रत्नजित् वीरालयाद्याः क्षत्रियोत्तमाः ।
निषेदुस्तत्रचागत्य दैव मुखनिरीक्षणाः ॥४४॥
गोविंदोरणछोडश्च नाथजिद्वैश्यसत्तमः ।
निषसादैत्य सदसिविशोऽन्ये चसहस्त्रशः ॥४५॥
जयारमाचललिता चामरी पुंजिकातथा ।

गंगारेवाद्विती-यासामोघामुख्याश्चयोषितः ॥४६॥
ततः स्वभ्रातरौ प्राह धातुकामो वृषान्वये ।
स्वकांधर्मधुरं राजन्नारायण मुनिः स्वयम् ॥४७॥
भ्रातरौ श्रृणुतं वाणीं सर्वभक्त प्रियंकरीम् ।
मदीयांनिश्चितांस्वांते धर्मरक्षाकरीं प्रियाम् ॥४८॥
रामानंदो धर्मधुरंन्यस्तवान्स्वांबलान्मयि ।
गुर्वाज्ञा पालनीयेति सूढाद्यावधिया मया ॥४९॥
अस्माल्लोकादतोभ्रातर्ह्युदासीनोस्मिसांप्रतम् ।
धर्मवंशे समाधातुं तांमिच्छामीहसांप्रतम् ॥५०॥
अतोवां प्रार्थयाम्यद्यद्वौपुत्रावीप्सितौमम ।
दातव्यौ दत्तविधिनास्थापयिष्ये पदे मम ॥५१॥
श्रुत्वेत्थं श्री हरे र्वाक्यं ज्येष्ट भ्राताऽव्रवीच्चभोः ।
पुत्रास्त्रयश्च मे संतिग्राह्योयस्तत्रते प्रियः ॥५२॥
ततस्तदनुजः प्राहपंच मेसंतिसूनवः ।
तत्रापियस्तव प्रेष्टतनयः सप्रगृह्यताम् ॥५३॥
इत्थंतयोस्तद्वचनं निशम्य नारायणो वाक्यमिदं जगाद ।
देह्यग्रजन्मन्सुतमाश्वयोध्या प्रसादसंज्ञंगुणसागरं त्वम् ॥५४॥
त्वंमेनु जन्मनरघुवीर संज्ञंपुत्रं प्रदेह्युत्तम बुद्धिभाजम् ।
दत्तावितिप्रोचतुरात्मनिष्टावुत्थायराजन्भगवंतमद्य ॥५५॥
अकारयद्दत्तविधिं मुनीशो वेदोदितं वैदिकविप्रवर्यैः ।
अवादयद्वाद्यगणानगापयद्गेयानिगीतानिच मंगलेषु ॥५६॥
तौस्थापयित्वा निजपीठएव संपूजयामासनिजैः सुभक्तैः ।
गंधादिभिश्चोत्तम भूषणा द्यैः नीराजनेनादरतो मुनीशः ॥५७॥

*इति श्रीसत्संगिभूषणे नारायणचरित्रे वासुदेवीये भक्तिशास्त्रे व्यापकेशज्येष्ठजित्संवादे पंचमांशे हरिदत्तपुत्रग्रहणनामाष्टादशोऽध्यायः ॥१८॥*





## ભાવાર્થ

- તે જયતલપુરમાં* અપરાહન સમયે પુરના સમીપે જ વડના વૃક્ષ નીચે સ્વર્ગલોકમાં સુધર્મા નામની સભા જેવી સુંદર આસનો પાથરેલી મોટી સભા થઈ. ૩૫
- પછી હે રાજન્ ! તે સભામાં સર્વ ભક્તજનો અને સ્ત્રીઓ આવીને યથાયોગ્ય બેસી ગયાં અને શ્રીહરિ મહાઆસન ઉપર વિરાજમાન થયા. ૩૬
- અને સ્વપુત્રો સહિત રામપ્રતાપ અને ઈચ્છારામભાઈ બન્ને પણ તે સભામાં આવી શ્રીહરિ આગળ બેઠા. ૩૭
- અને મુકુંદાનંદ, જયાનંદ, વાસુદેવાનંદ આદિ સર્વ બ્રહ્મચારીઓ પણ તે સભામાં આવીને બેઠા. ૩૮
- તે જ પ્રકારે સંતોમાં મુખ્ય મુક્તાનંદ, બ્રહ્માનંદ, વિદ્વાન ગોપાળાનંદ અને નિત્યાનંદ મુનિ આવી તે સભામાં બેઠા. ૩૯
- વ્યાપકેશ કહે છે - હે નૃપતે ! સાધુશ્રેષ્ઠ મહાનુભાવાનંદ અને આનંદાનંદ મુનિ પણ સભામાં આવી શ્રીહરિ આગળ બેઠા. ૪૦
- તે જ પ્રકારે બીજા પણ હજારો સંતો તે સભામાં આવી હાથમાં માળાઓવાળા અને શ્રી હરિના મુખારવિંદમાં જ એક દૃષ્ટિવાળા સતા બેસતા હતા. ૪૧
- તથા શિવરામ વિપ્ર, મયારામ ભટ્ટ અને દિનાનાથ ભટ્ટ આદિ સેંકડો બ્રાહ્મણો પણ તે સભામાં આવી બેઠા. ૪૨
- તે જ પ્રકારે ઉત્તમ રાજા, સોમલા-સુરાખાચર, વસ્તાખાચર, કાકાભાઈ, પુજાજી, હેમંતસિંહ આદિ સર્વે ઉત્તમ રાજાઓ તે સભામાં બેઠા.૪૩

---

* સંપ્રદાયનાં બીજાં તમામ શાસ્ત્રોમાં આચાર્ય સ્થાપનનો પ્રસંગ વડતાલમાં થયાનો ઊલ્લેખ છે.

- તથા ભગુજી, રતનજી, વીરાજી અને અલૈયા આદિ સર્વ ઉત્તમ ક્ષત્રિય પાર્ષદો તે સભામાં આવી શ્રીહરિ સન્મુખ જ એક દૃષ્ટિ રાખી સભામાં બેઠા. ૪૪
- તેમજ વૈશ્યશ્રેષ્ઠ ગોવિંદજીભાઈ, રણછોડભાઈ, નાથાભાઈ જયસિંહ (જેશંગભાઈ) વેણીદાસ આદિ હજારો વૈશ્ય ભક્તો તે સભામાં આવી બેસી ગયા. ૪૫
- તે જ પ્રકારે જયા, રમા, લલિતા, અમરી, પુંજી, ગંગા, રેવા, બીજી રેવા અને મોંઘીબાઈ આદિક ઘણી સ્ત્રીઓ પણ તે સભામાં બેઠા સ્વમર્યાદાથી બેસી ગઈ. ૪૬
- તે સર્વ તથા રામપ્રતાપ આદિક સભામાં બેઠા બાદ, હે રાજન્! સ્વયં શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ પોતાની ધર્મધુરાને પોતાના ધર્મકુળમાં જ સમારોપણ કરવાની ખૂબ ઈચ્છાવાળા થકા પોતાના ભાઈ રામપ્રતાપ અને ઈચ્છારામ પ્રત્યે બોલ્યા. ૪૭
- કે હે ભાઈઓ ! મારા અંતર્ધાન સમયે સર્વ ભક્તોનું પ્રિય કરનારી અને ધર્મની રક્ષા કરનારી તેથી જ પ્રિય એવી અને મેં નિશ્ચય કરેલી મારી વાણીને તમો સાંભળો. ૪૮
- શ્રીરામાનંદ સ્વામીએ બળાત્કારે પોતાની ધર્મધુરા મારા ઉપર સ્થાપન કરી હતી. ત્યારે ગુરુની આજ્ઞા પાળવી જોઈએ એ હેતુથી જ ધર્મધુરા મેં અત્યાર સુધી સુખપૂર્વક વહન કરી.૪૯
- અને હાલમાં તો હે ભાઈઓ ! આ લોકથી હું ઉદાસ થઈ ગયો છું. તેથી ધર્મધુરાને હું હાલમાં મારા ધર્મકુળમાં સ્થાપવાની ઈચ્છા કરું છું. ૫૦
- તે હેતુથી હે ભાઈઓ ! તમારા બંનેની હું પ્રાર્થના કરું છું કે, અત્યારે તમો મને પ્રિય એવા તમારા બે પુત્રો દત્તકપુત્ર વિધાનથી આપો, પછી તેમને મારા સ્થાને સ્થાપન કરીશ. ૫૧
- વ્યાપકેશ બોલ્યા - હે રાજન્ ! આવું શ્રીહરિનું વાક્ય સાંભળી મોટાભાઈ શ્રી રામપ્રતાપભાઈ બોલ્યા, કે હે શ્રીહરે ! મારે ત્રણ





પુત્રો છે, તેમાં પણ તમોને જે પુત્ર પ્રિય હોય તે ગ્રહણ કરો. ૫૨

- ત્યારે શ્રીહરિના નાનાભાઈ શ્રી ઈચ્છારામ બોલ્યા, કે હે પ્રભો! મારે પાંચ પુત્રો છે, તેમાં પણ તમોને જે પુત્ર પ્રિય હોય તે ગ્રહણ કરો. ૫૩
- હે રાજન્ ! આ પ્રકારે તે બંને ભાઈઓનું તે સ્વપુત્ર પ્રદાનરૂપ વચન સાંભળી શ્રી સ્વામિનારાયણ ભગવાન તે બંને ભાઈઓને આ પ્રમાણે કહેવા લાગ્યા કે, હે મોટાભાઈ રામપ્રતાપ, તમો સર્વગુણ સંપન્ન અયોધ્યાપ્રસાદ નામના પુત્ર મને જલદી આપો. ૫૪
- અને હે નાનાભાઈ ઈચ્છારામ ! ઉત્તમ બુદ્ધિવાળા રઘુવીરજી નામના પુત્ર તમો મને આપો. ત્યારે હે રાજન્ ! શ્રીહરિમાં નિષ્ઠાવાળા શ્રીરામપ્રતાપ અને શ્રી ઈચ્છારામભાઈ ઊઠી શ્રીહરિ સન્મુખ જઈ હે હરે ! આજથી તમોએ કહેલા તે બે પુત્ર તમોને આપ્યા એમ ભગવાન પ્રત્યે બોલ્યા. ૫૫.
- ત્યારબાદ મુનિપતિ શ્રીહરિ વેદમાં કુશળ બ્રાહ્મણો પાસે વેદપ્રોક્ત દત્તકપુત્ર ગ્રહણ વિધિ કરાવતા હતા અને વાજીંત્રો વગડાવતા હતા તથા મંગળ કાર્યમાં ગાવા યોગ્ય કીર્તનો ગવરાવવા લાગ્યા. ૫૬.
- ત્યારબાદ મુનિપતિ શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ પોતાના જ મહાસન ઉપર તે બન્ને પુત્રોને સ્થાપન કરી સ્વભક્તો સાથે ચંદન પુષ્પાદિ તથા ઉત્તમ આભૂષણાદિક વડે બહુ જ આદરથી તેમની પૂજા કરવા લાગ્યા. ૫૭.

ઈતિશ્રી સત્સંગિભૂષણમાં નારાયણચરિત્રમાં ભક્તિ શાસ્ત્રમાં વ્યાપકેશ જયેષ્ઠજીત સંવાદમાં પંચમ અંશમાં શ્રીહરિ દત્તપુત્ર ગ્રહણ વિધિ નિરૂપણ નામે અઢારમો અધ્યાય થયો.

પોતાના જે આચાર્ય તે થકી તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે મંદિર તે થકી કરજ ન કાઢવું અને વળી તે પોતાના આચાર્ય થકી અને શ્રીકૃષ્ણના મંદિર થકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવાં નહિ. શિ.શ્લો. ૧૫૦

## अथ एकोनविंशोऽध्यायः - १९

**श्री व्यापकेश उवाच -**

ततोनारायणः साक्षात्प्राह पुत्रौसुश्रृण्वतः ।
भक्तानन्यांश्च नृपते स्मयमान मुखांबुजः ॥१॥

**श्री भगवानुवाच -**

इष्टदेवोस्तिनः कृष्णो भगवान्पुरुषोतमः ।
प्रासादाः कारितानैकेस्थापनार्थं मयाततः ॥२॥
तज्जीविकाश्चसर्वत्रकारिताः पुत्रकौमया ।
प्रासादौ तत्र मुख्यौद्वौस्तः स्मसर्वेभ्य उर्ध्वगौ ॥३॥
ततः श्रीनगरे चैकोनरनारायणस्यहि ।
एको वृत्तालये चास्तिलक्ष्मी नारायणस्यहि ॥४॥
देशौ तन्नामकौ पुत्रौ कल्पितौस्तोमयाधुना ।
विभज्य हरि भक्तानां श्रेयसेस्थापितौ हिवाम् ॥५॥
तत्रयोदक्षिणः खंडोनरनारायणस्यसः ।
उत्तरश्चास्तियःखंडोनरनारायणस्यसः ॥६॥
तत्रतत्र जनैर्दत्तं यद्यद्द्रव्यंच धर्मतः ।
तत्रतस्थेतिविज्ञेयंधन धान्यांशुकादिकम् ॥७॥
एकैकखंडे गुरुतामच्छिू तानांनृणांमया ।
पृथक्पृथक्युवाभ्यां तुदत्ताहि वृषगुप्तये ॥८॥
ततस्त्व लेखयत्पत्र्यौद्वेशुकानंद संज्ञिना ।
कृतस्वोक्तार्थ विस्तारे नारायणमुनिः स्वयम् ॥९॥
तेगृहीत्वास्वशययोर्बभाषे तौवृषात्मजः ।
एकैकामेतयोः पत्र्योः पत्रीं गह्णीतमित्युभौ ॥१०॥
उपादद तुरेकै कांपत्रिकांतौ तदानृप ।
लक्ष्मीनारायणस्याप्ता रघुवीरेण पत्रिका ॥११॥





पत्र्ययोध्याप्रसादेन नरनारायणस्यच ।
प्राप्ताऽसीच्छ्री हरिस्तत्रबभाणस्वाश्रिताज्जनान् ॥१२॥
अस्माद्दिनात्समारभ्य गुरुवः स्थापितौमया ।
एतौ महाबुद्धिमंतौवेदवेदांगपारगौ ॥१३॥
नरनारायण प्रांते मच्छिष्याः स्युश्चये जनाः ।
तेत्वयोध्या प्रसादस्यरघुवीरस्यचान्यतः ॥१४॥
प्रांतद्वयस्य योषाणामेत् योर्वै स्त्रियौ गुरू ।
मर्यादा स्थापिता ह्येषापाल्या सर्वैर्मुमुक्षुभिः ॥१५॥
एतयोश्चैतद्वंश्यानां कर्तायो ह्यवलंबनम् ।
नेष्याम्यहंच तंधामाक्षराख्यं मामकं परम् ॥१६॥
ततपुत्रावुवाचेदं नारायण मुनिर्नृप ॥
भवद्भ्यां स्वस्व प्रांतस्थाः शिष्याः कार्यानचेतरे ॥१७॥
तदर्पितान्नमात्रंहिस्वीकार्यनान्यतः क्वचित् ।
एषा ममाज्ञा संपाल्यानित्यदाराज दंडवत् ॥१८॥
भवतोर्भागवित्तार्थं वित्तादस्य विनिर्णये ।
कार्योधर्मपरौद्वौद्वौ नतु संतः कदाचन ॥१९॥
स्त्रीभ्यां वांस्वाश्रितस्त्रर्थ विवादस्य चनिर्णये ।
कार्ये सभर्तृके द्वे द्वे स्त्रियौ रंडास्तुन क्वचित् ॥२०॥
निर्णायका जनायत्रस्त्यागिनो विधवाः स्त्रियः ।
सिध्येत्कार्यंन तत्रस्युः स्यात्कार्यं ध्वंसएवहि ॥२१॥
भवद्भ्यांयन्मयादत्तं स्वशयार्जितमस्तितत् ।
अतः स्वत्वंनकस्यापि पितृमातृजनस्यतत् ॥२२॥
आलंव्यमन्मता नष्टौ ग्रंथान्वृत्यं हिवांसदा ।
वर्तनीयाः स्वकीयाश्च संप्रदायानुसारतः ॥२३॥
विशालायाः समायातं वित्तमामृषिसत्तमम् ।
मदिच्छयात्रगंतारं पुनस्तत्रापिपुत्र कौ ॥२४॥

विरराम वचोमृतंहितं कथयित्वा वृषभक्ति नंदनः ।
शिरसानति पूर्वकंतद्गृहितं सर्वजनैः प्रशंसितम् ।।२५।।

**श्रीव्यापकेश उवाच -**

सभाततो द्वितीयेऽह्नि सुधर्मे वामरालये ।
तत्रसिंहासनेऽतिष्ठन्महत्यासी त्स्वयंहरिः ।।२६।।
पीयूषोपमयादृष्ट्यापश्यन्स्वान् श्री हरिस्ततः ।
उवाच मधुरं वाक्यं भक्ताह्लादकरं नृप ।।२७।।

**श्री हरिरुवाच -**

नरनारायणीयाये संतस्तिष्ठतु चोत्तरे ।
लक्ष्मीनारायणीयाश्चतिष्ठतु दक्षिणे मुदा ।।२८।।
ब्रह्मानंदादयः संतस्ततो तिष्ठन् सहस्त्रशः ।
उत्तरस्यां दिशायांवैनमंतः श्री हरिंमुदा ।।२९।।
मुक्तानंदादयःसंतो प्यतिष्ठन्वै सहस्त्रशः ।
दक्षिणस्यां दिशायांचनमंतः श्री हरिंनृप ।।३०।।
ततोवदद्धरिः साक्षाद्ब्रह्मानंदमुनिं पुनः ।
त्वदीयं मंदिरं चास्ति नरनारायणस्ययत् ।।३१।।
मुक्तानंदाक्षरानंदावाहनारायणः स्वयं ।
त्वदीयंमंदिरं चास्तिलक्ष्मीनारायणस्ययत् ।।३२।।
स्वकीयस्यस्वकीयस्य मंदिरस्य सुरक्षणम् ।
कार्यंचतत्रत्य जनाः पोषणीयाः प्रयत्नतः ।।३३।।
अथावदन्मुनिपतिः परमानंददं वचः ।
सर्वेषांश्रृण्वतांराजन्दृष्टिं सर्वत्र चालयन् ।।३४।।
अप्ययोध्या प्रसादः श्री गुरुरुत्तर दिक्स्थितैः ।
पूजनीयो गंधपुष्पहाराद्यैः सुमनोहरैः ।।३५।।
दक्षिणादिक्स्थितैः पूज्यो रघुवीराभिधोगुरुः ।
सुगंधपुष्प हाराद्यै र्मुनिभिःपरमादरात् ।।३६।।





ततस्तेपितथा चक्रुः पूजनंचाति भावतः ।
पुनर्नारायण मुनिस्तानूचेसेव कानपि ।।३७।।
सर्वेश्रृणुतमद्वाक्यं मनोदत्वासुधोपमम् ।
पदव्यां हिमदीयायां स्थापितौद्वाविमौमया ।।३८।।
मदाज्ञावत्तदीयाज्ञापालनीया प्रयत्नतः ।
साधुभिवर्णिभिः पद्गैर्भक्तैरन्यैश्च सर्वदा ।
यदिचोल्लंघ्यते यस्तां कोपियास्यत्य धोगतिम् ।।३९।।
दृढ भक्त्यमदीयांचपूजां कुरुथनित्यदा ।
तद्वदाचार्ययोः पूजाकार्या भावेन मच्छ्रितैः ।।४०।।
मत्पूजननेन कल्याणं यथास्यातद्वदेवहि ।
एतयोः पूजनेनापिकल्याणं स्यान्नसंशयः ।।४१।।

## અધ્યાય ૧૯

- શ્રી વ્યાપકેશ મુનિ બોલ્યા - હે નૃપતે જયેષ્ઠજીત્ ! ત્યારબાદ સાક્ષાત્ નારાયણ શ્રીહરિ મહાપ્રભુ પોતાના દત્તપુત્ર શ્રી અયોધ્યાપ્રસાદજી અને શ્રી રઘુવીરજી પ્રત્યે ભક્તો અને બીજા જનોને સાંભળતાં સતાં હસતાં સતાં બોલ્યા. ૧
- શ્રીહરિ ભગવાન બોલ્યા - કે હે પુત્રો ! આપણા ઈષ્ટદેવ ભગવાન પુરૂષોત્તમનારાયણ શ્રીકૃષ્ણ છે તેથી તેમની જ સ્થાપના કરવા મેં અનેક મોટાં શિખરબંધ મંદિરો બનાવ્યાં છે. ૨
- અને હે પુત્રો ! તે સર્વ મંદિરોમાં તેની જીવિકાનાં સાધનો પણ કર્યાં છે. અને તે મંદિરોના મધ્યે સર્વ મંદિરોથી ઊંચાં મુખ્ય બે મંદિરો છે. તેમાં એક તો શ્રી નરનારાયણનું મુખ્ય મંદિર શ્રીનગરમાં છે અને બીજું મુખ્ય મંદિર શ્રી લક્ષ્મીનારાયણનું વૃત્તાલયમાં છે. ૩
- અને હે પુત્રો ! મેં તે નરનારાયણ અને લક્ષ્મીનારાયણ નામના બે

દેશ અત્યારે મેં વિભાગ કરી કલ્પેલા છે અને હરિભક્તોનાં કલ્યાણ માટે તમોને મારા સ્થાને આચાર્યપદે સ્થાપન કર્યા છે. ૪-૫

- તે બે દેશોમાં જે દક્ષિણ દિશામાં રહેલો ખંડ તે શ્રી લક્ષ્મીનારાયણનો છે અને જે ઉત્તર દિશામાં રહેલો ખંડ તે શ્રી નરનારાયણનો જાણવો. ૬
- અને તે તે દેશમાં ભક્તજનોએ ધર્માર્થે જે દ્રવ્ય લક્ષ્મીનારાયણ કે નરનારાયણને આપેલું હોય તે ધન ધાન્ય, વસ્ત્રાદિક દ્રવ્ય તે તે દેવનું જાણવું. ૭
- અને મેં તો એક એક ખંડમાં મારા આશ્રિત મનુષ્યોના ધર્મની રક્ષા માટે તમો બન્નેને ગુરૂપણું જુદું જુદું આપેલ છે. ૮
- વ્યાપકેશ બોલ્યા - હે રાજન્ ! એમ કહ્યા બાદ સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન શુકાનંદ નામના લેખન કુશળ સંત પાસે પોતે સ્વપુત્રોને જે કહ્યું તેના અર્થના વિસ્તારવાળા બે આજ્ઞાપત્ર લખાવ્યા. ૯
- ત્યારબાદ ધર્માત્મજ શ્રીહરિ તે બન્ને પત્રિકાઓ સ્વહસ્તમાં લઈ આ બેમાંથી એક એક તમો લઈ લ્યો એમ તેમને કહ્યું. ૧૦
- ત્યારે હે નૃપ ! તે બન્ને જણા એકએક જયારે ઉપાડતા હતા ત્યારે શ્રી રઘુવીરજીએ લક્ષ્મીનારાયણ દેશની પત્રિકા પ્રાપ્ત કરી. ૧૧
- અને શ્રી અયોધ્યાપ્રસાદજીએ નરનારાયણ દેશની પત્રિકા પ્રાપ્ત કરી. જયારે તે બન્નેએ આ પ્રમાણે પત્રિકા ઉપાડી ત્યારે શ્રીહરિ મહાપ્રભુ સ્વાશ્રિત ભક્તજનોને કહેવા લાગ્યા. ૧૨
- શ્રીહરિ ભગવાન બોલ્યા - કે હે હરિભક્તો ! મેં આજ દિવસથી આરંભી અતિ ઉદાર બુદ્ધિવાળા વેદ વેદાંગપારંગત એવા આ અયોધ્યાપ્રસાદ અને રઘુવીરને તમારા ગુરૂ આચાર્ય તરીકે સ્થાપન





કરેલા છે. ૧૩

- અને શ્રીનરનારાયણ દેવના દેશમાં જે જે મારા શિષ્યો હોય તે તો શ્રી અયોધ્યાપ્રસાદજીના શિષ્યો કહેવાય તથા લક્ષ્મીનારાયણ દેશમાં જે મારા શિષ્યો હોય તે શ્રી રઘુવીરજીના શિષ્યો કહેવાય એમ તમોએ જાણવું. ૧૪
- અને બન્ને પ્રાંતની સ્ત્રીઓને આ બન્ને આચાર્યોની ધર્મપત્નીઓ જ ઉપદેશ કરનારી જાણવી. હે ભક્તજનો ! મારી સ્થાપેલી આ મર્યાદા સર્વ મુમુક્ષુજનોએ અવશ્ય જ પાળવી. ૧૫
- અને આ બન્ને આચાર્યના વંશજોનો આશ્રય જે જન કરશે તેને હું મારા અક્ષરધામમાં જરૂર લઈ જઈશ. ૧૬
- મુનિ કહે છે હે રાજન્ ! ત્યારબાદ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ પોતાના બન્ને દત્તપુત્રોને કહેવા લાગ્યા, કે હે પુત્રો ! પોતપોતાના પ્રાંતના શિષ્યો કરવા પણ એક બીજાના દેશનાને ન કરવા. ૧૭
- અને તે બન્ને દેશના જનોએ અર્પેલું અન્ન ફળ માત્ર જ એક બીજાના દેશના આચાર્યે ગ્રહણ કરવું પણ બીજું ધન આદિક ક્યારેય પણ ન સ્વીકારવું. પરંતુ તે વસ્તુ લઈને તે દેશના આચાર્યને મોકલી આપવી. આ મારી આજ્ઞા રાજદંડની માફક સર્વ કાર્યમાં પાલન કરવી. ૧૮
- અને તમારા બન્નેના ભાગરૂપ દ્રવ્ય તથા પદાર્થના વિવાદના નિર્ણયમાં ધર્મપરાયણ બે બે ગૃહસ્થો લેવા પણ સંતોને લેવા નહિ. ૧૯
- અને તમારા બન્નેની સ્ત્રીઓ તેમણે પોતાને આશ્રિત સ્ત્રીઓના પદાર્થ સંબંધી વિવાદના નિર્ણય માટે સૌભાગ્યવતી સધવા બે બે સ્ત્રીઓ લેવી પણ વિધવા સ્ત્રીઓ ક્યારે પણ ન જ લેવી. ૨૦
- કારણ કે હે પુત્રો ! જે કાર્યમાં ત્યાગીઓ અને વિધવા સ્ત્રીઓ નિર્ણાયક હોય તે કાર્યમાં સિદ્ધિ ક્યારે પણ ન થાય પણ ઉલટો કાર્ય ધ્વંસ જ થાય, તેથી તેમને ન રાખવા. ૨૧

- અને મેં તમોને જે આપ્યું તે સ્વહસ્તોપાર્જીત છે તેથી તે તમોને આપેલા પદાર્થમાં તમારા માતાપિતાના સંબંધી કોઈ પણ જનોનો તેમાં હક્ક નથી. ૨૨
- અને મેં માનેલા તથા શિક્ષાપત્રીમાં કહેલા વેદાદિક આઠ ગ્રંથોનું અવલંબન કરીને જ તમોએ સદા વર્તવું અને પોતાના સંપ્રદાયની મર્યાદા અનુસારે સ્વશિષ્યોને પણ વર્તાવવા. ૨૩
- અને હે પુત્રો ! બદરીકાશ્રમથી અહીં આવેલા મને તમો સાક્ષાત્ નરનારાયણ જ જાણો અને મારી ઈચ્છાથી ફરી પણ ત્યાં જનારો મને જાણો. ૨૪
- વ્યાપકેશમુનિ કહે છે - હે રાજન્ ધર્મ-ભક્તિપુત્ર શ્રીહરિ આ પ્રકારે હિતકારી અને અમૃત જેવું સર્વને સુખ કરનારું વાક્ય કહીને વિરામ પામ્યા. ત્યારે સર્વ ભક્તજનોએ મસ્તકથી નમસ્કારપૂર્વક તે શ્રીહરિનું વાક્ય ગ્રહણ કર્યું અને પ્રશંસા પણ ખૂબ કરી. ૨૫
- ત્યારબાદ બીજા દિવસે સ્વર્ગમાં સુધર્મા નામની સભા જેવી મોટી સભા થઈ. તેમાં ઉત્તમ સિંહાસન ઉપર સ્વયં શ્રીહરિ વિરાજમાન થયા. ત્યારબાદ હે રાજન્ ! શ્રીહરિ પોતાની અમૃતમય કૃપા-દૃષ્ટિથી સ્વભક્તોને જોતા સતા ભક્તોને આનંદકારી મધુર વાક્ય બોલવા લાગ્યા. ૨૬-૨૭
- શ્રીહરિ બોલ્યા - કે સંતો ! જે નરનારાયણ દેશના સંતો હોય તે આ સભામાં પ્રેમથી ઉત્તર વિભાગમાં બેસો અને જે લક્ષ્મીનારાયણ દેશના હો તે પ્રેમથી દક્ષિણ બાજુ બેસો. ૨૮
- ત્યારબાદ બ્રહ્માનંદાદિક સેંકડો સંતો શ્રીહરિને નમસ્કાર કરી હર્ષપૂર્વક ઉત્તર બાજુ ઊભા રહ્યા. ૨૯
- અને હે રાજન્ ! મુક્તાનંદાદિક સેંકડો સંતો શ્રીહરિને નમન કરતા સતા દક્ષિણ બાજુ ઊભા રહ્યા. ૩૦
- ત્યારબાદ સાક્ષાત્ ભગવાન શ્રીહરિ સહજાનંદસ્વામી બોલ્યા, કે હે બ્રહ્માનંદ મુને ! નરનારાયણનું મંદિર તમારું છે. ૩૧





- અને મુક્તાનંદ મુનિ તથા અક્ષરાનંદમુનિ પ્રત્યે પોતે બોલ્યા, કે હે મુનિઓ ! લક્ષ્મીનારાયણનું મંદિર તમારું છે. ૩૨
- એ હેતુ માટે હવે પોતપોતાના મંદિરનું રક્ષણ સારી રીતે કરવું અને તે તે મંદિરમાં રહેલા જનોનું ભગવદ્ વાર્તાદિકથી પ્રયત્નપૂર્વક પોષણ કરવું. ૩૩
- ત્યારબાદ હે રાજન્ ! મુનિપતિ શ્રીહરિ સર્વત્ર દૃષ્ટિ ફેરવી સર્વને સાંભળતે સતે પરમ આનંદ આપનારૂં વચન બોલ્યા. ૩૪
- કે હે મુનિઓ ! ઉત્તર દેશના વિભાગમાં રહેલા તમો સર્વેએ શ્રીઅયોધ્યાપ્રસાદજી નામના ગુરૂ આચાર્યની ઉત્તમ ચંદન પુષ્પાદિકથી પૂજા કરવી. ૩૫
- અને દક્ષિણ દેશના વિભાગના મુનિઓએ પણ પરમ આદરથી શ્રીરઘુવીરજી આચાર્ય મહારાજની ચંદન પુષ્પાદિકથી પૂજા કરવી. ૩૬
- ત્યારે તે સંતો પણ બહુ જ ભાવપૂર્વક શ્રીહરિના કહેવા પ્રમાણે જ પૂજન કરવા લાગ્યા. ત્યારબાદ શ્રીનારાયણ મુનિ તે મુનિજનો અને સેવકોને પણ ફરી કહેવા લાગ્યા. ૩૭
- કે હે સર્વે મુનિઓ ! અને હરિભક્તો ! તમો સર્વે ધ્યાન દઈ અમૃત તુલ્ય મારું વાક્ય સાંભળો, કે મેં આ બે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર નામના આચાર્યો મારા જ સ્થાનકે સ્થાપેલા છે. ૩૮
- તેથી સંત, વર્ણી, પાર્ષદો અને બીજા સર્વ ભક્તજનોએ તે બન્ને આચાર્યોની આજ્ઞા મારી આજ્ઞાની માફક જ સર્વ પ્રકારે પ્રયત્નપૂર્વક પાલન કરવી. જો જે કોઈ મારો આશ્રિતજન તે આચાર્યની આજ્ઞાને ઉલ્લંઘન કરશે તો તે જન જરૂર અધોગતિને પામશે. ૩૯
- અને દૃઢ ભક્તિથી મારી પૂજા નિત્ય જેમ કરો છો તેમ મારા આશ્રિત એવા તમો સર્વેએ પ્રીતિથી તે બન્નેની પૂજા કરવી. ૪૦
- તેથી મારી પૂજાથી જેમ કલ્યાણ થાય તેમ જ તે બન્ને આચાર્યોના પણ પૂજનથી જરૂર કલ્યાણ થાય તેમાં જરા પણ સંદેહ નથી. ૪૧

## પરિશિષ્ટ ૧૦

### દેશ વિભાગનો લેખ

દેશ વિભાગનો આ લેખ સ્વયં શ્રીહરિએ સં. ૧૮૮૩ના માગશર સુદ ૧૫ના દિવસે ગઢડામાં એભલ ખાચર (દાદા-ખાચરના પિતાશ્રી)ના દરબારમાં લખાવેલ છે. જેની ઉપર સત્સંગના મુખ્ય સદ્‌ગુરૂ સંતો અને અગ્રણી હરિભક્તોની સહીઓ છે. સત્સંગી આશ્રિત માત્રે આ લેખ અવશ્ય વાંચવો વિચારવો અને શ્રીહરિની આજ્ઞા સામું જોવું.

દેશ વિભાગનો લેખ અત્રે તેની મૂળભાષામાં જ, જેમ છે તેમ જ, ભાષા-વ્યાકરણ કંઈ પણ સુધાર્યા વગર અત્રે પ્રસ્તુત કરેલ છે. ન્યાયની અદાલતોમાં પણ આ લેખ સંપ્રદાયના બંધારણ તરીકે સ્વીકારાયેલ છે અને અદાલતોએ તેનું અંગ્રેજી ભાષાંતર પણ કરેલું છે. ભગવાન શ્રીહરિએ સ્વયં શુકાનંદ સ્વામી પાસે લખાવડાવેલ છે.

**શ્રીજીની મહોર છાપ**

**ભક્તિધર્માત્મજ**
**શ્રીકૃષ્ણનારાયણ**

લિખાવિતં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ વ. પાંડે અયોધ્યાપ્રસાદ રામપ્રતાપ તથા પાંડે રઘુવીર ઈચ્છારામ જત તમો બે ભાઈને અમો દત્તપુત્ર કરિને અમારા સત્સંગી સર્વેના આચાર્ય સ્થાપ્યા છે ને અમારા મંદિર શ્રી નરનારાયણનાં તથા શ્રી લક્ષ્મીનારાયણનાં તથા શ્રી રાધાકૃષ્ણ આદિકનાં તથા સત્સંગિમાં જે ધર્માદાની પેદાશ તે તમો બે ભાઈને આપિ છે ને તેની તમો બે ભાઈને વેંચણ કરિ આપિ છે. તેની વિગત્ય સિમાડાનાં ગામ લિખ્યાં છે. પૂર્વ દિશાને વિષે શ્રી કલકત્તા શ્રી કાશી શ્રી ઉજ્જેણ શ્રી ખાચરોદ શ્રી રતલામ શ્રી પેટલાવાદ શ્રી દેવદ શ્રી ગોધરા શ્રી ડાકોરજી મોજે સઈયત મોજે બોરડી મોજે અલેણા મોજે કડી મોજે ખડોલ મોજે સાસતાપર મોજે મહુધા મોજે ઘુમજ મોજે શુંઝ મોજે કેસરું મોજે વાંઠવાલી મોજે અરેરિ મોજે ખાતરજ શ્રી મેમદાબાદ મોટું મોજે છાપરા શ્રી ખેડા મોજે કોશિયા મોજે પિપલી મોજે મેલજ મોજે બરોડા મોજે વઉઠા મોજે વીરપર મોજે પિસાવાડું મોજે કૌકું મોજે ધોલિ





મોજે ભુંભલી મોજે વેજલકું મોજે સરઘવાલું મોજે ધનાલુ મોજે ફેદરા મોજે ખડોલ શ્રી ધંધુકું મોજે કોટ્ટું મોજે ગુંજાર મોજે મોરસિયું મોજે વાગડ મોજે દેવલિયું મોજે નાગનેશ મોજે વાણિયાવદર મોજે કરમડ મોજે મિણાપર મોજે ચાસકા મોજે કુંડલા મોજે ભાણેજડું મોજે કોટડા મોજે સુદામડા મોજે સેજકપર મોજે ચોટિલા મોજે બાંમણબોર મોજે કવાડવું શ્રી રાજકોટ મોજે રૈયા મોજે વાજડી મોજે ઢોકલિયું મોજે સરપદડ મોજે ઝીલરિયું મોજે વિસામણ મોજે ડાંગરા મોજે જાલિયું દેવાણિનું મોજે તમાસિરોણ મોજે વણથલી વાણિયાની મોજે ચાવડા મોજે અલૈયા મોજે ખિમરાણું શ્રી નવાનગર આદિક પશ્ચિમ દિશાને વિશે ને પૂર્વ દિશાને વિશે શ્રી કલકત્તા પર્યંત સીમાડાના ગામ લિખ્યાં છે તે સર્વે શુભસ્થાન શ્રી વરતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ તેની હદ્યમાં છે તથા એ શિમાડાના ગામની પધોરના રસ્તાના ગામ લિખાવ્યાં વિનાના છે. તે તથા એ શિમાડાના ગામથિ દક્ષિણ દિશાની કોરનો દેશ સર્વે છે તે તથા શ્રી નવા નગરની ખાડિથી દક્ષિણદિશાની કોરે મોજે ખંભાલિયું તથા શ્રી બેટ આદિક દેશ છે તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની હદ્યમાં છે ને સર્વ દેશના સત્સંગિ સમસ્તની તથા કુસંગિ સમસ્તની ધર્માદાની પેદાશ અન્ન તથા દ્રવ્ય તથા વસ્ત્ર તથા પશુ તથા વાહન તથા માણક મોતી ઝવેર તથા કંકર પથર આદિક જે આવે તે તથા ધરતી વાડી તૃણ તરુ આદિકની જે પેદાશ આવે તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની છે ને શ્રી લક્ષ્મીનારાયણના દેશમાં હમણાં જે મંદિર તથા મેડિ ઘર છે તે તથા હવેથી જે નવી અંબારત થાય તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની છે તથા હરેક પ્રકારે નવી પેદાશ થાય તે સર્વે શ્રી લક્ષ્મીનારાયણની છે ને સિમાડાનાં ગામ શ્રી કલકત્તા તથા નવાનગર પર્યંત લિખ્યાં છે તેથી ઉત્તર દિશાનિ કોરનો દેશ સર્વે છે તે શુભ સ્થાન શેહેર અમદાવાદવાસિ શ્રી નરનારાયણ તેનિ હદ્યમાં છે તથા શ્રી નવાનગરની ખાડી ઉતાર ઉત્તર દિશાને કોરે શ્રી માંડવી બંદર તથા શ્રી લખપત બંદર આદિક દેશ સર્વે છે તે શ્રી નરનારાયણની હદ્યમાં છે ને સર્વે દેશના સત્સંગિ સમસ્તનિ તથા કુસંગિ સમસ્તનિ ધર્માદાની પેદાશ અન્ન તથા દ્રવ્ય તથા વસ્ત્ર તથ પશુ તથા વાહન તથા માણક મોતી ઝવેર તથા

કંકર પથર આદિક જે આવે તે તથા ધરતી વાડી તૃણ તરુ આદિકની પેદાશ આવે તે સર્વે શ્રીનરનારાયણની છે ને શ્રી નરનારાયણના દેશમાં હમણાં જે મંદિર તથા મેડિ ઘર છે તે તથા હવેથી જે નવી અંબારત થાય તે સર્વે શ્રી નરનારાયણની છે તથા હરેક પ્રકારે નવિ પેદાશ થાય તે શ્રી નરનારાયણની છે એવી રીત્યે દેશ વિભાગે સહિત મંદિરોની વેંચણ કરિને ચિઠિયું બે પાનાની નાખિયું તેમાં શ્રી નરનારાયણનાં મંદિરની ચિઠિ પાંડે અયોધ્યાપ્રસાદને ભાગે આવી છે તે શ્રી નરનારાયણના મંદિરોની દેશ સહિત પેદાશ સર્વે ઉપર લિખ્યા પ્રમાણે આવે તે પાંડે અયોધ્યાપ્રસાદની છે ને શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની ચિઠિ પાંડે રઘુવીરને ભાગે આવી છે તે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની દેશ સહિત પેદાશ સર્વે ઊપર લિખ્યા પ્રમાણે આવે તે પાંડે રઘુવીરની છે ને સત્સંગિમાં તથા કુસંગિમાં ધર્માદાની ઉઘરાત કરવા જાય તે પોત પોતાની હદ્યમાં જાય પણ કોઈ કોઈની હદ્યમાં જાય નહિ ને કોઈ મનુષ્યને મંત્ર ઉપદેશ લેવો હોય તો બેય આચાર્યને પોતપોતાના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેવો ને કંઠિ બાંધવી પણ કોઈ કોઈના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દેવો નહિ ને કંઠિ બાંધવી નહી ને કોઈ મનુષ્યને મંત્ર ઉપદેશ લઈને સાધુ તથા બ્રહ્મચારી તથા ધોલા લુગડાંવાલા થાવું હોય તો પોત પોતાના દેશના મનુષ્યને સાધુ તથા બ્રહ્મચારી તથા ધોલા લુગડાંવાલા પાલા કરવા ને તેની જે મલકત ઘર હોય તે તથા જમિન વાડી તથા આંબા આદિક વૃક્ષ હોય તે લેવું પણ કોઈ કોઈના દેશના મનુષ્યને મંત્ર ઉપદેશ દઈ સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા કરવા નહિ ને તેની મલકત ઘર તથા જમીન વાડી વૃક્ષ આદિક કાંઈ લેવું નહી એમ અમારી આજ્ઞા છે ને અમે તમોને મંદિરો આદિક જે આપ્યું છે તેમાં કોઈ સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા તે કોઈ કાલે દરદાવો કરશે નહી ને અમારી શિક્ષાપત્રી પ્રમાણે તમો રહેજ્યો ને એ સર્વે પણ શિક્ષાપત્રી પ્રમાણે પોત પોતાના ધર્મમાં રહી તમારી સેવા કરશે ને સરકાર દરબાર આદિક કોઈના વાંક તલે આવે એવું અજોગ્ય કામ કોઈ કાલે કરશે નહી તેમ ગમે તેવો અપત્કાલ પડશે તો સત્સંગિમાં ભિખ માગિ ખાશે પણ આચાર્યને માથે આવે એવું કોઈનું





કરજ કરશે નહી ને કોઈ જાણે અજાંણે કરશે તો કરનાર ભોગવશે એમ અમારી આજ્ઞા છે ને સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા એ સમસ્તના તથા સત્સંગિ સમસ્તના તમો બેય ગાદીવાલાને આચાર્ય સ્થાપ્યા છે તે સર્વે નિરંતર તમારી આજ્ઞામાં રહેશે ને તમારી સેવા કરશે ને શ્રી ધર્મવંશના બેય ગાદીવાલા આચાર્ય વિના અન્ય મતવાળા હર કોઈ મનુષ્ય શાસ્ત્રે તથા જોગે તથા તપે તથા વૈરાગ્યાદિક ગુણે વિશેષ હોય ને તેથિ શ્રી ધર્મવંશના બે ગાદીવાલા આચાર્ય ન્યુનપણે જાણ્યામાં આવે તો પણ સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા સમસ્ત તથા સત્સંગિ સમસ્તને અમારી એમ આજ્ઞા છે જે તમારા જીવના કલ્યાણને અર્થે શ્રી ધર્મવંશના બે ગાદીવાલા આચાર્યને સદાકાલ નિરંતર માનજ્યો ને મન કર્મ વચને આજ્ઞામાં રહેજ્યો ને તેમાં જે ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં કોઈકાલે સુખ થાશે નહિ ને અતિ કષ્ટને પામશે ને કોઈ હરિભક્ત શ્રી લક્ષ્મીનારાયણના દેશમાં રહેતો હોય ને તેણે મંત્ર ઉપદેશ શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્ય પાસે લીધો હોય ને પોતાનું નામ પણ શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યના ચોપડામાં લિખાવેલ હોય તેને અથવા તેના પુત્ર પૌત્રાદિકને ઉચાલાની ફેરવણી થાય ને શ્રી નરનારાયણના દેશમાં ઉચાલો લઈ જઈ રેણાંક કરે ને તેને દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું દેવું પડે તે શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને દેવું ને ગુરુ માનવા પણ તેનો કશો દોષ ધારવો નહિ જે પ્રથમ શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને ગુરુ કરિ મંત્ર ઉપદેશ લીધો છે ને હવે કેમ શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને ગુરુ માનિ દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું આપું એવો સંશય રાખવો નહિ શા માટે જે એવી અમારી આજ્ઞા છે ને પ્રથમ જે કાંઈ શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને અન્ન તથા દ્રવ્ય તથા પશુ તથા વાહન તથા જમીન વાડી મેડી મંદિર ઘર તથા વૃક્ષ આદિક શ્રીકૃષ્ણાર્પણ આપ્યું હોય તે પાછું માગવું નહિ, કેમ જે તે શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને શ્રીકૃષ્ણાર્પણ આપેલ છે માટે તે આચાર્યને જ રહે પણ તેની ફેરવણી થાય નહિ. તે જ પ્રમાણે કોઈ હરિભક્ત શ્રી નરનારાયણના દેશમાં રહેતો હોય ને તેણે મંત્ર

ઉપદેશ શ્રી નરનારાયણની ગાદીના આચાર્ય પાસે લીધો હોય ને પોતાનું નામ પણ તે આચાર્યના ચોપડામાં લિખાવ્યું હોય તેને અથવા તેના પુત્ર પૌત્રાદિકને ઉચાલાની ફેરવણી થાય ને શ્રી લક્ષ્મીનારાયણના દેશમાં ઉચાલો લઈ જઈ રેણાંક કરે ને તેને દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું દેવું પડે તે શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને દેવું ને ગુરુ માનવા પણ તેમાં કશો સંશય રાખવો નહી શા માટે જે અમારી એવી આજ્ઞા છે ને પ્રથમ જે કાંઈ  શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને અન્ન તથા દ્રવ્ય તથા પશુ તથા વાહન તથા જમિન વાડી મેડી મંદિર ઘર તથા વૃક્ષ આદિક શ્રીકૃષ્ણાર્પણ આપ્યું હોય તે પાછું માંગવું નહી કેમ જે તે શ્રીનરનારાયણની ગાદીના આચાર્યને શ્રીકૃષ્ણાર્પણ આપેલ છે. માટે તે આચાર્યને જ રહે પણ તેનિ ફેરવણી થાય નહી એવી રીત્યે અમારી આજ્ઞા છે ને કોઈ ગરાસિયાને બેય દેશમાં ગામ જમિન વાડી હોય ને કોઈ વેપારીને બેય દેશમાં દુકાનું હોય ને કોઈ ખેડુને બેય દેશમાં ખેડ હોય ને તેને દશોંદ વિશોંદ દેવી પડે તે જે આચાર્યના દેશમાં જે ગામ જમિન વાડીની કમાણી આવે તથા જે વેપારની કમાણી આવે તથા જે ખેડની કમાણી આવે તે આચાર્યને તેના દેશની કમાણીની દેશોંદ વિશોંદ દેવી તેમાં ફેરપાડવો નહી એમ અમારી આજ્ઞા છે ને શ્રી લક્ષ્મીનારાયણની હદ્યમાં કોઈ રાજા તથા વેપારી તથા ખેડુ આદિકની રેણાંક હોય ને તે સત્સંગિ હોય અથવા કુસંગિ હોય ને તેને શ્રી નરનારાયણ આદિક દેવની આગલ્ય ભેટ મુકવાની અથવા માનતા અર્થે મુકવાની અભિલાષા હોય તો અન્ન તથા દ્રવ્ય તથા પશુ વાહન તથા વસ્ત્ર તથા માણક મોતી ઝવેર તથા કંકર પથર આદિક જંગમ વસ્તુ ફેરવી ફરે તે સુખેથી મુકે તેનો બાધ નથી પણ શ્રી લક્ષ્મીનારાયણની હદ્યમાં જે ગામ તથા જમીન વાડી તથા મેડી મંદિર ઘર તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ સ્થાવર વસ્તુ ફેરવી ફરે નહી તેવું કાંઈ આપવું નહી ને જો કદાચિત્ આપે તો શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને રાખવું નહી ને આપનારને કેવું જે તમારે આપવાનું જરૂર હોય તો એ સ્થાવર વસ્તુ અમારા દેશમાં તમારું હોય તો આપો અથવા અમારી હદ્યમાં વેચાતું લઈ આપો તો અમોથી લેવાશે એમ કરતાં કાંઈ સ્થાવર





વસ્તુ શ્રી લક્ષ્મીનારાયણની હદ્યનું જોરાવરી આપે તો શ્રી નરનારાયણને અર્થે રાખવું નહીં ને પોતાને જાણે તત્કાળ શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને હવાલે કરવું તે જ પ્રમાણે શ્રી નરનારાયણની હદ્યમાં કોઈ રાજા તથા વેપારી તથા ખેડુ આદીકની રેણાંક હોય ને તે સત્સંગિ હોય અથવા કુસંગિ હોય ને તેને શ્રી લક્ષ્મીનારાયણ આદિક દેવની આગલ્ય ભેટ મુકવાની અથવા માનતા અર્થે મુકવાની અભિલાષા હોય તો અન્ન તથા દ્રવ્ય તથા પશુ વાહન તથા વસ્ત્ર તથા માણક મોતી ઝવેર તથા કંકર પથર આદીક જંગમ વસ્તુ ફેરવી ફરે તે સુખેથી મુકે તેનો બાધ નથી પણ શ્રી નરનારાયણની હદ્યમાં જે ગામ તથા જમીન વાડી તથા મેડી મંદિર ઘર તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ સ્થાવર વસ્તુ ફેરવી ફરે નહી તેવું કાંઈ આપવું નહી ને જો કદાચિત્ આપે તો શ્રી લક્ષ્મીનારાયણની ગાદીના આચાર્યને રાખવું નહિ ને આપનારને કેવું જે તમારે આપવાનું જરૂર હોય તો એ સ્થાવર વસ્તુ અમારી હદ્યમાં તમારું હોય તો આપો અથવા અમારી હદ્યમાં વેચાતું લઈ આપો તો અમોથી લેવાશે એમ કરતાં કાંઈ સ્થાવર વસ્તુ શ્રી નરનારાયણની હદ્યનું જોરાવરી આપે તો શ્રી લક્ષ્મીનારાયણને અર્થે રાખવું નહિ ને પોતાને જાણે શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને તત્કાલ હવાલે કરવું એમ અમારી આજ્ઞા છે તેમાં કોઈ કાલે ફેર પાડવો નહી ને શ્રી લક્ષ્મીનારાયણનિ ગાદીના આચાર્યને શ્રીનરનારાયણની હદ્યના સત્સંગી તથા કુસંગિ જમાડે તો જમવું તેનો બાધ નથી પણ કાંઈ દક્ષણા તથા ગામ જમીન વાડી તથા અન્ન દ્રવ્ય વસ્ત્ર તથા પશુ વાહન તથા માણક મોતી તથા કંકર પથર ઝવેર તથા મેડી ઘર આદિક તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ ભેટ મુકે અથવા માનતાને અર્થે મુકે અથવા મિત્રાચાર અર્થે આપે અથવા વેચાતું આપે અથવા ઘરેણે આપે હરેક બાનાને મશે આપે તો કાંઈ લેવું નહી ને કોઈ જોરાવરી મોહબતથી આપે ને અવશ્ય લેવું પડે તો પોતાને કાંઇ રાખવું નહી. પોતાને જાણે તત્કાલ શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને હવાલે કરવું  તે જ પ્રમાણે શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને શ્રી લક્ષ્મીનારાયણની હદ્યના સત્સંગિ તથા કુસંગિ જમાડે તો જમવું તેનો બાધ નથિ પણ કાંઈ દક્ષણા તથા ગામ

જમીન વાડી તથા અન્ન દ્રવ્ય વસ્ત્ર તથા પશુ વાહન તથા માણક મોતિ તથા કંકર પથર ઝવેર તથા મેડિ ઘર આદિક તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ ભેટ મૂકે અથવા માનતા અર્થે મુકે અથવા મિત્રાચાર અર્થે આપે અથવા વેચાતું આપે અથવા ઘરેણે આપે હરેક બાનાને મશે આપે તો કાંઈ લેવું નહિ ને કોઈ જોરાવરિ મોહબતથી આપે ને અવશ્ય લેવું પડે તો પોતાને રાખવું નહિ પોતાને જાણે તત્કાલ શ્રી લક્ષ્મીનારાયણનિ ગાદિના આચાર્યને હવાલે કરવું એમ અમારી આજ્ઞા છે. ને કોઈ હરિભક્ત ઉચાલા વિના બીજા દેશમાં કમાણી અર્થે રોજગાર કરવા જાય ને તેને દશોંદ વિશોંદ આદિક ધર્માદાનું દેવું પડે તે જેના દેશમાં બાઈડી છોકરાં સહિત ઉચાલો હોય તે દેશના આચાર્યને દેવું એમ અમારી આજ્ઞા છે ને તમારી વતનમાં સરવાર દેશને વિશે તમો બેય ગાદીના આચાર્યના સગાંસબંધી છે તથા તેના આશ્રિત જે મનુષ્ય હોય તે બેય ગાદીના આચાર્યમાં જેને જે સાનુકુલ આવે તેની પાસે મંત્ર ઉપદેશ લઈ સેવક થાય ને ગુરુ માને ને પોતાની મરજીમાં આવે તે તેને આપે તેનો બાધ નથી ને બેય ગાદીના આચાર્યોની એ જુનિ વતન છે તે સારુ તમારે પોત પોતાની જમિન વાડી તથા મેડી ઘર ગામ આદીક જે હમણાં છે તથા વેચાતું અથવા ઘરેણે રાખવું પડે તે પોતપોતાને જાણે પોતપોતાનું રાખજ્યો તેનો બાધ નથી ને તમારાં સગા સંબંધી ને તેના આશ્રિત મનુષ્ય તે વિના હર કોઈ મનુષ્યને મંત્ર ઉપદેશ લઈ સેવક થાવું હોય તે શ્રી નરનારાયણની ગાદીના આચાર્ય પાસે થાવું ને તેને ગુરુને નાતે ગામ જમીન વાડી તથા મેડી ઘર તથા અન્ન દ્રવ્ય વસ્ત્ર તથા પશુ વાહન તથા માણક મોતી ઝવેર તથા કંકર પથર તથા આંબા આદિક વૃક્ષ જે કાંઈ આપવું હોય તે શ્રી નરનારાયણની ગાદીના આચાર્યને આપવુ ને આચાર્યને તે જ પ્રમાણે લેવું એમ અમારિ આજ્ઞા છે ને આ લિખ્યું તમો બેય ગાદીના આચાર્યને રાજી રજાવંદ કરી અમે અમારી અકલ ખુસીથી જથાજોગ્ય વેંચિ આપિ લિખ્યું કર્યું છે તેમાં તમારા સગા ભાઈ છે તે કોઈનો દરદાવો કશો નથિ ને તમારા સગા ભાઈ કોઈ તમ પાસે આવે તેને ખરચ નિમિત્ત આપવું તે ધર્મવાલા સાધુ તથા ધર્મવાલા સત્સંગિને પૂછવું ને તમારે પણ દલમાં





ધારવું ને ઘટે તે પ્રમાણે દેવું ને તમારી ગાદી ઉપર બેસારવો તે તમારો પુત્ર હોય અથવા શ્રી ધર્મકુલનો બીજા તમારા ભાઈનો પુત્ર હોય તે સર્વ પ્રકારે ધર્મમાં કુશલ રહે એવો હોય ને સર્વ સાધુ તથા સર્વ બ્રહ્મચારિ તથા સર્વ સત્સંગિને પોતપોતાના ધર્મમાં રખાવે એવો સમર્થ હોય તેને ગાદી ઉપર બેસારવો તે પણ ધર્મવાલા સાધુ તથા ધર્મવાલા સત્સંગી સત્સંગની વૃદ્ધિને ઈચ્છે એવા ને સર્વ પ્રકારે પ્રમાણિક હોય તેની મરજી લેવી ને તમારી નજરમાં પણ આવે ને અમારા સંપ્રદાયના ગ્રંથમાં મળતું આવે એવો હોય તેને એક એક જણને ગાદી ઉપર બેસારવો ને તેથી વધારે પુત્ર હોય ને તે ગાદીવાલા પાસે આવે તારે તેને ખરચ નિમિત્ત ઉપર લિખાવ્યા પ્રમાણે સાધુ તથા સત્સંગીની મરજી લઈને દેવું પણ તે ઉપરાંત કોઈનો કશો દર દાવો નથી એમ અમારિ આજ્ઞા છે ને તમો બેય ગાદીના આચાર્યને પરસ્પર કોઈ લેણદેણ આદિક વ્યવહારમાં વાંધો પડે ને તે સારુ સામસામા જવાબ સવાલ કરવા પડે અથવા તે વાંધો પાર પાડવા પંચાત્ય કરવી પડે તો જે સાધુ તથા બ્રહ્મચારી તથા પાલા છે તેમને એ કજિયામાં નાંખવા નહી ને એમને પોતાને જાણે પણ એ કજિયામાં પડવું નહી કેમ જે એ વ્યવહાર માર્ગને વિષે એ ત્યાગી છે તે અમંગલરૂપ છે તથા એ ત્યાગીને એવો વ્યવહાર માર્ગ તે અમંગલરૂપ છે તે સારુ એવો વાંધો પાર પાડવામાં જવાબ સવાલ કરવા તથા પંચાત્ય કરવા શ્રી નરનારાયણની હદ્યના બે ગ્રહસ્થ તથા શ્રી લક્ષ્મીનારાયણની હદ્યના બે ગ્રહસ્થ બાઈડી છોકરાવાલા પ્રમાણિક ધર્મનિષ્ઠ હોય તેને નાંખવા તે કજીયો પાર પાડશે ને કદાચિત્ બેય આચાર્યના ઘરની બાઈયું ને પરસ્પર કોઈ જાત્યનો કજીયો હોય તો તેમાં બોલવા તથા કજીયો ઉકેલવા સાંખ્યજોગી વિધવા બાઈયુંને નાંખવી નહી કેમ જે વિધવા અમંગલરૂપ છે તે બેય તરફની સુવાસની બાઈયું પ્રમાણિક ધર્મવાલીયું હોય તેને તે કજીયાની વાતમાં નાંખવી તે સામસામા જવાબ સવાલ કરશે ને કજીયો ઉકેલશે એમ અમારિ આજ્ઞા છે. આવી રીત્યે બેય આચાર્યને લિખ્યાં કરી આપ્યાં છે ને જે જે રીતની આજ્ઞાઓ કરી છે તે પ્રમાણે જ બેય આચાર્યને સદૈવ નિરંતર ચાલવું ને ચલાવવું પણ તેમાં કોઈ કાલે કોઈ રીતનો ફેર પાડવો નહી ફેર પાડે તે અમારા વચનનો

દ્રોહી છે તથા ગુરૂ દ્રોહી છે ને તે ધર્મવંશનો નથી ને સર્વે સાધુ તથા સર્વે બ્રહ્મચારી તથા સર્વે પાલા તથા સર્વે સત્સંગીને અમારી આજ્ઞા છે જે અમો આ લિખ્યાં કરિ આપ્યાં છે તેમાં કોઈ કાલે ફેર પાડશે પડાવશે નહી ને પોતાના આચાર્યનિ આજ્ઞામાં નિરંતર રહેશે ને બેય ગાદીના આચાર્યને પરસ્પર કલેશ થાવા દેશે નહી ને કોઈ અવલાસવલુ બતાવી પરસ્પર કલેશ કજીયો કરાવશે ને અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તે અમારા વચનનો દ્રોહી છે તથા ગુરુદ્રોહી છે ને તે અમારો નથી ને તેને ચાંડાળ તુલ્ય જાણવો. સંવત ૧૮૮૩ના વર્ષે માર્ગશીર્ષ સુદી ૧૫ ને દિવસે શુભસ્થાન શ્રી ગઢડા મધ્યે ખાચર દાદા એભલના દરબારમાં લિખ્યું છે ॥ લેખક સાધુ શુકમુનિઃ।

અત્ર સાખ્ય

|  |  |
|---|---|
| ॥ શ્રીઃ લિખિતં પાંડે અયોધ્યાપ્રસાદ ઉપર લિખ્યું તે સહિ છે | ॥ ૧ સાધુ મુક્તાનંદજીની સાખ્ય<br>૧ સાધુ નિત્યાનંદજીની સાખ્ય,<br>૧ સાધુ આનંદાનંદજીની સાખ્ય,<br>૧ સાધુ ગોપાલાનંદજીની સાખ્ય<br>૧ સાધુ બ્રહ્માનંદજીની સાખ્ય<br>૧ સાધુ મહાનુભાવાનંદજીની સાખ્ય<br>૧ બ્રહ્મચારી મૂલજીની સાખ્ય ॥ |

એ આદિક સાધુ સમસ્ત તથા બ્રહ્મચારી સમસ્તની સાખ્ય છે

લેખક શુકમુનિઃ॥

૧ ખાચર દાદા એભલની સાખ્ય
૧ ઠકર લાધારામજીની સાખ્ય
૧ ભટ્ટ ગોપી વિશ્વંભરની સાખ્ય
૧ ભટ્ટ રઘુનાથ ગોપીના દસક્ત છે॥ શુભં॥





## પરિશિષ્ટ ૧૧

### શ્રી હરિલીલાપ્રદીપ ગ્રંથ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્ પ્રસાદજી મહારાજશ્રીએ લખેલો છે તેમાંથી કિરણ ૩ અધ્યાય ૯

**श्री अद्भुतानंद उवाच**

स्वस्यैकदांतिके राजंश्चतुरः सद्‌गुरुन्सतः ।
हरिरा ापयत्तो चागत्याऽऽनम्याग्र आसत ॥ १ ॥
तानाहेतिवचः स्वामी विचार्यायं महत्तमाः ।
ब्रूत सद्धर्मरक्षार्थं ममस्थानाधिकारिणम् ॥ २ ॥
अहं धाम्नोऽक्षरान्मुक्तैर्गुणैश्वर्यादिभिस्तथा ।
आविर्भूतः सहात्रोर्व्यां मुक्तयेऽसंख्यदेहिनाम् ॥ ३ ॥
कार्यं त्वनन्यसाध्यं यज्जीवाऽविद्याविनाशनम् ।
कृतं तत्प्रायशः संतो भूयस्या दयया मया ॥ ४ ॥
रोचतेऽयं न मे लोको न प्रवृत्तिश्च सर्वथा ।
प्रेमवश्येन युष्माकं तथाप्यत्र स्थितोस्म्यहम् ॥ ५ ॥
एवं शोभयता तेन नृनाटयं धर्मवर्मणा ।
प्रोक्तास्ते मुनयः प्रोचुश्चिरं मोक्षाध्ववर्त्तिना ॥ ६ ॥
सर्वदोषशमार्हाणामेतेषां महतामपि ।
नोचितं त्यागिनामेतद्‌गुरुत्वं चेति भाति नः ॥ ७ ॥
कस्मैचिद्‌गृहिणो दद्यास्त्वं गुरुत्वं यदा प्रभो ।
तदा त्यागिजनाश्चैनं मानयेयुर्न सर्वथा ॥ ८ ॥
धर्मवंश्यो नरस्तस्माज्जनानामेव सर्वशः ।
गुरुत्वेऽत्र त्वदीयानां योग्यो वर्वर्त्ति सत्पते ॥ ९ ॥
तस्मान्नोऽत्र त्वदीयानां त्यागिनां गृहिणां तथा ।
भूयस्येव समग्राणां स्वामिन्नस्ति प्रसन्नता ॥ १० ॥
स्थातुं तव पदे योग्यो धर्मवंशोद्भवः पुमान् ।
प्रादुर्भूतो भवान् यस्मिन्सर्वकारणकारणम् ॥ ११ ॥
यथा सिंहांगना दुग्धं स्वर्णपात्रे हि तिष्ठति ।
तथा त्वदीयमेतद्वै धर्मवंश्ये समर्हति ॥ १२ ॥

धर्मवंशीयतुल्योऽन्यो न वै स्यात्कोऽपि धर्मज ।
त्वदीयधर्मधुर्वाहे शक्तोऽस्त्येव स नेतरः ॥ १३ ॥
एतेन निश्चयेनेह जीवानां मोक्षपद्धतिः ।
चिरं स्थास्यति निर्विघ्ना स्वामिन्नलौकिकी वरा ॥ १४ ॥
प्रोक्त्यैवं ते हरिं संतो नेमुः प्रांजलयो मुदा ।
ततः पृष्टं तदन्योऽन्यं सर्वेषां रुचितं हृदि ॥ १५ ॥
चातुर्मास्योत्सवान्कृत्वा शरद्राकावधीह सः ।
ययौ वृत्तालयं साकं जनैः सर्वैश्च बंधुभिः ॥ १६ ॥
लक्ष्मीनारायणादीनां कृत्वा कृष्णोऽथ दर्शनम् ।
मंदिरान्नैर्ऋतकोणे प्रासादे सोऽवसन्निजैः ॥ १७ ॥
अन्यगेहेष्वशेषान्स्वान्यथायोग्यं न्यवासयत् ।
आतिथ्यं चाक्षरानंदस्तेषां पौरैः सहाकरोत् ॥ १८ ॥
यथा दुर्गपुरे पूर्वमन्नइटोत्सवः कृतः ।
स तथैवाऽत्र हरिणा मिलिता कोटिशो जनाः ॥ १९ ॥
एकादश्यां प्रबोधन्याः शोभयन्नरनाटनम् ।
महापूजां हरेः कृत्वा विप्रेभ्योऽदात्स दक्षिणाः ॥ २० ॥
तस्यामेव प्रबोधन्यां हर्यावासाग्रिमांगणे ।
महात्यासीत्सभा रम्या दर्शनान्मोक्षदायिनी ॥ २१ ॥
तत्रैत्यानुचरैः साकं भगवान् भक्तपालकः ।
तन्मयोच्चैर्महापीठे व्यराजत्सद्धितंकरः ॥ २२ ॥
स्वीयां धर्मधुरं सोऽथ धातुकामो वृषान्वये ।
ययाचे पुत्रमेकैकं भ्रातृभ्यां श्रृण्वतां श्रिताम् ॥ २३ ॥
आवयोरेषु पुत्रेषु गृहाण त्वं निजेच्छितम् ।
तदा ताभ्यामिति प्रोक्ते हरिः प्रोवाच ताविति ॥ २४ ॥
त्वमयोध्याप्रसादाख्यं देहि मे पुत्रमग्रज ।
त्वमिच्छाराम पुत्रं मे रद्युवीराख्यमर्पय ॥ २५ ॥
एवं भक्तानुरागौ तौ हरिणा चांतरात्मना ।
याचितौ भ्रातरौ दातुं सद्य एवोत्थितौ सुतौ ॥ २६ ॥





राजन्हरिर्वैदिकभूसुरैस्ततः शास्त्रोदितं दत्तविधिं विधाय सः ।
मांगल्यवाद्यध्वनिगीतपूर्वकं जग्राह तौ धर्मधुराऽऽवहक्षमौ ॥ २७ ॥
अथायोध्याप्रसादं स्वे रघुवीरं तथासने ।
स्वयं करौ गृहीत्वा श्रीहरिः प्रीत्या न्यषादयत् ॥ २८ ॥
सोऽथ ताभ्यां पर्यधाच्च परिहार्यौ हिरण्मयौ ।
शिरः पटादिवस्त्राणि स्वर्णहारांश्च भास्वरान् ॥ २९ ॥
इत्थं स मानयित्वा तौ स्वान्मुन्यादींस्तथेतरान् ।
कर्त्तुमादिश्य तत्पूजां न्यषीदत्स्वासने मुदा ॥ ३० ॥
तौ गंधमाल्यहाराद्यैस्त्यागिनोऽर्घ्यैरथार्चयत् ।
नानावासोविभूषाद्यैर्गृहस्थाश्चेतरे वरैः ॥ ३१ ॥
धर्म्यां धुरं हरिरुदारतरामिति स्वां ताभ्यां गुरोर्वरगुणैरतिराजिताभ्याम् ।
दत्त्वाऽर्घ्य भूरिवसनादि च वाडवेभ्यस्तौ शिक्षयन्निति जगाद वचोऽतिनम्रौ ॥ ३२ ॥

**इतिश्रीहरिकृष्णभगवत्सूनुश्रीरघुवीराचार्यात्मजश्रीभगवत्प्रसादाचार्य–विरचिते भक्तिशा श्रीहरिलीलाप्रदीपेतृतीयकिरणे श्रीहरिकृतस्वपुत्र–गुरुत्वस्थापनादिनिरूपणनामा नवमोऽध्यायः**

## ભાવાર્થ

**શ્રી અદ્‌ભુતાનંદ બોલ્યા**

હે રાજન્, એક સમયે શ્રીહરિએ પોતાની સમીપમાં ચાર સદ્‌ગુરુ સંતોને બોલાવ્યા તે આવી શ્રીહરિને નમસ્કાર કરી આગળ બેઠા. ૧

શ્રીહરિએ તેમને કહ્યું કે હે અતિશય મહાન્ સંતો સદ્ધર્મની રક્ષા માટે મારા સ્થાનના અધિકારી વિચારીને કહો. ૨

હું અક્ષરધામથી મુક્ત ગુણ-ઐશ્વર્યાદિએ સહિત આ પૃથ્વીમાં અસંખ્ય શરીરધારિઓની મુક્તિ માટે આવિર્ભાવ પામેલો છું. ૩

હે સંતો, બીજાથી સિદ્ધ ન થઈ શકે તેવું મેં ઘણી દયાથી પ્રાયશઃ જીવોની અવિદ્યા નાશ કરેલી છે. ૪

મને આ લોક ગમતો નથી તેમ સર્વપ્રકારે પ્રવૃત્તિ પળ ગમતી નથી તો પણ તમારા પ્રેમના વશ્યપણાથી આ લોકમાં હું રહેલો છું. ૫

આ પ્રમાણે મનુષ્ય નાટ્ય શોભાડતા ધર્મના કવચરૂપ લાંબા સમય મોક્ષમાર્ગ પ્રવર્તક શ્રીહરિએ કહેવાએલા તે મુનિઓ બોલ્યા. ૬

સર્વદા ઉપશમ સ્થિતિમાં રહેનારા મોટા ત્યાગીઓને પણ આ ગુરુપદ યોગ્ય નથી એમ અમોને ભાસે છે. ૭

હે પ્રભો, જ્યારે તમો કોઈ ગૃહસ્થને પોતાનું ગુરુપદ આપો ત્યારે ત્યાગિ જનો ગૃહસ્થને સર્વપ્રકારે માને નહિ. ૮

હે સત્પતે, તેથી સર્વપ્રકારે ધર્મવંશનો માણસ આ ગુરુપદમાં તમારા આશ્રિતજનોને અતિશય યોગ્ય જણાય છે. ૯

તેથી હે સ્વામિન્, અમો તમારા આશ્રિત સમગ્ર ત્યાગી તથા ગૃહસ્થોને ધર્મવંશીમાં ઘણી જ પ્રસન્નતા છે. ૧૦

તમારા સ્થાનમાં રહેવા માટે ધર્મ વનશમાં ઉત્પન્ન થયેલા પુરુષ યોગ્ય છે જેમાં સર્વ કારણના કારણ આપ પ્રાદુર્ભાવ પામેલા છો. ૧૧

જેમ સિંહણનું દૂધ સુવર્ણ પાત્રમાં જ રહે છે તેવી રીતે તમારું પદ ધર્મવંશમાં જ યોગ્ય છે. ૧૨

હે ધર્મનંદન, બીજો કોઈ પણ ધર્મવંશીય સમાન થાય નહિ તમારી ધર્મધુરાને વહન કરવામાં ધર્મવંશમાં ઉત્પન્ન માણસ જ શક્તિમાન છે બીજો યોગ્ય નથી. ૧૩

હે સ્વામિન્, આ લોકમાં આ નિશ્ચયથી જીવોને શ્રેષ્ઠ અલૌકિક મોક્ષમાર્ગની રીતિ નિર્વિઘ્ન લાંબા કાય રહેશે. ૧૪

આ પ્રમાણે કહીને તે સંતો બન્ને હાથ જોડીને શ્રીહરિને નમસ્કાર કરતા હતા. પછી તે એકબીજાને પરસ્પર પૂછેલું કે તે સર્વ જનોને હૃદયમાં રૂચ્યું. ૧૫

ચાતુર્માસના ઉત્સવો કરીને શરદ પૂર્ણિમા સુધી અહીંયાં રહીને પોતાના બંધુઓ તથા સર્વજનોની સાથે વૃત્તાલયમાં શ્રીહરિ ગયા. ૧૬

શ્રીહરિએ લક્ષ્મી નારાયણાદિ દેવોનાં દર્શન કરીને મંદિરથી નૈરૂતકોણના મહેલમાં નિવાસ કર્યો પોતાના જનોએ પોતાના સમગ્ર જનોને બીજા ગૃહોમાં યથાયોગ્ય નિવાસ કરાવ્યો અને તેઓના આતિથ્ય સત્કાર અક્ષરાનંદ મુનિએ પુરજનો દ્વારા કરાવ્યો. ૧૭-૧૮





જેમ ગઢપુરમાં પહેલાં અન્નકોટનો ઉત્સવ કર્યો હતો તેવી જ રીતે આ વૃત્તપુરીમાં કરોડો જનો શ્રીહરિની સાથે ફર્યા હતા. ૧૯

પ્રબોધિની એકાદશીને દિવસે નરનાટક શોભાડતા શ્રીહરિ મહા પૂજા કરીને બ્રાહ્મણોને દક્ષિણા આપતા હતા. ૨૦

તે પ્રબોધિની એકાદશીને દિવસે શ્રીહરિના નિવાસ સ્થાનના આંગણમાં દર્શનથી મોક્ષ આપનારી રમણીય મોટી સભા થઈ. ૨૧

ત્યાં અનુચરોની સાથે ભક્તનું પાલન કરનાર અને સંતોનું હિત કરનાર શ્રીહરિ સભાના મધ્ય ભાગમાં ઊંચા સિંહાસનમાં વિરાજમાન થયા. ૨૨

પછી પોતાની ધર્મધુરાને ધર્મવંશમાં મુકવાની ઈચ્છાવાળા શ્રીહરિ સ્વાશ્રિતોને સાંભળતા પોતાના ભાઈઓ પાસે એક એક પુત્રની માગણી કરી. ૨૩

ત્યારે બન્ને ભાઈઓએ કહ્યું કે આ અમારા બન્નેના પુત્રોમાંથી તમારી ઈચ્છા પ્રમાણે ગ્રહણ કરો. ૨૪

તે સમયે તે બન્ને એ કહેવાયેલા શ્રીહરિએ તે બન્નેને કહ્યું હે મોટાભાઈ તમમો અયોધ્યાપ્રસાદ નામના પુત્ર મને આપો. હે ઈચ્છારામ તમો રઘુવીર નામના પુત્ર મને આપો. ૨૫

આ પ્રમાણે ભક્તોમાં પ્રેમવાળા તે બન્નેને અન્તર્યામી શ્રીહરિએ માગેલા બન્ને ભાઈઓ બન્ને પુત્રોને આપવા માટે ઊભા થયા. ૨૬

પછી વૈદિક બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોદિત દત્તવિધિ કરીને શ્રીહરિએ માંગલ્ય વાજિંત્રોના ધ્વનિ તથા ગીતપૂર્વક ધર્મધુરાને વહન કરવા યોગ્ય તે બન્ને અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરજીને પુત્રપણે ગ્રહણ કર્યા. ૨૭

પછી અયોધ્યા પ્રસાદ તથા રઘુવીરજીનો પોતે શ્રીહરિએ હાથ ગ્રહણ કરીને પોતાને આસને બેસાડ્યા. ૨૮

પછી શ્રીહરિ ત્યાગ કરવા યોગ્ય મસ્તકનો સુવર્ણમય ફેંટો મંડિલ

વગેરે વસ્ત્રો અને અતિશય પ્રકાશમાન સુવર્ણના હારો તે બન્નેને ધારણ કરાવતા હતા. ૨૯

આ પ્રમાણે શ્રીહરિ બન્ને જણને માન આપીને પોતાના મુનિ વગેરેને તથા બીજાઓને તેમની પૂજા કરવાની આજ્ઞા કરીને હર્ષથી પોતાને આસને બેઠા. ૩૦

ત્યાગીઓ તે બન્નેને ચંદન પુષ્પના હાર વગેરે પૂજા સામગ્રીથી પૂજતા હતા. તથા ગૃહસ્થો વિવિધ પ્રકારના શ્રેષ્ઠ વસ્ત્ર આભૂષણોથી પૂજા કરતા હતા. ૩૧

શ્રીહરિએ પોતાની અતિ મહાન્ ધર્મધુરા ગુરુના શ્રેષ્ઠ ગુણોથી અત્યંત શોભાયમાન તે બન્નેને આપીને બ્રાહ્મણોને ઘણાં વસ્ત્રાદિ આપીને અતિ નમ્રતાવાળા બન્નેને વચન કહ્યું. ૩૨

**ઈતિ શ્રીહરિલીલા પ્રદીપના તૃતીય કિરણમાં શ્રીહરિકૃત સ્વપુત્રને ગુરૂત્વ સ્થાપનાદિ નિરૂપણ નામે નવમો અધ્યાય સમાપ્ત**

**श्रीहरिरुवाच**

मच्छिष्याणां समग्राणां गुरुत्वे स्थापितौ मया ।
संश्रृण्वाथां युवां पुत्रौ पथ्यं तथ्यं वचो हि मे ॥ १ ॥
भगन्मंदिराण्यस्यां कारितानि मया क्षितौ ।
तद्वृत्तायस्तथा नूनं संति सर्वत्र कारिताः ॥ २ ॥
द्वे मंदिरे तु तत्राद्ये श्रीपुर्यामेकमस्ति तत् ।
नरनारायणस्यान्यल्लक्ष्मीनारायणस्य च ॥ ३ ॥
तयोर्मध्यविभागेन वर्षोयं भारताभिधः ।
कल्पितोऽस्ति मया द्वेधा तत्तनाम्ना स उच्यते ॥ ४ ॥
धर्मदत्तं जनैर्यद्यत् द्रव्यधान्यांबरादिकम् ।
लक्ष्मीनारायणस्यास्मिस्तत्ताद्वर्षे हि दक्षिणे ॥ ५ ॥
एवमेवोत्तारे वर्षे यत्तु धर्मार्पितं जनैः ।
नरनारायणस्यास्ति मयादेत्थं मया कृता ॥ ६ ॥
एकैकस्मिन्मयाखंडे गुरुत्वे स्वाश्रितांगिनाम् ।
युवाभ्यां धर्मरक्षार्थं दीयते वै पृथक्पृथक् ॥ ७ ॥
गदित्वैवं स वाक्यं द्वे शुकानंदेन पत्रिके ।
सभायां लेखयांचक्रे कृतस्वोक्तार्थविस्तरे ॥ ८ ॥
अथादायात्मपाण्योस्ते ताविव्यूचे हरिर्मुदा ।
गृहणीतामेतयोः पत्रीमेकामेकां च भूपते ॥ ९ ॥
आदायैकामथैकां तौ तदा पत्रीं पृथक्पृथक् ।
उन्मुद्यय तत्र कृष्णस्य नामैक्षेतामनाम्नलौ ॥ १० ॥
प्राप्ताऽयोध्याप्रसादेन नरनारायणस्य सा ।
संप्राप्ता रद्युवीरेण लक्ष्मीनारायणस्य च ॥ ११ ॥
तां तामाप्तां ततस्ताभ्यां दृष्ट्वेत्यूचे हरिर्निजान् ।
कृतावेतत्प्रभृत्येतौ सर्वेषां वो गुरू मया ॥ १२ ॥
नरनारायणस्यास्मिन्खंडे ये स्युर्मदाश्रिताः ।
तेऽस्यायोध्याप्रसादस्य शिष्या इत्यवगम्यताम् ॥ १३ ॥
लक्ष्मीनारायणस्यास्य खंडे स्युर्ये मदाश्रिताः ।
शिष्यास्ते रद्युवीरस्य सर्व इत्यवबुद्धयताम् ॥ १४ ॥
स्त्रीणां खंडद्वयस्थानामेतयोर्योषिते गुरू ।
युक्तत्वेनेति भद्रेयं मर्यादा स्थापिता मया ॥ १५ ॥
प्रोक्त्वैवं तान्पुनः पुत्रावुवाच भगवान्नृप ।
युवाभ्यां स्वस्वखंडस्थाः कार्याः शिष्या न चेतरे ॥ १६ ॥
तद्दत्तं वस्त्रवित्तादि ग्राह्यं नान्यस्य तु क्वचित् ।
साधवो वर्णिनः पद्मा ये स्युस्ते तु द्वयोः समाः ॥ १७ ॥
सेवामपक्षपातास्ते करिष्यंत्युभयोर्हि वाम् ।
ये पक्षपातकर्तारस्ते तु यास्यंत्यधोगतिम् ॥ १८ ॥
युवयोः शिष्यवित्तार्थं विवादस्य तु निर्णये ।

द्वौ द्वौ गृहस्थौ धर्मस्थौ कार्यौ नैते तु कर्हिचित् ॥ १९ ॥
स्त्रीणां वां स्वाश्रितस्त्र्यर्थविवादस्य च निर्णये ।
द्वे द्वे सभर्त्तृके योषे कार्ये रंडास्तु न क्वचित् ॥ २० ॥
नराः स्युस्त्यागिनो यत्र गृहिकार्यस्य निर्णये ।
विधवाश्च न तत्सिद्ध्येत्कार्यध्वंसो भवेद्ध्रुवम् ॥ २१ ॥
युवाभ्यां मन्मतानष्टौ ग्रंथानाश्रित्य नित्यदा ।
वृत्यं शिष्या वर्त्तनीया औद्धवाध्वानुसारतः ॥ २२ ॥
दत्तं चैतन्मया यद्वां स्वभुजार्जितमस्ति तत् ।
कस्याप्यतोऽत्र न स्वत्वं पितुर्भ्रात्रोस्तथैतयोः ॥ २३ ॥
यस्मै दित्सा ममैवासीत्तस्मै स्वातंत्र्यतो मया ।
एतद्दत्तं स्वकं सर्वं भागोऽतो ना कस्यचित् ॥ २४ ॥
युवयोः पुत्रबाहुल्ये जातेऽपि गुरुतासने ।
एकः पुत्रो गुणी स्थाप्यो न ज्येष्ठनियमोऽत्र तु ॥ २५ ॥
यस्मिञ्ज्ञानानुरागः स्याच्छिष्यधर्मावने क्षमः ।
स्वसंप्रदायधर्मस्थः स्याच्च यः सः गुरुर्भवेत् ॥ २६ ॥
तादृक् पुत्रो न चेत्स्वस्य तदाऽन्यं धर्मवंशजम् ।
गृहीत्वा दत्तविधिना मद्वत्स्थाप्यो न सोंऽगजः ॥ २७ ॥

**श्री अद्भुतानंद उवाच**

इत्थं श्रीहरिणा प्रोक्तां शिक्षां पुण्यां हितावहाम् ।
श्रुत्वा निर्भरप्रीतौ तं नम्रौ चेत्यवोचताम् ॥ २८ ॥
सर्वदैव त्वदाज्ञायां तिष्ठतोर्मास्तु नौ क्वचित् ।
देहेऽहंता तदीयेषु ममत्वं चार्तिदं प्रभो ॥ २९ ॥
त्वत्पदांभोजयुग्मेऽस्मिन्सर्वदा रमतां हि नौ ।
चेतोऽलिः शर्मदे रम्ये गुणैश्वर्यादिभाजने ॥ ३० ॥
हरिरिति वचनं तयोरुदारं मुदमधिकां स निशम्य नूनमाप्तः ।





विशदतरतदाशयं विदित्वा नृप समदाद्बहुलाऽऽशिषं हि ताभ्याम् ॥ ३१ ॥
अथ प्रोचे पुनर्वाचं भक्तान्स्वाज्ञानुवर्त्तिनः ।
राजन्नित्थं हरिस्तुष्टो भक्तवात्सल्यवारिधिः ॥ ३२ ॥

**श्रीहरिरुवाच**

भक्ता मद्गौरवस्थाने स्थापितौ सद्गुणालयौ ।
देशिकौ मद्वदेवेतौ मान्यौ सर्वैर्मदाश्रितैः ॥ ३३ ॥
एतयोरन्वहं सेवा कर्त्तव्याऽऽचार्य्ययोर्मुदा ।
युष्माभिर्मच्छ्रितैर्भक्ता यथा सर्वैर्ममादरात् ॥ ३४ ॥
आश्रित्यैतौ स्वधर्मस्था ये भजिष्यंति मां जनाः ।
ते लप्स्यंते किलाभीष्टां भुक्तिं मुक्तिं तथांजसा ॥ ३५ ॥
सेविष्यंतेऽत्र ये त्वेतौ धान्यवासोधनादिभिः ।
अध्यैर्नानाविधैरच्चर्चां विधास्यंते तथैतयोः ॥ ३६ ॥
भक्तिधर्मादिसेवायास्तथा मत्सेवनस्य ते ।
फलं यास्यंत्यतिप्रीतिं तेषु यास्याम्यहं ध्रुवम् ॥ ३७ ॥
मदीयैरेतयोराज्ञा गृहस्थैस्त्यात्यागिभिस्तथा ।
मान्या मत्प्रीणनासक्तैर्यथा मे सादरं सदा ॥ ३८ ॥
सेवितौ यैरिमौ प्रीत्या तैरहं सेवितो ध्रुवम् ।
भोजितौ चाशितौ भक्ताः सत्कृतौ मानितौ स्तथा ॥ ३९ ॥
एतयोरनुवृत्त्या ये निदेशं सर्वदाऽऽदरात् ।
पालयिष्यंति तैराज्ञा मंस्येऽहं पालितेति मे ॥ ४० ॥
धाम्नि ब्रह्मपुरे तेभ्यो दुर्ल्लभं मत्सुखं परम् ।
प्रदास्याम्यतुलं दिव्यं दुरापं तापसैरपि ॥ ४१ ॥
येष्वाचार्योत्तमावेतौ प्राप्स्यतोऽतिप्रसन्नताम् ।
भविष्यति ध्रुवं भक्ता प्रीतिर्मे तेषु भूयसी ॥ ४२ ॥
ध्रोक्ष्यंति येऽत्र चैताभ्यां द्रोहस्तैरेव मे कृतः ।

मद्दीक्षायाः फलं लोका यांस्यंत्येतन्निरीक्षया ॥ ४३ ॥
नान्याचार्यसमावेतौ विद्येते शुद्धमेधसौ ।
संयुक्तावागमप्रोक्तैः सर्वैराचार्यलक्षणैः ॥ ४४ ॥
कदाचित्तायोरग्रे त्यागिभिश्चापि मच्छ्रितैः ।
औद्धत्यं न विधातव्यं योगविद्यादिसद्‌गुणैः ॥ ४५ ॥
पैशुन्यइटयुक्तिभ्यां वैपरीत्येन वा क्वचित् ।
तौ मिथौ बोधयित्वा ये कारयिष्यंति विग्रहम् ॥ ४६ ॥
एतस्याश्च मदाज्ञाया ये विधास्यंत्यतिक्रमम् ।
मद्वचो द्रोहिणः संति ते गुरुदोहिणस्तथा ॥ ४७ ॥
लेखौशुकानंदसता विलेख्य मुकुदमुक्तोत्तममुख्यसाक्ष्यम् ।
तयोर्विधाप्याथ मतं स्वसून्वोरेकैकतः श्रीहरिरब्रवीत्तान् ॥ ४८ ॥
इत्याज्ञा मेऽनिशं पाल्या प्रीत्या सर्वैर्मदाश्रितैः ।
यः स वर्त्तिष्यते नैवं संप्रदायाद्बहिष्कृतः ॥ ४९ ॥

**श्री अद्‌भुतानंद उवाच**

अर्थ्यं तथ्यं तथा पथ्यं श्रुत्वैवं ते वचो हरेः ।
प्रीतास्तन्मूर्द्धभिर्भक्ता गृह्णान्ति स्माभिवंद्य तम् ॥ ५० ॥
अथ प्रीतमना राजन्भक्तैस्तैः पद्यगायनम् ।
श्रीहरिः कारयंश्चक्रे सार्द्धं जागरणं स तैः ॥ ५१ ॥
स द्वादश्यामथाशेषान्नानाभोज्यैर्परैर्हरिः ।
संतर्प्य साधुभुख्यान्स्वान् भूपते पारणां व्यधात् ॥ ५२ ॥
निजप्रसूप्रेमवतीर्जनेर्महं कृत्वा हरिः कार्तिकपूर्णिमातिथौ ।
स्वान्स्वांश्च देशानथ गंतुमात्मन आज्ञाप्य भक्तानिह सोऽवसत्पुरे ॥ ३२ ॥

**इति श्रीहरिकष्णभगवत्सूनुश्री रद्रुवीराचार्यात्मज श्री भगवत्प्रसादाचार्यविरचिते भक्तिशा श्रीहरिलीलाप्रदीपे तृतीयकिरणे श्रीहरिकतआचार्यादि स्वभक्तशिक्षानिरूपणनामा दशमोऽध्यायः**





## ભાવાર્થ

**શ્રીહરિ બોલ્યા**

**હે પુત્રો સમગ્ર મારા શિષ્યોના ગુરુપણામાં મેં તમોને સ્થાપન કર્યા છે. તમો મારું હિતકારી પથ્ય અને સત્ય વચન સાંભળો.** ૧

પૃથ્વીમાં મેં ભગવાનનાં મંદિરો કરાવ્યાં છે, તથા તેની વૃત્તિઓ બધે નિશ્ચે કરાવી છે. ૨

તેમાં મુખ્ય બે મંદિરો છે. એક શ્રીનગરમાં નરનારાયણ દેવનું મંદિર છે અને બીજું લક્ષ્મીનારાયણ દેવનું અહીંયાં વૃત્તાલયમાં છે. ૩

તે બન્નેના મધ્ય વિભાગથી આ ભારત નામનો ખંડ મેં બે પ્રકારે વિભાજીત કરેલો છે તેના નામ કહું છું. ૪

આ દક્ષિણ દેશમાં જનોએ ધર્માદા આપેલું જે જે દ્રવ્ય-ધાન્ય-વસ્ત્રાદિક છે તે લક્ષ્મીનારાયણ દેવનું છે. ૫

એવી જ રીતે ઉત્તર દેશમાં જનોએ ધર્માદા આપેલું જે ધનાદિ તે શ્રી નરનારાયણ દેવનું છે આવી રીતે મેં મર્યાદા કરેલી છે. ૬

એક એક દેશમાં મેં મારા આશ્રિત જનોના ગુરુપણામાં તમો બન્નેને ધર્મ રક્ષા માટે ભિન્ન ભિન્ન નિશ્ચે ધર્મધુરા આપેલી છે. ૭

આ પ્રમાણે કહીને સભામાં પોતે કહેલા અર્થના વિસ્તારરૂપ શુકાનંદ મુનિ પાસે બે પત્રિકાઓ કરાવી હતી. ૮

પછી પોતાના હાથમાં ગ્રહણ કરીને હર્ષપૂર્વક શ્રીહરિએ તે બન્નેને કહ્યું. આ બન્ને પત્રિકાઓમાંથી એક એક પત્રિકા ગ્રહણ કરો. ૯

પછી એક પત્રિકા ગ્રહણ કરીને પછી બીજી એક એવી રીતે ભિન્ન ભિન્ન તે બન્નેએ પત્રિકાઓ લીધી. તે પત્રિકા ઉઘાડીને આકુળતાએ રહિત શ્રીકૃષ્ણનું નામ જોતા હતા. ૧૦

અયોધ્યાપ્રસાદજીએ નરનારાયણની પત્રિકા પ્રાપ્ત કરી અને રઘુવીરજીએ શ્રીલક્ષ્મીનારાયણની પત્રિકા પ્રાપ્ત કરી. ૧૧

તે બન્નેને પ્રાપ્ત થયેલી પત્રિકાઓ જોઈને શ્રીહરિએ, પોતાના આશ્રિતોને કહ્યું આજથી આરંભીને આ બન્ને તમારા ગુરુઓ મેં કર્યા છે. ૧૨

આ શ્રીનરનારાયણ દેશમાં જે મારા આશ્રિતો હોય તે અયોધ્યાપ્રસાદના શિષ્ય છે એમ જાણો. ૧૩

શ્રી લક્ષ્મીનારાયણના દેશમાં જે મારા આશ્રિત શિષ્યો છો તે સર્વે રઘુવીરજીના શિષ્ય છો એમ જાણો. ૧૪

**બે ખંડમાં રહેલી સ્ત્રીઓ છે તેમના ગુરુ પદે એ બે જણની સ્ત્રીઓ ગુરુ યોગ્ય છે આ પ્રમાણે મેં કલ્યાણકારી મર્યાદા સ્થાપન કરી છે. ૧૫**

હે રાજન્, આ પ્રમાણે સ્વાશ્રિતોને કહીને ફરીથી બન્નેને શ્રીહરિએ કહ્યું તમોએ પોતપોતાના ખંડમાં રહેલાઓને શિષ્ય કરવા બીજાઓને ન કરવા. ૧૬

તેમણે આપેલું વિત્તાદિ ગ્રહણ કરવું. અન્યનું ક્યારેય ગ્રહણ ન કરવું. સાધુઓ, વર્ણીઓ અને પાર્ષદો તો બન્નેને સમાન છે. ૧૭

તે પક્ષપાત કર્યા વિના તમારા બન્નેની સેવા કરશે. જે પક્ષપાત કરશે તે તો અધોગતિને પામશે. ૧૮

તમારા બન્નેમાં શિષ્ય અથવા ધનને માટે વિવાદના નિર્ણયમાં સ્વધર્મવાળા બે બે ગૃહસ્થો રાખવા. ત્યાગીઓને ક્યારેય પણ રાખવા નહિ. ૧૯

તમારા બન્નેની સ્ત્રીઓ તથા પોતાની આશ્રિત સ્ત્રીઓના ધનના વિવાદ નિર્ણયમાં સધવા બે બે સ્ત્રીઓ રાખવી વિધવા તો ક્યારેય રાખવી નહિ. ૨૦

જ્યાં ગૃહસ્થના નિર્ણયમાં ત્યાગી પુરુષો હોય અથવા વિધવા સ્ત્રીઓ હોય ત્યાં કાર્યની સિદ્ધિ થાય નહિ. કાર્યનો નાશ નિશ્ચે થાય. ૨૧

તમોએ મારા માનેલા આઠ ગ્રંથોને અનુસરીને હંમેશાં વર્તન કરવું અને ઉદ્ધવ સંપ્રદાયને અનુસરીને શિષ્યોને વર્તાવવા. ૨૨

આ મેં તમોને આપ્યું છે તે પોતાના હાથથી સંપાદન કરેલું છે માટે કોઈનું પણ એમના પિતા અથવા ભાઈઓનું પણ સ્વત્વ (માલિકીપણું) નથી. ૨૩





મારે જ જેને આપવાની ઈચ્છા હતી તેને મેં સ્વતંત્રપણે પોતાનું એ સર્વ આપ્યું છે. માટે આમાં કોઈનો ભાગ નથી. ૨૪

તમને બન્નેને પુત્ર ઘણા હોય તો પણ ગુરુપણાના આસનમાં એક ગુણવાન પુત્રની સ્થાપના કરવી. અહીંયાં તો મોટાનો નિયમ નથી. ૨૫

શિષ્યના ધર્મોનું રક્ષણ કરવામાં સમર્થ હોય અને જેને વિષે જનોનો પ્રેમ હોય અને પોતાના સંપ્રદાયના ધર્મમાં રહેલા હોય તે ગુરુ થાય. ૨૬

તેવો પુત્ર ન હોય તો પોતાના ધર્મવંશનો બીજાને દત્તવિધિથી ગ્રહણ કરીને સ્થાપના કરવી પણ અંગથી ઉત્પન્ન થયેલાની સ્થાપના ન કરવી. ૨૭

**શ્રી અદ્‌ભુતાનંદ બોલ્યા :**

આ પ્રમાણે શ્રીહરિએ હિતકારી પવિત્ર કહેલી શિક્ષા સાંભળીને તે બન્ને અત્યંત પ્રીતિવાળા અને નમ્રતાયુક્ત બોલ્યા. ૨૮

હે પ્રભો, અમો હંમેશાં તમારી આજ્ઞામાં રહેનારા અમોને દેહ તથા દેહના સંબંધિઓમાં દુઃખ આપનાર મમત્વ બુદ્ધિ ક્યારેય ન થાઓ. ૨૯

અમારા બન્નેના ચિત્તરૂપી ભ્રમર સુખ આપનાર રમણીય ગુણ અને ઐશ્વર્યના પાત્રરૂપ આ તમારા બન્ને ચરણ કમળમાં હંમેશાં રમણ કરો. ૩૦

હે રાજન્, શ્રીહરિએ તે બન્નેનું આ પ્રમાણે શ્રેષ્ઠ વચન સાંભળીને નિશ્ચય અધિક આનંદ પામેલા અત્યંત સ્વચ્છ તેમનો આશય જાણીને તે બન્નેને ઘણા આશીર્વાદો આપ્યા. ૩૧

ભક્ત વાત્સલ્યના જળનિધિ સંતોષ પામેલા શ્રીહરિએ પોતાની આજ્ઞામાં વર્તનારા ભક્તજનોને ફરીથી કહ્યું. ૩૨

શ્રીહરિ બોલ્યા હે ભક્તો, મારા ગુરૂપણાના સ્થાનમાં સદ્‌ગુણના સ્થાનરૂપ સ્થાપન કરેલા તે બન્ને આચાર્યોને મારી માફક જ સર્વે મારા આશ્રિતોને માનવા. ૩૩

હે ભક્તો, આ બન્ને આચાર્યોની હર્ષથી મારા સમગ્ર આશ્રિત તમોએ મારી ભાવનાથી હંમેશાં સેવા કરવી. ૩૪

જે પોતાના ધર્મમાં રહેલા જનો એ આચાર્યોનો આશ્રય કરીને મને ભજશે તે નિશ્ચે તત્કાળ ઈચ્છિત આલોકમાં ભોગ વૈભવ તથા મુક્તિ પામશે. ૩૫

અહીંયાં જે જનો બન્નેની ધાન્ય-વસ્ત્ર-ધનાદિથી સેવા કરશે તથા વિવિધ પ્રકારની પૂજાના ઉપચારોથી એ બન્નેની પૂજા કરશે. ૩૬

તે ભક્તિ ધર્માદિની સેવાનું તથા મારી સેવાનું તે ફળ પામશે. તેના ઉપર હું નિશ્ચે અત્યંત પ્રસન્ન થઈશ. ૩૭

મને પ્રસન્ન કરવા ઈચ્છતા ત્યાગી તથા ગૃહસ્થોએ જેમ આદરપૂર્વક મારી તેમ એ બન્ને આચાર્યોની હંમેશા આજ્ઞા માનવી. ૩૮

જેમણે આ બન્નેની પ્રીતિથી સેવા કરી છે તેમણે નિશ્ચે મારી સેવા કરી છે. તથા હે ભક્તો, તેમને ભોજન કરાવવાથી, હું ભોજન કરાયેલો છું. તેમના સત્કારથી હું સન્માનિત છું. ૩૯

જે એ બન્ને આચાર્યોની અનુવૃત્તિથી આજ્ઞાનું આદર-પૂર્વક સર્વદા પાલન કરશે તેમણે મારી આજ્ઞા પાલન કરી છે એમ હું માનીશ. ૪૦

તપસ્વીઓને પણ દુર્લભ એવા અક્ષરધામમાં તેઓને અનુપમ દિવ્ય પરમ સુખ આપીશ. ૪૧

હે ભક્તો બન્ને ઉત્તમ આચાર્યો જેમની ઉપર અતિ પ્રસન્ન થશે તેમની ઉપર મારી નિશ્ચે અત્યંત પ્રીતિ થશે. ૪૨

આ લોકમાં જે તે બન્ને આચાર્યોનો દ્રોહ કરશે તેમણે મારો જ દ્રોહ કરેલો છે, એમના દર્શનથી મારા દર્શનનું ફળ જનો પામશે. ૪૩

શાસ્ત્રમાં કહેલા આચાર્યના લક્ષણોથી યુક્ત શુદ્ધ બુદ્ધિવાળા આ આચાર્યોની સમાન બીજા આચાર્યો નથી. ૪૪

**ક્યારેય પણ બન્ને આચાર્યોની આગળ યોગ-વિદ્યાદિના સદ્‌ગુણોથી મારા આશ્રિત ત્યાગી તથા ગૃહસ્થોએ ઉદ્ધતપણું ન કરવું.** ૪૫





ચાડી ચુગલી તથા કુટિલ યુક્તિથી અથવા ક્યારેક વિપરીતપણાની ભાવનાથી તે બન્નેને સમજાવીને જે વિગ્રહ (તકરાર) કરાવશે. ૪૬

તથા આ મારી આજ્ઞાનું જે ઉલ્લંઘન કરશે તે મારા વચન-દ્રોહી છે . ૪૭

મુકુંદાનંદ-મુક્તાનંદ-ઉત્તમ રાજા વગેરેની સાક્ષીવાળા બે લેખો શુકાનંદ મુનિ પાસે લખાવીને પછી પોતાના બન્ને પુત્રોનું એક એકમાં મતુ કરાવી ને શ્રીહરિ તેઓને કહેતા હતા. ૪૮

આ પ્રમાણે મારી આજ્ઞા સર્વે મારા આશ્રિતોએ પ્રીતિથી નિરંતર પાલન કરવી. જે નહિ વર્તે તે સંપ્રદાયથી બહિષ્કૃત છે. ૪૯

**શ્રી અદ્‌ભુતાનંદ બોલ્યા :**

સાર્થક (યોગ્ય) સત્ય-કથા રુચિકર શ્રીહરિનું આવું વચન સાંભળીને પ્રસન્ન થયેલા ભક્તો વચનની પ્રશંસા કરીને મસ્તકથી ગ્રહણ કરતા હતા. ૫૦

હે રાજન્, પ્રસન્ન મનવાળા શ્રીહરિએ તે ભક્તો પાસે કીર્તન કરાવતા થકા તેમની સાથે જાગરણ કર્યું. ૫૧

હે રાજન્, પછી શ્રીહરિએ દ્વાદશીને દિવસે શ્રેષ્ઠ ભોજનોથી પોતાના સાધુ વગેરે સમગ્ર જનોને તૃપ્ત કરીને શ્રીહરિએ સ્વયં પારણાં કર્યાં. ૫૨

શ્રીહરિએ પોતાની માતા શ્રી પ્રેમવતીના જન્મની કારતક સુદી પૂર્ણિમા તિથિમાં મહોત્સવ કરીને પોતાના ભક્તોને પોતપોતાના દેશમાં જવા આજ્ઞા આપીને શ્રીહરિએ આ પુરમાં નિવાસ કર્યો. ૫૩

ઈતિ શ્રી હરિલીલાપ્રદીપના તૃતીયકિરણમાં શ્રીહરિકૃતઆચાર્યાદિ સ્વભક્તશિક્ષા નિરૂપણનામે દશમો અધ્યાય સમાપ્ત

અમદાવાદ દેશ - શ્રી નરનારાયણદેવ દેશ - ઊત્તરદેશ

| ક્રમ | શુભ નામ | જન્મ | પટ્ટાભિષેક | આચાર્ય પદેથી નિવૃત્તિ | દેહત્યાગ | આચાર્ય પદનો સમયગાળો વ.માસ.દિ. | દેહત્યાગ સમયે વય વ.મા.દિ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ.પૂ.ધ.ધુ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી | સં. ૧૮૬૫ જેઠ સુદ ૧૧ | સં. ૧૮૮૨ કા.સુ. ૧૧ | - | સં. ૧૯૨૪ ફા. સુ. ૭ | ૪૨-૩-૨૭ | ૫૮-૮-૨૭ |
| ૨. | પ.પૂ.ધ.ધુ. શ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રી | સં. ૧૮૯૧ ચૈ. વ. ૪ | સં. ૧૯૨૪ ફા.સુ. ૭ | - | સં. ૧૯૪૬ ચૈ.વ.૪ | ૨૨-૧-૧૨ | ૫૫-૦૦-૦૦ |
| ૩. | પ.પૂ.ધ.ધુ. શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજશ્રી | સં. ૧૯૨૬ મા.વ.૨ | સં. ૧૯૪૬ ચૈ.વ.૪ | - | સં. ૧૯૫૮ કા.વ. ૦)) | ૧૧-૭-૧૧ | ૩૧-૧૧-૧૩ |
| ૪. | પ.પૂ.ધ.ધુ. શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી | સં. ૧૯૫૫ અષાડ સુ.૯ | સં. ૧૯૫૮ કા.વ. ૦)) | - | સં. ૧૯૯૩ કા.વ.૧ | ૩૪-૧૧-૧૬ | ૩૭-૪-૮ |
| ૫. | પ.પૂ.ધ.ધુ. શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી | સં. ૧૯૭૮ આ.સુ.૧૫ | સં. ૧૯૯૩ કા.વ.૨ | - | સં. ૨૦૨૫ આ.સુ.૧ | ૩૨-૧૦-૧૪ | ૪૬-૧૧-૧૬ |
| ૬. | પ.પૂ.ધ.ધુ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી | સં. ૨૦૦૦ આ.સુ.૨ | સં. ૨૦૨૫ | સં. ૨૦૬૦ આ.સુ.૨ | નિવૃત | ૩૫-૦૦-૦૦ | |
| ૭. | પ.પૂ.ધ.ધુ. શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી | સં. ૨૦૨૮ આ.સુ.-૧૦ | સં. ૨૦૬૦ આ.સુ.૨ | વર્તમાન પીઠાધિપતિ | | | |





## અમદાવાદ શ્રી નરનારાયણ દેવ ગાદી
## આચાર્ય પરંપરા

રામપ્રસાદ (ઈટાર)
ધરણીધર
ગંગાપ્રસાદ
લક્ષ્મણશર્મા
વંશીધર
વેદમાન
કન્હીરામ
બાલશર્મા
હરિપ્રસાદ (ધર્મદેવ)

## વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી
## આચાર્ય પરંપરા





